# મનાઝિલે આખેરહ

# (આખેરતની મંઝિલો)

## - : પ્રકાશક : -

હાજી નાજી મેમોરીયલ ટ્રસ્ટ

માળી ટેકરા, આંબાચોક, ભાવનગર

ફોનનંબર : (૦૨૭૮) ૨૫૧૦૦૫૬ / ૨૪૨૩૭૪૬

... Kitab Downloaded from ...

*www.hajinaji.com*

• LIKE US ON FACEBOOK •

www.facebook.com/HajiNajiTrust

# નોંધ.....

➔ વધુ કિતાબો ડાઉનલોડ કરવા માટે [www.hajinaji.com](http://www.hajinaji.com) પર લોગ ઓન કરો.

➔ કિતાબમાં કોઈ ભૂલચૂક જણાય તો પેજની વિગત અને કિતાબનું નામ જાણ કરવા વિનંતી.

hajinajitrust@yahoo.com

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧ | મૃત્યુ વિષે હઝરત અલી (અલય્હિસ્સલામ)નો ખુત્બો | ૩૬ |
| ૨ | ઇન્સાનની ઝિંદગીનો મકસદ આખેરત છે | ૩૮ |
| 3 | મઆદ (કયામત) | ૪૪ |
| ૪ | શું મૃત્યુ પામેલી વ્યક્તિ બોલી શકે ? | ૪૮ |
| ૫ | પહેલાના લોકોને સપના | ૫૧ |

| | | |
|---|---|---|
| | નહોતા આવતા પણ હાલના લોકોને સપના આવે છે તેનું કારણ | |
| ૬ | મૃત્યુ શું છે ? | ૫૬ |
| ૭ | રૂહ કેવી રીતે કબ્ઝ થાય છે ? | ૬૨ |
| ૮ | દુનીયા સાથે મોહબ્બત | ૭૩ |
| ૯ | મૃત્યુની સાથે દોસ્તી રાખવી જોઈએ | ૭૭ |
| ૧૦ | પહેલો તબકકો : સકરાત, મૃત્યુ વખતે | ૮૧ |

| | | |
|---|---|---|
| | હાલત | |
| ૧૧ | અઈમ્મા (અલય્હેમુસ્સલામ) મરનાર પાસે આવે છે. | ૮૭ |
| ૧૨ | હઝરત અલી (અલય્હિસ્સલામ)ને આંખોનું સખત દર્દ | ૯૨ |
| ૧૩ | મરનાર પાસે કોણ ન હોવું જોઈએ | ૯૭ |
| ૧૪ | જનાબતવાળા શખ્સનું મરનાર પાસે આવવું | ૯૯ |

| | | |
|---|---|---|
| | અને તેની અસર | |
| ૧૫ | મા-બાપની ખુશ્નુદી | ૧૦૭ |
| ૧૬ | એવા અમલ જે મરનાર માટે જલ્દી રાહતનું કારણ છે | ૧૧૪ |
| ૧૭ | બીજો તબકકો : મૃત્યુના સમયે હકથી ફરી જવું | ૧૨૩ |
| ૧૮ | મૃત્યુમાં આસાની થવાના અ’અમાલ | ૧૨૮ |
| ૧૯ | ચુગલખોરી, હસદ, નુકતાચીની અને | ૧૩૪ |

| | | |
|---|---|---|
| | શરાબની આદતથી મૃત્યુ વખતે હાલત | |
| ૨૦ | દવા માટે પણ શરાબ ન પીવા બાબત હઝરત ઈમામ સાદિક (અલય્હિસ્સલામ)ની તાકીદ | ૧૩૮ |
| ૨૧ | બીજી વાત | ૧૪૧ |
| ૨૨ | મૃત્યુ પછી અને કબ્રમાં જતા પહેલા મય્યતની હાલત | ૧૫૦ |

| | | |
|---|---|---|
| ૨૩ | કબ્ર શું કહે છે ? | ૧૫૬ |
| ૨૪ | કબ્રની વહેશત | ૧૫૭ |
| ૨૫ | કબ્રની વહેશતની હાલત વિષે | ૧૬૪ |
| ૨૬ | જનાબે મરિયમને પુછવામાં આવ્યું શું પાછું દુનીયામાં આવવું છે ? | ૧૬૫ |
| ૨૭ | જનાબે ફાતેમા (સલામુલ્લાહે અલય્હા) ની હઝરત અલી (અલય્હિસ્સલામ)ને | ૧૬૬ |

| | | |
|---|---|---|
| | વસિય્યત | |
| ૨૮ | જનાબે ફાતેમા બિન્તે અસદને દફનાવતી વખતની હાલતનું બયાન | ૧૬૮ |
| ૨૯ | કબ્રની પહેલી રાત | ૧૭૪ |
| 30 | નમાઝે વહેશત પઢવાનો સવાબ | ૧૭૮ |
| 3૧ | તે બાબતો જે કબ્રના ભયથી મુકત થવા માટે લાભદાયક છે. | ૧૮૧ |

| | | |
|---|---|---|
| ૩૨ | કબ્રની ભીંસ (ફિશારે કબ્ર)ના કારણો | ૧૮૪ |
| ૩૩ | સઅદ બિન મઆઝ અને કબ્રની ભીંસ | ૧૮૫ |
| ૩૪ | એવા અ'અમાલ જે કબ્રના અઝાબથી છુટકારો અપાવે છે. | ૧૮૯ |
| ૩૫ | તબકકો ત્રીજો : મુન્કર અને નકીરના કબ્રમાં સવાલો | ૨૦૦ |

| | | |
|---|---|---|
| ૩૬ | મોઅમિનને નમાઝ, રોઝા, ઝકાત, હજ, કરેલ અહેસાન અને વિલાયતે અહલેબૈત (અલય્હેમુસ્સલામ) કબ્રમાં ઉપયોગી થાય છે. | ૨૧૦ |
| ૩૭ | બરઝખનો અર્થ અને તેની મિસાલ | ૨૧૩ |
| ૩૮ | આલમે બરઝખમાં શરીર અને તેની હાલત | ૨૧૭ |

| | | |
|---|---|---|
| ૩૯ | દુનીયાની નેઅમતોના મુકાબલે બરઝખી નેઅમતો અત્યંત લજીઝ છે | ૨૨૩ |
| ૪૦ | માપતોલમાં પુરૂં આપવું અને અવ્વલે વકત નમાઝનો સવાબ | ૨૨૬ |
| ૪૧ | બરઝખની નેઅમતો નાશ પામનાર નથી | ૨૩૩ |
| ૪૨ | જહન્નમીઓનો અવાજ જાનવર સાંભળે છે | ૨૪૦ |

| | | |
|---|---|---|
| ૪૩ | હકકુન્નાસ અદા ન કરવાનું પરિણામ | ૨૪૨ |
| ૪૪ | રૂહો કબ્ર પર આવનારને જુએ છે (તેનું ધ્યાન હોય છે) | ૨૫૨ |
| ૪૫ | જનાબે હુરની લાશનું તાજું નીકળવું | ૨૫૫ |
| ૪૬ | યઝીદની કબ્રમાંથી રાખનું નીકળવું | ૨૫૮ |
| ૪૭ | આલમે બરઝખ કયાં છે ? | ૨૫૯ |

| | | |
|---|---|---|
| ૪૮ | નેક લોકોની રૂહ વાદીયુસ્સલામ (નજફ)માં હોય છે. | ૨૬૨ |
| ૪૯ | વાદીએ બરહુત યમનમાં છે. | ૨૬૪ |
| ૫૦ | ઇબ્ને મુલ્જીમ ઉપર અઝાબ | ૨૬૯ |
| ૫૧ | રૂહો પોતાના ઘરે આવીને ઇબ્રતનાક નસીહત કરે છે. | ૨૭૪ |
| ૫૨ | બરઝખવાળાઓ માટે | ૨૭૮ |

| | ફાયદાકારક અ’અમાલ | |
|---|---|---|
| ૫૩ | મરહુમોના બાકી રહેલા હક અદા કરવા હકકુલ્લાહ, હકકુન્ના)સ વિગેરે | ૨૮૩ |
| ૫૪ | મરહુમો માટે આપેલ સદકાનો અઝીમ સવાબ | ૨૮૮ |
| ૫૫ | મૃત્યુ પછીનો સાથી અ’અમાલ છે | ૨૯૦ |
| ૫૬ | દીકરાનાં નેક કામોના હિસાબે પિતાની બખ્શિશ | ૨૯૬ |

| | | |
|---|---|---|
| ૫૭ | કયામતની ભારે ઘડી (જનાબે જીબ્રઈલનું બેભાન થવું) | ૨૯૮ |
| ૫૮ | ઇસરાફીલનું જમીન તરફ આવવું (જીબ્રઈલનો કયામતના ડરથી રંગ બદલાઈ જવો, ધ્રુજી ઉઠવું) | ૩૦૧ |
| ૫૯ | દરેક જુમ્આ નાં કયામત આવવાનાં ડરથી ફરિશ્તાઓનું | ૩૦૬ |

| | | |
|---|---|---|
| | ધ્રુજવું | |
| ૬૦ | કયામતનાં દીવસનું ભયજનક બયાન | ૩૦૭ |
| ૬૧ | કયામતની સખ્તીથી સુરક્ષિત રાખનાર અ’અમાલ | ૩૧૪ |
| ૬૨ | વિલાયતે અલી (અલય્હિસ્સલામ) બહેતરીન નેકી છે. | ૩૧૮ |
| ૬૩ | ઇસરાફીલનું સૂર ફૂંકવું અને કયામત વિષે | ૩૨૯ |

| | | |
|---|---|---|
| | આયતો | |
| ૬૪ | ફરી વખત જીવંત થવું, કબ્રમાંથી નીકળતી વખતે હાલત | ૩૩૮ |
| ૬૫ | કબ્રોમાંથી નીકળવું | ૩૪૩ |
| ૬૬ | કયામતના દિવસની ભયાનકતા વિષે હઝરત અલી (અલય્હિસ્સલામ) નું બયાન | ૩૪૭ |
| ૬૭ | હઝરત અલી (અલય્હિસ્સલામ)ની | ૩૪૯ |

| | | |
|---|---|---|
| | ફઝીલતનો ઇન્કાર કરનારાઓ ઉપર અઝાબ | |
| ૬૮ | માલમાં અલ્લાહનો હક અદા ન કરનાર પર અઝાબ | ૩૫૨ |
| ૬૯ | ચુગલખોર પર અઝાબ | ૩૫૩ |
| ૭૦ | નામહેરમ સામે નજર કરનાર પર અઝાબ | ૩૫૫ |
| ૭૧ | શરાબખોર પર અઝાબ | ૩૫૬ |
| ૭૨ | વ્યાજખોર પર અઝાબ | ૩૫૭ |

| | | |
|---|---|---|
| ૭૩ | કયામત માટે ઉપયોગી અ’અમાલ | ૩૫૮ |
| ૭૪ | કયામતમાં દસ ગિરોહ આવશે | ૩૬૭ |
| ૭૫ | પચાસ હજાર વર્ષનો એક દિવસ, એક હજાર વર્ષનું એક સ્ટેશન | ૩૭૩ |
| ૭૬ | નામ એ અ’અમાલ | ૩૮૧ |
| ૭૭ | જેના અ’અમાલ નેક હશે તે ખુશ હશે અને પોતાનું અ’અમાલનામું બીજાને | ૩૮૯ |

| | | |
|---|---|---|
| | બતાવતા હશે. | |
| ૭૮ | ખરાબ અ’અમાલવાળાઓનો વાવયલા | ૩૯૩ |
| ૭૯ | અ’અમાલનામાનો ઇન્કાર | ૩૯૮ |
| ૮૦ | હઝરત ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ)ની ઝિયારતની ફઝીલત | ૪૦૫ |
| ૮૧ | અ’અમાલનામું | ૪૦૭ |
| ૮૨ | સલવાતની ફઝિલત | ૪૧૬ |

| | | |
|---|---|---|
| ૮૩ | સલવાતનો સવાબ | ૪૨૫ |
| ૮૪ | સારા અખ્લાકની રિવાયતો | ૪૩૪ |
| ૮૫ | બીજી રિવાયત | ૪૩૬ |
| ૮૬ | હઝરત ઈમામ મુસા કાઝિમ (અલય્હિસ્સલામ)નો બહેતરીન અખ્લાક | ૪૪૬ |
| ૮૭ | માલિકે અશતરનો બહેતરીન અખ્લાક | ૪૫૨ |
| ૮૮ | ખ્વાજા નસીરૂદ્દીન તુસી | ૪૫૬ |

| | | |
|---|---|---|
| | સાહેબના અખ્લાકનો કિસ્સો | |
| ૮૯ | હઝરત અલી (અલય્હિસ્સલામ)ની જનાબે કમ્બરને નસીહત | ૪૫૮ |
| ૯૦ | હઝરત અલી (અલય્હિસ્સલામ)ની આખેરત વિષે નસીહત | ૪૬૧ |
| ૯૧ | હિસાબ | ૪૬૬ |
| ૯૨ | હિસાબ કોણ લેશે ? | ૪૭૦ |
| ૯૩ | કયામતમાં શિયાઓની | ૪૭૧ |

| | | |
|---|---|---|
| | બક્ષિસ | |
| ૯૪ | હિસાબ કેવા લોકોનો લેવામાં આવશે | ૪૭૭ |
| ૯૫ | એક ગુનાહના બદલે સો વર્ષ રોકવામાં આવશે | ૪૮૦ |
| ૯૬ | બે મોઅમિનો મૈદાને હશ્રામાં હશે એક ફકીર અને અમીર હશે | ૪૮૨ |
| ૯૭ | અહબાત અને તકફીર | ૪૮૭ |
| ૯૮ | માં સાથે નેકી કરવાથી અઝીમ ગુનાહ પણ માફ | ૪૯૮ |

| | | |
|---|---|---|
| | થઇ જાય છે | |
| ૯૯ | કયામતમાં આલે મોહમ્મદ (સ.અ.વ.)ની નેકી વિષે પુછવામાં આવશે | ૫૦૧ |
| ૧૦૦ | આ વિષે સવાલ કરવામાં આવશે | ૫૦૩ |
| ૧૦૧ | ઈબાદતો | ૫૦૫ |
| ૧૦૨ | હુકુકન્ના સ (ઇન્સાનનાં હકકો) | ૫૦૬ |
| ૧૦૩ | કયામતમાં મુફલીસ | ૫૦૯ |

| | | |
|---|---|---|
| | કોણ ? | |
| ૧૦૪ | ખુદાની મહેરબાનીના પ્રસંગો | ૫૧૪ |
| ૧૦૫ | એક ઘાંસના તણખલાનો હિસાબ એક વર્ષ | ૫૧૬ |
| ૧૦૬ | હિસાબ વિષે અહમ સવાલ | ૫૨૩ |
| ૧૦૭ | હૌઝે કૌસર | ૫૨૮ |
| ૧૦૮ | હઝરત અલી (અલય્હિસ્સલામ)એ “લેવાઉલ હમ્દ” ઉપાડેલ | ૫૩૫ |

| | | |
|---|---|---|
| | હશે તેની તફસીર | |
| ૧૦૯ | હઝરત અલી (અલય્હિસ્સલામ) સાકીએ કૌસર હશે | ૫૩૮ |
| ૧૧૦ | હઝરત અલી (અલય્હિસ્સલામ) જન્નત અને જહન્નમની વહેંચણી કરનાર છે | ૫૪૧ |
| ૧૧૧ | શફાઅત | ૫૪૩ |
| ૧૧૨ | શફાઅત કેવા લોકોની થશે | ૫૪૭ |

| | | |
|---|---|---|
| ૧૧૩ | નમાઝને હલકી સમજનાર અને અલ્લાહની તાબેદારી ન કરનારની શફાઅત થશે નહીં | ૫૫૦ |
| ૧૧૪ | અઅરાફ એટલે શું ? | ૫૫૨ |
| ૧૧૫ | પુલે સેરાત એટલે શું ? તે કયાં છે ? કેવો છે ? તેના ઉપરથી કોણ આસાનીથી પસાર થઇ શકશે ? | ૫૬૩ |

| | | |
|---|---|---|
| ૧૧૬ | કયામતમાં જહન્નમને લાવવામાં આવશે પુલે સેરાત તેના ઉપર હશે તેમાંથી પસાર થઇ જન્નતમાં જવાનું હશે | ૫૭૦ |
| ૧૧૭ | કયામતમાં માં બાપ સાથે નેકી અને સિલેરહમનો ફાયદો | ૫૭૫ |
| ૧૧૮ | બીજું રોકાણ અમાનતદારી | ૫૭૭ |
| ૧૧૯ | વિલાયતે હઝરત અલી | ૫૮૧ |

| | | |
|---|---|---|
| | (અલય્હિસ્સલામ) | |
| ૧૨૦ | બીજો તબકકો : નમાઝ | ૫૮૪ |
| ૧૨૧ | ત્રીજો તબકકો : ઝકાત | ૫૯૦ |
| ૧૨૨ | ચોથો તબકકો : રોઝા | ૫૯૫ |
| ૧૨૩ | પાંચમો તબકકો : હજ | ૫૯૬ |
| ૧૨૪ | છઠ્ઠો તબકકો : તહારત | ૫૯૮ |
| ૧૨૫ | સાતમો તબકકો : અત્યાચારો – ઝુલ્મો | ૬૦૦ |
| ૧૨૬ | ઝાલિમને બદલો | ૬૦૩ |
| ૧૨૭ | પુલે સેરાત, જહન્નમ વિષે દિલ કંપાવનારી | ૬૦૪ |

| | | |
|---|---|---|
| | હિકાયત | |
| ૧૨૮ | પુલે સેરાત પરથી પસાર થવામાં આસાની કરનાર અ’અમાલ | ૬૧૧ |
| ૧૨૯ | દોઝખ | ૬૧૪ |
| ૧૩૦ | જહન્નમમાં ખોરાક અને શરાબ | ૬૧૫ |
| ૧૩૧ | જહન્નમીઓનો પહેરવેશ | ૬૨૭ |
| ૧૩૨ | જહન્નમની હાથકડીઓ અને બેડીઓ | ૬૩૦ |
| ૧૩૩ | જહન્નમનું બિછાનું | ૬૩૪ |

| | | |
|---|---|---|
| ૧૩૪ | જહન્નમના વકીલો | ૬૩૬ |
| ૧૩૫ | જહન્નમના દરવાજા | ૬૪૮ |
| ૧૩૬ | જહન્નમના અઝાબની સખ્તી વિષે થોડી રિવાયતો | ૬૬૩ |
| ૧૩૭ | જન્નત | ૬૮૬ |
| ૧૩૮ | જન્નતવાસીઓની હુકુમત | ૬૯૨ |
| ૧૩૯ | જન્નતની ઝમીનની લંબાઈ | ૬૯૪ |
| ૧૪૦ | જન્નતોના ખાણા | ૬૯૭ |
| ૧૪૧ | જન્નતના ઉપહારો | ૭૦૨ |

| | | |
|---|---|---|
| ૧૪૨ | જન્નતીઓના કપડાં અને જવાહેરાત | ૭૦૮ |
| ૧૪૩ | જન્નતના સ્થળો | ૭૧૨ |
| ૧૪૪ | જન્નતના રૂમોના શણગારનો સામાન | ૭૧૭ |
| ૧૪૫ | જન્નતના વાસણો | ૭૨૧ |
| ૧૪૬ | જન્નતની હુરો અને સ્ત્રીઓ | ૭૨૩ |
| ૧૪૭ | જન્નતના અત્તરો | ૭૩૫ |
| ૧૪૮ | જન્નતના ચિરાગ | ૭૩૮ |
| ૧૪૯ | જન્નતના નગ્માઓ | ૭૪૧ |

| | | |
|---|---|---|
| | (ગીતો) | |
| ૧૫૦ | જન્નતની નેઅમતો અને લઝઝતો | ૭૪૫ |
| ૧૫૧ | ઝઇફ લોકો માટે હઝરત રસુલે ખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની હદીસ | ૭૫૫ |
| ૧૫૨ | જે અ’અમાલ આગળ મોકલ્યા હશે તે જ કામ આવશે | ૭૫૭ |
| ૧૫૩ | દુનીયાની મઝમ્મત | ૭૬૭ |

| | | |
|---|---|---|
| | વિષે હઝરત અલી (અલય્હિસ્સલામ)નો ખુત્બો | |
| ૧૫૪ | હઝરત ઈમામ જઅફર સાદિક (અલય્હિસ્સલામ) અને ગુલામ | ૭૮૦ |

# મૃત્યુ વિષે હઝરત અલી (અલય્હિસ્સલામ)નો ખુત્બો

અમીરૂલ મોઅમેનીન હઝરત અલી (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું.

“તમને ખબર હોવી જોઈએ કે દુનીયા એવું ઘર છે કે તેના અંજામથી બચવાનો સામાન તેમાં રહીને જ કરી શકાય છે અને કોઈ એવા કામથી જે ફકત આ જ દુનીયાની માટે કરવામાં આવે તો નજાત નથી મળી શકતી. લોકો આ દુનીયામાં ઇમ્તેહાનમાં

નાખવામાં આવ્યા છે. લોકોએ આ દુનીયામાંથી જે દુનીયા માટે મેળવ્યું હશે તેનાથી અલગ કરી દેવામાં આવશે અને તેનો તેમનાથી હિસાબ લેવામાં આવશે. દુનીયા અકકલ ધરાવનારા લોકો માટે એક વધતો જતો પડછાયો છે"

(નહજુલ બલાગાહ – ખુત્બા નં. ૬૧)

અય અલ્લાહના બંદાઓ ! અલ્લાહથી ડરો અને મૃત્યુના આવવા પહેલા પોતાના અ'અમાલનો સામાન તૈયાર કરી લો અને દુનીયાની નાશવંત

વસ્તુઓ આપી બાકી રહેવાવાળી (આખેરતની) વસ્તુઓ ખરીદી લો. અને મૃત્યુ માટે તૈયાર થઇ જાઓ કે તે તમારા માથાઓ ઉપર ફરી રહી છે.

## ઇન્સાનની ઝિંદગીનો મકસદ આખેરત છે.

હવે સવાલ પૈદા થાય છે કે શું ઇન્સાનના પૈદા કરવાનો મકસદ આ માદ્દી (દુન્યવી ખિલ્કત) ઝિંદગી જ છે અને ત્યાર પછી તે નીસ્તો નાબુદ (ફના

ફાતેહા) થઇ જશે ? નહિં બિલકુલ નહિં. અગર વિચારવામાં આવે તો કોઈ ઇન્સાન આ દુનીયામાં આરામમાં નથી અને ન કોઈને શાંતિ છે. તરહ તરહની તકલીફો, દુઃખો અને રંજો, બીમારીઓ, ફિત્નાઓ, ગસબે અમ્વાલ (માલ છીનવાઈ જવો) અને દોસ્તો, અઝીઝોની મૃત્યુના દુઃખને સહન કરે છે.

દિલે બે ગમ દરાએ આલમ નબાશીદ
અગર બાશીદ બની આદમ નબાશીદ

(તરજુમો : આ દુનીયામાં કોઈ પણ દિલ ગમથી ખાલી નહીં હોય અને અગર હશે પણ તો તે હઝરત આદમ (અલય્હિસ્સલામ)ની ઔલાદમાંથી નહીં હોય.

અગર આ માદ્દી (ભૌતિક) મસઅલાઓને જ ખિલ્કતે ઈન્સાની માની લેવામાં આવે જો કે દુઃખો અને રંજોમાં ડુબેલા છે તો આ હિકમત અને કરમ અને સિફાતે કમાલે ઇલાહીયા (અલ્લાહના મહાન ગુણો)ના વિરૂધ્ધ થશે

અને તેનું ઉદાહરણ એવું હશે જેવું કોઈ સખી (ઉદાર) કોઈ શખ્સને મહેમાન બોલાવે અને તેના માટે એક એવું મકાન તૈયાર કરે જેમાં તરહ તરહ (અલગ અલગ પ્રકાર)ના દરિંદાઓ (ફાડી ખાનાર જાનવરો) મૌજુદ હોય પછી તે રૂમમાં તેને રાખી દેવામાં આવે અને જયારે તે ખાવા માટે કોળિયો ઉપાડે તો બધા દરિંદાઓ (ફાડી ખાનાર જાનવરો) તેનાથી તે કોળિયો છીનવી લેવા માટે હુમલો કરી દે તો કોઈ અકકલમંદ આવી

મહેમાનીને ફાયદાકારક અને વખાણ કરવાને લાયક નહીં સમજે પરંતુ આવી મહેમાની જે જાન માટે ખતરો હોય બેકાર હશે. કોઈ વસ્તુને બનાવીને બગાડી દેવી ફેઅલે કબીહ (ખરાબ કામ) છે. અને ખલ્લાકે આલમથી કોઈ ફેઅલે કબીહ (ખરાબ કામ) બનવું મુહાલ (નામુમ્કીન) છે.

બસ આ વાત નીશ્ચિત રીતે સાબિત થઇ જશે કે ઇન્સાનની મંઝિલે મકસુદ (જયાં સુધી પહોંચવુ હોય) એવી

જગ્યા છે જેમાં મૃત્યુ નથી, જેમાં દુઃખ દર્દ નથી, દુનીયાની કોઈ પણ વસ્તુને ફના થવાનું નથી, ઇન્સાન જેને પોતાની મંઝિલે મકસુદ (જયાં સુધી પહોંચવુ હોય) સમજી રહ્યો છે તે તો તેના માટે પસાર થવાનો રસ્તો છે અને તે મનાઝિલ (મંઝિલો) તે સમય સુધી ઉબુર (પાર) નથી કરવામાં આવતી જયાં સુધી કે તે મનાઝિલો (મંઝિલો)ના માટે જેટલી જરૂર હોય તેટલું ભાથું અને

ઝાદે રાહ (જરૂરીયાતે સફર) તૈયાર કરી લેવામાં આવે.

તેથી આપણે આપણા પૈદા થવાનો મતલબ અને મકસદને સમજવાની કોશિશ કરીએ અને તેના માટે જરૂરી ઝાદે રાહ (જરૂરીયાતે સફર) તૈયાર કરીએ.

## મઆદ (કયામત)

મઆદ અવ્દથી બન્યું છે જેનો અર્થ પાછા ફરવું થાય છે. કારણ કે રૂહ

શરીરમાં પાછી ફરે છે તેથી તેને મઆદ કહે છે, મઆદ ઉસુલેદીનમાંથી એક છે જેને માનવું દરેક મુસલમાન માટે વાજીબ છે કે દરેક માનવી મૃત્યુ પછી ફરી જીવંત કરવામાં આવશે અને તેને તેના અ'અમાલનો બદલો મળશે.

મઆદના પ્રશ્નની શરૂઆત મૃત્યુ તેના પછી કબ્ર, બરઝખ, મોટી કયામત અને છેવટે જન્નત અથવા જહન્નમ છે. મઆદને પાંચ ઇન્દ્રિયોથી સમજવું અશકય છે. પરંતુ બુધ્ધિપુર્વકની

દલીલોથી સાબીત છે. મૃત્યુ પછી શું થશે ? રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ વહી દ્વારા તેની ખબર આપી છે. દરેક માનવી પોતાનું સ્થાન અને સ્થિતિની હદથી આગળ વધતું નથી. દાખલા તરીકે તે બાળક કે જે મા ના પેટની દુનીયામાં વસી રહ્યું છે તેના માટે અશકય છે કે તે બહારની વિશાળ સૃષ્ટિ અને તેમાં અસ્તિત્વ ધરાવતી વસ્તુઓને સમજી શકે. જયાં સુધી તે તે પરિસ્થિતિમાંથી મુક્તિ ન

મેળવે. મૃત્યુ પછીની દુનીયાની વિશેષતાઓ તે માનવી માટે જે આ દુનીયામાં વસી રહ્યો છે તે ગૈબના હુકમમાં છે તેની જાણકારી માટે રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની ખબરોની સચ્ચાઈ સિવાય કોઈ વિકલ્પ નથી. તેથી માણસ કહે છે કે મારી સમજમાં નથી આવતું કે મૃત્યુ પછી શું થશે તેની વાત માની શકાય નહીં. કારણ કે તે દુનીયાની વિશેષતાને બુધ્ધિ સાથે કોઈ સંબંધ

નથી. જે કાંઈ રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની પવિત્ર અહલેબૈત (અલય્હેમુસ્સલામ)એ કહ્યું છે તેનો આપણને સંપુર્ણ વિશ્વાસ હોવો જોઈએ. કારણ કે તેઓ સૌ માઅસુમ છે અને પરવરદિગારની વહી ઉતરવાનું સ્થાન છે.

## શું મૃત્યુ પામેલી વ્યક્તિ બોલી શકે?

જે લોકોએ આ શંકા કરી છે તેઓનું માનવું છે કે મૃત્યુ પામેલ વનસ્પતિની જેમ છે. જેમ કે સુકી લાકડી. તો પછી સવાલ અને જવાબ કેવી રીતે થશે ?

જવાબ : આ શંકા અજ્ઞાનતા, અણસમજ અને આખેરત ઉપર ગૈબનું ઈમાન ન ધરાવનારાની દલીલ છે. બોલવું ફકત જીભનું પરિણામ છે. રૂહોને વાત કરવાની શક્તિ કે હલન ચલન નથી. પ્રાણીઓના અંગો હલન

ચલનવાળા છે રૂહો હલન ચલન નથી કરતી. જેવી રીતે ઊંઘમાં સપનામાં વાતચીત કરીએ છીએ. પરંતુ જીભ અને હોઠ હલન ચલન કરતા નથી. જો કોઈ માણસ જાગી રહ્યો હોય તો તેનો અવાજ સાંભળી શકતો નથી. જયારે તે માણસ જાગે છે ત્યારે કહે છે કે હું ફલાણાની સાથે સપનામાં વાતો કરી રહ્યો હતો. તેવી જ રીતે દુરના શહેરોની સફર પણ કરી લે છે. પરંતુ શરીર બિછાના પર મૌજુદ અને સુરક્ષિત હોય છે.

# પહેલાના લોકોને સપના નહોતા આવતા પણ હાલના લોકોને સપના આવે છે તેનું કારણ

હઝરત મુસા બીન જાફર (અલયહિસ્સલામ) ફરમાવે છે કે માનવીના સર્જનની શરૂઆતમાં ઇન્સાન ઊંઘની હાલતમાં સપના નહોતા જોતા પણ પછીથી ખાલિકે કાએનાતે ઊંઘની હાલતમાં સપના દેખાડવા શરૂ કર્યા અને તેનું કારણ એ છે કે ખુદાવંદે તઆલાએ તે ઝમાનાના લોકોની હિદાયતના માટે

એક પયગમ્બરને મોકલ્યા અને તેમણે તેમની કૌમને ઇતાઅત અને પરવારદિગારે આલમની ઈબાદતની તરફ આમંત્રણ આપ્યું પરંતુ તેઓએ કહ્યું અગર અમે તમારા ખુદાની ઈબાદત કરીએ તો તેનો બદલો શું દેશે ? જયારે કે તમારી પાસે અમારાથી વધારે કોઈ વસ્તુ નથી તો તે પયગમ્બરે ફરમાવ્યું કે અગર તમે ખુદાની ઇતાઅત કરી તો તેના બદલામાં તમને બેહીશ્ત (જન્નત) આપવામાં આવશે અને અગર મારી

વાતને ન માની તો સઝા દોઝખ (જહન્નમ) હશે. તેઓએ કહ્યું દોઝખ અને બેહીશ્ત શું ચીઝ છે ? તે પયગમ્બરે દોઝખ અને બેહીશ્તની સિફતો તેઓની સામે બયાન કરી અને વિસ્તારથી બયાન કર્યું. તેઓએ અર્ઝ કરી આ બેહીશ્ત અમોને કયારે મળશે ? પયગમ્બરે ફરમાવ્યું જયારે તમે મૃત્યુ પામશો. કહેવા લાગ્યા અમે જોઈએ છીએ કે અમારા મુર્દાઓ અલગ અલગ થઈન સડીને માટીમાં મળી જાય છે.

તેમના માટે જે ચીઝની તમે વખાણ કર્યા છે નથી જોઈ શકતા અને પયગમ્બરના કહેવાને જુઠલાવ્યું. પરવરદિગારે આલમે તેઓને એવા સપના દેખાડયા કે તેઓ સપનામાં ખાતા પીતા, ચાલતા ફરતા, વાતો કરે છે અને સાંભળે છે પરંતુ જાગ્યા પછી સપનામાં જોએલ કોઈ પણ વસ્તુની અસર નથી હોતી. તેઓ પયગમ્બરની ખિદમતમાં હાજર થયા અને પોતાના સપનાઓ તેઓની સામે બયાન કર્યા પયગમ્બરે ફરમાવ્યું કે

પરવરદિગારે આલમે તમારા ઉપર હુજ્જત તમામ કરી દીધી છે કે મર્યા પછી તમારી રૂહો પણ આજ રીતે હોય છે ભલે શરીર માટીમાં મળી માટી થઇ જાય તમારી રૂહ કયામત સુધી અઝાબમાં હશે અને અગર નેક હશો તો બેહીશ્તમાં ખુદાની નેઅમતોની મજા માણશો. (મઆદ)

**********

# મૃત્યુ શું છે ?

મૃત્યુ : મૃત્યુને ઓળખવાના બારામાં આલિમોમાં મતભેદ છે. કેટલાક મૃત્યુને અમ્રે વજુદ માને છે અને કેટલાક અમ્રે અદમી કહે છે. સંશોધન થયા મુજબ મૃત્યુ અમ્રે વજુદ છે. અને તેની વ્યાખ્યા આ રીતે કરવામાં આવી છે.

“અલ મૌતો સિફતુન વજુદતુન લિલ હયાતે”

તરજુમો : મૃત્યુ એક અસ્તિત્વની નીશાની છે જે હયાતનું મુળ છે.

કુરઆને મજીદમાં છે.

“તબારકલ્લઝી બે યદેહીલ મુલ્કો વહોવ અલા કુલ્લે શયઇન કદીર.

અલ્લઝી ખલકલ મૌત વલ હયાત લેયબ્લોવકુમ અય્યોકુમ અહસનો અમલા”

“બરકતવાળો છે તે અલ્લાહ જેના હાથમાં સમગ્ર જગતની બાદશાહત છે અને તે દરેક ચીઝ પર કુદરત ધરાવે છે. જેણે જીવન અને મૃત્યુને એટલા માટે

પૈદા કર્યા છે કે તમારી પરીક્ષા લે કે તમારામાંથી કોના અ'અમાલ સારા છે.”

આ આયતમાં ઝિંદગી અને મૃત્યુના સર્જનનો ઝિક્ર કરવામાં આવ્યો છે ખાલિસ પૈદાઈશ ન હોત અગર મૃત્યુને ન માનવામાં આવતું. જો મૃત્યુ નાશવંત હોત તો કુરઆનમાં સર્જન શબ્દનો ઉપયોગ ન થયો હોત.

મૃત્યુ ખરેખર શરીર અને રૂહના સંપર્કનું ખત્મ થવું છે. રૂહ અને શરીરના સંપર્કને બેશુમાર તસ્બીહાત

(સરખામણી) થકી જાહેર કરવામાં આવેલ છે. જેવી રીતે હોડી અને તેનો ચલાવનાર અને મૃત્યુ એવી છે જેવી રીતે હોડીને તેના ચલાવનારથી અલગ કરી દેવામાં આવે. રૂહ તે દિવો છે જે અંધકારમય જીવનને પ્રકાશિત કરી દે છે અને શરીરના તમામ અંગો પ્રકાશ મેળવે છે. મૃત્યુ આ દિવાને શરીરથી અલગ કરવાનું નામ છે કે જયારે તેને અલગ કરી દેવામાં આવે તો ફરીથી શરીર અંધકારમય થઇ જશે.

આ સિવાય એવો સંબંધ નથી કે રૂહ શરીરમાં સમાવેશ કરે. એટલે કે શરીરની અંદર દાખલ થાય છે. એટલા માટે દાખલ થવું અથવા બહાર નીકળવું રૂહને અનુરૂપ નથી પરંતુ ફકત સંબંધ ધરાવે છે. અને આ જ સંપર્કનું તુટી જવાને મૃત્યુ કહેવામાં આવે છે.

આપણા ઉપર વાજીબ છે કે આપણે આ અકીદો રાખીએ કે મૃત્યુ ખુદાના હુકમથી આવે છે તે જ ઝાત જેણે માં ના પેટમાંથી લઈને છેલ્લા દીવસ

સુધી રૂહનો શરીરની સાથે સંબંધ પૈદા કર્યો. તે જ રૂહનો શરીર સાથેનો સંબંધ કાપી પણ નાખે છે. તે જ આપણને મારે અને જીવાડે છે જેમ કે કુરઆને મજીદમાં છે.

"અલ્લાહો યતવફ્ફલ અન્ફોસ હીન મૌતેહા....." - (સૂરએ ઝોમર / આયત નં. ૪૨)

"અલ્લાહ જ નફસને મૃત્યુ આપે છે."

અમુક જાહિલો ઇઝરાઈલને ખરાબ કહે છે અને દુશ્મન સમજે છે કે તે

આપણી ઔલાદને અને આપણને ઔલાદથી અલગ કરી દે છે અને એમ નથી સમજતા કે તે તો પરવરદિગારે આલમની તરફથી આ કામ ઉપર નીમવામાં આવેલા છે અને તે અલ્લાહના હુકમ સિવા કાંઈ પણ નથી કરતા.

## રૂહ કેવી રીતે કબ્ઝ થાય છે ?

મેઅરાજની હદીસોના પ્રકાશમાં રૂહના કબ્ઝ થવાની વિગત આવી રીતે

બયાન કરવામાં આવી છે કે જનાબે ઇઝરાઈલની સામે એક તખ્તી મૌજુદ છે જેમાં બધાના નામ લખેલા છે જેનું મૃત્યુ આવી જાય છે તેનું નામ તખ્તીમાંથી ભુંસાઈ જાય છે તરત જ ઇઝરાઈલ તેની રૂહ કબ્ઝ કરી લે છે. એ શકય છે કે એક જ પળમાં હજારો માણસોના નામ ભુંસાઈ જાય અને એક જ સમયમાં હજારો દીવા બુજાવી શકાય છે (એક જ સમયમાં હજારો માણસોની રૂહ કબ્ઝ કરી શકે છે). એટલા માટે આશ્ચર્ય ન કરવું જોઈએ

અસલમાં મારનાર ખુદા છે જેમ કે રૂહ કબ્ઝ કરવાનો સંબંધ ખુદાની તરફ આપવામાં આવેલ છે.

“કુલ યતવફ્ફાકુમ મલકુલ મૌતીલ્લઝી વુકકેલ બેકુમ”

“તમને મૃત્યુ મલેકુલ મૌત (ઇઝરાઈલ) આપે છે જેને તમારા ઉપર નીમવામાં આવેલ છે.”

બીજી એક જગ્યાએ ફરમાવ્યું.

"અલ્લઝીન તવફફાહોમુલ મલાએકતો ઝાલેમી અન્ફોસેહીમ - (સૂરએ નહલ / આયત નં. ૨૮)

"જે લોકોની રૂહ ફરિશ્તાઓએ કબ્ઝ કરી તે સમયે તેઓ ખુદ પોતાની ઉપર ઝુલ્મ કરી રહ્યા હતા."

ઇન્સાનને મારનાર ઇઝરાઈલ અને તેમના સાથી ફરિશ્તાઓ છે. આ સાચુ છે કેમકે ઇઝરાઈલ અને તેમના સાથીઓ અલ્લાહના હુકમથી જ રૂહને કબ્ઝ કરે છે. જેવી રીતે લશ્કર

બાદશાહના હુકમથી બીજી હુકુમતો ઉપર વિજય મેળવે છે અને કહેવામાં આવે છે કે ફલાણા લશ્કરે ફલાણા મુલ્કને જીતી લીધું. ખરેખર તો આ વિજય બાદશાહની સમજદારી અને સત્તાના કારણે થાય છે. આ દરેક ઉદાહરણો હકીકતને સમજવા માટે છે નહીંતર હકીકત આનાથી ઉચ્ચ છે. હકીકતમાં જીવન આપનાર અને મારનાર ખુદા જ છે.

પરવરદિગારે આલમે આ દુનીયાને જેવી રીતે સાધન સામગ્રીનું

ઘર બનાવ્યું છે તેવી જ રીતે મૃત્યુના માટે પણ સાધનો નકકી કરેલ છે. જેમ કે બીમાર પડવું, કત્લ થવું, અકસ્માતમાં મૃત્યુ પામવું, પડીને મરવું વિગેરે. આ બધા મૃત્યુના સાધનો અને બહાના છે નહીંતર કેટલાય માણસો એવા છે કે જાનલેવા બીમારીમાં સપડાય છે અને તંદુરસ્ત થઈને ઉભા થઇ જાય છે. બસ બેઠા બેઠા મૃત્યુ આવી જાય છે. આ સાધનો માત્ર મૃત્યુ માટે જરૂરી નથી જયારે ઉંમરનો ઘડો છલકાઈ જાય ત્યારે

ખુદાવંદે આલમ તેની રૂહ કબ્ઝ કરી લે છે.

અમુક લોકોની રૂહ આસાનીથી અને અમુક લોકોની રૂહ સખ્તીથી કબ્ઝ કરવામાં આવે છે. રિવાયતમાં છે કે મરનારને એવો એહસાસ થાય છે જાણે તેના શરીરને કાતરથી કાપવામાં આવે છે અથવા ચકકી (ઘંટી)માં પીસવામાં આવે છે. જયારે અમુકને એવો એહસાસ થાય છે જાણે ફુલ સુંઘી રહ્યો છે.

"અલ્લઝીન તતવફ્ફા હોમુલ મલાએકતો તય્યેબીન યકુલુન સલામુન અલયકોમુદ ખોલુલ જન્નત બેમા કુન્તુમ તઅમલુન." - (સૂરએ નહલ / આયત નં. ૩૨)

"આ એવા લોકો છે જેની રૂહ ફરિશ્તાઓ એવી હાલતમાં કબ્ઝ કરે છે કે તેઓ (કુફ્રની નજાસતથી) પાકો પાકીઝા હોય છે તો ફરિશ્તાઓ તેને કહે છે સલામુન અલયકુમ. જે નેકીઓ તમે

દુનીયામાં કરતા હતા તેના બદલામાં સંકોચ વગર જન્નતમાં ચાલ્યા જાવ.”

આ પણ જાણી લેવું જોઈએ છે કે એવું કાંઈ જરૂરી નથી કે દરેક મોઅમિનની રૂહ આસાનીથી કબ્ઝ કરવામાં આવે છે પરંતુ ઘણા મોઅમિન એવા છે કે ખુદાવંદે આલમની મહેરબાની તેઓની હોય છે પરંતુ અમુક ગુનાહોના કારણે રૂહ સખ્તીથી નીકળે છે જેથી મોઅમિન દુનીયામાં જ ગુનાહોથી પાક થઇ જાય. કાફિરો માટે આ સખ્તી

અઝાબમાં વધારો અને આખેરતના અઝાબની પ્રસ્તાવના હોય છે.

“ફ કય્ફ એઝા તવફફતહોમુલ મલાએકતો યઝરેબુન વોજુહહુમ વ અદબારહુમ.” - (સૂરએ મોહમ્મદ / આયત નં. ૨૭)

“તો જયારે ફરિશ્તાઓ તેઓની રૂહ નીકાળશે (તે સમયે) તેઓના મોઢા અને પીઠ ઉપર મારતા જશે.”

કયારેક કાફિરો અને જુઠા લોકોની રૂહ સહેલાઈથી કબ્ઝ કરવામાં આવે છે કેમકે

તે માણસ અઝાબ પામનારાઓમાંથી છે પણ પોતાની ઝિંદગીમાં અમુક સારા કામ કર્યા હોય છે જેમ કે યતીમ ઉપર ખર્ચ કર્યો હોય અને મઝલુમની ફરિયાદોને દૂર કરી હોય જેથી અહીંનો બદલો અહીં જ આપવા માટે રૂહ આસાનીથી નીકળે છે જેથી આખેરતમાં તે સારા કામનો બદલો માંગી ન શકે.

હકીકતમાં રૂહનું કબ્ઝ થવું કાફિરો માટે પહેલી શિક્ષા છે ભલે પછી રૂહ સહેલાઈથી નીકળે અથવા સખ્તીથી અને

મોઅમિન માટે મૃત્યુ નેઅમત અને ખુશ ખબરી છે રૂહ નીકળવામાં સખ્તી થાય કે આસાની. તેથી મોઅમિન અથવા કાફિરના કારણે આસાની અથવા સખ્તીને કોઈ નીયમ ન ગણી શકાય.

## દુનીયા સાથે મોહબ્બત

મૃત્યુથી દુર ભાગવું અને દુનીયા સાથે દોસ્તી એટલા માટે જ હોય છે કે ઇન્સાન દુન્યવી ખુશીથી બહરહમંદ (ફાયદાકારક) હોય છે જેવો કે ઘણા

લોકોનો હાલ છે ખોટો અને અકલી રીતે બેજાન છે. દુનીયા હજાર વખત મળે છે અને હજારો મુસીબતો અને સખ્તીઓ સાથે લઈને આવે છે અને તેને ખત્મ થવાનું છે બાકી રહેવાવાળી અને વફાદાર નથી.

એક શાયરે ખુબ સરસ કહ્યું છે.

"તમારા દિલને દુનીયા સાથે લગાવ ન કરાવો કેમકે આ તે બેવફા દુલ્હન જેવી છે જેણે કોઈની પણ સાથે

એક રાત પણ મોહબ્બતથી નથી વિતાવી”.

આ ઉપરાંત કુરઆને મજીદમાં દુનીયાની મોહબ્બતને કાફિરોના ગુણ સાથે સરખાવેલ છે.

“રઝુ બિલ હયાતીદ દુનીયા વત્મઅન્નવાબેહા”.

“કાફિરો દુન્યવી ઝિંદગી પર રાજી થઇ ગયા અને તેના પર ભરોસો કરી લીધો”.

બીજી એક જગ્યાએ ફરમાવ્યું.

“અરઝીતુમ બિલ હયાતિદ દુનીયા મેનલ આખેરહ”.

“શું તમે આખેરતને છોડીને દુન્યવી ઝિંદગી પર રાજી થઇ ગયા છો ?”

યહુદીઓ માટે ફરમાવ્યું.

“યવદ્દો અહદોકુમ લવ યો અમ્મરો અલ્ફ સનતીન”

“તમારામાંથી દરેકની એવી ઈચ્છા છે કે કાશ દુનીયામાં હજાર વર્ષની ઉમ્ર મળતે”

આ વિષય ઉપર અસંખ્ય આયતો અને રિવાયતો મૌજુદ છે. અહીં પર મશહુર હદીસે નબવી નું નકલ કરવું કાફી છે.

“હુબ્બુદ દુનીયા રઅસો કુલ્લે ખતીઅતીન”

“દુનીયાની દોસ્તી દરેક ગુનાહોની જડ છે”.

## મૃત્યુની સાથે દોસ્તી રાખવી જોઈએ

સૌથી વધુ મહત્વની વાત એ છે કે ઇન્સાન અલ્લાહને મળવાનું મહેબુબ

સમજે અને મોઅમિન મૃત્યુને ખરાબ ન સમજે અને મૃત્યુના ખૌફથી ડરતો રહે ન કે મૃત્યુની ઈચ્છા કરતો રહે અથવા (ખુદાની પનાહ) આત્મહત્યા કરી લે. આ દુનીયામાં ગુનાહોથી તૌબા કરી લે, પોતાના નફસની સુધારણા કરી લે અને વધારે સખાવત કરે અને જયારે પણ ખુદા તેના માટે મૃત્યુનો સમય નકકી કરે ત્યારે તેને ખુદાની નેઅમત સમજે કે કેટલી જલ્દી તેણે સવાબના ઘરમાં પહોંચાડી દીધો. જો ગુનેહગાર હોય તો

એમ સમજે કે મૃત્યુના થકી ગુનાહના રસ્તાઓને બંધ કરી દીધા અને સજાનો ઓછો હકદાર થયો.

તારણ એ છે કે મૃત્યુમાં ખુદાની રઝા (ખુશ્નુનદી) ઉપર રાઝી રહે અને અભિમાનના ઘરથી આનંદના ઘરમાં પહોંચે. અને મોહમ્મદ વ આલે મોહમ્મદ અને આલે અત્હાર જેવી નેક રૂહોની મુલાકાતથી ખુશ થાય. તેવી જ રીતે જયાં સુધી પરવરદિગારે આલમ ચાહે મૃત્યુને ટાળે અને લાંબી ઉમ્ર પર રાઝી

રહે જેથી આ નાશવંત દુનીયામાં આખેરતના લાંબા સફર માટે વધારે સામાન તૈયાર કરી લે. કેમકે તે મંઝિલ સુધી પહોંચવા માટે ગુંચવણભરી પહાડીયો અને સ્થળો અસંખ્ય છે. અત્યારે અમે તેમાંથી અમુક જગ્યાઓનો ઉલ્લેખ કરીએ છીએ. (મઆદ)

# પહેલો તબકકો

## સકરાત, મૃત્યુ વખતે હાલત

"વ જાઅત સકરતુલ મૌતે બિલ હકકે ઝાલેક મા કુન્ત મિન્હો તહીદોહ" - (સૂરએ કાફ / આયત નં. ૧૯)

"અને મૃત્યુની બેહોશી હકની સાથે આવી પહોંચી આ તે જ તો છે જેનાથી તમે દૂર ભાગતા હતા"

આ તબકકો બહુ જ મુશ્કિલ છે જેમાં દરેક બાજુથી દુ:ખ, રંજ અને સખ્તીઓ મરનારની તરફ આગળ વધે

છે. એક બાજુ બીમારી અને અસહ્ય પીડા, બંદશ ઝબાન (ઝબાનનું બંધ થઇ જવું), શરીરના અંગોની નબળાઈ અને બીજી તરફ કુટુંબના સભ્યોની ચીખો અને રોકકળ, તેમનાથી જુદાઈ, બાળકોની લાચારી અને યતીમીનો ગમ, આ ઉપરાંત પોતાની દૌલત, મકાનો, ઝમીન જાગીર અને અને તે મનગમતી વસ્તુઓ (દુન્યવી નેઅમતો)થી જુદા થવાનો ગમ, જેને મેળવવા માટે તેણે ઘણા બધા દુ:ખોનો, તકલીફોનો સામનો કરેલ તેમજ

પોતાની કિંમતી ઝિંદગી જેના પાછળ ખર્ચી નાખેલ. અમુક વખતે અમુક માલ લોકો ઉપર ઝુલ્મ કરીને છીનવી લીઘેલ અને જેમ જેમ દૌલત પ્રત્યેનું પ્રલોભન વધતું ગયું તેમ તેમ માલ (સાંપોનો ખજાનો) ગંજ ખડકાતો ગયો અને તે જેનો માલ હતો તેને પાછો ન આપ્યો હવે મરતી વખતે તેણે પોતાના કરેલ ખરાબ કામોની તરફ નજર કરી જયારે સમય વિતી ચુક્યો હતો અને સુધારણાના દરવાજા બંધ થઇ ગયા

હતા. જેમકે અમીરૂલ મોઅમેનીન હઝરત અલી (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું.

“યતઝકકરૂ અમ્વાલન જમઅહા અગ્મઝ ફી મતાલેબેહા વ અખઝહા મિમ મશરેહાતેહા વ મુશ્તબેહાતેહા કદ લઝીમ્તહુ તબેઆતુન જમઅહા વ અશ્રતફ અલા ફેરાકેહા તબકા લેમંવરાએહી યનઅમુનબેહા ફયકુનલ મોહન્નાર લે ગયરેહી વલ અબાઅ અલા ઝહરેહી”.

"થોડીક દૌલતને યાદ કરે છે જેને તેણે જમા કરી હતી અને તે દૌલત મેળવવા માટે મહેનત કરતો રહ્યો અને તે દૌલત ભેગી કરવામાં જે અડચણો આવતી હતી તેની પરવાહ ન કરી ત્યાં સુધી કે હવે તે દૌલતથી અલગ થવા લાગ્યો અને તે માલ તેના વારસદારો માટે છોડી ગયો અને તેઓ તેનાથી ફાયદો ઉઠાવી રહ્યા છે. આ રીતે તેની તકલીફ પારકાઓ માટે અને ફાયદાઓ પાછળનાઓ માટે હતા".

એક તરફ આ દુનીયામાંથી બીજી દુનીયામાં જવાના ડરથી તેની આંખો એવી ભયાનક વસ્તુઓ જુએ છે જે તેણે તેના પહેલા કદી નહોતી જોઈ.

“ફ કશફના અન્ક ગેતાઅક ફ બશરોકલ યવ્મ હદીદુન”. - (સૂરએ કાફ / આયત નં. ૨૨)

“અમે તારી પરથી પરદાઓ હટાવી દીધા બસ હવે તારી આંખોની સામે અંધકાર છવાઈ ગયું”.

મૃત્યુની અંતિમ સમયે મરનાર મલાએકાના ભયને પોતાની પાસે જુએ છે અને વિચારે છે કે આના માટે શું હુકમ છે અને કોની શિફારીશ આપવામાં આવે છે.

## અઈમ્મા (અલય્હેમુસ્સલામ) મરનાર પાસે આવે છે.

મોટા ભાગની રિવાયતોમાં છે કે રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને અઈમ્મએ

તાહેરીન (અલય્હેમુસ્સલામ) અંતિમ સમયે દરેક માણસના માથા પાસે નુરાની શરીરો અને છાંયા રૂપે આવે છે. ઈમામ રઝા (અલય્હિસ્સલામ) પોતાના અસ્હાબોમાંથી એક મરવાવાળા માણસની પાસે ગયા તે મરવાવાળા શખ્સે આપના ચહેરા તરફ જોયું અને કહેવા લાગ્યો હવે હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ), હઝરત અલી (અલય્હિસ્સલામ), જનાબે ફાતેમા ઝહેરા

(સલામુલ્લાહે અલય્હા), ઈમામ હસન (અલય્હિસ્સલામ) અને ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ) ત્યાં સુધી કે હઝરત મુસા બિન જાફર (અલય્હિસ્સલામ) દરેક હાજર છે અને આપનો નુરાની ચહેરો પણ હાજર છે. - (બેહાર ભાગ – બીજો / ભાગ - ત્રીજો)

આ વાત સર્વમાન્ય છે કે દરેક માણસ મૃત્યુના અંતિમ સમયે પોતાની મોહબ્બત અને મઅરેફત પ્રમાણે સરવરે કાએનાત અને આલે અત્હાર

(અલય્હેમુસ્સલામ)ની મુલાકાત કરે છે ભલે તે કાફિર હોય કે મોઅમિન. આ મુલાકાત મોઅમિનો માટે પરવરદિગારની નેઅમત અને મુનાફિક અને કાફિરો માટે સખ્ત અઝાબ છે.

“અસ્સલામો અલા નેઅમતીલ્લાહે અલલ અબરારે વનકમતીન અલલ જબ્બારે”. - (અમીર અલય્હિસ્સલામની છઠ્ઠી ઝિયારત)

બીજી તરફ શૈતાન પોતાના સાથીદારો સાથે મૃત્યુના અંતિમ સમયે

મરનારના મનમાં શક પૈદા કરવા માટે તેની પાસે ભેગા થાય છે જેના થકી તેને ઈમાન પરથી હટાવી દેવામાં આવે અને તે દુનીયાથી કુફ્રની હાલતમાં જાય. મલેકુલ મૌતના આવવાનો ભય કે તે કઈ સુરતમાં હશે અને મલેકુલ મૌત તેની રૂહ કેવી રીતે કબ્ઝ કરશે સહેલાઈથી કે સખ્તીથી. હઝરત અલી (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું.

“ફજતમઅત અલય્હે સકરાતુલ મૃત્યુ ફગયરો મવસુફીન મા નઝલ બેહ”.

“તેના પર મૌતની સકારાત ભેગી થઇ ગઈ જેની જેનું વર્ણન કરવામાં નથી આવ્યું કે તે શું લઈને ઉતરશે”.

## હઝરત અલી (અલય્હિસ્સલામ)ને આંખોનું સખત દર્દ

શૈખ કુલૈની (અ.ર.) હઝરત ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ)થી રિવાયત કરે છે કે એક વખત હઝરત અમીરૂલ મોઅમેનીન (અલય્હિસ્સલામ)ને આંખોમાં દુખાવો

થયો. હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) તેમની અયાદત (ખબર પુછવા) માટે આવ્યા જોયું કે હઝરત અલી (અલય્હિસ્સલામ) દુખાવાના કારણે ફરિયાદ કરી રહ્યા છે. આપે પુછ્યું કે આ ફરિયાદ બેચૈનીના કારણે છે કે બેકરારીના કારણે છે કે દુખાવાના કારણે. અમીરૂલ મોઅમેનીન (અલય્હિસ્સલામ)એ કહ્યું યા રસુલલ્લાહ ! મને અત્યાર સુધી કયારેય આવો સખત દુખાવો નથી થયો. હુઝુર

(સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું અય અલી ! જયારે મલેકુલ મૌત કાફિરની રૂહ કબ્ઝ કરવા માટે આવે છે તો તે તેની સાથે આગનો એક ગુર્ઝ (ગદા) લાવે છે જેના થકી તે તેની રૂહને ખેંચે છે પછી જહન્નમ તેને બોલાવે છે. જયારે અમીરૂલ મોઅમેનીન (અલયહિસ્સલામ)એ આ વાત સાંભળી તો બેઠા થઇ ગયા અને કહ્યું યા રસુલલ્લાહ ! આ હદીસનો અર્થ સમજાવો કારણ કે મને દુખાવાની

તકલીફ નથી થતી અને પુછ્યું આકા ! શું આપની ઉમ્મતમાંથી પણ કોઈની રૂહ આવી રીતે કબ્ઝ કરવામાં આવશે. ફરમાવ્યું હાં, મારી ઉમ્મતમાંથી ત્રણ માણસોની રૂહ આવી રીતે કબ્ઝ કરવામાં આવશે.

(૧) ઝાલિમ હાકીમ (ઝુલ્મ કરનાર રાજા)

(૨) જેણે યતીમો ઉપર ઝુલ્મ કરી તેનો માલ છીનવી લીધો હોય

(૩) ખોટી ગવાહી આપનાર

ઇન્સાન પોતાના સારા તથા ખરાબ અ'અમાલનું પરિણામ મૃત્યુની આસાની અને સખ્તીમાં પણ જોઈ લે છે. કેટલાક તો એવા હોય છે કે પોતાના ખરાબ અ'અમાલના કારણે મૃત્યુના સમયે કાફિર થઇ જાય છે.

"સુમ્મ કાન આકેબતુલ્લઝીન અસાઉસ્સુઆ ઇન કઝઝબુ બે આયાતિલ્લાહે વ કાનુ બેહા યસ્તહઝેઉન". - (સૂરએ મોઅમેનીન / આયત નં. ૯)

# મરનાર પાસે કોણ ન હોવું જોઈએ

અસંખ્ય રિવાયતો એ વાતની ગવાહી આપે છે કે સકરાતે મૌતની સકરાતના સમયે અને પછી હાએઝા (એવી સ્ત્રી જે હૈઝની હાલતમાં હોય) અને જુનુબી (એવો શખ્સ જેના ઉપર ગુસ્લે જનાબત વાજીબ થયેલ હોય) લોકોનું મરનારની પાસે રહેવું રહેમતના મલાઈકાઓની નફરત અને મય્યત માટે તકલીફનુ કારણ છે.

એલલુશ્શરાએઅમાં ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ) ફરમાવે છે.

"લા તહઝોરીલ હાએઝો વલ જોનુબો ઇન્દત્તલકીન લે અન્નલ મલાએકત તતાઝા બેહેમા".

"હાએઝા અને જુનુબી મૌતની સકરાતના સમયે મરનાર પાસે ન રહે કારણ કે મલાએકા તેનાથી નફરત કરે છે."

# જનાબતવાળા શખ્સનું મરનાર પાસે આવવું અને તેની અસર

સૈયદ જલીલ સકા દારૂલ ઇસ્લામ કિતાબમાં સૈયદ મુર્તુઝા નજફી સાહેબથી નકલ કરે છે કે તેઓએ ફરમાવ્યું કે હું આ વર્ષે જયારે કે અરબ અને ઈરાકમાં પ્લેગની બીમારી ફેલાએલી હતી. સનદુલ ઓલમાએ રાસેખીન સૈયદ મોહમ્મદ બાકિર કઝવીની સાથે હઝરત અમીરૂલ મોઅમેનીન(અલય્હિસ્સલામ)ના

રોઝાના સહેનમાં બેઠો હતો અને આજુબાજુમાં લોકો ભેગા થયેલા હતા અને આપ દરેકને મરનારાઓની ખિદમત સોંપી રહ્યા હતા કે એક અજમી (અરબ ન હોય તેવો) નવજવાન જે તે ભીડમાં છેલ્લે ઉભો હતો જે સૈયદ મરહુમની પાસે જવા માંગતો હતો. પરંતુ ભીડના કારણે તે આગળ આવી શકતો ન હતો. તે નવજવાને રડવાનું શરૂ કર્યું અને સૈયદ મરહુમે મારા તરફ જોઈને કહ્યું કે જાવ અને તે નવજવાનને

રડવાનું કારણ પુછો. હું તેની પાસે ગયો અને કારણ પુછ્યું. તેણે કહ્યું મારી ઈચ્છા છે કે સૈયદ સાહેબ મારી એકલાની મય્યત પર નમાઝે જનાઝા પઢે. હું જોઈ રહ્યો છું કે ઘણી વખત વીસ ત્રીસ જનાઝાઓ ભેગા થાય ત્યારે તેની ઉપર એક જ વખત નમાઝે જનાઝા પઢે છે. મેં તેની ઈચ્છા સૈયદ સાહેબને કરી અને આપે તેને માન્ય રાખી. બીજા દિવસે એક બાળક સમુહની છેલ્લે ઉભો ઉભો રડતો જોયો. તેને પુછતા ખબર પડી કે

આ તે નવજવાન અજમીનો છોકરો છે જેણે કાલે તેની એકની મય્યત પર નમાઝે જનાઝા પઢવાની ભલામણ કરી હતી આજે તે પ્લેગની બીમારીમાં હતો અને મરવાની હાલતમાં હતો. તેણે આકાને આવવા વિનંતી કરી જેથી તે આપની ઝિયારતનો લાભ મેળવી શકે. સૈયદ સાહેબે નમાઝે જનાઝા પઢાવવા માટે નાએબ નીમી લીધા પછી અયાદત (ખબર પુછવા) માટે રવાના થયા હું અને અમુક સહાબીઓ પણ તેમની સાથે

ગયા. રસ્તામાં એક નેક માણસ ઘરમાંથી નીકળ્યો અને સૈયદ સાહેબને જોઈને ઉભો રહી ગયો અને પુછયું “હલ એલા ઝેયાફતીન” શું ક્યાંય મહેમાની માટે જાવ છો ? મેં કહ્યું નહીં “એલા એયાદતીન વ ફાએદતીન” પરંતુ એક બીમારની અયાદત માટે જઈ રહ્યો છુ. તેણે કહ્યું હું પણ આપની સાથે આવું છું જેથી આ ખુશ કિસ્મતી મેળવું. જયારે અમે તે બીમારના ઘરમાં દાખલ થયા તો સૈયદ સાહેબ પહેલા દાખલ થયા

અને પછી અમે એક એક કરીને દાખલ થયા. તે બિમારે કમાલે મોહબ્બત (મોહબ્બતનો ઉંચો દરજજો)ની સાથે મુલાકાત કરી અને બેસવા માટે કહ્યું. જયારે તે નેક માણસ જે રસ્તામાંથી અમારે સાથે થયા હતા તે દાખલ થયા તો તે બીમારના ચહેરાનો રંગ બદલાઈ ગયો અને મોઢું બગાડી તેને પોતાના હાથથી બહાર નીકળી જવાનો ઈશારો કર્યો અને તેના પુત્રને કહ્યું કે આ માણસને બહાર કાઢો અને તે બીમારની

બેચૈની અને પરેશાની વધી ગઈ જો કે તે બીમાર તે શખ્સને ઓળખતો પણ ન હતો અને ન તો તેનાથી કોઈ દુશ્મની હતી. તે માણસ બહાર જતો રહ્યો થોડીવાર પછી તે ફરીથી અંદર દાખલ થયા અને સલામ કરી. બીમારે તેની તરફ જોયું અને બહુ જ મોહબ્બત અને સાફ દિલથી તેના વખાણ કર્યા. થોડીવાર પછી અમે સૈયદ સાહેબની સાથે ઉભા થયા અને તે માણસ પણ સાથે ઉભો થયો. રસ્તામાં અમે તેને

મોહબ્બત અને નારાજગીનો ભેદ પુછયો તેણે કહ્યું કે હું જનાબતની હાલતમાં ઘરેથી હમામમાં (બાથરૂમ) જવા નીકળ્યો પરંતુ સમય વધારે હોવાથી આપની સાથે થઇ ગયો. રૂમમાં દાખલ થતા જ જે કાંઈ તે બીમારે કર્યું તેનાથી હું સમજી ગયો કે આ નફરત મારી જનાબતની હાલતના કારણે છે. પછી મારી ખાતરી કરવા માટે હું ગયો અને ગુસ્લ કર્યા પછી ફરીથી આવી ગયો. આ વખતે તેણે નીખાલસતા અને મોહબ્બત

જાહેર કરી. જેથી મને વિશ્વાસ થઇ ગયો કે તે મારી જનાબતની હાલતને સમજી ગયો હતો જે મલાએકાની નફરત અને મરનારની બેચૈનીનું કારણ હતું. (ખઝીનતુલ જવાહર)

## મા-બાપની ખુશ્નુદી

રિવાયતમાં છે કે હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) એક જવાનના મૃત્યુના સમયે તેની પાસે પહોંચ્યા અને

તેને “લા એલાહ ઈલ્લલ્લાહ” પઢવા કહ્યું પણ તે જવાનની ઝબાન બંધ થઇ ગઈ હતી તેથી તે ન કહી શકયો. આપે ફરી વખત પઢવા કહ્યું પણ તે ન કહી શકયો. આપ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ તે જવાનના માથા પાસે બેસેલી ઔરતને કહ્યું આ જવાનની મા હાજર છે ? તે ઔરતે કહ્યું હાં હું જ આની મા છુ. આપે પુછયું શું તું આનાથી નારાજ છો ? તેણે કહ્યું યા હઝરત ! હું આપની ખુશ્નુદીમાં ખુશ છુ. જેવી તે

ઔરતે પોતાની ખુશ્નુદી જાહેર કરી તો તરત જ તે જવાનની ઝબાન ખુલ્લી ગઈ. આં હઝરત (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ તે જવાનને કલમએ તૌહીદ પઢવા કહ્યું તો તે જવાન કલમએ "લા એલાહ ઇલ્લલ્લાહ" પોતાની ઝબાનથી પઢયો. પછી આપે તે જવાનને પુછયું તું શું જોઈ રહ્યો હતો ? તેણે કહ્યું હું એક ખરાબ માણસને જોઈ રહ્યો હતો જેના કપડા ગંદા અને દુર્ગંધવાળા હતા. તે મારી પાસે આવ્યો

અને મારા ગળાને દબાવી દીધું. પછી આં હઝરત (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ તેને આ દુઆ પઢવા કહ્યું.

"યા મન તકબલુલ યસીર વ યઅફો અનીલ કસીર અકબીલ મિન્નિલ યસીર વઅફો અન્નિલ કસીર ઈન્નક અન્તલ ગફુરૂર રહીમ"

જયારે તે જવાને પોતાની ઝબાનથી આ શબ્દો ઉચ્ચાર્યા ત્યારે આં હઝરત (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી

વસલ્લમ)એ ફરમાવ્યું હવે તું શું જોઈ રહ્યો છે ? તે જવાને કહ્યું મારી પાસે એક ખુબસુરત અને ખુશ્બુદાર શખ્સ આવ્યા છે અને પેલો કાળો માણસ પીઠ ફેરવીને જઈ રહ્યો છે. આં હઝરત (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ઉપરના શબ્દો ફરીથી પઢવા કહ્યું. જયારે તે જવાને આ શબ્દોને ફરી વખત પઢયા તો આપે પુછયું કે હવે તું શું જોઈ રહ્યો છે ? તે જવાને કહ્યું કે હવે તે ખરાબ માણસ મને નથી દેખાતો અને એક

નુરાની ચહેરો મારી પાસે હાજર છે. પછી તે જ હાલતમાં તે જવાન મૃત્યુ પામ્યો.

આ હદીસ ઉપર ઉંડો વિચારવામાં આવે તો જણાશે કે વાલેદૈન (મા – બાપ)ના હકકો કેટલા સખ્ત છે. તે શખ્સ હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ના સહાબીઓમાંથી હતો અને રસુલ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) તેની અયાદત માટે આવ્યા હતા અને તે જવાનના માથા પાસે બેસી પોતે તેને કલમએ શહાદત

પઢવા કહ્યું પણ તે ત્યાં સુધી કલમએ શહાદત ન પઢી શકયો જયાં સુધી તેની મા તેનાથી રાજી ન થઇ ગઈ.

હઝરત ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ) ફરમાવે છે કે શરદીમાં અને ગરમીમાં પોતાના મોઅમિન ભાઈયોને કપડા પહેરાવવાવાળાનો અલ્લાહ તઆલા ઉપર એ હક છે કે અલ્લાહ તેને જન્નતના કપડા પહેરાવે (જન્નતમાં લઇ જાય) અને મૌતની સખ્તીને આસાન કરે કબ્રની તંગીને

વિશાળ બનાવે. હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવે છે કે જે કોઈ પોતાના મોઅમિન ભાઈને મિઠાઈ ખવરાવશે તો ખલ્લાકે આલમ (અલ્લાહ) તેનાથી મૃત્યુની સખ્તીને દુર કરી દેશે.

## એવા અમલ જે મરનાર માટે જલ્દી રાહતનું કારણ છે

શૈખ સદુક (અ.ર.) હઝરત ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ)થી

રિવાયત કરે છે કે જે કોઈ માહે રજબના છેલ્લા દિવસે રોઝો રાખે તો અલ્લાહ તઆલા તેને સકરાત પછીના ભયથી સુરક્ષિત રાખશે.

૨૪ રજબના રોઝો રાખવાનો સવાબ પણ ઘણો છે. તેમાંથી એક આ પણ છે કે મલેકુત મૌત તેની પાસે ખુબસુરત અને પાક કપડામાં જવાનની સુરતમાં હાથોમાં પાક શરાબ લઈને રૂહ કબ્ઝ કરવા માટે આવશે અને જન્નતની

શરાબ તેને પીવા માટે આપશે જેથી સકારાત તેના પર આસાન થાય.

હઝરત રસૂલે અકરમ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવે છે કે જે માણસ રજબના પહેલી સાત રાતોમાં ચાર રકાત નમાઝ એવી રીતે પઢે કે દરેક રકાતમાં સૂરએ હમ્દ એક વખત, સૂરએ તૌહીદ ત્રણ વખત અને સૂરએ ફલક અને સૂરએ નાસ પઢે અને નમાઝ પુરી કર્યા પછી સલવાત અને તસ્બીહાતે

અરબાઅ દસ દસ વખત પઢે તો અલ્લાહ તઆલા તેને આંઠમાં આસમાનના છાંયડામાં જગ્યા આપશે. અને માહે રમઝાનના રોઝાનો સવાબ અતા કરશે. અને તેના નમાઝ પુરી કર્યા સુધી મલાએકાઓ તેના માટે ઇસ્તિગફાર કરશે અને તેના માટે સકરાત આસાન અને ફિશારે કબ્રને દુર કરશે અને દુનીયામાંથી ત્યાં સુધી નહીં લઇ લે જયાં સુધી કે તે પોતાની આંખોથી જન્નતમાં

પોતાનું સ્થાન ન જોઈ લે અને તે મહેશરની સખ્તીઓથી સુરક્ષિત રહેશે.

શૈખ કફઅમી (અ.ર.) હઝરત રસૂલે અકરમ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)થી રિવાયત કરે છે કે જે કોઈ આ દુઆને દરરોજ હજાર વખત પઢશે તો અલ્લાહ તઆલા તેના ચાર હજાર ગુનાહાને કબીરા માફ કરશે અને સકરાત, ફિશારે કબ્ર અને રોઝે કયામતની એક લાખ ડરાવનારી ચીઝો (ભયાનકતાઓ)થી બચાવશે અને

શયતાન અને તેના લશ્કરથી સુરક્ષિત રાખશે અને તેનું કર્ઝ અદા થશે અને તેનાથી દુઃખ દર્દ દુર રહેશે. તે દુઆ આ છે.

“અઅદદતો લેકુલ્લે હવ્લીન લા એલાહ ઇલ્લલ્લાહો વ લેકુલ્લે ગમ્મીન વ હમ્મીન માશાઅલ્લાહો વ લેકુલ્લે નેઅમતીન અલ્હમ્દો લિલ્લાહે વ લેકુલ્લે રોખાઇન અશ્કુર લિલ્લાહે વ લેકુલ્લે ઉઅજુબતીન સુબ્હાનલ્લાહે વ લેકુલ્લે ઝમ્બીન અસ્તગફેરૂલ્લાહ વ લેકુલ્લે

મોસીબતીન ઇન્નાર લિલ્લાહે વ ઇન્નાલ એલય્હે રાજેઉન વ લેકુલ્લે ઝય્કીન હસ્બેયલ્લાહો વ લેકુલ્લે કઝાઇન વ કદરીન તવકકલતો અલલ્લાહે વ લેકુલ્લે અદુવ્વીન એઅતસમ્તો બિલ્લાહે વ લેકુલ્લે તાઅતીન વ મઅસેયતીન લા હવ્લ વલા કુવ્વત ઇલ્લા બિલ્લાહીલ અલીય્યીલ અઝિમ”

જે કોઈ આ દુઆને સિત્તેર વખત પઢે તેના માટે અઝીમ સવાબ છે. આ દુઆ પઢનારને ઓછામાં ઓછી જન્નતની

ખુશખબરી આપવામાં આવશે. તે દુઆ આ છે.

“યસ્મઅસ્સામેઇન વ યા અબ્સરલ મુબ્સેરીન વ યા અસ્મઅલ હાસેબીન વ યા અહકમલ હાકેમીન”

શૈખ કુલૈની (અ.ર.) હઝરત ઈમામ જાફર સાદિક(અલયહિસ્સલામ)થી રિવાયત કરે છે કે આપે ફરમાવ્યું સૂરએ “એઝા ઝુલઝેલતીલ અર્ઝો ઝિલઝાલહા”ને નાફેલા નમાઝમાં પઢવાથી દિલતંગ (ગમગીન ન થાવ)

ન કરવું જોઈએ કેમકે અલ્લાહ તઆલા આવા શખ્સને ધરતીકંપ, વિજળી પડવી અને ઝમીનો આસમાનની આફતોથી સુરક્ષિત રાખે છે અને આ સુરાને એક મહેરબાન ફરિશ્તાની સુરતમાં તે શખ્સની પાસે મોકલે છે જે તેના મૃત્યુના સમયે તેની પાસે બેસી જાય છે અને મલેકુલ મૌતને કહે છે કે અય મલેકુલ મૌત ! આ વલીયુલ્લાહની સાથે મહેરબાની અને નરમીથી વર્તજે કારણ કે આ કાયમ મને પઢયા કરતો હતો.

**********

## બીજો તબકકો

## મૃત્યુના સમયે હકથી ફરી જવું

એટલે મરતી વખતે હક તરફથી બાતિલ તરફ થઇ જવું. અને આ એવી રીતે કે શૈતાન મરનારની પાસે આવીને તેના મનમાં શૈતાની વસવસા પૈદા કરી તેને શકમાં નાખી દે છે એટલે સુધી કે તે મરનારને ઈમાનથી હટાવી દે છે એટલા માટે જ શૈતાનથી પનાહ માંગવાની દુઆ મનકુલ (વર્ણન કરેલ) છે. જનાબે ફખ્રુલ મોહકકેકીન કહે છે કે જે કોઈ શૈતાનથી

સુરક્ષિત રહેવા ચાહે તેને જોઈએ કે ઈમાન અને પાંચ ઉસુલે દીન ચોકકસ દલીલોની સાથે યાદ કરે અને સાફ દિલની સાથે આ ભરોસાને અલ્લાહ તઆલાના હવાલે કરે જેથી મૃત્યુના સમયે આ શૈતાની વસવસાથી બચી શકાય અને હકના અકીદા પછી આ દુઆ પઢે.

“અલ્લાહુમ્મ યા અરહમર રાહેમીન ઇન્નિ કદ અવ્દઅતોક યકીની હાઝા વ સોબાત દીની વ અન્ત મુસ્તવદેઇન

વકદ અમરતના બે હફીઝિલ વદાએએ ફરૂદ્દોહુ અલય્ય વકત હોઝુરે મવ્તી.”

ફખ્રુલ મોહકકેકીનના કહેવા મુજબ મશહુર દુઆએ અદીલાહને તેના અર્થ સાથે સમજીને હાજર દિલની સાથે (દિલથી) પઢવી મૃત્યુના સમયે ફરી જવાના ખતરાથી સલામતી માટે ફાયદાકારક છે. શૈખ તુસી (અ.ર.)એ મોહમ્મદ બિન સુલૈમાનથી રિવાયત કરી છે કે મેં ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ)ને અર્ઝ કરી કે આપના

અનુયાયી શિયાઓ કહે છે કે ઈમાનના બે પ્રકાર છે.

પહેલું : દ્રઢ અને અડગ ઈમાન

બીજું : જે અમાનત તરીકે આપવામાં આવી હોય અને ઝાએલ (દુર કરનાર) પણ હોઈ શકે છે.

હવે મને એવી દુઆ અતા ફરમાવો કે જયારે પણ હું તેને પઢું મારૂં ઈમાન સંપુર્ણ થઇ જાય અને નાશ ન પામે. આપે કહ્યું આ દુઆને દરેક વાજીબ નમાઝ પછી પઢયા કરો.

"રઝિતો બિલ્લાહે રબ્બન વ બે મોહમ્મદીન સલ્લલ્લાહો અલય્હે વ આલેહી નબીય્યન વ બિલ ઇસ્લામે દીનન વ બિલ કુરઆને કેતાબન વ બિલ કઅબતે કિબ્લતન વ બે અલીય્યિન વલીય્યન વ ઈમામન વ બિલ હસને વલ હુસૈને વ અલી ઇબ્નીલ હુસૈને વ મોહમ્મદ ઇબ્ને અલીય્યિન વ જાફર ઇબ્ને મોહમ્મદ વ મુસબ્ને જાફર વ અલી ઇબ્ને મુસા વ મોહમ્મદ ઇબ્ને અલી વ અલી ઇબ્ને મોહમ્મદ વલ

હસન ઇબ્ને અલીય્યિન વલ હુજજત ઇબ્નીલ હસન સલવાતુલ્લાહે અલય્હિમ અઈમ્મતન અલ્લાહુમ્મ ઇન્નિ રઝિતોબેહીમ અઈમ્મતન ફઅર્ઝેની લહુમ ઇન્નક અલા કુલ્લે શયઇન કદીર.

## મૃત્યુમાં આસાની થવાના અ'અમાલ (તે વસ્તુઓના વિષે જે તે સખ્ત ઉકબા (કયામતની એક જગ્યા)માં ફાયદાકારક છે)

(૧) નમાઝને તેના વકતની પાબંદી સાથે અદા કરાવી : એક

હદીસમાં છે કે દુનીયાનાના પૂર્વ અને પશ્ચિમમાં કોઈ પણ ઘર એવું નથી કે જેને મલેકુલ મૌત દીવસ અને રાત પાંચેય વખતની વાજીબ નમાઝોમાં ન જોઈ રહ્યા હોય. જયારે પણ કોઈની રૂહ કબ્ઝ કરવાનું વિચારે છે અગર તે શખ્સ નમાઝને તેના સમયની પાબંદી સાથે અદા કરતો હશે તો મલેકુલ મૌત તેને કલેમાની યાદ અપાવે છે અને ઇબ્લીસ (મલઉન)ને તેનાથી દુર ભગાડી દે છે.

(૨) હઝરત ઈમામ જાફર સાદિક (અલયહિસ્સલામ)એ એક માણસને લખ્યું કે અગર તું ઈચ્છે છે કે તારૂં મૃત્યુ નેક અ’અમાલની સાથે થાય અને તારી રૂહ એવી હાલતમાં કબ્ઝ કરવામાં આવે કે તું બહેતર અ’અમાલ ધરાવતો હો તો અલ્લાહ તઆલાના હકકોને મહાન અને ઉચ્ચ સમજ અને ન તેણે આપેલી કોઈ પણ નેઅમતને તેની નાફરમાનીના કામોમાં વેડફી નાખ. અને તેની સહનશિલતાથી કોઈ નાજાએઝ ફાયદો

ઉપાડીને અભિમાની થઇ જા. દરેક તે શખ્સને ઇઝઝતની નજરોથી જો જેને તું અમારી યાદમાં મશગુલ જો અથવા તે અમારી મોહબ્બતનો દાવો કરતો હોય. તેમાં તારા માટે કોઈ ખામી, ઉણપ નથી કે તું તેને ઇઝઝતની નજરોથી જો ભલે પછી તે સાચો હોય કે ખોટો તેમાં તને તારી સાચી નીય્યત ફાયદો આપશે અને જુઠથી નુકસાન પહોંચશે.

(3) નેકીની સાથે મૃત્યુ અને ખરાબ હાલતને સારી હાલત થકી

બદલવા માટે સહીફએ કામેલાની અગ્યારમી દુઆએ તમહીદ (ભલાઈની સાથે મૃત્યુ આવવાની દુઆ) (યામન ઝિક્રોહુ શરફ લિઝઝાકેરીન)નુ પઢવું ફાયદાકારક છે અને કાફીમાં પણ આ દુઆનું પઢવું ફાયદાકારક છે. ઝિલ્કાદ મહીનાના મંગળવારે પડવાની નમાઝને આ દુઆની સાથે પડવી વધારે ફાયદાકારક છે.

“રબ્બના લા તોઝિગ કોલુબના બઅદ ઇઝ હદયતના વ હબ્લના મિન

લદુન્ક રહમતન ઇન્નક અન્તલ વહહાબો”. - (સૂરએ આલે ઇમરાન / આયત નં. ૮)

(૪) તસ્બીહે જનાબે ફાતેમા ઝહેરા (સલામુલ્લાહે અલય્હા)નું પાબંદીથી પઢવું.

## ચુગલખોરી, હસદ, નુકતાચીની અને શરાબની આદતથી મૃત્યુ વખતે હાલત

ફઝીલ બિન અયાઝ જે સુફીઓમાંથી હતા તે કહે છે કે તેમનો એક હોંશિયાર વિદ્યાર્થી હતો. તે એક વખત જયારે બીમાર પડયો અને મૃત્યુના સમયે ફઝીલ તેના માથા પાસે આવીને બેસી ગયા અને સૂરએ યાસીનની તિલાવત શરૂ કરી. તે મરનાર વિદ્યાર્થીએ કહ્યું અય ઉસ્તાદ ! આ સુરાને ન પઢો ફઝીલ ચુપ થઇ ગયા. પછી તેને કલમએ તૌહીદ "લા એલાહ ઇલ્લલ્લાહ" પઢવાનું કહ્યું પણ તેણે પઢવાની ના

પાડી દીધી અને કહ્યું કે હું તેનાથી નફરત કરૂં છું. અને તે તે જ હાલતમાં મરી ગયો. ફઝીલ આ હાલત જોઈને બહુ જ ગમગીન થયા અને પોતાના ઘરે ચાલ્યા ગયા અને પછી બહાર ન નીકળ્યા. ફઝીલે પોતાના તે સહાબીને સપનામાં જોયો અઝાબના ફરિશ્તાઓ તેને જહન્નમની તરફ ખેંચીને લઇ જઈ રહ્યા હતા. ફઝીલે તેને પુછયું તું તો મારા હોંશિયાર વિદ્યાર્થીઓમાંથી હતો તને શું થયું કે ખુદાવંદે તઆલાએ

તારાથી મઅરેફતનો ખઝાનો છીનવી લીધો અને તારો અંત ખરાબ આવ્યો. તેણે જવાબ આપ્યો તેના ત્રણ કારણો છે જે મારામાં છે.

પહેલું : ચુગલખોરી : "વયલુલ લે કુલ્લે હોમઝતીન લોમઝતેહ"

"દરેક ચુગલખોર માટે હલાકત છે".

બીજું : હસદ (ઈર્ષ્યા) : "અલ હસદો યઅકોલુલ ઈમાન કમાતા કોલુન્નાઆરૂલ હતબ"

“હસદ (ઈર્ષ્યા) ઈમાનને એવી રીતે ખાઈ જાય છે જેવી રીતે આગ લાકડીને”

- (ઉસુલે કાફી)

ત્રીજું : નુકતાચીની કરવી (એક બીજાની ઉપર આક્ષેપ મુકવા) : “વલ ફિત્નતો અકબરો મિનલ કત્લે”

“ફિત્નો (ઝઘડો) કત્લ કરતા પણ મોટો છે”.

મને એક બીમારી હતી જેના માટે ડોકટરે કહ્યું હતું કે હું દર વર્ષે એક ગ્લાસ શરાબ પીધા કરૂં. અગર શરાબ ન પીધો

તો બીમારી નહીં જાય. જેથી હું ડોકટરની સલાહ મુજબ શરાબ પીતો રહ્યો. આજ ત્રણ બુરાઈઓના કારણે જે મારામાં હતી મારો અંત ખરાબ આવ્યો અને મને આવી હાલતમાં મૃત્યુ આવી.

## દવા માટે પણ શરાબ ન પીવા બાબત હઝરત ઈમામ સાદિક (અલય્હિસ્સલામ)ની તાકીદ

મને આ કિસ્સાના અનુસંધાનમાં આ વાકેઆનું રજુ કરવું યોગ્ય લાગે છે કે જે શૈખે કુલૈની (અ.ર.)એ અબુ બશીરથી

વર્ણવેલ છે. તે કહે છે કે હું હઝરત ઈમામ જાફર સાદિક(અલય્હિસ્સલામ)ની પાસે હાજર હતો કે ઉમ્મે ખાલિદ બિન મઅબદીયાએ આપની પાસે આવીને કહ્યું કે મારો ઈલાજ નબીઝ (જે એક પ્રકારની શરાબ છે)થી કરવાનું કહેવામાં આવ્યું છે. હું જાણું છું કે આપને તેનાથી નફરત છે. જેથી મેં આ વિષે આપની પાસેથી સલાહ લેવાનું યોગ્ય જાણ્યું. આપે ફરમાવ્યું તને શરાબ પીવાથી કઈ વસ્તુએ રોકી. કહેવા લાગી હું દીની

મસઅલાઓમાં આપનું અનુસરણ કરૂં છું. એટલા માટે કે કયામતના દિવસે આ કહી શકું કે હઝરત જાફર ઇબ્ને મોહમ્મદે મને આ હુકમ આપ્યો હતો અથવા મનાઈ કરી હતી. ઈમામ (અલય્હિસ્સલામ)એ અબુ બશીર તરફ જોઈને કહ્યું અય અબુ મોહમ્મદ ! શું તું આ ઔરતની વાતો તરફ ધ્યાન નથી આપતો. પછી તે ઔરતને કહ્યું ખુદાની કસમ હું તને તેમાંથી એક ટીપું શરાબ પણ પિવાની રજા નથી આપતો એવું ન

બને કે તેના પીવાથી તે સમયે પસ્તાવો જયારે તારો જીવ અહીં સુધી આવે એમ કહી ગળા તરફ ઈશારો કર્યો અને આ ત્રણ વખત કહ્યું. પછી તે ઔરતને કહ્યું કે શું તું હવે સમજી ગઈ કે મેં શું કહ્યું.

## બીજી વાત

શૈખ બહાઈ "ઈતરલ્લાહ મરકદહુ કશ્કોલ"માં લખે છે કે એક માણસ જે વિષય – વાસનામાં વ્યસ્ત રહેતો હતો તે જયારે મૃત્યુની નઝદીક થયો તો તેને કલમએ શહાદતૈન પઢવાનું કહેવામાં

આવ્યું પરંતુ તેણે કલમએ શહાદતૈન પઢવાના બદલે આ શેર કહ્યો.

“યા રૂબ્બ કાએલતીન યવ્મન વ કદ તબેઅત

અયનત્તરીકો એલા હમામે મનજાબે”

“કયાં છે તે ઔરત જે એક દીવસ થાકેલી પાકેલી કંગાળ હાલતમાં જઈ રહી હતી અને તેણે મને પુછયું કે હમ્મામે મન્જાબ (એક સ્નાનગ્રહ)નો રસ્તો કયો છે ?”

તેનો આ શેરને પઢવાનો મતલબ એ હતો કે એક દીવસ એક ચારિત્ર્યવાન અને ખુબસુરત ઔરત પોતાના ઘરેથી નીકળી કે તે પ્રખ્યાત હમ્મામ મન્જાબ (એક સ્નાનગ્રહ)ની તરફ જાય પરંતુ તે હમ્મામ (બાથરૂમ)નો રસ્તો ભુલી ગઈ અને ચાલતા ચાલતા તેની હાલત બગડી રહી હતી તેવામાં એક માણસને ઘરના દરવાજા પર જોયો. તે ઔરતે તે માણસને હમ્મામે મન્જાબ (એક સ્નાનગ્રહ)નો રસ્તો પુછયો. તે માણસે

પોતાના ઘરની તરફ ઈશારો કર્યો અને કહ્યું કે હમ્મામે મન્જાબ આ જ છે. તે ચારિત્ર્યવાન ઔરત તે મકાનને હમ્મામ સમજીને તેની અંદર જતી રહી તે માણસે તરત જ મકાનનો દરવાજો બંધ કરી દીધો અને તે ઔરત પાસે ઝિના (વ્યભિચાર)ની માંગણી કરી. તે લાચાર ઔરત સમજી ગઈ કે હવે તે તેની પકડમાંથી કોઈ પણ રીતે બચી શકે તેમ નથી. જેથી તેણીએ પોતાની પણ ઈચ્છાનો ઈઝહાર કર્યો અને કહ્યું કે મારૂં

શરીર ગંદુ અને દુર્ગંધવાળું છે મેં એટલા માટે જ ન્હાવાનો ઈરાદો કર્યો હતો. હવે બહેતર છે કે તમે મારા માટે અત્તર અને ઉમદા ખુશ્બુ લાવો જેથી હું પોતાને તમારા માટે સુગંધિત કરૂં અને કાંઈક ખાવાનું પણ લાવો જે આપણે બંને મળીને ખાઈએ. જલ્દી આવજો કેમકે હું તમારી બહુ જ ઇચ્છુક છું. જયારે તે માણસે તેને પોતાની ઇચ્છુક જોઈ તો બેફિકર થઇ તેને પોતાના ઘરમાં બેસાડી અને પોતે ખાવાનું અને અત્તર લેવા

માટે બહાર નીકળ્યો. જેવો તે બહાર ગયો તે ઔરત પણ ઘરેથી ભાગી ગઈ અને તેની ચુંગલમાંથી છુટકારો મેળવ્યો. જયારે તે માણસ પાછો આવ્યો અને તે ઔરતને ન જોઈ તો અફસોસથી હથેળીઓ ઘસતો રહી ગયો. હવે જયારે તે માણસના મૃત્યુનો સમય આવ્યો તો તે જ ઔરતનો વિચાર તેના દિલમાં હતો અને તે વાકેઆને કલમએ શહાદતૈનના બદલે એક શેર પડી રહ્યો છે.

અય ભાઈ ! આ વાકેઆ પર વિચાર કર કે એક ગુનાહના વિચારે તે માણસને મરતી વખતે કલમએ શહાદતૈન પઢવાથી કેવી રીતે દૂર કર્યો. જો કે તેણે તે કાર્ય અંજામ નહોતું આપ્યું. સિવાય એ કે તેણે તે ઔરતને ઝિના (વ્યભિચાર)ના ઈરાદાથી ઘરમાં બોલાવી. અને વ્યભિચારનો ગુનાહ કર્યો. આવા પ્રકારના બીજા ઘણા બધા વાકેઆ છે.

શૈખે કુલૈની (અ.ર.)એ ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ)થી રિવાયત કરી છે કે આપે ફરમાવ્યું જે કોઈ ઝકાતની એક કીરાત (એકવીસ દિનાર) પણ રોકે તો તેને છુટ છે કે મરતી વખતે યહુદી મરે અથવા નસરાની. (કીરાત એકવીસ સોનાના સિકકાનો હોય છે). અને આ જ વિષયની રિવાયત તે માણસ માટે પણ છે જે હૈસિયત ધરાવતો હોવા છતાં મરતા સુધી હજ અદા ન કરે.

લતીફહ : કોઈ આરિફ (જાણકાર)થી નકલ કરેલ છે કે તે એક મરતા માણસ પાસે પહોંચ્યા. ત્યાં બેઠેલા લોકોએ તેમને ભલામણ કરી કે તેઓ તે મરતા માણસને નસીહત કરે. તેઓએ તે મરતા માણસને રૂબાઈ (ચાર પંક્તિઓનું કાવ્યપદ) પઢવાનું કહ્યું.

"મેં દુનીયાના તમામ ગુનાહો કરી નાખ્યા છે પણ મને ઉમ્મીદ છે કે તારી રહેમત મારો દામન પકડી લેશે. તું કહે છે કે હું આજીઝી વખતે હાથ પકડી લઉં

છું અત્યારે જેટલો હું આજીઝ છું તેનાથી વધારે કોઈ આજીઝ નહીં હોય”.

## મૃત્યુ પછી અને કબ્રમાં જતા પહેલા મય્યતની હાલત

રૂહ કબ્ઝ થવા પછી રૂહ શરીરની ઉપર રોકાઈ રહે છે. પછી મોઅમિનની રૂહને ફરિશ્તાઓ આસમાન તરફ લઇ જાય છે અને કાફિરોની રૂહ નીચે લઇ જાય છે. જયારે મોઅમિનના જનાઝાને ઉપાડવામાં આવે છે તો અવાજ આવે છે

મને જલ્દી જલ્દી મંઝિલ (કબ્ર) સુધી પહોંચાડો. અને અગર કાફિર છે તો કહે છે મને કબ્રમાં લઇ જવાની જલ્દી ન કરો. ગુસ્લ વખતે મોઅમિન ફરિશ્તાઓના જવાબમાં કહે છે જેઓ પુછે છે કે શું તું દુનીયામાં પાછો પોતાના બાલ બચ્ચાઓ પાસે જવા માંગે છે ? કહે છે કે હું નથી ઇચ્છતો કે ફરી વખત સખ્તી અને દુઃખો, રંજોની તરફ પાછો જાઉં.

મય્યતની રૂહ ગુસ્લ અને જનાઝાને કાંધ આપતી વખતે હાજર હોય છે. ગુસ્લ આપનારને જુએ છે અને અમુક રિવાયતોમાં છે કે ગુસ્લ આપતી વખતે અને સુવરાવતી વખતે રૂહને એવો એહસાસ થાય છે જાણે કોઈએ બાલ્કનીમાંથી નીચે પછાડી દીધો હોય અને ગુસ્લ આપનારના સખ્ત હાથ એવા લાગે છે જાણે તેના શરીરને પીટવામાં (મારવામાં) આવી રહ્યું હોય. તેથી ગુસ્લ

આપનારે જોઈએ કે તે હળવા હાથે ગુસ્લ આપે જેથી મય્યતને તકલીફ ન થાય.

મય્યત ત્યાં બેઠેલા માણસોની વાતોને સાંભળે છે અને તેના ચેહરાઓને ઓળખે છે એટલા માટે જોઈએ કે મય્યતની આજુબાજુમાં ભેગા થયેલા લોકો વધારે વાતો ન કરે. અને વધારે આવ જા (અવર જવર) ન કરે. હાએઝા (એવી સ્ત્રી જે હૈઝની હાલતમાં હોય) અને જુનુબી (એવો માણસ જે જનાબતની હાલતમાં હોય) મય્યતની

પાસે ભેગા ન થાય કેમકે આ બધી વાતો રહેમતના ફરિશ્તાઓ માટે નફરતનું કારણ છે. એવા કામ કરવા જોઈએ જેનાથી પરવરદિગારે આલમની રહેમત ઉતરે. જેમ કે ખુદાની યાદ અને કુરઆને મજીદની તિલાવત વિગેરે. મરનારના ગુસ્લો કફન અને દફનના સમયે મઝહબે વાજીબ કરેલી બાબતો જરૂર અદા કરવી જોઈએ.

અમુક હદીસકારોએ લખ્યું છે કે દફન કર્યા પછી રૂહ શરીર સાથે ફરીથી

સંબંધ જોડે છે અને જયારે મય્યતની સાથે આવનાર લોકોને પાછા પોતાના ઘરોની તરફ જતા જુએ છે તો સમજી જાય છે કે એકલો મુકીને જઈ રહ્યા છે અને પરેશાન થઇ જાય છે અને હસરતથી જુએ છે કે જે ઔલાદને તકલીફો વેઠીને પાળી હતી તે પીઠ ફેરવીને જઈ રહી છે હવે અ’અમાલ સિવાય બીજો કોઈ મદદગાર નથી.

મોઅમિનને કબ્રમાં સૌથી પહેલી ખુશખબર જે આપવામાં આવે છે તે એ

કે અય મોઅમિન ! ખુદાએ તને અને તારા જનાઝામાં શરીક થનાર મોઅમિનોના તમામ ગુનાહોને માફ કરી દીધા છે.

## કબ્ર શું કહે છે ?

"આખેરતના ભયજનક સ્થળોમાંથી એક સ્થળ કબ્ર છે જે દરરોજ અવાજ આપે છે".

"અના બય્તુલ ગોરૂબતીન" "હું ગરીબોનું ઘર છું" "અના બય્તુલ વહશતીન" "હું ડરાવનાર ઘર છું" "અના

બય્તુદ દુદ" "હું કીડાઓ (જીવાતો)નું ઘર છું" આ જગ્યાએ ઘણી જ ખીણો છે અને બહુ જ ભયજનક જગ્યાઓ છે. હું આ જગ્યાએ અમુક ભયજનક સ્થળોનું વર્ણન કરીશ.

## કબ્રની વહેશત

કિતાબ "મન લા યહઝરોહુલ ફકીહ"માં છે કે જયારે કોઈ મય્યતને કબ્ર પાસે લાવવામાં આવે તો તરત જ તેને કબ્રમાં ન ઉતારવી જોઈએ. તેમાં શક નથી કે કબ્ર બહુ જ ભયજનક જગ્યા છે

અને જેને કબ્રમાં ઉતારવાનો છે તે ખુદાવંદે તઆલા પાસે ભયથી રક્ષણ ચાહે છે મય્યતને થોડીવાર માટે કબ્રથી થોડી દુર રાખી દેવું જોઈએ જેથી મય્યત કંઈક થોડોક આરામ કરીને કબ્રના ભયાનક સ્થળો માટે તાકત અને હિંમત જમા કરી લે. પછી થોડું ચાલીને રોકાઈ જવું જોઈએ ત્યારે કબ્ર પાસે લઇ જવું જોઈએ.

અલ્લામા મજલીસી (અ.ર.) આની સમજુતીમાં કહે છે કે “જો કે ઇન્સાનની

રૂહ શરીરથી અલગ થઇ જાય છે પરંતુ નફસની બોલવાની શક્તિ જીવંત હોય છે અને તેનો સંબંધ સંપુર્ણ રીતે શરીરની સાથે કપાઈ નથી જતો.

કબ્રનું અંધારૂં, મુન્કિરો નકીરના સવાલ જવાબ, ફિશારે કબ્ર (કબ્રની ભીંસ) અને દોઝખનો અઝાબ આ બધી ભયજનક જગ્યાઓ છે. એટલા માટે બીજાઓ માટે ઇબ્રત (નસીહત)નું કારણ છે કે મય્યતના હાલ પર વિચાર કરે કેમકે કાલે તે જ જગ્યાએ તેને પણ

જવાનું છે. એક હદીસે હસનમાં યુનુસથી નકલ થયેલ છે કે મેં હઝરત ઈમામ મુસા કાઝિમ (અલય્હિસ્સલામ)થી સાંભળ્યું કે દરેક તે ઘરનો દરવાજો જેનો હું ખયાલ કરૂં છું તે જ ઘર મારા માટે સાંકળું થઇ જાય છે. આપે ફરમાવ્યું અને આ એટલા માટે કે જયારે તું મય્યતને કબ્રની પાસે લઇ જા તેને થોડો સમય આપ જેથી તે મુન્કિરો નકીરના સવાલો માટે હિંમત પૈદા કરી શકે.

બરાર બિન આઝબથી જે મશહુર સહાબી હતા નકલ થયેલ છે કે હું એક વખત રસૂલે અકરમ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની પાસે બેઠો હતો કે આપ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની નજર લોકોના એક સમુહ ઉપર પડી જે એક જગ્યાએ ભેગા થયા હતા. આપ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ તપાસ કરી કે લોકો અહીં શું કામ ભેગા થયા છે. લોકોએ કહ્યું તેઓ કબ્ર ખોદવા માટે

ભેગા થયા છે. બરાર કહે છે કે જયારે આપ હઝરત (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ કબ્રનું નામ સાંભળ્યું તો જલ્દી જલ્દી તેના તરફ ચાલવા લાગ્યા અને ત્યાં પહોંચી કબ્રના એક કિનારે બેસી ગયા અને હું આપની બિલકુલ સામે બીજા કિનારા પર બેસી ગયો જેથી હું જોઈ શકુ કે આપ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) શું કરે છે. મેં જોયું કે આપ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી

વસલ્લમ) એટલું રડયા કે આપનો ચહેરો ભીનો થઇ ગયો પછી અમારી સામે જોઈને કહ્યું.

“ઇખ્વાની લે મિસ્લેહ હાઝા ફઅઈદ્દુ”

“એટલે અય મારા ભાઈઓ ! આવી જ રીતે મકાન માટે તૈયારી કરો”.

## કબ્રની વહેશતની હાલત વિષે

શૈખે બહાઈ (અ.ર.)થી નકલ થયેલ છે કે તેઓએ અમુક ડાહયા

લોકોને જોયા જેને મરતી વખતે નીરાશા સિવાય બીજું કંઈ ન મળ્યું. તે મરનારને પુછવામાં આવ્યું કે તારો આવો હાલ જે અમે જોઈ રહ્યા છીએ શા માટે થયો. તે મરનારે જવાબ આપ્યો કે તમો તે માણસ વિષે શું વિચારો છો કે જે લાંબી મુસાફરી ઉપર કોઈ પણ ભાથું લીધા વિના જતો રહે અને કોઈ પણ મદદગાર વિના ભયજનક કબ્રમાં આરામ કરે અને ન્યાય કરનાર હાકીમની સામે કોઈ પણ દલીલ વગર હાજર થાય.

# જનાબે મરિયમને પુછવામાં આવ્યું શું પાછું દુનીયામાં આવવું છે ?

કુતુબ રાવંદીથી નકલ થયેલ છે કે હઝરત ઇસા (અલય્હિસ્સલામ)એ પોતાની મા જનાબે મરિયમને તેમના મૃત્યુ પછી અવાજ આપીને કહ્યું અય અમ્મી ! મારી સાથે વાત કરો. શું આપ દુનીયામાં પાછા આવવાની ઈચ્છા ધરાવો છો ? તો જનાબે મરિયમે જવાબ આપ્યો હાં, એટલા માટે કે ઠંડીની લાંબી રાતોમાં નમાઝ પઢું અને ગરમીના

લાંબા દિવસોમાં રોઝા રાખું. અય વ્હાલા ! આ રસ્તાઓ બહુ જ સખ્ત અને દુ:ખદાયક છે.

## જનાબે ફાતેમા (સલામુલ્લાહે અલયહા)ની હઝરત અલી (અલય્હિસ્સલામ)ને વસિય્યત

નકલ થયેલ છે કે જનાબે ફાતેમા ઝહેરા (સલામુલ્લાહે અલયહા)એ હઝરત અલી (અલય્હિસ્સલામ)ને વસિય્યત કરી હતી કે જયારે હું મૃત્યુ પામું તો આપ જ મને ગુસ્લ અને કફન આપજો અને આપ

જ નમાઝે જનાઝા પઢીને કબ્રમાં ઉતારજો અને કબ્રમાં સુવરાવી મારા ઉપર માટી નાખી દેજો. પછી મારા માથા પાસે બેસીને મારા માટે કુરઆનની તિલાવત કરજો અને મારા માટે વધારે દુઆ કરજો કારણ કે આ એવો વખત હોય છે જેમાં મરેલા જીવતાઓની લાગણીના મોહતાજ હોય છે

# જનાબે ફાતેમા બિન્તે અસદને દફનાવતી વખતની હાલતનું બયાન

જયારે જનાબે ફાતેમા બિન્તે અસદ વફાત પામ્યા તો મૌલા અમીરૂલ મોઅમેનીન (અલય્હિસ્સલામ) સરવરે કાએનાતની પાસે રડતા રડતા આવ્યા અને કહ્યું મારી અમ્મીની વફાત થઇ ગઈ છે. કારણ કે તેમનો પયગમ્બરે ખુદા સાથે અજબ સંબંધ હતો. અમુક સમય સુધી હુઝુર (સલ્લલ્લાહો અલય્હે વ

આલેહી વસલ્લમ)ને પોતાની માની જેમ રાખ્યા. આપ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ પોતાના કપડામાંથી કફન આપ્યું અમુક સમય સુધી કબ્રમાં સુઈને દુઆ કરતા રહ્યા દફન કર્યા પછી હુઝુર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) થોડા સમય સુધી કબ્ર પાસે ઉભા રહ્યા પછી અવાજ આપી "ઇબ્નેક ઇબ્નેક લા અકીલ વ લા જાફર" આપ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ને પુછવામાં આવ્યું

આમ કરવાનું કારણ શું છે ? તો આપે કહ્યું એક દીવસ રોઝે કયામત ઉઘાડા ઉભા થવાની વાત થઇ તો જનાબે ફાતેમા બહુ જ રડયા અને મને કહ્યું કે મને આપના કપડાનું કફન આપજો અને ફિશારે કબ્રથી ડરતા હતા એટલા માટે હું પોતે પહેલા કબ્રમાં સુઈ ગયો અને દુઆ કરી જેથી પરવરદિગારે આલમ તેઓને ફિશારે કબ્રથી સુરક્ષિત રાખે અને આ જે મેં કહ્યું (ઇબ્નેક.....) તે આટલા માટે કે મુન્કિરો નકીરે સવાલ કર્યો કે ખુદા કોણ

છે ? જવાબ આપ્યો અલ્લાહ. પછી પયગમ્બર વિષે પુછયું તો જવાબ આપ્યો મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) જયારે ઈમામના વિષે સવાલ થયો તો જનાબે ફાતેમા જવાબ ન આપી શકયા (એવું લાગે છે કે ગદીરે ખુમમાં હઝરત અલી (અલય્હિસ્સલામ)ના ખિલાફતના એલાન પહેલા મૃત્યુ પામ્યા હોય) તેથી મેં કહ્યું કહો આપના પુત્ર અલી ન જાફર અને ન તો અકીલ. જનાબે ફાતેમા બિન્તે અસદ

એવું સન્માન ધરાવે છે કે હઝરત અલી (અલય્હિસ્સલામ)ની વિલાદત વખતે ત્રણ દીવસ સુધી ખાનએ કા’બાની અંદર પરવરદિગારે આલમના મહેમાન રહ્યા હતા. હઝરત અલી (અલય્હિસ્સલામ) જેવા માઅસુમ અને પાકીઝા બાળકના ઉછેરનું સ્થાન આપનું શરીર રહ્યું. આપ સ્ત્રીઓમાં બીજા હતા જે રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) પર ઈમાન લાવ્યા હતા. પોતાની આટલી ઈબાદતો છતાં આ

તબકકાઓથી ડરતા રહ્યા. તેથી રસૂલે અકરમ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) એ તેમની સાથે આ રીતે મહેરબાની કરી. આટલા બધા દાખલા હોવા છતાં પણ આપણે આપણી હાલતની ચિંતા નથી કરતા. કબ્રની ભીંસ અને કયામતના દિવસે ખુલ્લા શરીરે ઉભા થવાનું દુઃખ નથી કરતા. (મઆદ)

## કબ્રની પહેલી રાત

સય્યદ બિન તાઉસ (અ.ર.)એ હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે

વ આલેહી વસલ્લમ)થી રિવાયત કરી છે કે કબ્રમાં મય્યત ઉપર પહેલી રાતથી વધારે સખ્ત બીજી કોઈ ઘડી નથી હોતી. તેથી તમારા મરહુમો ઉપર સદકા થકી રહેમ કરો. જો તમારી પાસે સદકો આપવા માટે કોઈ વસ્તુ હાજર નથી તો તો તમારામાંથી કોઈ માણસ મય્યત માટે બે રકાત નમાઝ એવી રીતે પઢે કે પહેલી રકાતમાં સૂરએ હમ્દ પછી બે વખત સૂરએ તૌહીદ (કુલહોવલ્લાહ) પઢે અને બીજી રકાતમાં સૂરએ હમ્દ પછી

એક વખત સૂરએ “અલહાકોમુત્તકાસર” દસ વખત પઢે અને નમાઝ પુરી કરે અને આ રીતે કહે.

“અલ્લાહુમ્મ સલ્લે અલા મોહમ્મદીંવ વ આલે મોહમ્મદીંવ વબઅસ્સવાબહા એલા કબરે ઝાલેકલ મય્યેતે કુલા ઇબ્ને કુલા”

“અલ્લાહ તઆલા તે જ સમયે તે મય્યતની કબ્ર ઉપર એક હજાર મલાએકાને કપડાં અને જન્નતનો પોશાક આપીને મોકલશે અને તેની કબ્રને સુર

ફુંકાવા (કયામત) સુધી વિશાળ અને મોટી કરી દેશે. નમાઝ પઢનારને અસંખ્ય નેકીઓ આપશે અને તેના માટે ચાલીસ દરજજાઓ ઉંચા કરશે.

બીજી નમાઝ : કબ્રમાં પહેલી રાતના ખૌફને દૂર કરવા માટે મય્યતના હદીયા માટે બે રકાત નમાઝ નમાઝ આ રીતે પઢો. પહેલી રકાતમાં સૂરએ હમ્દ પછી એક વખત આયતુલ કુરસી અને બીજી રકાતમાં સૂરએ હમ્દ પછી દસ

વખત સૂરએ કદ્ર (ઇન્ના અન્ઝલના) પઢો. સલામ પઢી લીધા પછી કહે.

"અલ્લાહુમ્મ સલ્લે અલા મોહમ્મદીંવ વ આલે મોહમ્મદીંવ વબઅસ્સવાબહા એલા કબરે ફુલા ઇબ્ને ફુલા"

(અહીં મય્યતનું નામ લેવું)

## નમાઝે વહેશત પઢવાનો સવાબ

મારા ઉસ્તાદ સકતુલ ઇસ્લામ નુરી નુરૂલ્લાહે પોતાના ઉસ્તાદ મઅદેનુલ ફઝાએલ વલ મઆલી

મૌલાના અલ્હાજ મુલ્લા ફત્હઅલી સુલતાન આબેદી ઇતરૂલ મુઝજઆથી દારૂસ્સલામમાં નકલ કરે છે કે મારી આદત હતી કે જયારે પણ અહલેબૈત (અલય્હેમુસ્સલામ)ના ચાહવાવાળામાંથી કોઈ પણ મૃત્યુ પામે તો તેની માટે દફનની પહેલી રાતે બે રકાત નમાઝ પડતો. પછી ભલે તે મારી ઓળખાણવાળો હોય કે કોઈ બીજો. મારી આ આદતની કોઈને પણ ખબર ન હતી. એક દીવસ મારો એક દોસ્ત મને

રસ્તામાં મળ્યો અને કહ્યું કે મેં કાલે રાતે સપનામાં એક માણસને જોયો જે આ જ દિવસોમાં મૃત્યુ પામ્યો હતો. મેં તેને મૃત્યુ પછીની હાલતો પુછી. તો તેણે કહ્યું કે હું સખ્તી અને બલામાં સપડાએલો હતો હજુ સજા ભોગવી રહ્યો હતો કે ફલાણા માણસે મારા માટે પડેલી બે રકાત નમાઝથી મને મુક્તિ મળી. તેણે આપનું નામ લીધું અને કહ્યું કે આ એહસાનના બદલામાં ખુદા તેમના પિતા ઉપર રહેમત કરે. જેવી તેણે મારા ઉપર

કરી. મુલ્લા ફતેહઅલી મરહુમે કહ્યું કે તે માણસે મને તે નમાઝ વિષે પુછયું. મેં તેને મારી આદતની જાણ કરી અને હદીયાની નમાઝની રીત બતાવી.

## તે બાબતો જે કબ્રના ભયથી મુકત થવા માટે લાભદાયક છે.

ઈમામ મોહમ્મદ બાકિર (અલય્હિસ્સલામ)નું કથાન છે કે જે માણસ નમાઝની રૂકુઅ પુરેપુરી રીતે બજાવી લાવતો હોય તેની કબ્રમાં ભય

દાખલ નહીં થાય. જે માણસ દરરોજ ૧૦૦ વખત “લા એલાહ ઇલ્લલ્લાહુલ મલેકુલ હકકુલ મોબીન” પઢે તે જયાં સુધી જીવતો રહેશે ત્યાં સુધી ગરીબી અને ભુખથી સુરક્ષિત રહેશે અને કબ્રમાં ડરથી મુકત રહેશે અને તે તવંગર થઇ જશે. તેના માટે જન્નતના દરવાજા ખોલી નાંખવામાં આવશે. જે કોઈ સુતી વખતે સૂરએ યાસીન પઢે અને નમાઝે લયલતુલ રગાએબ પઢે તે કબ્રના ભયથી સુરક્ષિત રહેશે. મેં આ નમાઝના

ફઝાએલને મફાતિહુલ જીનાનમાં માહે રજબના અ'અમાલમાં નોંધેલ છે. જે કોઈ માહે શાબાનમાં બાર દીવસ રોઝા રાખે તો તો તેની કબ્રમાં દરરોજ સિત્તેર હજાર ફરિશ્તાઓ કયામત સુધી આવતા રહેશે જે માણસ કોઈ બીમારની અયાદત માટે જાય તો અલ્લાહ તઆલા તેના માટે એક ફરિશ્તો નીમે છે જે કયામત સુધી તેની કબ્રમાં તેની અયાદત કરતો રહે છે. અબુ સઈદ ખુદરી લખે છે કે મેં હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ

આલેહી વસલ્લમ)ને હઝરત અલી (અલય્હિસ્સલામ)ને કહેતા સાંભળ્યા કે અય અલી ! તમારા શિયાઓને ખુશખબરી આપી દો કે તેઓના માટે મૌતના સમયે નીરાશા, કબ્રની ભયાનકતા અને મહેશરનો ગમ નહીં હોય.

## કબ્રની ભીંસ (ફિશારે કબ્ર)ના કારણો

પેશાબની નજાસતથી હંમેશા દુર રહેવું, તે નજાસતને મામુલી ગણવી, ટીકા

કરવી, ગીબત કરવી અને સગા વ્હાલા સાથે સંબંધો તોડી નાખવા કબ્રના અઝાબનું કારણ છે.

## સઅદ બિન મઆઝ અને કબ્રની ભીંસ

હઝરત સઅદ બિન મઆઝ અન્સારના રઈસ હતા. હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને મુસલમાનોમાં એટલા માનીતા હતા કે જયારે તેઓ

સવાર થઈને આવતા તો હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) મુસલમાનોને તેમના સ્વાગતનો હુકમ કરતા. હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) પોતે તેઓ આવતા ત્યારે ઉભા થઇ જતા. યહુદીઓની સાથે લડાઈના સમયે જવું તેમના માટે જરૂરી ન હતું. સિત્તેર હજાર ફરિશ્તાઓ તેમના જનાઝા સાથે રહયા હતા. હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ

આલેહી વસલ્લમ) ખુલ્લા પગે પહેલેથી છેલ્લે સુધી તેમના જનાઝામાં સાથે હતા અને કાંધ આપીને કહ્યું મલાએકાઓની સફો (લાઈનો) નમાઝે જનાઝાના સમયે હાજર હતી. અને મારો હાથ જિબ્રઈલના હાથમાં હતો અને સઅદના જનાઝાની સાથે ચાલી રહયા હતા. હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ના એટલા સન્માનીય હતા કે ખુદ આપે સઅદને કબ્રમાં ઉતાર્યા. સઅદની મા એ પોતાના

દીકરાને સંબોધીને કહયું કે અય સઅદ ! "હનીઅન લકલ જન્નત" બેટા તને જન્નત મુબારક થાય. આપ હઝરતે પુછયું તને કેમ ખબર પડી કે તારો દીકરો જન્નતી છે ? તારા દીકરા સઅદ ઉપર તો કબ્રની ભીંસ થઇ રહી છે. અસ્હાબોએ પુછયું યા હઝરત ! શું સઅદ પણ કબ્રની ભીંસના અઝાબમાં છે. આપે કહયું હાં ! સઅદ ઉપર કબ્રનો અઝાબ થઇ રહયો છે.

બીજી રિવાયતમાં છે કે ઈમામ (અલય્હિસ્સલામ)એ કબ્રના અઝાબનું

કારણ પુછ્યું ત્યારે આપે ફરમાવ્યું તે પોતાના કુટુંબીજનો સાથે ખરાબ વર્તન કર્યા કરતો હતો. તેથી ફિશારે કબ્ર છે. (ખુદાની પનાહ) - (ખઝીનતુલ જવાહીર)

આટલો સન્માનીય સહાબી પણ કબ્રની ભીંસથી બચી ન શકયો તે વિચાર જેવી બાબત છે.

## એવા અ'અમાલ જે કબ્રના અઝાબથી છુટકારો અપાવે છે.

(૧) હઝરત ઈમામ રઝા (અલય્હિસ્સલામ)થી નકલ કરવામાં આવેલ છે કે નમાઝે શબ તમારા માટે મુસ્તહબ છે જે માણસ રાતના છેલ્લા ભાગમાં ઉઠીને આંઠ રકાત નમાઝે શબ બે રકાત નમાઝે શફા એક રકાત નમાઝે વિત્ર અને કુનુતમાં સિત્તેર વખત “અસ્તગ્ફેરૂલ્લાહ” પઢશે અલ્લાહ તઆલા તેને કબ્રની ભીંસ અને જહન્નમના અઝાબથી સુરક્ષિત રાખશે. તેની ઉમ્ર લાંબી અને રોઝી વિશાળ થશે.

(૨) હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)થી નકલ કરેલ છે કે જે કોઈ સુતી વખતે સૂરએ “અલ્હાકોમુત્તકાસર” પઢશે તે કબ્રના અઝાબથી સુરક્ષિત રહેશે.

(૩) મય્યતની સાથે બે લીલી લાકડીઓ રાખવી કબ્રના અઝાબ સામે ફાયદાકારક છે. રિવાયતોમાં છે કે મય્યત ઉપર ત્યાં સુધી કબ્રનો અઝાબ નથી થતો જયાં સુધી તે લાકડીઓ

લીલી રહે. હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) એક એવી કબ્ર પાસેથી પસાર થયા જેના પર અઝાબ થઇ રહયો હતો આપે એક ઝાડની ડાળ માંગી જેના પત્તા નીકળી ગયા હતા. તેને વચ્ચેથી કાપીને બે ભાગ કર્યા એક ભાગ મય્યતના માથા પાસે રાખ્યો અને બીજો ભાગ મય્યતના પગ પાસે રાખી દીધો. કબ્ર પર પાણી નાખવું પણ ફાયદાકારક છે કારણ કે રિવાયતમાં છે કે મય્યત ઉપર ત્યાં સુધી

અઝાબ નથી થતો જયાં સુધી તે કબ્રની માટી તે પાણીથી ભીની રહે.

(૪) સૂરએ “તબારકલ્લઝી બે યદેહીલ મુલ્ક” કબ્ર ઉપર પઢવાથી મય્યતને કબ્રના અઝાબથી છુટકારો આપે છે. કતીબે રાવન્દીએ ઇબ્ને અબ્બાસથી નકલ કરેલ છે કે એક માણસે એક જગ્યાએ તંબુ લગાવ્યા તેને ખબર ન હતી કે ત્યાં એક કબ્ર છે તેણે સૂરએ “તબારકલ્લઝી બે યદેહીલ મુલ્ક”ની તિલાવત કરી. તેણે એક

અવાજ સાંભળ્યો જે કહી રહી હતી કે આ સુરા છુટકારો દેનાર છે. તેણે આ વાત હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ને કરી. આપે કહયું. આ સુરો કબ્રના અઝાબથી બચાવનાર છે.

શૈખે કુલૈની (અ.ર.) હઝરત ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ)થી રિવાયત કરે છે કે સૂરએ મુલ્ક કબ્રના અઝાબથી બચાવે છે.

(૫) દાવતે રાવન્દીથી મનકુલ છે કે હઝરત રસૂલે અકરમ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું. જે કોઈ મય્યતને દફન કરતી વખતે કબ્રની પાએ ત્રણ વખત "અલ્લાહુમ્મ ઇન્નિ અસ્અ)લોક બેહકકે મોહમ્મદીંવ આલે મોહમ્મદીન અલ્લા તોઅઝઝીબ હાઝલ મય્યેતે" કહે તો અલ્લાહ તઆલા તે મય્યતને કયામત સુધી કબ્રના અઝાબથી સુરક્ષિત રાખશે.

(૬) ખાકે શિફા એટલે કે ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ)ના મકતલની ખાક. કબ્ર અને કફનમાં રાખવી અને સજદાની જગ્યાએ લગાવવી.

(૭) અન્વારે નોઅમાનીમાં હઝરત ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ)થી રિવાયત છે આપે ફરમાવ્યું. જો મય્યત પાસે ચાલીસ માણસો હાજર થઈને કહે "અલ્લાહુમ્મ ઇન્ના( લા નઅલમો મિન્હો ઇલ્લા ખયરન વ અન્ત અઅલમો બેહી મિન્ના ફગ્ફિર

લહુ તો પરવરદિગારે આલમ તેને કબ્રના અઝાબથી સુરક્ષિત રાખશે.

વધુમાં આપથી રિવાયત છે કે બની ઈસરાઈલમાં એક આબિદ હતો. જેના માટે ખુદાએ હઝરત દાઉદ (અલય્હિસ્સલામ)ને વહી કરી કે આ દંભી છે. જયારે તે આબીદ મૃત્યુ પામ્યો તો હઝરત દાઉદ (અલય્હિસ્સલામ) તેના જનાઝામાં ન ગયા પરંતુ ચાલીસ માણસોએ તેની નમાઝે જનાઝા પઢી અને કહયું “અલ્લાહુમ્મ ઇન્ના લા

નઅલમો મિન્હો ઇલ્લા ખયરન વ અન્ત અઅલમો બેહી મિન્ના ફઝ્ફિર લહુ” પછી ચાલીસ માણસો બીજા આવ્યા અને તેઓએ પણ આ જ સાક્ષી આપી. કારણ કે તેઓને તેના દંભની ખબર ન હતી. હઝરત દાઉદ (અલય્હિસ્સલામ) પર વહી ઉતરી કે તમે તેના પર નમાઝ કેમ ન પઢયા. આપે કહયું બારે ઇલાહા ! તે જ તો કહયું હતું કે આ આબીદ દંભી છે. કુદરતની અવાજ આવી તે ખબર સાચી હતી પરંતુ લોકોએ હાજરી આપી તેના

સારાપણાની સાક્ષી આપી. તેથી મેં તેના ગુનાહોને માફ કરી આપ્યા. આ ખુદાવંદે આલમની નેઅમત અને મહેરબાની છે કે તેણે પોતાના બંદાને કોઈ પણ માંગણી વગર અઝાબથી મુકત કરી દીધો.

આ જ કારણથી નેક લોકો ખાસ કરીને પૂર્વજો પોતાના કફનને તૈયાર કરીને પોતાની પાસે રાખતા. તેઓ પોતાના મોઅમિન દોસ્તો પાસે તેના ઉપર ગવાહી લખાવી લેતા હતા. આપણે પણ કફન ઉપર ગવાહી લખાવીને અને

મોઅમિનોની સહી કરાવીને આપણી પાસે રાખીએ. જેથી એ ગવાહી આપણી બક્ષિસનું કારણ બને.

## તબકકો ત્રીજો

## મુન્કર અને નકીરના કબ્રમાં સવાલો

જે બાબતો પર ભરોસો રાખવો શિયા મઝહબનો ભાગ છે. તેમાનો એક આ પણ છે કે “સવાલે મુન્કરો નકીર ફીલ કબ્રે હક” મુસલમાનો માટે તેના

ઉપર ઈમાન હોવું જરૂરી છે. અલ્લામા મજલીસી (અ.ર.) બેહારૂલ અન્વાર અને હકકુલ યકીનમાં લખે છે કે વિશ્વાસપાત્ર હદીસોથી એ જાણવા મળે છે કે સવાલ અને કબ્રની ભીંસ મૂળ શરીર અને રૂહ ઉપર થાય છે. કબ્રમાં અકીદાઓ અને અઅમાલનાં બારમાં સવાલ કરવામાં આવે છે. આ સવાલો દરેક મોઅમિન અને કાફિરને કરવામાં આવે છે. આ સિવાય બાળકો, ગાંડા, ઓછી બુધ્ધિવાળા અને મૂર્ખ લોકોને તેઓના હાલ ઉપર

છોડી દેવામાં આવે છે. તેઓના માટે બરઝખના સમય દરમ્યાન જઝા કે સઝા નથી હોતી.

નમાઝ, રોઝા, હજ, ઝકાત, ખુમ્સ અને અહલેબૈતની મોહબ્બત વધુમાં ઉમ્ર અને માલનાં વિષે સવાલ કરવામાં આવે છે. જેમ કે હઝરત ઈમામ ઝયનુલ આબેદીન (અલય્હિસ્સલામ)થી રિવાયત છે કે ઇસ્લામના અકીદા પછી પૂછવામાં આવે છે કે,

અન ઉમ્રેક ફી મા અફનયતહુ વ મા લેક મિન અય્નક તસબ્તહુ વ ફીમા અત્લફતહુ”.

“તારી ઉમ્રને કયાં વેડફતો રહયો ? માલ કેવી રીતે કમાણો અને કયાં ખર્ચ કર્યો ?

અમુક લોકોની જીભ મૂંગી થઇ જાય છે. ડરના કારણે જવાબ નથી આપી શકતા અથવા ખોટા જવાબ આપે છે. ફરિશ્તાના સવાલ ઉપર કહે છે કે તમે ખુદા છો. કયારેક કહે છે કે લોકો કહેતા હતા કે મોહમ્મદ અલ્લાહના રસુલ

છે. જો દુનીયામાં આ અકીદાઓ હતા તો સાચો જવાબ દે છે. સાચો જવાબ આપનારને તેની કબ્ર નજર પહોંચે ત્યાં સુધી પહોળી કરી દેવામાં આવે છે. અને બરઝખની દુનીયા આરામ અને ખુદાની નેઅમતથી લાભ ઉઠાવીને પસાર કરી દે છે. ફરિશ્તાઓ તેને કહે છે.

“નમ નવ્મતલ અરૂશે” “નવી દુલ્હનની જેમ સુઈ જા. - (ઉસુલે કાફી)

જો કાફિર અને મુનાફિક છે અને સાચા જવાબ ન આપી શકે તો તેની

કબ્રની તરફ જહન્નમનો દરવાજો ખોલી દેવામાં આવે છે અને તેની કબ્ર આગથી ભરાઈ જાય છે. જેમ કે અલ્લાહ તઆલા કહે છે.

“વ અમ્મા ઇન કાન મેનલ મોકઝઝેબીનઝ ઝાલ્લીન. ફ નોઝોલુમ મિન હમીમીન. વ તસ્લેયતો જહીમ.” - (સૂરએ વાકેઆ / આયત નં. ૯૨ થી ૯૪)

“અને જો જુઠલાવનારા ગુમરાહોમાંથી છે તો તેની મહેમાની

ઉકળતું પાણી અને જહન્નમમાં દાખલ કરી દેવો.”

હઝરત ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ) ફરમાવે છે કે આ ત્રણ ચીજોને ન માને તે અમારા શિયામાંથી નથી.

(૧) મેઅરાજ (૨) કબ્રના સવાલ (૩) શફાઅત.

કબ્રમાં બે ફરિશ્તા એવા ડરામણા ચહેરા લઈને આવે છે કે તેઓનો અવાજ વિજળીની ગરજદાર અને આંખો

વિજળીની જેમ ચમકાર કરનારી હશે. તે આવીને સવાલ કરે છે.

(૧) મન રબ્બોક "તારો રબ કોણ છે ?"

(૨) મન નબીય્યોક "તારા નબી કોણ છે?"

(3) મા દીનોક "તારો દીન કયો છે ?"

(૪) મન ઈમામોક "તારા ઈમામ કોણ છે ?"

કેમ કે આવી હાલતમાં મય્યતને માટે જવાબ આપવો મુશ્કેલ હોય છે. અને તે મદદગારોનો મોહતાજ હોય છે

તેથી મય્યતને બે જગ્યાએ તાલીમ આપવામાં આવે છે.

પહેલું : કબ્રમાં ઉતાર્યા પછી બહેતર એ છે કે જમણા હાથથી જમણો ખભો અને ડાબા હાથથી ડાબા ખભાને પકડીને તેના નામના વખતે હલાવીને તાલીમ આપે.

બીજું : જયારે મય્યતને દફન કરી દેવામાં આવે ત્યારે સુન્નત છે કે મય્યતના નજીકના સગાઓ લોકોના ચાલ્યા જવા પછી કબ્રના માથા પાસે

બેસીને મોટા અવાજથી તલકીન પઢે. બહેતર છે કે પોતાની બંને હથેળીઓને કબ્ર પર રાખે અને પોતાના મોઢાને કબ્રની નજીક લઇ જાય. જો કોઈ બીજાને તલકીન માટે નાએબ નીમે તો પણ બરાબર છે. જયારે તલકીન પઢવામાં આવે છે ત્યારે મુન્કર નકીરને કહે છે "આવો ચાલીએ આની હુજજતી માટે તલકીન પઢી દેવામાં આવી છે હવે પુછવાની જરૂર નથી." અને તેઓ ચાલ્યા જાય છે.

નોંધ : જો કોઈ એમ કહે કે તલકીનથી મુરદાને શું ફાયદો જયારે કે રૂહ નીકળી ચુકી છે ? તેનો જવાબ એ છે કે રૂહ કબ્રમાં હાજર હોય છે. જે ગુજરી ચુક્યો છે તે આપણાથી વધુ સારી રીતે વાત કરી શકે છે અને સાંભળી શકે છે. જે કોઈ પણ તે જગ્યાએ પહોંચે છે તેના માટે બધી ભાષાઓ સમજવી એક સરખી છે. પછી તે અરબી હોય કે ફારસી. તેનું કારણ એ છે કે મર્યાદાઓ આ દુનીયાની ભૌતિકતાનું પરિણામ છે.

## મોઅમિનને નમાઝ, રોઝા, ઝકાત, હજ, કરેલ અહેસાન અને વિલાયતે અહલેબૈત (અલય્હેમુસ્સલામ) કબ્રમાં ઉપયોગી થાય છે.

અલ્લામા મજલિસી (અ.ર.) ઈમામ સાદિક (અલય્હિસ્સલામ) અને ઈમામ બાકિર (અલય્હિસ્સલામ)થી રિવાયત કરે છે કે જયારે મોઅમિન મૃત્યુ પામે છે ત્યારે તેની સાથે છ સુરતો તેની કબ્રમાં દાખલ થાય છે જેમાંની એક બીજાની સરખામણીમાં વધુ નુરાની, પાક

અને ખુશબુદાર હોય છે. તેમાંની એક જમણી તરફ બીજી ડાબી તરફ ત્રીજી સામે, ચોથી માથા તરફ પાંચમી પગ તરફ ઉભી રહી જાય છે અને સૌથી વધુ નુરાની હોય છે તે માથા ઉપર છાંયો કરે છે. જે તરફથી સવાલ કે અઝાબ આવે છે ત્યારે તે તરફની ઉભેલી સુરત તેની અને મય્યતની વચ્ચે આડશ થઇને રોકે છે. નુરાની સુરત બધાની સામે જોઈને કહે છે ખુદા તમને જઝાએ ખૈર અતા કરે તમે કોણ છો ? જમણી તરફની કહે છે હું

તેની નમાઝ છું. ડાબી તરફની કહે છે હું તેની ઝકાત છું. મોઢાની સામેની સુરત કહે છે હું તેના રોઝા છું. માથા તરફની કહે છે હું તેની હજ અને ઉમરાહ છું. જે સુરત તેના પગની તરફ હોય છે તે કહે છે હું તેનો એ અહેસાન છું જે તે મોઅમિન ભાઈઓની સાથે કરતો હતો. આ બધી સુરતો પુછે છે કે તું કોણ છો જે અમારા બધા કરતા વધારે નુરાની અને ખુબસુરત છે ? તે જવાબ આપે છે કે હું

વિલાએ આલે મોહમ્મદ (સલવાતુલ્લાહે અલયહિમ અજમઇન) છું.

## બરઝખનો અર્થ અને તેની મિસાલ

આ ખૌફનાક મંઝિલોમાંની એક મંઝિલ બરઝખ છે. ડિક્ષનરીમાં બરઝખ એ પડદા કે આડશને કહે છે કે જે બે વસ્તુઓની વચ્ચે આવે છે અને તે બંનેને એકબીજાથી મળવા ન દે જેમકે કડવો અને મીઠો દરિયો બંને મોજા ઉછાળી રહયા છે અને પરવરદિગારે આલમે તે બંનેની વચ્ચે એવી આડશ કરી દીધી છે

કે તે એકબીજાને ભેગા થવા નથી દેતી. જેમકે અલ્લાહ તઆલાએ ફરમાવ્યું.

“મરજલ બહરય્ને યલતકીયાન. બય્નહોમા બરઝખુન લા યબ્ગેયાન.” - (સૂરએ રહમાન / આયત નં. ૧૯ – ૨૦)

“તેણે બે દરિયા વહાવ્યા. જે એકબીજા સાથે મળી જાય છે તેની વચ્ચે એક અંતરની મર્યાદા છે. જેનાથી તે હદથી આગળ વધતા નથી. આ પરદાને બરઝખ કહે છે.”

પરંતુ સાહિત્યની દૃષ્ટિએ બરઝખ એ દુનીયા અને કયામતની વચ્ચેની સ્થિતિ છે. હઝરત ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ) હદીસના એક ભાગમાં ફરમાવે છે કે ખુદાની કસમ મને તમારા બરઝખનો વધુ ભય છે. રિવાયત કરનારે પુછયું કે બરઝખ શું છે ? આપે કહ્યું કે તે મૃત્યુથી કયામત સુધીનો ઝમાનો છે. (બેહાર)

અને કુરઆને મજીદમાં છે.

“વમિંવ વરાએહીમ બરઝખુન એલા યવ્મિન યુબઅસુન.”
“અને તેની પાછળ કયામત સુધીનો સમય છે.”

## આલમે બરઝખમાં શરીર અને તેની હાલત

બરઝખને મિસાલી દુનીયા પણ કહેવામાં આવે છે કારણ કે તે દેખાવમાં આ દુનીયા જેવી છે. પરંતુ દેખાવ,

ચહેરો, ભૌતિકતા અને તેની વિશેષતાઓના કારણે આ દુનીયાથી સંપુર્ણ રીતે અલગ છે. મૃત્યુ પછી આપણે જે સ્થિતિમાં જઈશું આ દુનીયાની સ્થિતિનો સંબંધ પણ એવો જ છે જેવી રીતે માંના પેટને આ દુનીયા સાથે સંબંધ છે.

આવી જ બરઝખની દુનીયામાં શરીર પણ મિસાલી હશે. અર્થાત દેખાવ, ચહેરો, અંગ – ઉપાંગો, આ ભૌતિક શરીરની જેમ હશે. પરંતુ ચીઝ વસ્તુ કે

સરસામાનનો મોહતાજ નહીં હોય. પરંતુ હવાથી પણ વધુ પાતળું હશે અને કોઈ ચીઝ અટકાવશે નહીં. જે મિસાલી શરીરને એક તરફથી બીજી તરફની વસ્તુઓને જોવામાં નડતર નહીં હોય. હઝરત ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ) કહે છે કે જો તું આ મિસાલી શરીરને જોઈશ તો અનાયાસે કહીશ કે આ એ જ શરીર છે.

“લવ રઅય્તહુ લકુલ્ત હોવ હોવ.”

જો આપ આપના મૃત્યુ પામેલા પિતાને સપનામાં જુઓ તો કહેશો કે આ એ જ દુનીયાનું શરીર છે. જો કે તેનું શરીર અને અંગો તેની કબ્રમાં છે અને તેનો ચહેરો મિસાલી છે. પરંતુ તે આંખોના માટે તકલીફ઼ કે નજરની નબળાઈ નહીં હોય અને ન તો વૃધ્ધાવસ્થાને કારણે ચશ્માની જરૂર કે તેવી જ રીતે બાકીના અંગોમાં પણ કમજોરી નહીં હોય. દાંત પડી જતા નથી. મોઅમિન જવાનીની મજા લુંટે છે

અને કાફિર અને મુનાફિક બુઢાપાની તકલીફમાં સપડાએલો છે અને તેના માટે અઝાબનું કારણ બને છે.

હકીમો અને વકતવ્યના નીષ્ણાંત તેને એ કલ્પનાની સાથે સરખામણી કરે છે. જે અરીસામાં જોવા મળે છે. પરંતુ તેની બે શરતો છે.

(૧) મિસાલી શરીર હંમેશા ખુદ પોતે છે અરિસાનું મોહતાજ નથી.

(૨) તેની ઓળખ છે, બુધ્ધિ છે અને તે જ સમજણ શક્તિ છે. જે અરિસાના દેખાવથી વિરૂધ્ધ છે.

તેની સરખામણી સપનું છે. આપણે પળભરમાં દૂરની મુસાફરી કરીને કરાંચી કે જુદાં જુદાં શહેરોમાં પહોંચી જઈએ છીએ. ત્યાં જુદાં જુદાં પ્રકારનો ખોરાક, ફળો પિવાની ચીઝો અને દિલરૂપાના ગીતોથી આનંદ માણીએ છીએ. જેની તાકાત દુનીયામાં નથી. તેવી જ રીતે રૂપ પણ મિસાલી શરીરની

સાથે જુદાં જુદાં પ્રકારની રોજી અને સ્વાદથી લાભ ઉઠાવે છે. અલબત્ત આ દુનીયાની દરેક ખાવા પિવાની વસ્તુઓ સ્વાદિષ્ટ હોય છે અને ભૌતિક નજાસતથી પાક છે. જન્નતમાં એક જ વસ્તું મોઅમિનના ઈરાદાથી જુદું સ્વપ્નમાં બદલાઈ જશે. સફરજનને બદલે ઈચ્છા દ્રાક્ષની છે તો એ જ દ્રાક્ષ કે બીજા ફળોમાં બદલાઈ જશે. જેનો ઉલ્લેખ અમીર હમ્ઝા (અ.સ.)ની રિવાયતમાં થશે. (મઆદ)

# દુનીયાની નેઅમતોના મુકાબલે બરઝખી નેઅમતો અત્યંત લજીઝ છે

બરઝખની દુનીયામાં મિસાલી શરીરની અસરની સમજ શક્તિશાળી હોય છે જો કે ખુદ વધુ આનંદી છે. આ બધો આનંદ દુનીયાના ફળની મિઠાશ જે આપણે ખાઈને મેળવીએ છીએ તે બરઝખની દુનીયાની મિઠાશ અને આનંદના મુકાબલે બિલકુલ નામનો છે. કારણ કે તેનું મુળ ત્યાં હશે અહીં તેનું

સ્વરૂપ છે. જો હુરૂલ અયન જો આ દુનીયા તરફ માત્ર એક વખત જોઈ લે અને જરા સરખી નકાબ ઉઠાવી લે તો સુર્યનો પ્રકાશ તેની સરખામણીમાં અંધારીયો દેખાય અને આંખો અંજાઈ જાય. તેથી મુળ ખુબસુરતી ત્યાં છે. કુરઆને પાકમાં છે.

"ઇન્નાય જઅલ્ના મા અલલ અર્ઝે ઝિનતુન લહા લેનબ્લોવકુમ અય્યોહુમ અહસનો અમલા." - (સુરા નં. ૧૮ / આયત નં. ૬)

"જે કાંઈ ઝમીનમાં છે અમે તેને ઝમીનના માટે શોભા આપી છે તેથી તેના થકી તમારી કસોટી લઈએ કે કોણ આ રમકડાં સાથે પોતાના દિલને બહેલાવે છે અને કોણ તેની લાલચથી પોતાને બચાવે છે અને ખરેખરો આનંદ, ખુબસુરતી અને વાસ્તવિક ખુશીને ઈચ્છે છે."

## માપતોલમાં પુરૂં આપવું અને અવ્વલે વકત નમાઝનો સવાબ

મરહુમ નરાકી ખઝાએનમાં પોતાના વિશ્વાસુ અસ્હાબોમાંથી નોંધ કરે છે કે હું જવાનીમાં મારા પિતા અને દોસ્તોની સાથે નવરોઝ ઇદના દિવસે ઇસ્ફહાનમાં એક દોસ્તની મુલાકાત માટે જઈ રહયો હતો. તેનું ઘર ઘણું દૂર કબ્રસ્તાનની પાસે હતું અમે થાક ઉતારવા અને કબ્રોની ઝિયારત કરવા માટે કબ્રસ્તાનમાં બેસી ગયા. અમારા એક સાથીએ નજીકની કબ્રને મજાક ખાતર કહયું કે અય કબ્રવાળા ! શું આજે

ઇદના દિવસે મારી મહેમાનગતી કરશો ? કબ્રમાંથી તરત અવાજ આવ્યો આવતા અઠવાડીયે મંગળવારના દિવસે તમે મારા મહેમાન થજો.

અમે બધા આ સાંભળીને ડરી ગયા કે અમારી જિંદગી પુરી થવાની છે. અને નેક આઅમાલ અને વસિય્યત કરવા લાગ્યા. પરંતુ મંગળવાર સુધી કોઈના મરણના સમાચાર ન સાંભળ્યા. તે દિવસે અમે ફરી ભેગા થઈને તે કબ્ર તરફ રવાના થયા. જયારે અમે તેની

પાસે પહોંચ્યા ત્યારે અમારામાંના એકે કહયું અય કબ્રવાળા ! વાયદો પુરો કરો. કબ્રમાંથી અવાજ આવ્યો પરવરદિગારે બરઝખની દુનીયાનો પરદો આંખોથી દૂર કર્યો. ફરિશ્તાઓની આંખો ખુલી ગઈ. અમે જોયું કે એક લીલોછમ અને સ્વચ્છ બગીચો છે જેમાં સ્વચ્છ પાણીની નહેરો વહી રહી છે. બગીચો રંગબેરંગી મેવાઓથી લચી પડયો છે. ઝાડો ઉપર સુંદર દેખાવના પક્ષીઓ પરવરદિગારની તરફ ઈબાદત કરી રહયા છે. અમે એક

સુંદર સજાવેલા મકાનમાં પહોંચ્યા જે આ બગીચાઓની વચ્ચે હતું. અમે અંદર દાખલ થયા એક ખુબ જ દેખાવડો અને આકર્ષક માણસ ખિદમતગારોની વચ્ચે બેઠો હતો. જેવા તેણે અમને જોયા કે તેની જગ્યાએથી ઉભો થયો અને અમારૂં સ્વાગત કર્યું. ત્યાં જુદી જુદી જાતના મેવા અને મિઠાઈઓ હાજર હતી. જેની કલ્પના આપણે આ દુનીયામાં ન કરી શકીએ. ખાવાનું એટલું સ્વાદિષ્ટ હતું કે આવો સ્વાદ અમારી જિંદગીમાં અમે

કયારેય પણ ચાખ્યો ન હતો. જેટલું પણ ખાતા ગયા છતાં પણ તૃપ્તિ થતી ન હતી. ઈચ્છા બાકી રહી આ ખાઈએ કે તે ખાઈએ. જુદી જુદી વાનગીઓ અને જુદા જુદા સ્વાદો અમે જમ્યા પછી થોડીવાર બેઠા. પછી ઉભા થયા કે જોઈએ કે આ માણસનો શું ઈરાદો છે ? અમે બગીચાના દરવાજે પહોંચ્યા. મારા પિતાએ તેને પુછયું કે આપ કોણ છો ? પરવરદિગારે આ નેઅમતો કેવી રીતે આપી ? અગર તમો ચાહો તો આખી દુનીયાની મહેમાન

નવાઝી કરી શકો છો. આ જગ્યા કઈ છે ? તેણે જવાબ કે હું પણ તમારા વતનનો ખાટકી છું આ દરજજાનું કારણ એ બાબતો છે. મેં મારા કામમાં માપતોલમાં કયારેય કમી નથી કરી.

મારી જિંદગીમાં કયારેય પણ અવ્વલ વકતની નમાઝ તર્ક નથી કરી. જેવો પણ અલ્લાહો અકબરનો અવાજ કાન ઉપર આવતો ત્રાજવું રાખીને, વજન કરવાનું છોડીને નમાઝ માટે મસ્જીદ તરફ રવાના થઇ જતો. તેથી આલમે

બરઝખમાં આ જગ્યા મને આપવામાં આવી. ગયા અઠવાડિયે તમે લોકોએ અવાજ આપ્યો પણ મને અંદર લાવવાની રજા ન હતી આ અઠવાડિયાની રજા લીધી.ત્યારબાદ અમારામાંથી દરેકે પોતાની ઉમ્ર પુછી. તેથી તેણે જવાબ આપ્યો. મને કહયું તું હજુ પંદર વર્ષ જીવતો રહીશ. ત્યારબાદ તેમણે ખુદા હાફીઝ કહયું અને તેણે પાછા જવા માટે કહયું. અચાનક અમે

અમને તે જ કબ્રના માથા પાસે ઉભેલા જોયા. (મઆદ)

## બરઝખની નેઅમતો નાશ પામનાર નથી

બરઝખની દુનીયાની બીજી વિશેષતા એ પણ છે કે તે કાયમી અને હંમેશની છે. આ દુનીયાની કોઈ ચીઝ કાયમી નથી. જો રૂપ છે તો બુઢાપાની કાળાશથી ખત્મ, ખોરાક જયાં સુધી છે ત્યાં સુધી મજા છે. તેવી જ રીતે નીકાહ, ખોરાક અને મેવા કાયમી નથી. થોડા

સમય પછી ફૂલ કરમાય જાય છે. કોઈ પણ ચીઝ કાયમી અને હંમેશા માટે નથી. પરંતુ બરઝખની દુનીયા નાશવંત નથી કારણ કે તે ચીઝો ભૌતિક વસ્તુઓની મોહતાજ નથી. આ દાવા પર ચર્ચા છે. જે કિતાબ દારૂલ ઇસ્લામમાં શૈખ મહમૂદ અરાકીએ અલ્લામા શૈખ મહદી નરાકી મરહુમથી નોંધ કરેલ છે. નજફે અશરફની મુજાવરાતના ઝમાનામાં સખ્ત દુકાળ હતો. એક દીવસ હું ઘરની બહાર નીકળ્યો. બાળકો ભૂખ

અને તરસથી તડપી રહયા હતા. તેથી વાદીયુસ્સલામમાં મૃત લોકોની ઝિયારતથી મારા દુઃખને ભુલી જવા માટે પહોંચ્યો ત્યારે જોયું કે થોડાં લોકો એક જનાઝાને લાવ્યા અને મને પણ સાથે આવવા કહયું હું પણ તેઓની સાથે ચાલ્યો. પછી તેઓએ એક વિશાળ બગીચામાં દાખલ કર્યો અને એક આલિશાન મહેલમાં રાખ્યો. જયાં ખાવા પિવાની બધી સામગ્રી સાથે ભરપુર હતા. મેં આજુબાજુમાં જોયું અને

પાછળથી એક દરવાજામાં દાખલ થયો. મેં જોયું કે એક જવાન શાહી કપડાં પહેરેલા સોનાના તખ્ત ઉપર બેઠો છે તેણે જેવો મને જોયો કે તરત જ મારૂં નામ લઈને મને સલામ કરી અને મને પોતાની પાસે બોલાવીને પોતાની પાસે તખ્ત ઉપર બેસાડયો અને ઘણું સન્માન કર્યું. તેણે મને કહ્યું કે તે મને નથી ઓળખ્યો હું એ જનાઝાવાળો છું જે તે જોયો હતો. હું ફલાણા શહેરનો રહેવાસી છું. જે લોકોને તે જોયા હતા તે બધા

મલાએકા હતા. જેમણે મને મારા શહેરથી આ બરઝખી બેહિશ્તના બાગમાં ફેરવ્યો છે. જેવી મેં આ જવાન પાસેથી તેની વાત સાંભળી તેવું મારૂં દુઃખ દૂર થઇ ગયું અને તે બાગમાં ફરવા લાગ્યો. બાગમાંથી બહાર નીકળ્યો ત્યારે થોડાં બીજા મહેલો જોયા. જયારે તેના દરવાજા ઉપર નજર પડી ત્યારે માં બાપ અને થોડાં સગાઓને જોયા. તેમણે મને દાવત આપી. તેઓનું ખાવાનું ઘણું સ્વાદિષ્ટ હતું. જયારે હું ખાવાનો આનંદ

માણી રહયો હતો ત્યારે મને પત્ની અને બાળકોની ભૂખ યાદ આવી. તેઓ ઉપર ભૂખ અને તરસની કેવી અસર છે. મારો ચહેરો ફરી ગયો મારા પિતાએ કહયું બેટા મહદી ! તને શું થઇ ગયું ? મેં કહયું કે મારી પત્ની અને બાળકો ભૂખ્યા છે. મારા પિતાએ કહયું કે આ ચાવલનો ઢગલો છે. મેં ચાવલથી અબાને ભરી લીધી. તેમણે કહયું કે તે ઉઠાવી લો. જેવી મેં અબાને ઉઠાવી તો મેં જોયું કે એ જ જગ્યા છે જયાં વાદીયુસ્સલામમાં ઉભો

હતો. બાગ ન હતો અને અબા ચાવલથી ભરપૂર હતી. તે ઘરે લાવ્યો. મારા ઘરવાળાએ પુછ્યું કે આ કયાંથી લાવ્યા. મેં કહયું તમારે તેનું શું કામ છે ? તેમાંથી ખાતા ખાતા ઘણો સમય પસાર થઇ ગયો પરંતુ હજુ સુધી તે હાજર છે. પુરા નથી થયા. છેવટે પત્ની ઉઠી જેથી તેમાંથી ચાવલ ઉપાડે પરંતુ ચાવલ ન હતા.

આ કિસ્સો લખવાનો અર્થ એ છે કે તે દુનીયાની નેઅમત અને આનંદ કાયમી છે.

## જહન્નમીઓનો અવાજ જાનવર સાંભળે છે

“બેહારૂલ અન્વાર ભાગ – ૨” માં છે કે હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું કે બેઅસતની પહેલા એક દીવસ હું ઘેટાં ચરાવી રહયો હતો. મેં

જોયું કે ઘેટાં હૈરતની હાલતમાં છે અને ચરવાનું છોડીને ઉભા રહી જાય છે. પરંતુ કોઈ એવી બાબત નજર ન આવી. પછી વહી ઉતરી ત્યારે જિબ્રઈલને પુછયું ત્યારે તેમણે કહયું બરઝખમાં મૃત્યુ પામેલાની ચીસ અને અવાજ આવે છે ત્યારે જીન્નાઉતો અને ઇન્સાનો સિવાય દરેક પ્રાણી તેને સાંભળે છે. આ તે ફરિયાદની અસર છે.

## હકકુન્નાસ્ અદા ન કરવાનું પરિણામ

બરઝખની દુનીયામાં અઝાબના ઘણા પ્રસંગો છે. અગર તે બધાને અહીં લખવામાં આવે તો કિતાબ દળદાર થઇ જશે જેથી તેમાંનો માત્ર એક બનાવ અહીં લખવામાં આવે છે.

કિતાબ દારૂલ ઇસ્લામમાં આલિમ ઝાહીદ સૈયદ હાશિમ બહરાનીથી નોંધ કરવામાં આવી છે કે નજફે અશરફમાં એક અત્તર વહેંચનાર હતો. તે દરરોજ ઝોહરની નમાઝ પછી લોકોને પોતાની દુકાન ઉપર ભેગા કરતો હતો. તેની

દુકાન કયારેય પણ લોકોની ભીડથી ખાલી ન રહેતી. હિન્દુસ્તાનનો એક શહેઝાદો નજફે અશરફમાં રહતો હતો. તેને એક વખત એક સફરમાં જવાનું થયું. તે પોતાના કિંમતી જવાહેરાત અને કિંમતી વસ્તીઓ તે અત્તરવાળા પાસે અમાનત તરીકે રાખી દીધી. જયારે તે પાછો ફર્યો ત્યારે તે અત્તરવાળાએ તે શહેઝાદાની અમાનત પાછી આપવાનો ઇન્કાર કરી દીધો. શહેઝાદો તેથી હૈરાન પરેશાન થયો. અને હઝરત અલી

(અલય્હિસ્સલામ)ના રોઝામાં પનાહ લીધી. અને અર્ઝ કરી કે યા અલી (અલય્હિસ્સલામ) ! મેં મારૂં વતન છોડીને આપણી કબ્ર પાસે રહેણાંક કર્યું અને બધો સામાન ફલાણા અત્તરવાળા પાસે અમાનત રાખ્યો. હવે તે ફરી ગયો છે. આ બાબતમાં મારી પાએ કોઈ સાક્ષી નથી. અને આપની સિવાય બીજું કોઈ મારી ફરિયાદ દૂર કરે તેમ નથી. રાત્રે સપનામાં મૌલા અલી (અલય્હિસ્સલામ) એ કહયું જયારે શહેરનો દરવાજો ખુલે

ત્યારે તું બહાર નીકળજે અને જે માણસ તને પહેલો મળે તેની પાસે અમાનત માંગજે તે તને આપશે. જેવો તે જાગ્યો કે તરત જ શહેરની બહાર નીકળ્યો. સૌથી પહેલા તેને એક વૃધ્ધ આબિદ અને પરહેઝગાર મળ્યા. જેના ખભા ઉપર ઈંધણનો ગઠ્ઠો હતો. અને તે પોતાના માલને વહેંચવા માંગતો હતો. તેથી શરમના કારણે સવાલ ન કર્યો અને હરમમાં પાછો ફરી ગયો. આ જ બનાવ બીજી રાત્રે ફરી જોયો અને

સવારે એ જ વૃધ્ધ અને પરહેઝગાર માણસ મળ્યો. તે સવાલ કર્યા વગર પાછો ફરી ગયો. ફરી ત્રીજી રાત્રે પણ એ જ જવાબ જોયો. સવારે એ જ બુઝુર્ગ મળ્યા. તેણે તેમને પોતાની હાલત જણાવી અને અમાનત માંગી. તે બુઝુર્ગે થોડું વિચારીને તે શહેઝાદાને કહ્યું કે ઝોહરની નમાઝ પછી અત્તરવાળાની દુકાને આવજે તને અમાનત મળી જશે. ઝોહરના સમયે જયારે લોકો ભેગા થયા તે બુઝુર્ગ આબિદે દુકાનદારને કહ્યું કે

આજે મને નસીહત કરવાની તક આપો. તેણે સ્વિકાર કર્યો. તે બુઝુર્ગે કહ્યું.

અય લોકો ! હું ફલાણાનો દીકરો છું અને લોકોના હકથી ખુબ ડરી ગયો છું. અલ્હમ્દોલિલ્લાહ ! દુનીયાના માલની દોસ્તી મારા દિલમાં નથી. અને સંતોષમાં દીવસો પસાર કરી રહયો છું. જે બનાવ મારી સાથે બન્યો છે તે તમને જણાવવા માંગુ છું અને તમને અલ્લાહના અઝાબની સખ્તીથી અને જહન્નમની આગથી ડરાવવા માંગુ છું.

અને સઝા જઝાના થોડા બનાવો તમારા સુધી પહોંચાડવા માંગુ છું. ધ્યાનથી સાંભળો. એક દીવસ હું કર્ઝનો મોહતાજ થયો. અને એક યહુદી પાસેથી દસ કીરઆન કર્ઝથી એ શરતે લીધા કે દરરોજ અડધું કીરઆન તેને પાછું આપીશ. હું તેને દસ દીવસ સુધી અડધો કીરઆન પાછા આપતો રહયો. તે પછી મેં તેને ન જોયો. મેં તેના વિષે લોકોને પુછયું તેઓએ કહયું કે તે બગદાદ ચાલ્યો ગયો છે. થોડા દીવસ પછી મેં

સપનામાં જોયું કે કયામત આવી ગઈ છે અને મને તથા બીજા લોકોને હિસાબ લેવાની જગ્યાએ લાવવામાં આવ્યા. હિસાબ પુરો થયા પછી હું જન્નતીઓની સાથે જન્નત તરફ ચાલવા લાગ્યો. જયારે હું પુલે સેરાત ઉપર પહોંચ્યો ત્યારે જહન્નમનો અવાજ સાંભળ્યો. પછી તે યહુદી માણસને જોયો કે આગની જવાળાઓ જહન્નમમાંથી બહાર નીકળ્યો અને મારા રસ્તાની આડો ઉભો રહી ગયો. તેણે કહયું મને પાંચ કીરઆન

આપો. હું તેની સામે રડયો અને કહયું મેં તને ઘણો ગોત્યો કે તને તારા પાંચ કુરઆન પાછા આપું પણ તું ન મળ્યો. તેણે કહયું જયાં સુધી તું મારી માંગણી પુરી નહીં કર ત્યાં સુધી તને જવા નહીં દઉં. મેં કહયું અત્યારે મારી પાસે છે જ નહીં કે તને આપું. પછી તેણે કહયું કે મારી એક આંગળી તારી છાતી પર અડાડવા દે પછી જતો રહેજે. તેણે પોતાની આંગળી મારી છાતીમાં ખોંસી દીધી. તેની બળતરાના કારણે હું

ફરિયાદ કરતો કરતો જાગી ગયો. મેં કહયું કે તેણે જે જગ્યાએ આંગળી ખોંસી હતી ત્યાં જખ્મ છે અને હજુ સુધી હું જખ્મી છું. જેટલી પણ દવા કરૂં છું તેનો કોઈ ફાયદો થતો નથી એમ કહીને તેણે પોતાની છાતી ખોલીને જખ્મ દેખાડયું. જયારે લોકોએ આ જોયું ત્યારે તેઓ આહ અને ફરિયાદ કરવા લાગ્યા. તે અત્તરવાળો અલ્લાહની સખ્તીથી ડરી ગયો અને તેણે તે શહેઝાદાને પોતાના

ઘરે લઇ જઈને તેની અમાનત પાછી આપી દીધી અને માફી માંગી. (મઆદ)

## રૂહો કબ્ર પર આવનારને જુએ છે (તેનું ધ્યાન હોય છે)

બરઝખની દુનીયામાં નેઅમતોથી રૂહ ખુશખુશહાલ હોય છે અથવા ગુનાહોની સજાને કારણે અઝાબમાં સપડાએલી હોય છે. પરંતુ શકય છે કે રૂહની શક્તિના કારણે શરીરને પણ અસર થાય અને તે પણ અઝાબના

માટીમાં મળી જાય. અથવા નેઅમતોથી ખુશખુશહાલ થઇ જાય અને ખુશ્બુદાર જોવામાં આવે. વધુમાં તે લોકોનું કહેવું નીરર્થક છે કે મોઅમિનની કબ્રની ઝિયારતની શું જરૂર છે જયારે કે તેમની રૂહો નમુનાના બીબારૂપે વાદીયુસ્સલામમાં છે. જેમકે હદીસકાર જઝાએરે અન્વારે નોઅમાનીયાના અંતમાં નોંધ કરે છે તેનો જવાબ એ છે કે હઝરત ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ)થી રિવાયત છે કે બેશક રૂહો

વાદીયુસ્સલામમાં છે. પરંતુ કબ્રોનું સ્થળના માટે તેઓની રૂહો ઘેરાવને જાણે છે. જે કોઈ પણ ત્યાં આવે છે તેઓ કબ્રના ઝવ્વારને જુએ છે. ઈમામ (અલય્હિસ્સલામ)એ રૂહોની સુરજની સાથે સરખામણી કરી છે. સુરજ જમીન ઉપર નથી. પરંતુ તેના કિરણોએ જમીનની દરેક જગ્યાને ઘેરી લીધેલ છે. તેવી જ રીતે રૂહો કબ્રના ઘેરાવ જાણે છે અને કબ્રના સ્થળ સાથે સંબંધ ધરાવે છે.

જેમ કે જનાબે હુર બિન યઝીદ રેયાહીનો બનાવ છે.

## જનાબે હુરની લાશનું તાજું નીકળવું

અન્વારે નોઅમાનીયામાં હદીસકાર જઝાએરી લખે છે કે જયારે શાહ ઈસ્માઈલ સફવી કરબલા આવ્યા ત્યારે તેણે અમુક લોકો સાથે જનાબે હુરના વિષે મેણા ટોણાભર્યા શબ્દો વાપર્યા. જે જનાબે હુરને સારા નહોતા માનતા. તેણે જનાબે હુરની કબ્ર ખોદવાનો હુકમ

આપ્યો. તેણે જોયું કે જનાબે હુરનું શરીર જેવી રીતે રાખ્યું હતું તેવી જ રીતે પડયું છે તેમાં કોઈ પણ જાતનો ફેરફાર થયો નથી. તેના માથા ઉપર રૂમાલ બાંધેલો હતો. જેમકે ઇતિહાસમાં છે કે આશુરાના દીવસે સય્યદુશ્શોહદાએ પોતાનો રૂમાલ તેમના જખ્મ ઉપર બાંધ્યો હતો. શાહે હુકમ કર્યો કે તે પોતાના કફનમાં રાખે. રૂમાલ જેવો ખોલવામાં આવ્યો કે જખ્મમાંથી લોહી વહેવા લાગ્યું. ફરી જખ્મ ઉપર રૂમાલ બાંધ્યો તો લોહી બંધ

થઇ ગયું. શાહે કહયું કે આ રૂમાલના બદલે બીજો રૂમાલ બાંધી દો. જયારે તેમ કર્યું તો પણ લોહી બંધ ન થયું પછી લાચારીએ તે જ રૂમાલ બાંધી દીધો અને બાદશાહને તેની આખેરતની નેકીની ખાત્રી થઇ. તે પછી બાદશાહે રોઝો બંધાવ્યો અને ત્યાં ખાદિમની નીમણુંક કરી.

## યઝીદની કબ્રમાંથી રાખનું નીકળવું

આથી ઉલટું જો કોઈ માણસ ઉપર અઝાબ થયેલ હોય તો રૂહના અઝાબની અસર કબ્રમાં પણ તેના શરીર ઉપર જોવા મળે છે. જેમ કે જયારે બની અબ્બાસને બની ઉમય્યા ઉપર જીત થઇ અને તેઓ દમિશ્કમાં ગયા ત્યારે તેઓએ બની ઉમય્યાની કબ્રોને ખરાબ કરવા ચાહયું. જયારે યઝીદ મલઉનની કબ્રને ખોદવામાં આવી ત્યારે તેમાં માટીની એક લીટી સિવાય બીજી કોઈ ચીઝ જોવામાં ન આવી. કુમમાં એક માણસને

કબ્રસ્તાનમાં દફન કરવામાં આવ્યો તો તેની કબ્રમાંથી આગની જવાળાઓ નીકળી જેનાથી આજુબાજુની બધી ચીઝો સળગીને રાખ થઇ ગઈ. (મઆદ)

## આલમે બરઝખ કયાં છે ?

શકય છે કે અમુક લોકોના દિલમાં એવો સવાલ પૈદા થાય કે આટલી લાંબી આલમે બરઝખ કયાં આવેલી છે ? તે સમજવા માટે આપણી અકકલ ટુંકી પડે. જો કે રિવાયતોમાં અમુક ઉદાહરણોની

ચર્ચા આવેલી છે કે બરઝખની દુનીયા આ જમીન અને આસમાનમાં ઘેરાએલી છે. જેમકે તે માની ઉદરની દુનીયામાં ઘેરાએલી છે. આથી વધુ ઉદાહરણો આપવા મુશ્કેલ છે. જો બાળકને માંના પેટના કહેવામાં આવે કે આ દુનીયાની બહાર એક એવી દુનીયા છે કે તેની સરખામણી માંના પેટની દુનીયાનું કોઈ સ્થાન નથી. તો તેના માટે આ સમજવું મુશ્કેલ છે. તેવી જ રીતે આપણી લાગણીઓને સમજનાર અકકલો

બરઝખની દુનીયાને સમજી નથી શકતી જેમ કે કુરઆનમાં છે.

“ફલા તઅલમો નફસુન મા ઉખ્ફેય લહુમ મિન કુર્રતે અઅયોન. જઝાઅમ બેમા કાનુ યઅમલુન.” - (સૂરએ સજદા / આયત નં. ૧૭)

“કોઈ માણસ એ નથી જાણતો કે તેની આંખોથી છુપાએલી કેટલી વસ્તુઓ તૈયાર કરવામાં આવી છે.”

તેથી હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી

વસલ્લમ)એ આપણને જે કાંઈ દેખાડયું છે તેને સાચી ઠરાવવી આપણા પર વાજીબ છે.

## નેક લોકોની રૂહ વાદીયુસ્સલામ (નજફ)માં હોય છે.

હદીસોમાં છે કે પૂર્વથી પશ્ચિમમાં જે પણ કોઈ મોઅમિન મૃત્યુ પામે છે તેની રૂહ તેના શરીર સાથે અમીરૂલ મોઅમેનીન હઝરત અલી (અલય્હિસ્સલામ)ની પાસે

વાદીયુસ્સલામમાં પહોંચી જાય છે. બીજી એક જગ્યાએ નજફની જમીનને મલાએકાઓની રહેવાની જગ્યા કહેવામાં આવી છે. જો રૂહનો સંબંધ જન્નતના ઉંચા ઉંચા મકાનો સાથે છે અને તેનું શરીર પણ નજફમાં દફન છે તો તેને વધુ મહેરબાની મેળવવાને પાત્ર છે. પરંતુ ખુદા ન કરે કે કોઈ માણસનું શરીર નજફમાં દફન કરવામાં આવે અને તેની રૂહ વાદીએ બરહુતમાં અઝાબમાં સપડાએલી હોય. તો તેની રૂહ શરીરની

સાથે નજદીકીને વધુ મજબુત કરે છે અને વાદીયુસ્સલામમાં તેનું દફન થવું અસર વગરનું નથી હોતું. જેમ કે આ જ કિતાબમાં અમુક કિસ્સાઓમાં દર્શાવાયું છે. (મઆદ)

## વાદીએ બરહુત યમનમાં છે.

વાદીએ બરહુત એ વેરાન અને સુકું રણ છે જયાં દાણા પાણીનું નામો નીશાન સુધ્ધાં નથી. પક્ષીઓ પણ બીકના માર્યા ત્યાંથી પસાર થતા નથી.

આ વાદી બરઝખના અઝાબનું કેન્દ્ર છે. જયાં વિકૃત અને ગંદી રૂહો અઝાબમાં સપડાએલી છે. તે યમનમાં આવેલી છે. વિસ્તૃત જાણકારી માટે અહિં એક હદીસની નોંધ કરૂં છું.

એક દીવસ એક માણસ હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની બેઠકમાં આવ્યો. તેના ચહેરા ઉપર ભય દેખાતો હતો. તેણે કહયું આકા ! મેં એક અજબ વસ્તુ જોઈ છે. આપે પુછયું શું જોયું ? તેણે

કહયું મારી પત્ની સખત બીમાર હતી તેણે મને કહયું કે જો મારા માટે વાદીએ બરહુતના કુવાનું પાણી લાવો તો હું સાજી થઇ જઈશ. પછી હું મશ્ક અને પ્યાલો લઈને પાણી લેવા માટે રવાના થયો. હું ભયાનક રણને જોઈને ઘણો ડર્યો અને તે વાદીમાં કુવાની શોધ કરવા લાગ્યો. અચાનક ઉપરથી સાંકળનો અવાજ સંભળાયો અને એક માણસને નીચે આવતા જોયો. તેણે મને કહયું કે મને પાણી આપો હું તરસથી મરી રહયો

છું. જયારે મેં પાણીનો પ્યાલો દેવા માટે મોઢું ઊંચું કર્યું તો જોયું કે તે માણસના ગળામાં સાંકળ છે. જયારે હું તેને પાણીનો પ્યાલો આપવા લાગ્યો તો તેને ઉપર ખેંચી લેવામાં આવ્યો એટલે સુધી કે તે સુરજ સુધી પહોંચી ગયો. મેં મશ્કમાં પાણી ભરવાનું શરૂ કર્યું ત્યારે ફરી તે માણસને આવતો જોયો અને તેણે તે જ ઈચ્છા જાહેર કરી. જયારે હું તેને પાણી આપવા લાગ્યો ત્યારે અગાઉની જેમ તેને ઉપર ખેંચી લેવામાં

આવ્યો. આ રીતે ત્રણ વખત બન્યું. મેં મશ્કનું મોઢું બાંધી લીધું અને ત્રીજી વખત તેને પાણી ન આપ્યું. હું ડરતો ડરતો આપની સેવામાં હાજર થયો જેથી જાણી શકું કે તે શું બાબત હતી ? હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ જવાબ આપ્યો કે તે નાલાયક કાબીલ છે જેણે તેના ભાઈ હાબીલને કત્લ કર્યા હતા. તે કયામત સુધી એ જ જગ્યાએ તેવી જ રીતે અઝાબમાં સપડાએલો રહેશે. ત્યાં સુધી કે

આખેરતમાં જહન્નમનો સખ્ત અઝાબ થશે.

## ઇબ્ને મુલ્જીમ ઉપર અઝાબ

કિતાબ નુરૂલ અબ્સારમાં સય્યદ મોઅમિન શાફેઈ અબુલ કાસિમ બિન મોહમ્મદથી રિવાયત છે કે મેં થોડાં લોકોને મસ્જીદુલ હરામમાં મકામે ઈબ્રાહીમ પાસે ભેગા થયેલા જોયા અને મેં ભેગા થવાનું કારણ પુછયું. તેમણે કહયું કે એક રાહીબ મુસલમાન થઇ

ગયો છે અને તેણે મકકામાં આવીને એક અજબ વાકેઓ સંભળાવ્યો છે. હું તેની પાસે ગયો તો જોયું કે એક તંદુરસ્ત બુઢ્ઢો ઉનનાં કપડાં પહેરીને બેઠો છે અને કહી રહયો છે કે હું એક દીવસ દરિયા કિનારે મારા ઈબાદતખાનામાં બેસીને દરિયાનું સુંદર દ્રશ્ય જોઈ રહયો હતો. અચાનક મેં ગધેડાનાં ચેહરાવાળું એક બહુ મોટું પક્ષી જોયું જે એક પથ્થર ઉપર આવીને બેસી ગયું અને તેણે માનવીના શરીરનો ચોથો ભાગ ઓકી નાંખ્યો અને ઉડી ગયો. ફરી

આવીને બીજો ચોથો ભાગ ઓકી નાંખ્યો. આવી જ રીતે ચાર વખત માનવીના અંગોને ઓકયા તે માણસ ઉઠયો અને પુરે પુરો મર્દ બની ગયો. હું આ જોઈને ખુબ જ દંગ થઇ ગયો. પછી જોયું કે તે જ પક્ષી આવ્યું અને તે મર્દનો ચોથો ભાગ ચાવ્યા વગર ગળી ગયું અને ઉડી ગયું. એવી જ રીતે ચાર વખત કર્યું. ફરી આવીને ઓકયું અને ઉડી ગયું. મારા આશ્ચર્યની હદ થઇ ગઈ કે આ શું મામલો છે ? આ માણસ કોણ છે ? તે પસ્તાવો

કરવા લાગ્યો કે મેં તેને પુછી લીધું હોત તો સારૂં થાત. ફરી બીજે દીવસે પણ તે જ પક્ષીને જોયું કે તેણે આવીને ચોથો ભાગ ઓકયો અને આ જ પ્રમાણે ચાર વખત કર્યું અને તે સંપુર્ણ માણસ બની ગયો. હું મારા ઈબાદતખાનામાંથી નીકળીને તેની પાસે ગયો અને તેને પુછ્યું કે તને એ જાતની કસમ છે જેણે તને પૈદા કર્યો છે તું મને કહે કે તું કોણ છો ? તેણે કહયું કે હું ઇબ્ને મુલ્જીમ છું. મેં પુછયું કે તારી બાબત શું છે ? તેણે કહયું

કે મેં હઝરત અલી ઇબ્ને અબી તાલિબ (અલય્હિસ્સલામ)ને શહીદ કર્યા હતા. અલ્લાહ તઆલાએ તે ફરિશ્તાને મારો ગુમાસ્તો નીમ્યો છે. તે દરરોજ મને આ જ પ્રકારનો અઝાબ આપે છે જે તે જોયો છે. પછી મેં ઈબાદતખાનામાંથી બહાર નીકળીને પુછયું કે અલી ઇબ્ને અબી તાલિબ કોણ છે ? લોકોએ કહયું કે હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ના કાકાના દીકરા ભાઈ છે અને વસી છે. તેથી મેં ઇસ્લામ

કબુલ કર્યો અને હજ અમે હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની કબ્રની ઝિયારતનું સન્માન મેળવ્યું (મઆદ)

## રૂહો પોતાના ઘરે આવીને ઇબ્રતનાક નસીહત કરે છે.

કુતુબ રાવન્દી લબ્બે લુબાબથી નોંધ કરે છે કે એક ખબરમાં છે કે માહે રમઝાનની દરેક શબે જુમ્આના મુર્દા પોતાના ઘરોના દરવાજા ઉપર આવીને

ફરિયાદ કરે છે અને રડે છે કે અય મારા સંતાનો ! અય મારા સગા વ્હાલાઓ ! મારા ઉપર એવી ચીઝો થકી મહેરબાની કરો જેથી ખુદા તમારા ઉપર રહેમત કરે. અમને તમારા દિલોમાં જગ્યા આપો અને ભૂલી જવાની કોશિશ ન કરો. અમારી ઉપર અને અમારી લાચારી ઉપર રહેમ કરો. એ સાચું છે કે અમે આ કૈદમાં ઘણી સખ્તી, તંગી, ફરિયાદ, કલ્પાંત અને દુઃખમાં સપડાએલા છીએ. અમારા ઉપર રહેમ કરો. અમારા માટે

દોઆ અને સદકામાં કંજુસાઈ ન કરો. કદાચ ખુદા અમારા ઉપર રહેમ કરે. તેના પહેલા કે તમે પણ અમારા જેવા થઇ જાવ. હાય અફસોસ ! અમે પણ તમારી જેમ શક્તિશાળી હતા. અય ખુદાના બંદાઓ ! અમારી વાતો સાંભળો અને તેને ભુલી ન જાવ. તેમાં શક નથી કે આટલી મોટી સંપત્તિ જેની ઉપર તમે કબ્જો ધરાવો છો તે કયારેક અમારા ઉપયોગમાં હતી. અમે તે ખુદાની રાહમાં ન વાપરી અને લોકોનો હક ઓળવતા

રહયા જે અમારી મુસીબતનું કારણ બન્યું અને બીજાઓ માટે લાભદાયક. એક દીરહમ, રોટલો, રોટલી કે કોઈ ચીઝના ટુકડાથી મહેરબાની કરો. અમે ફરિયાદ કરીએ છીએ કે જલ્દી જ તમે તમારા નફસ ઉપર રડશો અને તે સમયનું રડવું કોઈ ફાયદો નહીં પહોંચાડે જેમ કે અમે રડીએ છીએ પરંતુ અર્થ વગરનું. તેથી અમારી જેવા બનતા પહેલા કોશીશ કરો.

# બરઝખવાળાઓ માટે ફાયદાકારક અ’અમાલ

જામેઉલ અખ્બારમાં હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)થી આપના એક સહાબીએ નોંધ કરી છે કે તમારા મુર્દાઓને હદીયો પહોંચાડો. મેં પુછયું કે મુર્દાઓ માટે હદીયો શું છે ? આપે જવાબ આપ્યો કે સદકો અને દોઆ. વધુમાં કહ્યું કે દર જુમ્આના દીવસે રૂહો આસમાનથી પોતાના મકાન સામે

આવીને ફરિયાદ કરે છે અને દરેક રડીને અને ફરિયાદ કરીને કહે છે કે અય અમારા કુટુંબીજનો ! અય મારા સંતાનો ! અય મારા માં બાપ ! અય મારા સગાઓ ! ખુદા તમારા ઉપર રહેમત નાઝિલ કરે તમે મારા ઉપર મહેરબાની કરો. જે કાંઈ અમારા હાથમાં હતું તેનો હિસાબ અને અઝાબ અમારી ઉપર છે અને નફો પારકા માટે. દરેક પોતાના સગાઓને ફરિયાદ કરે છે કે મારા ઉપર એક દિરહમ, એક રોટલી કે કપડાં થકી

મહેરબાની કરો જેથી ખુદા તમને જન્નતનો પહેરવેશ આપે. પછી હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) રડી પડયા અને અમે પણ રડવા લાગ્યા. વધુ રડવાના કારણે આપનામાં તાકત ન રહીપછી કહયું આ તમારા દીની ભાઈ છે. મોજશોખના જીવન પછી માટીના ઢગલા નીચે દબાએલા પડયા છે. તેઓ પોતાના નફસ ઉપર અઝાબ અને હલાકતના કારણે આક્રોશ કરે છે અને કહે છે કે

અફસોસ અમે અમારી મુડી ખુદાની તાબેદારી અને તેની ખુશી માટે ખર્ચ કરી હોત તો આજે તમારા મોહતાજ ન હોત. આજે પશ્ચાતાપ અને દિલગીરી સાથે અમે ફરિયાદો કરીએ છીએ. જલ્દી તમારા મુર્દાઓને સદકો પહોંચાડો. આ જ કિતાબમાં આં હઝરત (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)નુ કથન છે જે પણ સદકો મય્યત માટે આપવામાં આવે છે ફરિશ્તાઓ તેને એક નુરાની થાળીમાં જેનો પ્રકાશ સાતે આસમાનોને

પ્રકાશિત કરે છે તેની કબ્ર પાસે ઉભા રહીને કહે છે.

“અસ્સલામો અલયકુમ યા અહલલ કોબુરે”

આ હદીયો તમારા કુટુંબીજનોએ તમારી તરફ મોકલ્યો છે. મય્યત તેને લઈને પોતાની કબ્રમાં દાખલ કરે છે તેથી તેની કબ્ર પહોળી થઇ જાય છે. આપે ફરમાવ્યું જે માણસ સદકાથી પોતાના મુર્દાઓ ઉપર મહેરબાની કરે છે તેને અલ્લાહ ઓહદના પહાડ જેટલો

બદલો આપે છે. કયામતના દીવસે તે આસમાનના છાંયામાં હશે. જયારે તેની સિવાય કોઈ બીજા ઉપર છાંયો નહીં હોય. આ સદકા થકી જીવતા અને મૃત્યુ પામેલા બંને છુટકારો મેળવે છે.

## મરહુમોના બાકી રહેલા હક અદા કરવા હકકુલ્લાહ, હકકુન્નાસ્ વિગેરે

અલ્લામા મજલીસી (અ.ર.) ઝાદુલ મઆદમાં લખે છે કે તમારા મુર્દાઓને ભૂલી ન જાવ. કારણ કે

તેઓના હાથ નેક અ’અમાલ કરવા માટે લાચાર છે. તેઓ પોતાના સંતાનો, ભાઈઓ અને સગાઓની આશા રાખતા હોય છે. અને તેઓના અહેસાનની રાહ જુએ છે. ખાસ કરીને નમાઝે શબ અને વાજીબ નમાઝ પછીની દોઆઓમાં. અને માં બાપ માટે બીજાઓથી વધારે દોઆ કરો અને નેક અ’અમાલ કરો. અમુક સંતાનો એવા પણ છે કે જેને માં બાપે પોતાની જિંદગીમાં તો આંક કર્યા હોય પણ માં બાપના મૃત્યુ પછી તે તેમના

માટે નેક અ'અમાલ કરવાથી તે નેક થઇ જાય છે. માં બાપ અને સગાઓ માટે સર્વશ્રેષ્ઠ નેકી એ છે કે તેઓનું કર્ઝ અદા કરો અને તેઓને અલ્લાહના હકથી આઝાદ કરો. હજ અને બાકીની બધી ઇબાદતો જે તેઓ પોતાની હયાતીમાં નથી કરી શકયા તમે પોતે ખુદ અથવા કોઈને તેની ઉજરત આપીને અદા કરવાની કોશિશ કરો.

એક વિશ્વાસપાત્ર હદીસમાં છે કે ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ)

દરેક રાત્રે પોતાની ઔલાદ માટે અને દીવસે માં બાપ માટે બે રકઅત નમાઝ પડતા હતા. પહેલી રકઅતમાં સૂરએ હમ્દ પછી ઇન્ના અન્ઝલ્ના અને બીજી રકઅતમાં ઇન્ના  અઅતયના કલ કૌસર. વધુમાં કહે છે કે અમુક સમયે મય્યત તંગી અને સખ્તીમાં સપડાએલું હોય છે. અને હક તઆલા તેને (કબ્રને) વિશાળ કરે છે અને તેની તંગીને દૂર કરે છે. અને તેને કહેવામાં આવે છે જે ખુશી તને આપવામાં આવી છે તે આ નમાઝના

બદલે છે. જે તારા ફલાણા મોઅમિન ભાઈએ તારા માટે પડી છે. રાવીએ પુછયું કે શું બે રકઅત નમાઝમાં બે મુર્દાઓ ભેગા કરી શકાય ? આપે જવાબ આપ્યો હાં ! મય્યત આ દોઆ અને ઇસ્તિગફારથી ખુશ થાય છે જે તેની પાસે પહોંચે છે. અને ફરમાવ્યું કે મય્યત માટે નમાઝ, રોઝા, હજ, સદકો અને બાકીના બધા નેક અઅમાલો અને તેનો સવાબ જે મય્યત માટે કરવામાં આવે છે તેની કબ્રમાં દાખલ થાય છે. અને

બંનેના અ’અમાલનામામાં લખાય છે. બીજી એક હદીસમાં છે કે જે માણસ મય્યત માટે નેક અ’અમાલ કરે તો હક તઆલા તેને બેવડાવી દે છે અને મય્યત તેનાથી લાભ ઉઠાવે છે.

## મરહુમો માટે આપેલ સદકાનો અઝીમ સવાબ

જયારે કોઈ માણસ મય્યત માટે સદકો આપે છે ત્યારે હક તઆલા જિબ્રઈલને હુકમ આપે છે કે સિત્તેર

હજાર ફરિશ્તાઓને લઈને તેની કબ્ર ઉપર જાવ. તેમાંના દરેક ફરિશ્તા ખુદાની નેઅમતથી ભરપૂર એક એક થાળી ઉઠાવીને આવે છે અને કહે છે કે અય વલીયુલ્લાહ ! તમારા ઉપર સલામ થાય. આ ફલાણા મોઅમિને તારી તરફ હદીયો મોકલ્યો છે જેના કારણે તેની કબ્ર પ્રકાશિત થઇ જાય છે. અને ખુદા બેહિશ્તમાં હજાર શહેર આપે છે. જન્નતની હુરો સાથે તેના નીકાહ કરે છે અને તેને બેહીશ્તના હજાર પહેરવેશ

આપે છે અને તેની એક હજાર હાજતો પૂરી કરે છે.

## મૃત્યુ પછીનો સાથી અ'અમાલ છે

કૈસ બિન આસીમ મુન્કરી બની તમીમની એક જમાઅતની સાથે હઝરત રસૂલે અકરમ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) પાસે પહોંચ્યો અને આપને લાભદાયક નસીહતની વિનંતી કરી. આપ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ તેને નસીહત

કરતા કરતા એ પણ કહયું કે અય કૈસ ! જયારે તું દફન થઈશ ત્યારે તારી સાથે એક સાથી જરૂર હશે. જે જીવતો અને તું મુર્દા હોઈશ. જો તે સન્માન સાથે હશે તો તું પણ સન્માન મેળવીશ અને જો તે અપમાનીત થયો તો તું પણ કમનસીબ હોઈશ. તું તેની સાથે હોઈશ અને તેની સાથે તને ઉઠાડવામાં આવશે અને તેનાથી જ સવાલ કરવામાં આવશે. તે સાથીને નેક બનાવ કારણ કે જો તું નેક હોઈશ તો તું તેની સાથે પ્રેમ અને

મોહબ્બત કરીશ અને જો ખરાબ થયો તો તું તેનાથી ડરતો રહીશ અને તે સાથી તારા અ’અમાલ હશે. કૈસે કહયું કે અય હઝરત ! હું ઈચ્છું છું કે આ વાએઝની નઝમ લખવામાં આવે જેથી અમે તેની ઉપર ગર્વ કરી શકીએ જે કાંઈ અમે અરબો પાસેથી મેળવ્યું છે અમે તે સંગ્રહ કરી લઈએ.

આં હઝરત (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ હેસાન બિન સાબિત શાએરને બોલાવવા માટે કોઈ

માણસને મોકલ્યો જેથી તે આવીને આની નઝમ બનાવે. સલસાલ બિન વલહીસ તે સમયે હાજર હતો તેણે હેસાન બિન સાબિતના આવતા પહેલા જ નઝમ બનાવીને કહયું.

“તખય્યર ખલીતન મિન ફેઆલેક ઇન્નમા વલા બુદ્દ બઅદલ મવ્તે મિન અન તઉદ્દોહુ ફઇન કુન્ત મશ્ગુલન બે શયઇન ફલા તકુન ફલન યસ્હબલ ઇન્સાનો મિન બઅદે મવ્તેહી અલા ઇન્નમલ ઇન્સાનો ઝયકુન લે અહલેહી”

“કરીનુલ ફતા ફી કબ્રેહી મા કાન યફઅલો લે યવ્મીન યોનાદલ મરઉ ફીહે વ યુકબલો બે ગયરીલ્લઝી યર્ઝા બેહીલ્લાહો તુશ્ગલો વ મિન કબ્લેહી ઇલ્લલ્લઝી કાન યઅમલો યોકીમો કલીલન બય્નહુમ સુમ્મ યરહલો”

તરજુમો : શેર નં. - ૧ “નેક અ’અમાલને તારો સાથી બનાવ કારણ કે અ’અમાલ જ ઇન્સાનની સાથે હશે.

શેર નં. - ૨ “મર્યા પછી કયામતના દીવસે જયારે એલાન કરનાર એલાન

કરશે ત્યારે તું પણ એ જ મુર્દાઓમાંથી ઉભો થશે”

શેર નં.- ૩ “સિવાય એ અ’અમાલ કે જેનાથી ખુદા રાજી થાય છે તારે બીજા કોઈ કામમાં રોકાએલા ન રહેવું જોઈએ”

શેર નં. - ૪ “મૌત પછી ઇન્સાનના એ જ અ’અમાલ સાથી હોય છે કે જે મૌત પહેલા દુનીયામાં કરતો હતો”

શેર નં. - ૫ “ખબરદાર ! ઇન્સાન દુનીયામાં આલ ઔલાદ પાસે મહેમાન

હોય છે જે થોડા દીવસ રોકાયા પછી ચાલ્યો જશે.”

## દીકરાનાં નેક કામોના હિસાબે પિતાની બખ્શિશ

શૈખ સદુક (અ.ર.) હઝરત ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ)થી રિવાયત કરે છે કે હઝરત રસૂલે અકરમ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું કે હઝરત ઇસા (અલય્હિસ્સલામ) એક એવી કબ્ર પાસેથી

પસાર થયા જેના મય્યત ઉપર અઝાબ થઇ રહયો હતો. ફરી એક વર્ષ પછી ત્યાંથી પસાર થયા તો જોયું કે તે મય્યત ઉપરથી અઝાબ ઉઠી ચુક્યો હતો. આપે અરજ કરી કે અય પરવરદિગાર ! હું ગયા વર્ષે આ કબ્ર પાસેથી પસાર થયો ત્યારે તેની ઉપર અઝાબ થઇ રહયો હતો હવે તે અઝાબ ઉઠી ચુક્યો છે.હઝરત ઇસા (અલય્હિસ્સલામ) ઉપર અલ્લાહ તઆલા તરફથી વહી ઉતરી. અય રૂહુલ્લાહ !

કબ્રના માલિકનો એક નેક દીકરો હતો જેણે બાલીગ થઈને લોકોની સુધારણા કરી. યતીમોને રક્ષણ આપ્યું અને રહેવા માટે જગ્યા આપી. તેથી મેં તેના દીકરાના નેક અ’અમાલના કારણે તેના ગુનાહ માફ કર્યા.

## કયામતની ભારે ઘડી (જનાબે જિબ્રઈલનું બેભાન થવું)

આખેરતની ભયાનક જગ્યાઓમાંનું એક કયામત છે. જેની ભયાનકતા અને

ખૌફ દરેક ડરથી સખ્ત છે. તેના ચિન્હોમાં અલ્લાહ તઆલા ફરમાવે છે.

“સકોલત ફીસ્સમાવાતે વલ અઝ્. લા તઅતીકુમ ઇલ્લા બગ્તતા.” - (સૂરએ અઅરાફ / આયત નં. ૧૮૭)

“કયામત જમીન અને આસમાન ઉપર રહેનારા મલાએકા, જીન્નાતો અને ઇન્સાનો માટે તેના સખ્ત અને હોલનાકીયોમાં સખ્ત અને મુશ્કેલ છે અને તે અચાનક આવી જશે.”

કુતુબ રાવન્દીએ હઝરત ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ)થી રિવાયત કરી છે હઝરત ઇસા (અલય્હિસ્સલામ)એ જિબ્રઈલને પુછયું કયામત કયારે આવશે ? જિબ્રઈલે જેવું કયામતનું નામ સાંભળ્યું કે શરીરમાં એવી ધ્રુજારી ફરી વળી કે તે પડીને બેભાન થઈ ગયા. જયારે હોશમાં આવ્યા ત્યારે કહેવા લાગ્યા કે અય રૂહુલ્લાહ ! કયામતના બારામાં સવાલ કરનારથી

વધુ જાણકારી નથી અને ઉપરની આયતની તિલાવત કરી.

## ઇસરાફીલનું જમીન તરફ આવવું (જિબ્રઈલનો કયામતના ડરથી રંગ બદલાઈ જવો, ધ્રુજી ઉઠવું)

શૈખ જલીલ અલી બિન ઈબ્રાહીમ કુમ્મી (અ.ર.) હઝરત ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ)થી રિવાયત કરે છે કે એક વખત હઝરત રસૂલે અકરમ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી

વસલ્લમ)ની પાસે જનાબે જિબ્રઈલ બેઠા હતા. જિબ્રઈલે અચાનક આસમાન તરફ જોયું અને ડરના કારણે તેમનો રંગ કેસર જેવો પીળો થઇ ગયો અને હઝરત રસૂલે અકરમ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની મદદ માંગી. હઝરત રસૂલે અકરમ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ તે તરફ નજર કરી જયાં જનાબે જિબ્રઈલે જોયું હતું. આપે એક ફરિશ્તાને જોયો જે પૂર્વથી પશ્ચિમ સુધી પાંખો ફેલાવે છે જાણે કે તે જમીનનો

ગિલાફ હોય. તે ફરિશ્તાએ આપણી તરફ જોઈને કહયું કે અય મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ! હું અલ્લાહ તઆલાનો સંદેશો લઈને આવ્યો છુ કે તમને ઇખ્તેયાર છે કે તમે બાદશાહી અને રિસાલત પસંદ કરી લો અથવા બંદગી અને રિસાલત. આપે જિબ્રઈલની તરફ જોયું કે તેની રંગત ફરી આવી ગઈ છે અને હોશમાં છે. જિબ્રઈલે બંદગી અને રિસાલત પસંદ કરવાનું કહયું તેથી

હઝરતે બંદગી અને રિસાલત પસંદ કરી. તે ફરિશ્તાએ પોતાનો જમણો પગ ઉપાડીને પહેલા આસમાનની ઉપર રાખ્યો પછી ડાબો પગ ઉપાડીને બીજા આસમાન ઉપર. આ રીતે સાતમાં આસમાન સુધી ગયો. દરેક આસમાનને એક ડગલું બનાવ્યું અને તે જેટલો ઉંચો થતો ગયો તેટલો નાનો બનતો ગયો છેવટે નાના પક્ષી જેવો બની ગયો. પછી આં હઝરત (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ જિબ્રઈલની સામે

જોઈને કહયું કે મેં તારા ભય અને રંગના ફેરફારથી વધારે ભયજનક ચીઝ કયારેય જોઈ નથી. જિબ્રઈલે કહયું કે આપ મને દોષ ન આપો. શું આપને ખબર છે કે તે ફરિશ્તા કોણ હતા ? તે રબ્બુલ આલમીનનો દરબાન ઇસરાફીલ હતો. જયારથી અલ્લાહે જમીન અને આસમાનને પૈદા કર્યા છે તે ફરિશ્તો નીચે નથી ઉતર્યો જયારે મેં તેને જમીન ઉપર આવતા જોયો ત્યારે મને એમ થયું કે તે કયામત શરૂ કરવા આવી રહયો છે

કયામતના ભયથી મારો રંગ બદલાઈ ગયો. જયારે મને ખાત્રી થઇ કે તે કયામત ફેલાવવા માટે નથી આવ્યો પરંતુ આપણે ચૂંટી લેવામાં આવ્યાની ખુશખબરી સંભળાવવા માટે આવ્યો છે ત્યારે હું મારી મૂળ સ્થિતિમાં આવી ગયો.

## દરેક જુમ્આનાં કયામત આવવાનાં ડરથી ફરિશ્તાઓનું ધ્રુજવું

એક રિવાયતમાં છે કે કોઈ ફરિશ્તો આસમાન અને જમીન, ખીણ અને પહાડ, રણ અને દરિયામાંથી એવો

નથી જે દરેક દરેક જુમ્આથી એવી રીતે ડરતો હોય કે કદાચ આ જુમ્આતનાં કયામત ન આવી જાય.

## કયામતનાં દીવસનું ભયજનક બયાન

કદાચ આસમાન, જમીન અને તમામ ચીઝોના ડરવાથી મતલબ તેના રહેવાસી અને તેઓને પ્રતિનીધિનો ભય હોય જેમ કે તફસીરકારોએ આયત

“સકોલત ફીસ્સમાવાતે વલ અર્ઝ”ની તફસીરમાં આ રીતે જ લખ્યું છે.

હઝરત રસૂલે અકરમ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) જયારે કયામતની ચર્ચા કરતા ત્યારે આપના અવાજમાં સખ્તી અને ગાલ ઉપર રતાશ છવાઈ જતી.

શૈખ મુફીદ (અ.ર.) ઈરશાદમાં લખે છે કે જયારે હઝરત રસૂલે અકરમ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) તબુકના લડાઈના

મૈદાનમાંથી મદીના તરફ પાછા ફરી રહયા હતા ત્યારે અમરૂ બિન મઅદી કર્બ આપની પાસે આવ્યો ત્યારે આપે કહયું. અય અમરૂ ! ઇસ્લામ કબુલ કર જેથી હક તઆલા તને કયામતના ખૌફથી સલામત રાખે. અમરૂએ કહયું કે અય મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ! કયામત શું છે ? હું એવો માણસ છું કે મને ડર લાગતો જ નથી.

આ રિવાયતથી અમરૂની બહાદુરી, હિંમત અને દિલની શક્તિનું અનુમાન થાય છે. તે પોતાના ઝમાનાનાં મશહુર બહાદુરોમાંથી હતો. તેણે ઘણા બીન અરબ ઇલાકાઓમાં વિજય મેળવ્યો હતો. અને તેની તલવાર સીમસામ મશહુર હતી. તેની તલવારનો એક જ ઝાટકો ઊંટના ધડને જુદું કરી દેતો હતો. ઉમર બિન ખત્તાબે  પોતાના સમયમાં તેની તલવાર ભેટ રૂપે માંગી હતી અને અમરૂએ તલવાર આપી દીધી. ઉમરે

એક જગ્યા ઉપર તેને જોરથી મારી જેથી તેની કસોટી કરી શકે. તે તલવારે જરા પણ અસર ન કરી ઉમરે તેણે દૂર ફેંકી દીધી અને કહયું કે આ તો કોઈ ચીઝ નથી. અમરૂએ કહયું અય બાદશાહ ! તે મારી પાસેથી તલવાર માંગી હતી નહીં કે તલવારનો ઝટકો મારવા માટે બાવડા. ઉમર બિન ખત્તાબ અમરૂના શબ્દોથી ગુસ્સામાં આવી ગયો અને તેનાથી નારાજ થયો અને ઉમરના કહેવાથી અમરૂને કત્લ કરાવી નાખ્યો.

જયારે અમરૂએ કહયું કે મને કયામતનો ખૌફ નથી ત્યારે હઝરત રસૂલે અકરમ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ કહયું કે અય અમરૂ ! કયામતનો ખૌફ એવો નથી જેવી તું કલ્પના કરી રહયો છે. મુર્દાઓ માટે એક સૂર ફૂંકવામાં આવશે જેથી બધા મુર્દાઓ જીવતા થઇ જશે અને કોઈ જીવતો એવો નહીં હોય જે મરી નહીં જાય. (સિવાય તે લોકો કે જેને ખુદા ન મારવા ચાહે). ફરી બીજી વખત સુર ફૂંકવામાં આવશે

જેનાથી દરેક મુર્દાઓ જીવતા થઇ જશે અને લાઈન બાંધીને ઉભા રહી જશે. જહન્નમની જવાળાઓ પહાડ જેવી હશે અને જમીન ઉપર પડી રહી હશે. દરેક જીવોની રૂહોનું દિલ ભાંગી પડશે અને પોત પોતાના ખુદાને યાદ કરશે. નફસા નફસીની હાલત હશે. સિવાય તે લોકો જેને ખુદા ચાહશે તેને સુરક્ષિત રાખશે. અય અમરૂ તું કયાં ભટકી રહયો છે ? અમરૂએ કહયું હું તે અઝીમ કામના બારામાં તમામ વાતો સાંભળી રહયો છું.

અને તે તે જ સમયે પોતાની કૌમ સાથે ખુદા અને રસુલ ઉપર ઈમાન લાવ્યો.

## કયામતની સખ્તીથી સુરક્ષિત રાખનાર અ'અમાલ

પહેલું : શૈખ કુલૈની (અ.ર.) હઝરત ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ)થી રિવાયત કરે છે કે હઝરત રસૂલે અકરમ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું કે જે માણસ સફેદ દાઢીવાળા

વૃધ્ધને માન આપશે તેને અલ્લાહ તઆલા કયામતના ભયથી સુરક્ષિત રાખશે.

બીજું : શૈખ કુલૈની (અ.ર.) હઝરત ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ)થી રિવાયત કરે છે કે જે માણસ મકકાના હરમમાં દફન થાય તે કયામતના ભયથી બચી જશે.

ત્રીજું : શૈખ સદુક (અ.ર.) હઝરત રસૂલે અકરમ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)થી રિવાયત કરે છે કે

જે માણસ કોઈ પણ પ્રકારનો વિષય વાસનાની બુરાઈથી માત્ર અલ્લાહ તઆલાના ડરના કારણે દૂર રહેશે તો તેને માટે અલ્લાહ તઆલા જહન્નમની આગને હરામ કરી દેશે અને કયામતના ખૌફથી સુરક્ષિત રાખશે.

ચોથું : આં હઝરત (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ફરમાવે છે કે જે માણસ મર્દ હોવા પછી પણ નફસની ઈચ્છાઓનો વિરોધ કરશે તો

અલ્લાહ તઆલા તેને કયામતના ખૌફથી સુરક્ષિત રાખશે.

પાંચમું : શૈખ કુમ્મી (અ.ર.) હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલય્હિસ્સલામ)થી લખે છે કે જે માણસ શક્તિ ધરાવતો હોવા છતાં પોતાના ગુસ્સાને પી જાય તો અલ્લાહ તઆલા તેના દિલને ઈમાનથી ભરપૂર કરે છે અને કયામતના ખૌફથી સુરક્ષિત રાખશે.

# વિલાયતે અલી (અલય્હિસ્સલામ) બહેતરીન નેકી છે.

છઠ્ઠું : જે હઝરત અલી (અલય્હિસ્સલામ)ની વિલાયતનો સ્વિકાર કરે તે એ છે કે સંપૂર્ણ સલામતિ હોવા પછી કોઈ ખૌફ નથી અને તે કયામતના ભયથી સુરક્ષિત રહેશે.

“ઇન્નલ્લઝીન સબકત લહુમ મિન્નલ હુસ્ના. ઉલાએક અન્હા મુબઅદુન. લા યસ્મઉન હસીસહા. વહુમ ફી મસ્તહત અન્ફોસોહુમ ખાલેદુન. લા

યહઝોનોહોમુલ ફઝઉલ અકબરો વ તતલકકાહોમુલ મલાએકતો. હાઝા યરમોકોમુલ્લઝી કુન્તુમ તુઅદુન.” - (સૂરએ અંબિયા / આયત નં. ૧૦૧ થી ૧૦૩ )

જે લોકોના માટે અમારી તરફથી પહેલાથી જ ભલાઈ (લખવામાં આવી ચુકી) છે તે લોકોને તેના (દોઝખ)થી દૂર રાખવામાં આવશે ત્યાં સુધી કે તે લોકો તેની ભણક પણ નહીં સાંભળી શકે અને આ લોકો હંમેશા પોતાની મન માંગી

મુરાદોમાં ચૈનથી રહેશે અને તેઓને કયામતનો મોટામાં મોટો ભય પણ ડરાવી નહીં શકે. અને ફરિશ્તાઓ તેઓને કહેશે કે આ જ તે દીવસ છે જેનો તમને વાયદો કરવામાં આવ્યો હતો.”

હઝરત રસૂલે અકરમ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ફરમાવે છે કે અય અલી (અલય્હિસ્સલામ) ! તમે અને તમારા શિયા કયામતના દીવસે સલામત હશો. અને આ આયત તમારા તરફ રજુ છે

અને વિલાયતે અલી (અલય્હિસ્સલામ) અને આલે અલી (અલય્હિસ્સલામ) છે. અને જેમ કે કુરઆનમાં વાયદો કરવામાં આવ્યો છે.

“મન જાઅ બિલ હસનતે ફલહુ ખયરૂમ મિન્હા. વહુમ મિન ફઝઇન યવ્મએઝીન આમેનુન.” - (સૂરએ નમ્લ / આયત નં. ૮૯)

“ જે શખ્સ નેક કામ કરશે તેના માટે તેની જઝા તેનાથી કયાંય વધીને

છે. અને આ લોકો તે દીવસે ખૌફ અને ખતરાથી હિફાઝતમાં રહેશે.”

તફસીરે આમા કશાફ, સઅલબી અને કબીરમાં છે કે જે માણસ હુસ્ના સાથે આવશે તે કયામતના દીવસે સુરક્ષિત હશે. હુસ્નાથી મુરાદ હઝરત અલી (અલય્હિસ્સલામ) છે. જે માણસ આલે મોહમ્મદની મોહબ્બતની સાથે મરી ગયો અને તૌબા કરીને પાક થઇ ગયો તો જયારે તે કબ્રમાંથી બહાર નીકળશે તો તેના માથા ઉપર વાદળોનો

છાંયો હશે અને કયામતના ભયથી સુરક્ષિત રહેશે અને જન્નતમાં દાખલ થશે.

સાતમું : શૈખ સદુક (અ.ર.) ઈમામ જાફર સાદિક(અલય્હિસ્સલામ)થી રિવાયત કરે છે કે જે માણસ દુઃખી અને તરસ્યા મોઅમિન ભાઈને પોતાની શક્તિથી મદદ કરશે અને તેના દુઃખ દૂર કરીને આરામ અપાવશે અથવા તેની જરૂરત પુરી કરવા માટે કોશિશ કરશે તો હક તઆલા તેને બોંતેર પ્રકારની

નેઅમતો આપશે. તેમાંની એક તો એ છે કે દુનીયામાં તેને રોજી મેળવવા માટે પોતાની રહેમતથી મદદ કરશે.બાકીની એકોતેર રહેમતો કયામતની ભયાનકતા અને ડરને માટે અનામત રાખશે.

મોઅમિન ભાઈઓની હાજતો પુરી કરવા વિષે ઘણી રિવાયતો આવેલી છે. હઝરત ઈમામ બાકિર (અલય્હિસ્સલામ) ફરમાવે છે કે જો કોઈ માણસ પોતાના મોઅમિન ભાઈની હાજત પુરી કરવા માટે નીકળે તો હક તઆલા તેને માટે

પાંચ હજાર સિત્તેર ફરિશ્તાઓને તેના ઉપર છાંયો કરવાનો હુકમ આપે છે. તે બહાર પગલું માંડે તે પહેલા અલ્લાહ તઆલા તેના અ’અમાલનામામાં નેકીઓ લખી નાંખે છે. હઝરત ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ) ફરમાવે છે કે મોઅમિન ભાઈની હાજત પુરી કરવી શ્રેષ્ઠ છે હજ, હજ, હજથી ત્યાં સુધી કે આપે દસ વખત ફરમાવ્યું. (એટલે કે મોઅમિન ભાઈની હાજત પુરી કરવી દસ હજ કરવા કરતા બહેતર છે)

મનકુલ છે કે બની ઈસરાઈલમાં એક આબીદ હતો જે બીજાની હાજત પુરી કરવી તે પોતાની ફરજ માનતો હતો. શૈખ જલીલ શાઝાન બિન જિબ્રઈલ કુમ્મીએ હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)થી રિવાયત લખી છે કે આપે બીજી બેહીશ્તના દરવાજે લખેલું જોયું

“લા એલાહા ઇલ્લલ્લાહો મોહમ્મદુર રસુલુલ્લાહે અલીયુંવ વલીયુલ્લાહ.”

દરેક ચીઝનું એક સ્વરૂપ હોય છે. અને સરવરે કાએનાતે ફરમાવ્યું કે કયામતના ચાર સ્વરૂપ છે.

(૧) યતીમો ઉપર હાથ ફેરવવો, (૨) વિધવા સ્ત્રીઓ ઉપર મહેરબાની કરવી, (૩) મોઅમિન ભાઈની હાજત પુરી કરવા માટે જવું, (૪) ફકીરો અને લાચારોની ખબર લેવી વિગેરે.

આલિમો અને દીનના બુઝુર્ગો મોઅમિનોની હાજત પુરી કરવા માટે

ઘણી મહેનત કરતા હતા. આ પ્રકરણમાં તેઓના ઘણા કિસ્સાઓ લખેલા છે.

આંઠમું : શૈખે કુલૈની (અ.ર.) ઈમામ અલી રઝા (અલય્હિસ્સલામ)ની નોંધ લખે છે કે જે માણસ પોતાના મોઅમિન ભાઈની કબ્ર ઉપર જાય અને તેની ઉપર હાથ રાખીને સાત વખત સૂરએ કદ્ર પઢે તો હક તઆલા તેને મહેશરની સખ્તીથી સલામત રાખશે.

બીજી રિવાયતમાં છે કે કિબ્લા તરફ મોઢું રાખીને હાથ કબ્રમાં ગાડે તો

કયામતના દિવસની ભયાનકતાના ડરથી સલમાત રહે છે. શકય છે કે પઢનાર માટે હોય. અને અમુક રિવાયતોથી આ જ રીતે જાહેર થાય છે.

## ઇસરાફીલનું સૂર ફૂંકવું અને કયામત વિષે આયતો

ખલ્લાકે આલમ જયારે દુનીયાનો અંત લાવી કયામત ફેલાવવાનો ઈરાદો કરશે ત્યારે ઇસરાફીલને હુકમ આપશે કે તે સૂર ફૂંકે. સૂર ઘણો મોટો અને નુરાની

હશે. જેનું એક માથું અને બે ડાળો હશે. ઇસરાફીલ બયતુલ મુકદ્દસમાં પહોંચી કિબ્લા તરફ મોઢું કરીને સૂર ફૂંકશે. જયારે જમીનની તરફવાળી ડાળ અવાજ આપશે ત્યારે જમીનવાળા મૃત્યુ પામશે. જયારે આસમાન તરફવાળી ડાળથી અવાજ નીકળશે ત્યારે આસમાનના જીવોનો નાશ થઇ જશે. પછી કુદરત તરફથી ઇસરાફીલને હુકમ થશે. “મુતુ” તો તે પણ મરી જશે. સૂર ફૂંકવાના સમયે આ દુનીયાની તબાહીનો જે નકશો

કુરઆને શરીફમાં રજુ કરવામાં આવ્યો છે તે આ છે.

“બીસ્મિલાહ હિર રહમા નીર રહીમ”

“એઝા વકઅતીલ વાકેઅતો, લય્સ લે વકઅતેહા કાઝેબા. ખાફેઝતુન રાફેઆ. એઝા રૂજજતીલ અર્ઝો રજજન. વ બુસ્સતિલ જેબાલો બસ્સા. ફ કાનત હબાઅમ મુમબસા.” - (સૂરએ વાકેઆ / આયત નં. ૧ થી ૬)

“રહેમાનો રહીમના નામથી શરૂં કરૂં છું. જયારે કયામત આવી પહોંચે

જેના આવવામાં કોઈ જુઠ નથી. તે ઝલીલ કરનાર પણ છે અને બલંદ કરનાર પણ. જયારે જમીનને હલાવવામાં આવશે જેવો કે હલાવવાનો હક છે અને પહાડોને એવી રીતે ઉખાડી નાખવામાં આવે જેવો કે ઉખાડવાનો હક છે અને તે એવી થઇ જશે જાણે કે વિખરાએલા જમીનના ટુકડા.”

“યવ્મ તોબદ્દલુલ અર્ઝો ગયરલ અર્ઝે વસ્સમાવાતો વ બરઝુલિલ્લાહીલ

વાહેદીલ કહ્હાર.” - (સૂરએ ઈબ્રાહીમ / આયત નં. ૧૪૮)

“જે દિવસે જમીન બીજી જમીન સાથે બદલી નાખવામાં આવશે અને આસમાન બીજા આસમાનો સાથે અને બધા જબરદસ્ત અને એક ખુદા સામે ઉભા હશે.”

એઝસ્સમાઉન ફતરત. વ એઝલ કવાકેબુનતસરત. વ એઝલ બેહારો ફુજ્જેરત. વ એઝલ કોબુરો યુબ્સેરત. અલેમત નફસુમ મા કદ્દમત વ

અખ્ખરત.” - (સૂરએ ઇન્ફેતાર / આયત નં. ૧ થી ૫)

“જયારે આસમાન ફાટી જશે અને અને તારાઓ પડીને વિખરાઈ જશે અને દરેક નફસ જાણી લેશે કે તેણે આગળ શું મોકલ્યું છે અને પાછળ શું છોડીને આવ્યો છે.”

“એઝશ્શમ્સો કુવ્વેરત, વ એઝન નોજુમુન કદરત, વ એઝલ જેબાલો સુય્યેરત.” - (સૂરએ તકવીર / આયત નં. ૧ થી ૩)

જયારે કે સુરજની રોશની લપેટી લેવામાં આવશે અને તારાઓની રોશની જતી રહેશે અને જયારે કે પહાડ ચલાવવામાં આવશે.”

“ફ એઝા બરેકલ બશરો, વ ખસફલ કમરો, વ જોમેઅશ્શમ્સો વલ કમરો.” - (સૂરએ કયામત / આયત નં. ૭ થી ૯)

“જયારે આંખો ચકાચોંધ કરી દેવામાં આવશે અને ચાંદને ગ્રહણ લાગી

જશે અને સુરજ અને ચાંદને ભેગા કરી દેવામાં આવશે.”

“લા તઅતેકુમ ઇલ્લા બગતતન.” - (સૂરએ અઅરાફ / આયત નં. ૧૮૭)

“એટલે કે કયામત અચાનક આવી જશે.”

“ફલા યસ્તતીઉન તવ્સેયતંવ વલા એલા અહલેહીમ યરજેઉન.” - (સૂરએ યાસીન / આયત નં. ૫૦)

"વસિય્યત કરવાની પણ મોહલત આપવામાં આવશે નહીં અને ન લોકો પોતાના ઘરે પાછા જઈ શકશે."

પછી અલ્લાહનો ગુસ્સો ભર્યો અવાજ પડઘાશે. અય અકડાઈને ચાલનારાઓ ! અય સલ્તનત અને હુકુમત ઉપર ઘમંડ કરનારાઓ ! અય ખુદાઈના દાવેદાર ! આજે તમારી તે સલ્તનતો અને હુકુમતો કયાં છે ? "લે મનીલ મુલ્કુલ યવ્મ." "આજે કોની હુકુમત છે" કોઈને જવાબ આપવાની

તાકત કયાં છે ? કુદરતનો અવાજ આવશે. “લિલ્લાહીલ વાહેદીલ કહહાર” “આજે કહહાર અને જબ્બારની હુકુમત છે.” (અહસનુલ ફવાએદ)

## ફરી વખત જીવંત થવું, કબ્રમાંથી નીકળતી વખતે હાલત

આખી દુનીયા અલ્લાહ ચાહશે ત્યાં સુધી આ જ રીતે તબાહ નાશ પામેલી રહેશે. કોઈએ મઅસુમ (અલય્હેમુસ્સલામ)ને પુછયું કે આ બે

તબકકાઓ વચ્ચે કેટલા સમયનું અંતર હશે ? ત્યારે મઅસુમીન (અલય્હેમુસ્સલામ)એ જવાબ આપ્યો કે ચાલીસ વર્ષ અને બીજી રિવાયત મુજબ ચારસો વર્ષના સમયગાળા સુધી આ જ હાલત રહેશે. તેના પછી ચાલીસ દિવસ સુધી વરસાદ થતો રહેશે અને દરેક જીવના માલિકના નાના નાના રેશાઓ ભેગા થઇ જશે. સૌથી પહેલા ઇસરાફીલ ખુદાના હુકમથી જીવતો થઇ જશે અને તેને સૂર ફૂંકવાનો હુકમ થશે. અને

મુર્દાઓ જીવતા થઇ જશે. અવાજ આવશે.

"અય્યોહલ અરવાહુલ ખારેજતો વલ લોહુમુલ મોમઝઝેકતો વલ એઝામુલ બાલેયતો વશ્શોઉરૂલ મુતફર્રેકતો હલુમ્મુ લિલ હેસાબે."

"અય શરીરમાંથી નીકળેલી રૂહો ! વિખરાએલા ગોશ્ત અને સડેલા હાડકાઓ અને વિખરાએલા વાળો. પાછા આવીને ભેગા થઇ જાવ અને હિસાબ આપવા માટે આગળ વધો."

જમીન ખુદાના હુકમથી તેની અંદરની ચીઝોને ઓકી નાખશે. “વ અખ્રજતીલ અર્ઝો અસ્કાલહા” અને જમીનની અંદર જે કાંઈ શરીરો, અંગો હશે તે સખ્ત ધરતીકંપથી બહાર આવી જશે અને એક જ વખતમાં બધા લોકો ઉભા થઇ જશે. પરંતુ બધા લોકોનો દેખાવ અને વાતચીત અલગ હશે. નેક લોકો ખુદાનો શુક્ર કરતા નીકળશે કે “અલ્હમ્દોલિલ્લાહિલ્લઝી સદકના વઅદહુ” બધા વખાણ તે ઝાત માટે છે

જેણે પોતાનો વાયદો સાચો કરી બતાવ્યો અને થોડાં “વા હસરતા”ની ફરિયાદ કરતા કરતા કબ્રોમાંથી નીકળશે. “યા વય્લતના મમ બઅસના મિમ મરકદેના” “હાએ અફસોસ ! અમને કોણે કબ્રોમાંથી ઉઠાડી દીધા.”

એક રિવાયતમાં છે કે એક પગ કબ્રની બહાર અને એક અંદર હશે અને આવી જ રીતે હૈરતમાં ઉભા ઉભા ત્રણસો વર્ષ વિતી જશે. આ કયામતના અઝાબની શરૂઆત હશે. મોઅમિનો કહેશે

કે પરવરદિગાર ! અમને જલ્દી અસલ જગ્યાએ પહોંચાડી આપ જેથી જન્નતની મિઠાશનો આનંદ મેળવું અને કાફીરો કહેશે કે અય પરવરદિગાર ! અમને અહીં જ રહેવા દે. કારણ કે અહીં અઝાબ થોડો ઓછો છે. (મઆદ)

## કબ્રોમાંથી નીકળવું

જયારે ઇન્સાન કબ્રમાંથી બહાર આવશે તે ખતરનાક સમય અને સૌથી

વધારે સખત ભયાનક ઘડીઓમાંથી છે. હક તઆલા ફરમાવે છે.

“ફઝરહુમ યખુઝુ વ યલઅબુ હત્તા યોલાકુ યવ્મહોમુલ્લઝી યુઅદુન. યવ્મ યખરોજુન મેનલ અજદાસે સેરાઅન કઅન્નહુમ એલા નોસોબીન યુફેઝુન. ખાશેઅતન અબ્સારોહુમ તરહકોહુમ ઝિલ્લહ. ઝાલેકલ યવ્મુલ્લઝી કાનુ યુઅદુન.” - (સૂરએ મઆરિજ / આયત નં. ૪૨ થી ૪૪)

"બસ તું તેઓને છોડી દે કે તેઓ ઝઘડતા અને રમતા રહે ત્યાં સુધી કે તેઓ તે દિવસથી મુલાકાત કરે જેનો તેમને વાયદો કરવામાં આવ્યો છે. તે દિવસે તેઓ કબ્રોમાંથી એવી રીતે જલ્દીથી નીકળી પડશે જાણે તેઓ ટોળા તરફ દોડતા જાય છે. તેઓની આંખો આજેઝી કરવાવાળી હશે, તેઓ ઉપર ઝિલ્લતનો અઝાબ હશે આ જ તે દિવસ છે જેનો તેમનાથી વાયદો કરવામાં આવ્યો હતો."

ઇબ્ને મસઉદથી રિવાયત છે કે હું હઝરત અલી (અલય્હિસ્સલામ)ની પાસે હતો ત્યારે આપે કહયું. દરેક માણસ માટે કયામતમાં પચાસ રોકાણો છે અને દરેક રોકાણ હજાર વર્ષનું છે.

અહીંથી પહેલું રોકાણ કબ્રમાંથી બહાર નીકળવાનું છે તેમાં માણસ હજાર વર્ષ ખુલ્લા પગે અને ખુલ્લા શરીરે રહેશે. ભુખ અને તરસથી સખત પીડાતો હશે. જે માણસ અલ્લાહને એક માનવું, જન્નત અને દોઝખ, બેઅસત, હિસાબ અને

કયામતને માનતો હશે અને પોતાના પયગમ્બરને સાચા માનતો હશે અને તેઓના ઉપર ખુદાવંદે તઆલા તરફથી આપવામાં આવેલ હુકમો ઉપર ઈમાન ધરાવતો હશે તે ભૂખ અને તરસથી સલામત રહેશે.

## કયામતના દિવસની ભયાનકતા વિષે હઝરત અલી (અલયહિસ્સલામ)નું બયાન

અમીરૂલ મોઅમેનીન હઝરત અલી (અલયહિસ્સલામ) નહજુલ

બલાગાહમાં ફરમાવે છે. “કયામતનો દિવસ તે એ દિવસ છે જયારે ખુદા હિસાબ અને અ’અમાલના બદલા માટે આગળના અને પાછળના તમામ સર્જનોને ભેગા કરશે. આ બધા લોકો નમ્ર બનીને હાજર થશે. તેઓના મોઢાં સુધી પસીનો ઉતર્યો હશે અને જમીનના ધરતીકંપે તેઓમાં ધ્રુજારી પૈદા કરી દીધી હશે. તેઓમાંના સૌથી નેક અને સૌથી વધારે ખુશહાલ તેઓ હશે જેમણે દુનીયામાં પસંદ કરવાને લાયક

ચારિત્ર્યના લીધે પગ જમાવવા માટે કોઈ જગ્યા બનાવી લીધી હશે. અને પોતાના આરામ માટે કોઈ મકાન બનાવી લીધું હશે.

## હઝરત અલી (અલયહિસ્સલામ)ની ફઝીલતનો ઇન્કાર કરનારાઓ ઉપર અઝાબ

શૈખે કુલૈની (અ.ર.) હઝરત ઈમામ જાફર સાદિક (અલયહિસ્સલામ)થી રિવાયત કરે છે કે કયામતના દિવસે લોકો પરવરદિગારે

આલમના દરબારમાં એવી રીતે ઉભા હશે કે જેવી રીતે તીર અંદાજનું તીર એટલે કે તીરને કામઠામાં રાખી દેવાથી જેવી રીતે કોઈ જગ્યા રહેતી નથી તેવી જ રીતે તે દિવસે લોકોના ઉભા રહેવા માટે જગ્યા એટલી ઓછી હશે કે ફકત પોતાનો પગ રાખી શકશે અને તેઓ પોતાની જગ્યાએથી હલી પણ નહીં શકે. ગુનેહગાર તેઓના ચહેરાથી ઓળખાઈ જશે. ટુંકમાં અહીં વધુ વિગત લખવી જરૂરી છે તેથી અમુક લોકોની હાલત

દર્શાવવામાં આવે છે કે તેઓ કેવી સ્થિતિમાં કબ્રમાંથી બહાર આવશે.

પહેલું : શૈખે સદુક (અ.ર.) લખે છે કે ઇબ્ને અબ્બાસથી રિવાયત છે કે આં હઝરત (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું કે હઝરત અલી (અલય્હિસ્સલામ)ની ફઝીલતમાં શક કરનાર કયામતના દિવસે તેની કબ્રમાંથી એવી રીતે બહાર નીકળશે કે તેના ગળામાં ત્રણસો કાંટાવાળી બેડી હશે અને તેના દરેક ભાગમાં એક શૈતાન

હશે જેના ચહેરા ઉપર ગુસ્સાની નીશાની હશે અને તે તેની ઉપર થુંકી રહયો હશે.

## માલમાં અલ્લાહનો હક અદા ન કરનાર પર અઝાબ

બીજું : શૈખે કુલૈની (અ.ર.) હઝરત ઈમામ બાકિર (અલય્હિસ્સલામ)થી રિવાયત કરે છે કે હક તઆલા અમુક લોકોને તેની કબ્રમાંથી એ રીતે બહાર કાઢશે કે તેઓના હાથ અને ગળા એટલી સખ્ત રીતે બાંધેલા હશે કે તેઓ જરા પણ

હલાવી શકશે નહીં. તેઓના ઉપર ફરિશ્તા મુકેલા હશે કે તેઓની ઉપર લઅનત મલામત કરતા હશે અને તેઓને ઝટકા આપીને કહેતા હશે કે આ તે લોકો છે જેઓને અલ્લાહ તઆલાએ માલ આપ્યો પરંતુ તેમાંથી તેઓએ અલ્લાહ તઆલાનો હક અદા ન કર્યો.

## ચુગલખોર પર અઝાબ

ત્રીજું : શૈખે સદુક (અ.ર.) હઝરત રસૂલે અકરમ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની એક લાંબી

હદીસમાં કહે છે કે જે માણસ બે માણસો વચ્ચે ચાડી અને ચુગલખોરી કરે છે તેની કબ્ર ઉપર અલ્લાહ તઆલા આગનો અઝાબ મોકલે છે જે તેને કયામત સુધી સળગાવતો રહેશે. જેવી તે કબ્રમાંથી બહાર આવશે તેવો અલ્લાહ તઆલા તેની ઉપર બહુ મોટા સાંપ મોકલશે જે તેના ગોશ્તને ત્યાં સુધી કરડયા કરતો હશે જયાં સુધી કે તે જહન્નમમાં દાખલ ન થઇ જાય.

# નામહેરમ સામે નજર કરનાર પર અઝાબ

ચોથું : આં હઝરત (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ફરમાવે છે કે જે માણસ નામહેરમ સ્ત્રીને જોઈને આનંદ માણે છે તેને અલ્લાહ તઆલા કયામતના દિવસે લોઢાના પિંજરામાં બાંધીને ઉઠાડશે અને મહેશરમાં લોકો વચ્ચે લાવીને તેને દોઝખમાં દાખલ કરવાનો હુકમ કરશે.

# શરાબખોર પર અઝાબ

પાંચમું : આં હઝરત (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ફરમાવે છે કે શરાબખોરો કયામતના દિવસે એવી રીતે ઉઠશે કે તેઓના ચેહરા કાળા, આંખો દબાએલી, મોઢું સુકાએલું અને તેમાંથી પાણી વહેતું હશે અને તેની જીભને મોઢામાંથી બહાર કાઢવામાં આવશે. ઈલ્મુલ યકીનમાં હદીસકાર ફૈઝથી વિશ્વાસપાત્ર હદીસમાં છે કે શરાબખોર કયામતના દિવસે એ રીતે ઉઠાડવામાં

આવશે કે ગંદી દુર્ગંધ આવતી હશે અને તેની પાસેથી દરેક પસાર થનાર તેની ઉપર લઅનત કરશે.

## વ્યાજખોર પર અઝાબ

છઠ્ઠું : જયારે વ્યાજ લેનાર કબ્રમાંથી નીકળશે ત્યારે તેનું પેટ એટલું મોટું હશે કે જમીન ઉપર પડેલો હશે. તે તેને ઉપાડવા માટે નીચે નમવા ચાહશે. પરંતુ નમી શકશે નહીં. આ નીશાની

જોઈને મહેશરવાળા સમજી જશે કે આ વ્યાજખોર છે.

## કયામત માટે ઉપયોગી અ’અમાલ

આ હેતુ માટે અસંખ્ય ઉપયોગી ચીઝો છે. અહીં થોડી ચીઝોની તરફ ઈશારો કરીશ.

(૧) જનાઝામાં શિરકત કરવી : એક હદીસમાં છે કે જે માણસ જનાઝાની સાથે ચાલે છે હક તઆલા તેના માટે ઘણા

ફરિશ્તાઓ નીમે છે જે કબ્રથી લઈને મહેશર સુધી તેનો સાથ આપે છે.

(૨) મોઅમિનની મદદ કરવી : શૈખ સદુક (અ.ર.) ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ)થી રિવાયત કરે છે કે જે માણસ કોઈ મોઅમિનનું દુઃખ દર્દ દૂર કરે છે તો અલ્લાહ તઆલા તેના આખેરતના દુઃખ દર્દને દૂર કરશે અને તે કબ્રમાંથી ખુશખુશહાલ ઉભો થશે.

(3) મોઅમિનને ખુશ કરવા : શૈખે કુલૈની (અ.ર.) અને શૈખે સદુક (અ.ર.)

ઈમામ જાફર સાદિક(અલય્હિસ્સલામ)થી રિવાયત કરે છે કે જયારે અલ્લાહ તઆલા કોઈ મોઅમિનને તેની કબ્રમાંથી ઉઠાડશે ત્યારે તેની આગળ આગળ એક મિસાલી શરીર પણ હશે તે જયારે પણ કોઈ તકલીફ કે મુસીબત જોશે ત્યારે તે મિસાલી શરીર કહેશે કે તું ગમગીન કે દુઃખી ન થા તને અલ્લાહ તઆલા તરફથી બક્ષિશ અને ખુશ્બુબદીની ખુશખબર છે. આ મિસાલી શરીર હિસાબના સ્થળ સુધી તેને સતત ખુશ

ખબરી સંભળાવ્યા કરશે. પછી અલ્લાહ તઆલા તેનો હિસાબ આસાન કરશે અને તેને જન્નતમાં દાખલ થવાનો હુકમ સંભળાવવામાં આવશે તે મિસાલી શરીર આગળ હશે તે મોઅમિન તેને કહેશે ખુદા તારા ઉપર રહેમ કરે તું મને મારી કબ્રમાંથી બહાર લાવ્યો અને સતત અલ્લાહ તઆલાની રહેમત અને ખુશ્નુતદીની ખુશ ખબર આપતો રહયો. તું કેટલો સારો દોસ્ત છો હવે હું એ ખુશખબરોને મારી આંખોથી જોઈ રહયો

છુ મને એટલું તો કહે કે તું કોણ છો ? તે કહેશે હું તે ખુશી અને આનંદ છું જે દુનીયામાં તું તારા મોઅમિન ભાઈઓ માટે ભેગો કરતો હતો. તેથી અલ્લાહ તઆલાએ તેના બદલામાં મને પૈદા કર્યો જેથી હું તને આ મુશ્કેલ સમયમાં ખુશખબરની આગાહી કરતો રહું.

(૪) ગરીબ મોઅમિનને કપડાં આપવા : શૈખે કુલૈની (અ.ર.) હઝરત ઈમામ જાફર સાદિક(અલય્હિસ્સલામ)થી રિવાયત કરે છે કે જે માણસ શરદી કે

ગરમીમાં પોતાના મોઅમિન ભાઈને કપડાં પહેરાવે છે તો હક તઆલા ઉપર વાજીબ થઇ જાય છે કે તે તેને જન્નતના કપડાં પહેરાવે અને તેની મૌત અને કબ્રની તકલીફોને દૂર કરે. જયારે તે કબ્રમાંથી બહાર આવે ત્યારે ફરિશ્તાઓ તેની મુલાકાત કરશે અને તેને અલ્લાહની ખુશ્નુદીની ખુશખબર આપશે. અલ્લાહ તઆલાએ આ આયતમાં તેની તરફ ઈશારો કર્યો છે.

“વ તતલકકાહોમુલ મલાએકતો હાઝા યવ્મોકોમુલ્લઝી કુન્તુમ તુઅદુન.” - (સૂરએ અંબિયા / આયત નં. ૧૦3)

“અને ફરિશ્તાઓ તેમની મુલાકાત કરશે અને કહેશે આ જ તમારો તે દિવસ છે જેનો તમને વાયદો કરવામાં આવ્યો હતો.”

(૫) માહે શાઅબાનમાં પડવાની દોઆ : સય્યદ ઇબ્ને તાઉસ (અ.ર.) કિતાબે ઇકબાલમાં હઝરત રસૂલે અકરમ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી

વસલ્લમ)થી રિવાયત કરે છે કે જે માણસ શાઅબાનમાં એક હજાર વખત “લા એલાહ ઇલ્લલ્લાહો વલા નઅબોદો ઇલ્લા ઇય્યાહો મુખ્લેસીન લહુદ્દીન વ લવ કરેહલ મુશ્રેકુન”પઢે તો હક તઆલા તેના નામએ અ’અમાલમાં એક હજાર વર્ષની ઈબાદત લખે છે અને તેના એક હજાર વર્ષના ગુનાહોને માફ કરે છે. જયારે તે કયામતના દિવસે તેની કબ્રમાંથી બહાર આવશે ત્યારે તેનો ચહેરો ચૌદમીના ચાંદ જેવો પ્રકાશિત

અને તેનું નામ સાચું બોલનારાઓમાં હશે.

(૬) માહે રમઝાનની શરૂઆતમાં જવશને કબીર પડવું : દોઆએ જવશને કબીરને માહે રમઝાનની શરૂઆતમાં પડવી પણ ફાયદાકારક છે.

(૭) તકવા, પરહેઝગારી રાખવી : તકવા અને પરહેઝગારી કયામતનો લિબાસ છે "વ લેબાસુત્તકવા ઝાલેક ખયર." મુત્તકી અને પરહેઝગાર ખુદાઈ લિબાસની સાથે મહેશરમાં આવશે અને

આ એ જ લોકો છે જેમને ખુદાએ વાયદો કર્યો છે કે તેઓ કયામતના દિવસે નગ્ન નહીં આવે.

## કયામતમાં દસ ગિરોહ આવશે

શૈખ અમીનુદ્દીન તબરસી મજમઉલ બયાનમાં બરા બિન આઝબથી નકલ કરે છે કે એક દિવસ મઆઝ બીન જબલ હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની પાસે અબુ અય્યુબ

અન્સારીના ઘરે બેઠો હતો કે મઆઝને હઝરત રસૂલે અકરમ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ને સૂરએ નબાઅની આ આયત “યુન્ફખો ફિસ્સુરે ફ તઅતુન અફવાજન.”ની વિષે પુછયું. અર્થાત “જે દિવસે સૂર ફૂંકવામાં આવશે ત્યારે લોકોના ટોળે ટોળા ભેગા થશે” આં હઝરત (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું અય મઆઝ ! તે મને એક સખત સવાલ કર્યો છે. પછી આં હઝરત (સલ્લલ્લાહો અલય્હે વ

આલેહી વસલ્લમ)ની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યા પછી ફરમાવ્યું મારી ઉમ્મતના લોકો દસ પ્રકાર ઉપર આધારિત જુદાં જુદાં ચહેરાઓમાં ઉભા થશે.

(૧) અમુક વાંદરાના મોઢાંવાળા.

(૨) અમુક જંગલી સુવ્વરના મોઢાવાળા.

(૩) અમુક ઉંધા માથે ચાલીને આવશે.

(૪) અમુક આંધળા હશે જે હરી ફરી નહીં શકે.

(૫) અમુક બહેરા અને મુંગા હશે જે કોઈ ચીઝ સમજી નહીં શકે.

(૬) અમુકની ઝબાનો બહાર નીકળેલી હશે.

(૭) અમુક ઝાડની સળગતી ડાળીઓ સાથે લટકી રહયા હશે.

(૮) અમુક માણસોના હાથ પગ કપાએલા હશે.

(૯) અમુક મુર્દારથી પણ વધારે ગંદા અને દુર્ગંધ મારતા હશે.

(૧૦) અમુકે ડામરનાં લાંબા લાંબા ઝભ્ભા પહેરેલા હશે જે આખા શરીરની ચામડી સાથે ચોંટેલા હશે.

જે લોકો જંગલી ભુંડોના ચહેરામાં હશે તે હરામખોર હશે. જેમ કે લાંચ રૂશ્વેત વિગેરે. જે લોકો ઉંધા માથે હશે અને જે લોકો અંધ હશે તેઓ સખ્તી અને ઝુલ્મની સાથે સત્તા ચલાવતા હતા. બહેરા અને મુંગા તે લોકો હશે જે પોતાના ઇલ્મ, હોંશિયારી અને અ'અમાલ ઉપર ઘમંડ કરતા હતા. પોતાની જીભોને

ચુસવાવાળા આલિમો અને કાજીઓ હશે જેમના અ'અમાલ અને કથન વિરૂધ્ધ હતા. જેના હાથ પગ કપાએલા હશે તેમણે દુનીયામાં પોતાના કુટુંબને તકલીફ આપી હતી. જે લોકોને સળગતી ડાળીઓ પર લટકાવી દેવામાં આવ્યા હશે તેઓ બાદશાહો અને હાકીમોની પાસે ચાડી ખાતા હતા અને ચુગલખોરી કરતા હતા. જે લોકો મુર્દારથી વધુ દુર્ગંધ મારતા હશે જે વિષય વાસનાનો આનંદ માણવામાં મદમસ્ત રહેતા હતા અને

અલ્લાહનો હક અદા ન કરતા હતા. જે લોકો ડામરનાં કપડામાં જકડાએલા હશે તેઓ દુનીયામાં અભિમાન અને ઘમંડ કરતા હતા.

## પચાસ હજાર વર્ષનો એક દિવસ, એક હજાર વર્ષનું એક સ્ટેશન

“કાન મિકદારોહુ ખમ્સીન અલ્ફ સનતીન.” - (સૂરએ મઆરિજ / આયત નં. ૫)

“(તે એક દિવસ) જેનો અંદાજ પચાસ હજાર વર્ષનો હશે.”

બેહારૂલ અન્વાર (ભાગ – ૩)માં મઅસુમ (અલય્હેમુસ્સલામ)ની થોડી રિવાયતો નકલ કરવામાં આવી છે કે કયામતના પચાસ તબકકા છે જેમાનો દરેક તબકકો એક હજાર વર્ષનો છે અને ગુનેહગારોને દરેક તબકકામાં એક હજાર વર્ષ રોકવામાં આવશે. આ સંખ્યાનો અર્થ સમયગાળાનો ભાગ છે નહિં તો તે દિવસ એવો છે જે દિવસે ન સુરજ હશે

ન ચાંદ. અહીં માત્ર દુનીયાના દિવસની બરાબર ગણતરી લખી છે. ઇન્સાનની આંખો દરેક ચીઝો જોઈ લેશે જે તેઓ રાતના અંધકારમાં નથી જોઈ શકતા. દુનીયામાં જે કામો એક બીજાથી ખાનગીમાં કર્યા કરતા હતા તે બધા જાહેર થઇ જશે અને જોઈ શકાશે. "યવ્મ તુબ્લસ્સરાએરો" અને બીજી એક જગ્યાએ અલ્લાહ તઆલાનો ઈરશાદ છે

"વ બદા લહુમ મેનલ્લાહે મા લમ યકુનુ યહતસેબુન."

“અને દરેક તે વસ્તુ જાહેર થઇ જશે જેની તેઓને કલ્પના પણ ન હતી.”

દુનીયા અંધકારથી ભરાએલી છે કોઈને બીજાની અંદર છુપાએલી બાબતની ખબર નથી પરંતુ પોતાની ખુદની અંદર પણ છુપાએલી બાબતોથી પણ અજાણ છે. પરંતુ કયામતનો દિવસ વાસ્તવિક દિવસ છે. તેમાં તેમાં વાસ્તવિક સુરજ કયામતના દિવસે પચાસ હજાર વર્ષની બરાબર ચમકતો રહેશે. જેથી આપણે સમજી લઈએ કે હું

શું હતો અને મારા બીજા સાથીઓ શું હતા. તેનો પહેલો તબકકો આશ્ચર્ય છે કે ઇન્સાન કેટલાય વર્ષો સુધી કબ્રના કિનારે દિગ:મુઢ ઉભો રહેશે. તે ભયના કારણે આ સ્થિતિમાં ઘોંઘાટ સિવાય બીજો કોઈ અવાજ સાંભળી નહીં શકે. “વ ખશેયતિલ અસ્વાતો લિર રહમાને ફલા તસ્મઓ ઇલ્લા હમસન.” અને તે અવાજ કરવા માંગશે પરંતુ તેનું દિલ ભયના કારણે ગળાને આંચકા આપશે. “એઝલ કોલુબો લદલ હનાજેરે

કાઝેમીન” કોઈના પણ ગળામાંથી અવાજ નીકળી શકશે નહીં. પછીનો તબકકો એકબીજાના ખબર પુછવાનો હશે. “વ અકબલ બઅઝોહુમ અલા બઅઝીન યતસાઅલુન.” આ રીતે એક પછી એક તબકકાઓ પસાર થતા રહેશે. સૌ પતંગિયાની જેમ વિખરાએલા હશે. “યવ્મ યકુનુન્નાઆસો કલ ફરાસીલ મબસુસ” તેના ભાઈ ભાઈથી, માં બાપ અને આલ ઔલાદથી ભાગશે. “યવ્મ યફીર્રુલ મરઓ મિન અખીહે વ ઉમ્મેહી

વ અબીહે વ સાહેબતેહી વ બનીહે" આ તે દિવસ છે કે કોઈ માણસ ભાગી નહીં શકે ફરિશ્તાઓ દરેક બાજુએથી તેને ઘેરી લેશે. "યા મઅસરલ જીન્ને વલ ઇન્સે એનીસ તતઅતુમ અન તન્ફોઝુ મિન અકતારીસ્સમાવાતે વલ અર્ઝે ફનફોઝુ" અય જીન્નાત અને ઇન્સાન ! જો તમે ભાગવાની શક્તિ ધરાવતા હો તો આસમાન અને જમીનમાંથી ભાગી જાવ. ઇન્સાન કહેશે "અયનલ મફર્રો" કયાં ભાગી શકુ છું. સિવાય કે પરવરદિગારે

આલમની હુજુરમાં ઉભા રહેવા સિવાય કોઈ ઠેકાણું નથી. પછી સવાલનો તબકકો આવશે. દરેક માણસ પોતાના દોસ્તો અને સગાવ્હાલાઓને સવાલ કરશે કે તમારી થોડી નેકીઓ મને આપી દો. બાપ દીકરા ઉપર એહસાન જતાવશે કે તારા માટે કેટલી તકલીફો ઉઠાવીને રાહત આપી છે. હું ખાતો ન હતો અને મારૂં ખાવાનું તને આપતો હતો. હવે એક નેકી તું આપી દે. દીકરો કહેશે કે હું અત્યારે તમારા કરતા વધુ મોહતાજ છું

કોઈની ફરિયાદ ઉપર ધ્યાન નહીં આપે. (મઆદ)

## નામ એ અ'અમાલ

કયામતની ભયજનક મંઝિલોમાંથી એક મંઝિલ અ'અમાલનામું આપવાની છે. હકતઆલા ફરમાવે છે. "વ એઝસ્સોહોફો નુસરત" (સૂરએ તકવીર) અને જે દિવસે નામ એ અ'અમાલ ખોલવામાં આવશે. આ તે બાબતોમાંથી છે જેના ઉપર અકીદો રાખવો દીનની

જરૂરતોમાંથી છે. કુરઆને મજીદમાં છે કે કેરામન કાતેબીન અ’અમાલને લખે છે અને જે કાંઈ પણ તમો કરો છો તે જાણે છે. “કેરામન કાતેબીન યઅમલુન મા તફઅલુન” એક બીજી જગ્યાએ આ બંને ફરિશ્તાઓને રકીબ અને અતિદના નામથી યાદ કરવામાં આવ્યા છે. “મા યલ્ફેઝો મિન કવ્લીન ઇલ્લા લદય્હે રકીબુન અતિદુન”

ઇન્સાન જે કાંઈ કરે છે તેને જુએ છે ત્યાં સુધી કે તે નેકીનો ઈરાદો કરે છે

તે પણ લખી લે છે. રાવીએ ઈમામ (અલય્હિસ્સલામ)ને પુછયું કે તેઓને નેકીની નીય્યતની કેવી રીતે ખબર પડે છે ? કે તે લખી લે છે. હઝરતે જવાબ આપ્યો ઇન્સાન જયારે નેકીનો ઈરાદો કરે છે ત્યારે તેના મોઢામાંથી ખુશ્બુ પ્રસરે છે જેથી ફરિશ્તા સમજી જાય છે કે તેણે નેકીનો ઈરાદો કર્યો છે. તેથી તેના અ'અમાલનામામાં એક નેકી લખે છે કે તેણે નેકીનો ઈરાદો કર્યો છે. જયારે તે બુરાઈનો ઈરાદો કરે છે ત્યારે તેના

મોઢામાંથી દુર્ગંધ આવે છે તેથી ફરિશ્તાને તકલીફ થાય છે તેથી તેણે ખબર પડી જાય છે. ઇન્સાન જયારે નેકીનો ઈરાદો કરે છે ત્યારે તેના અ'અમાલનામામાં એક નેકી લખી નાંખે છે અને જો તે ઈરાદા મુજબ કામ કરે તો દસ નેકી લખવામાં આવે છે. અને ગુનાહ તે સમય સુધી નથી લખવામાં આવતા જયાં સુધી તે અમલન રીતે ન કરવામાં આવે જેમ કે આ આયતથી જાહેર થાય છે.

“મન જાઅ બિલ હસનતે ફલહુ અશ્રો અમ્સાલેહા. વ મન જાઅ બિસ્સય્યેઅતે ફલા યુજઝા ઇલ્લા મિસ્લહા વ હુમ લા યુઝલમુન.” - (સૂરએ અન્આમ / આયત નં. ૧૬૦)

“જે માણસ નેકી કરશે તેનો તેને દસ ગણો સવાબ મળશે અને જે માણસ બદી કરશે તો તેની સજા તેને બસ એટલી જ આપવામાં આવશે અને તે લોકો (કોઈ પણ રીતે) સતાવવામાં નહીં આવે.”

ખુદાની શાન એ છે કે જયારે કોઈ માણસ ગુનાહ કરે છે અને અતિદા તેને લખવા ચાહે છે તો રકીબ તેને કહે છે કે તેને મોહલત આપો કદાચ પ્રાયશ્ચિત કરીને તૌબા કરી લે. તે તેને પાંચથી સાત કલાક સુધી લખતો નથી. જો તે તૌબા ન કરે તો તેઓ કહે છે જે આ બંદો કેટલો બેશરમ છે અને તેના અ'અમાલનામામાં એક ગુનાહ લખે છે.

જાહેર રિવાયતથી જાણવા મળે છે કે દરેક માણસના બે અ'અમાલનામા

હોય છે. (૧) જેમાં નેકીઓ લખવામાં આવે છે (૨) તે કે જેમાં ગુનાહ લખવામાં આવે છે અને તેમાં ઇન્સાનના દરેક કામ લખવામાં આવે છે. ત્યાં સુધી કે તે ફૂંક પણ જે આગ સળગાવવા માટે મારવામાં આવે છે.

"વ કુલ્લો શયઇન ફઅલુહો ફીઝ ઝોબોરે કુલ્લો સગીરીન વ કબીરીન મુસ્તકર્રૂન."

શૈખ સદુક (અ.ર.) એઅતેકાદમાં નોંધ કરે છે કે એક દિવસ અમીરૂલ મોઅમેનીન હઝરત અલી

(અલય્હિસ્સલામ) એક જગ્યાએથી પસાર થઇ રહયા હતા ત્યારે તેમની નજર થોડાં નવજવાનો ઉપર પડી. જે ઠઠ્ઠા મશ્કરી કરી રહયા હતા અને હસતા હતા. હઝરતે કહયું કે તમારા અ'અમાલનામાને શા માટે કાળું કરો છો ? તેઓએ આપને પુછયું કે શું આ બાબતો પણ લખાય છે. આપે કહયું હાં, ત્યાં સુધી કે તે શ્વાસ પણ લખાય છે જે બહાર નીકળે છે. તે કાંટાનો સવાબ પણ જે રસ્તામાંથી હટાવવામાં આવે છે. આ

મામુલી કામ પણ નકામા નથી જતા. (મઆદ)

## જેના અ’અમાલ નેક હશે તે ખુશ હશે અને પોતાનું અ’અમાલનામું બીજાને બતાવતા હશે.

“ફ અમ્મા મન ઉતેય કેતાબહુ બે યમીનેહી ફ યકુલો હા ઓ મુકરઉ કેતાબેહી. ઇન્નિ ઝનન્તો ઇન્નિ મોલાકીન હેસાબેયહ. ફહોવ ફી ઈશતીન રાઝેયતીન. ફી જન્નતીન આલેયતીન.” -

(સૂરએ અલહાકકહ / આયત નં. ૧૯ થી ૨૧)

જે બાળક સ્કુલમાં કે મદ્રેસામાં પહેલા નંબરે આવે છે તે એટલો ખુશ થઇ જાય છે કે પોતાના દોસ્તોને બોલાવીને કહે છે કે આવો મારી પ્રગતિ જુઓ કે હું પહેલા નંબરે આવ્યો છું. તેવી જ રીતે કયામતના દિવસે મોઅમિન પોતાના અ'અમાલનામાને જમણા હાથમાં લઈને ખુશ થઈને પોતાના દોસ્તોને બોલાવશે "હા ઓ મુકરઉ

કેતાબેયહ.” “આવો ! મારા નામ એ અ’અમાલને વાંચો. મારા નમાઝ, રોઝા અને બીજા અ’અમાલો કબુલ થઇ ગયા. મારી તરફ જુઓ “ઇન્નિ ઝનન્તો અન્નિ મોલાકીન હેસાબેયહ.” “હું દુનીયામાં આ હિસાબના દિવસની મુલાકાતથી ચિંતામાં હતો આજે મારો હિસાબ પુરો થઇ ગયો. “ફ હોવ ફી ઇશતીન રાઝેયતીન” “પછી તે માણસ ખુશખુશહાલ છે અને બેહીશ્તમાં હંમેશા આનંદમય જિંદગીમાં રહેશે.

પરંતુ તે ઠોઠ નીશાળીયો બાળક જે નાપાસ થાય તે ખાંચા ગલીમાં માથું જુકાવીને ખરાબ હાલતમાં પોતાના ઘર તરફ ચાલ્યો જાય છે. તે એવી ઈચ્છા કરે છે કે અફસોસ હું મરી ગયો હોત અથવા કયારેક પોતાની જાતને આશ્વાસન આપે છે.

## ખરાબ અ'અમાલવાળાઓનો વાવયલા

બસ આવી જ હાલત તે સમયે ગુનેહગારોની હશે.

“વ અમ્મા મન ઉતેય કેતાબહુ બેશેમાલેહી. ફયકુલો યા લયતની લમ ઉત કેતાબેયહ. વલમ અદરે મા હેસાબેયહ. યા લયતહા કાનતિલ કાઝેયહ. મા અગ્ના અન્નિ માલેયહ. હલક અન્નિ સુલ્તાનેયહ. - (સૂરએ હાકકહ / આયત નં. ૨૫ થી ૨૯)

અફસોસ ! મને મારૂં નામએ અ’અમાલ આપવામાં ન આવતું અને હું

તેના કારણે બદનામ ન થતો અને અફસોસ મારો હિસાબ હું ન જાણતો. કારણ કે તેમાં અઝાબ અને હસરત સિવાય બીજું કાંઈ પણ નથી. અફસોસ તે મૌત જેનાથી હું દુનીયામાં ડરતો હતો તે હંમેશાની મૌત હોત. અને તેના પછી આ ઝિંદગી ન હોત. આ કડવાશ મૌતની કડવાશ કરતા પણ વધારે સખ્ત છે. અને મને મારા માલે જે મેં દુનીયામાં ભેગો કર્યો હતો બેપરવાહ ન કર્યો હોત. મારી તે છાપ અને હુકમ કરવાની સત્તા

પુરી થઇ ગઈ અને હું હલ્કો અને બદનામ થઇ ગયો.

“વ અમ્મા મન ઉતેય કેતાબહુ વરાઅ ઝહરેહી. ફસવ્ફ યદઉ સોબુરન. વ યસ્લા સઈરન.”

“જે માણસને તેનું અ’અમાલનામું પીઠની પાછળથી આપવામાં આવશે તે આવી રીતે કે તેના જમણા હાથને તેની ગરદન સાથે બાંધી દેવામાં આવશે અને ડાબા હાથને પીઠની પાછળ કરીને તેનું અ’અમાલનામું ડાબા હાથમાં આપવામાં

આવશે અને તેને કહેવામાં આવશે કે તારા નામએ અ'અમાલને વાંચ. તે કહેશે કે હું પીઠની પાછળથી કેવી રીતે વાંચી શકું છું. પછી તેની ગરદનને મરડી નાંખવામાં આવશે અને વાંચવાનું કહેવામાં આવશે.

“ઈતરઅ કેતાબક વ કફા બે નફસેકલ યવ્મ હસીબન.”

અને તે દરેક ગુનાહોની વિગત જે કર્યા હશે વાંચીને “સોબુરન”નો પોકાર કરશે.

“યા વય્લતના મા લે હાઝલ કેતાબે લા યોગાદેરો સગીરતન વલા કબીરતન ઇલ્લા અહસાહા વ વજદુ મા અમેલુ હાઝેરન વ લા યઝલેમો રબ્બોક અહદન.”

અફસોસ અમારા ઉપર આ કિતાબને શું થઇ ગયું છે કે તેણે કોઈ નાની મોટી ચીઝ નથી છોડી જે ગણવામાં ન આવી હોય અને તે પોતાના દરેક અમલ પોતાની સામે હાજર થએલ જોશે. અને તારો

પરવરદિગાર કોઈના ઉપર ઝુલ્મ નથી કરતો. (મઆદ)

## અ'અમાલનામાનો ઇન્કાર

અમુક રિવાયતોથી એ પણ સાબિત થાય છે કે તે સમયે અમુક લોકો એવા પણ હશે જે આવા સમયમાં સ્પષ્ટ રીતે નકારી કાઢશે કે બારે ઇલાહા ! જે અ'અમાલ અને કાર્યો આ નામએ અ'અમાલમાં લખાએલા છે તે અમારા નથી.

હઝરત ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ)થી રિવાયત છે કે તે સમયે ખલ્લાકે આલમ અ'અમાલ લખનારાઓને સાક્ષી તરીકે રજુ કરશે ત્યારે તેઓ કહેશે બારે ઇલાહા ! આ તારા ફરિશ્તાઓ છે અને તારી જ તરફદારીમાં ગવાહી આપી રહયા છે. નહીં તો હકીકત એ છે કે આ કામ અમે હરગિઝ નથી કર્યા. અને તેઓ પોતાના દાવા માટે કસમો ખાશે. જેમ કે કુરઆને મજીદમાં છે.

“યવ્મ યબઅસોહોમુલ્લાહો જમીઅન ફ યહલેફુન લહુ કમા યહલેફુન લકુમ.” - (સૂરએ મુજાદેલા / આયત નં. ૧૮)

“જે દિવસે ખલ્લાકે આલમ તેઓને ઉઠાડશે (તેઓ બદ અ’અમાલ ન કરવા) ઉપર એવી જ રીતે કસમ ખાશે જે રીતે તમારા માટે ખાય છે.”

જયારે તેઓની બેશરમી આટલી હદે વધી જશે ત્યારે ખલ્લાકે આલમ તેઓના મોઢાં ઉપર મહોર મારી દેશે.

અને તેના અંગ ઉપાંગો પોકારી પોકારીને સાક્ષી આપશે.

“અલ યવ્મ નખ્તેમો અલા અફવાહેહીમ વ તોકલ્લેમોના અયદીહીમ વ તશ્હોદો અરજોલોહુમ બેમા કાનુ યકસેબુન.” - (સૂરએ યાસીન / આયત નં. ૬૫)

આજે અમે તેઓના મોઢાં ઉપર મોહર મારી દઈશું અને જે જે કારસ્તાનો તેઓ (દુનીયામાં) કરતા હતા ખુદ

તેઓના હાથ અમને બતાવી દેશે અને તેઓના પગ સાક્ષી આપશે.”

બીજી એક જગ્યાએ ફરમાવ્યું.

“વ યવ્મ યુહસરો અઅદાઉલ્લાહે એલન્નાારે ફહુમ યુઝઉન. હત્તા એઝા મા જાઉહા શહેદ અલય્હિમ સમઓહુમ વ અબ્સારોહુમ વ જોલુદોહુમ બેમા કાનુ યઅમલુન.” - (સૂરએ હા મીમ સજદહ / આયત નં. ૧૯ – ૨૦)

અને જે દિવસે અલ્લાહના દુશ્મનોને જહન્નમ પાસે ભેગા કરવામાં

આવશે તો તેઓના કાન, અને આંખો અને તેઓની ચામડીઓ તે બદકાર્યોની સાક્ષી આપશે. અને તે પોતાના અંગોને કહેશે. “વ કાલુ લે જોલુદેહીમ લેમ શહીદતુમ અલય્ના.” તમે અમારા ઉપર શા માટે ગવાહી આપી રહયા છો ? “કાલુન તકનલ્લાહુલ્લઝી અન્તક કુલ્લ શયઇન.” “અમને તે જ કાદિર અને કય્યુમે બોલતા કર્યા જે દરેક ચીઝને બોલતા કરે છે” ત્યારે તેઓ ચુપ થઇ જશે. “કુલ ફ લિલ્લાહીલ હુજજતુલ

બાલેગતો.” તેઓનો આ ઇન્કાર અને આગ્રહ તેઓની અંતિમ મુર્ખતાની દલીલ છે નહીં તો જો તેઓ સ્વિકારી લેતા તો વાંધો ન હતો કે રહીમ અને કરીમની વિશાળ રહેમત તેઓની સાથે હોત.”

## હઝરત ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ)ની ઝિયારતની ફઝીલત

અલ્લામા મજલીસી તોહફામાં બે વિશ્વાસપાત્ર સનદના હવાલાથી લખે છે

કે હઝરત ઈમામ અલી રઝા (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું જે માણસ દૂરના લાંબા અંતરેથી મારી કબ્રની ઝિયારત કરશે તો અમે તેને ત્રણ બાબતોથી સલામત રાખીશું.

(૧) તેને કયામતના ભયથી દૂર રાખીશું. જયારે કે નેક અ'અમાલ કરનારને તેનું અ'અમાલનામું જમણા હાથમાં આપવામાં આવશે અને બદ અ'અમાલ કરનારને ડાબા હાથમાં આપવામાં આવશે.

(૨) પુલે સેરાતના અઝાબથી મુકતી મળી જશે.

(૩) અ’અમાલ તોલવાના સમયે તે સલામત રહેશે.

## અ’અમાલનામું

દરેક તબકકાની વિચારધારાએ પોતપોતાની માન્યતા મુજબ મિઝાને અ’અમાલના વિષે અ’અમાલના હિસાબ કિતાબનું અર્થઘટન કર્યું છે. અમુક લોકો કહે છે કે અ’અમાલનામાનું વજન

કરવામાં આવશે. અમુક અ'અમાલનો ભૌતિક વજન ગણે છે અને ત્રીજી માન્યતા એ છે કે નેક અ'અમાલને એક સુંદર ચહેરામાં લાવવામાં આવશે અને બદ અ'અમાલને વિકૃત ચહેરામાં. અલ્લામા નેઅમતુલ્લાહ જઝાએરી અન્વારે નોઅમાનીયામાં લખે છે કે અખ્બારે મુસાફીઝા બલ્કે સર્વ સંમતિથી સાબિત થાય છે તે એ છે કે અ'અમાલ સંપૂર્ણતઃ થઇ જશે અને કયામતના

દિવસે ખુદ પોતે અ'અમાલ વજન કરવામાં આવશે. (અહસનુલ ફવાએદ)

અમુક રિવાયતોમાં ઉચ્ચ માપદંડની જે હદ નકકી કરવામાં આવી છે તે મુજબ અ'અમાલનો વજન કરવામાં આવશે. તે નબીઓ અને વસીઓના અ'અમાલ છે. એક જગ્યાએ ઝિયારતમાં છે "અસ્સલામો અલા મિઝાનીલ અ'અમાલ" અને હઝરત અલી (અલય્હિસ્સલામ)ને મિઝાને હક, હકનું ત્રાજવું (હકનો માપદંડ) કહેવામાં આવ્યા

છે” અવ્વલીન અને આખેરીનની નમાઝનો માપદંડ (ત્રાજવું) હઝરત અલી (અલય્હિસ્સલામ)ની નમાઝ છે. હઝરત ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ)થી રિવાયત છે કે

“અલ મવાઝિનો હોમુલ અંબિયાઓ વલ અવસિયાઓ”

“તે ત્રાજવું જેના ઉપર સૃષ્ટિના સર્જનોની ઈબાદત અને કાર્યો તોલવામાં આવશે તે અંબિયા અને અવસિયા અને આલે મોહમ્મદ છે.”

કયામતના દિવસે જોવામાં આવશે કે તેઓની નમાઝ હઝરત અલી (અલય્હિસ્સલામ)ની નમાઝ જેવી છે તે એક ચિત્તે, ધ્યાન મગ્ન રહીને અને વિશેષ બાબતો જે હઝરત અલી (અલય્હિસ્સલામ)ની નમાઝમાં જોવા મળે છે તે આપણી નમાઝમાં મૌજૂદ છે કે નહીં. આપણી સખાવત, બહાદુરી, રહેમ, કરમ અને ન્યાય તેમના કાર્યો મુજબ છે કે નહીં. આપણા કાર્યો તેઓના કાર્યોની વિરૂધ્ધ ન હોય કે હકનું ત્રાજવું

હઝરત અલી (અલય્હિસ્સલામ)થી ફરીને તેમના દુશ્મનો મોઆવિયા અને યઝિદના ચારિત્ર્યો અપનાવી લે અથવા પોતાને ખુદ તેઓના રસ્તા ઉપર ચલાવે જેમણે જનાબે સૈયદાનો બાગે ફિદક ગસબ કર્યો. (મઆદ)

ખલ્લાકે આલમ સૂરએ અઅરાફમાં ફરમાવે છે.

“વલ વઝનો યવ્મએઝેનીલ હકક. ફમન સકોલત મવાઝિનોહુ ફ ઉલાએક હોમુલ મુફલેહુન. વમન ખફફત

મવાઝિનોહુ ફ ઉલાએકલ્લઝીન ખસેરૂ અન્ફોસેહુમ બેમા કાનુ બે આયાતેના યઝલેમુન. - (સૂરએ અઅરાફ / આયત નં. ૮૯)

"કયામતના દિવસે અ'અમાલનું તોલવું હક છે જેની નેકીઓનું પલડું ભારે હશે તે જ લોકો ફલાહ (સફળતા) મેળવનાર હશે અને જેઓની નેકીઓનું પલડું હલકું હશે તેઓ એ જ લોકો હશે જેમણે અમારી આયતો ઉપર ઝુલ્મ

કરીને પોતે પોતાને નુકસાનમાં નાંખ્યા છે.”

અને સૂરએ કારેઆમાં ફરમાવ્યું.

બિસ્મિલ્લા હિર રહમાનીર રહીમ

“અલ કારેઅતો, મલ કારેઅહ. વમા અદરાક મલ કારેઅહ. યવ્મ યકુનુન્નામસો કલ ફરાશીલ મબસુસે, વ તકુનુલ જેબાલો કલ એહનીલ મનફુસ. ફ અમ્મા મન સકોલત મવાઝિનોહુ, ફહોવ ફી ઈશતીર રાઝેયહ. વ અમ્મા મન ખફફત મવાઝિનોહુ, ફ ઉમ્મોહુ

હાવેયાહ. વ મા અદરાક માહેયાહ. - (સૂરએ અલ કારેઆ)

“શરૂં કરૂં છું રહેમાનો રહીમ અલ્લાહના નામથી. કારેઅહ (હૈયા હચમચાવનાર બનાવ). કારેઅહ શું છે ?. અને તું સમજયો કે કારેઅહ શું છે. તે તે દિવસ છે કે જે દિવસે લોકો એવા થઇ જશે જેવા કે વિખરાઈ ગએલા પતંગિયા. અને પહાડ એવા થઇ જશે જેવા કે પિંજાએલી ઉન. પછી જેની (સદ) કરનીનો તોલ ભારે ઉતરશે. તેઓએ તો

આનંદી જીવનમાં હશે. અને જેની સદ કરનીનો તોલ હલકો ઉતરશે. તેનું ઠેકાણું હાવિયાહ હશે. અને તું શું સમજયો કે તે (હાવિયા) શું છે ? તે દોઝખની (ધગધગતી) આગ છે.”

## સલવાતની ફઝિલત

અ’અમાલના ત્રાજવાને વજનદાર કરવા માટે મોહમ્મદ વ આલે મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ઉપર સલવાતથી અને સુંદર

ચારિત્ર્યથી વધીને સારો બીજો કોઈ અમલ નથી. અહીં હું સલવાતની ફઝિલતમાં અમુક રિવાયતો અને સુંદર ચારિત્ર્ય લખીને મારી કિતાબને ફઝિલત આપું છું.

પહેલું : શૈખે કુલૈની (અ.ર.) વિશ્વાસપાત્ર સનદ સાથે લખે છે કે હઝરત ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ) અથવા હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું. અ'અમાલને વજનદાર

કરવામાં હઝરત મોહમ્મદ વ આલે મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ઉપર સલવાતથી વધીને બીજી કોઈ ચીઝ વજનદાર નથી. એક માણસના અ'અમાલનો વજન કરવામાં આવશે જયારે તે હલકો દેખાશે ત્યારે સલવાત લાવીને રાખવામાં આવશે અને ત્રાજવું ભારે થઇ જશે.

બીજું : હઝરત રસૂલે અકરમ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ફરમાવે છે કે કયામતના

દિવસે અ'અમાલનો વજન કરવાના સમયે હું હાજર હોઈશ. જે માણસની બુરાઈનું પલડું ભારે હશે ત્યારે હું તે સલવાતો જે તેણે મારા ઉપર પડી હશે લાવીશ. ત્યાં સુધી કે તેના કારણે નેકીઓનું પલડું ભારે થઇ જશે.

ત્રીજું : શૈખે સદુક (અ.ર.) હઝરત ઈમામ અલી રઝા (અલય્હિસ્સલામ)થી નકલ કરે છે કે જે માણસ પોતાના ગુનાહોનો નાશ કરવાની શક્તિ ન ધરાવતો હોય તેણે હઝરત મોહમ્મદ વ

આલે મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ઉપર બહુ જ વધારે દુરૂદ અને સલવાત પડયા કરવી જેથી તેના ગુનાહ ખત્મ થઇ જશે.

ચોથું : દઅવાતે રાવન્દી લખે છે કે હઝરત રસૂલે અકરમ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું કે જે માણસ દરરોજ દિવસે અને રાત્રે ત્રણ વખત મારી હુજજત અને શોખથી મારા ઉપર સલવાત પડે તો અલ્લાહ તઆલા ઉપર હક થઇ જાય છે

કે તે તે માણસના દિવસ અને રાતના ગુનાહોને બક્ષી આપે.

પાંચમું : આં હઝરત (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ફરમાવે છે કે મેં મારા કાકા જનાબે હમ્ઝા બિન અબ્દુલ મુત્તલિબ અને મારા કાકાના દીકરા ભાઈ જનાબે જાફર બિન અબુતાલીબ (જનાબે જઅફરે તૈયાર)ને સપનામાં જોયાં કે તેમના સામે બીર (એક પ્રકારનું ફળ)નો તાંસ પડેલો છે. થોડીવાર ખાધા પછી તે બીર દ્રાક્ષમાં

બદલાઈ ગયા. જયારે થોડીવાર ખાઈ ચુકયા તો તે દ્રાક્ષ ઉચ્ચ પ્રકારના ખજુરમાં બદલાઈ ગઈ. તે લોકો તેને ખાતા રહયા પછી મેં તેઓની પાસે જઈને પુછયું મારા માં બાપ આપના ઉપર કુરબાન થાય આપે તે કયો અમલ કર્યો છે જે બધા અ'અમાલથી બહેતર છે અને જેના કારણે આપને આ નેઅમત મળી. તેઓએ જવાબ આપ્યો કે અમારા માં બાપ આપ પર કુરબાન થાય તે સૌથી સારો અમલ આપની ઉપર

સલવાત, હાજીઓને પાણી પિવરાવવું અને હઝરત અલી બિન અબીતાલીબની મોહબ્બત છે.

છઠ્ઠું : આં હઝરત (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું કે જે માણસે મારા ઉપર કિતાબમાં લખીને સલવાત મોકલી તો જયાં સુધી તે કિતાબમાં મારૂં નામ મૌજુદ હશે ત્યાં સુધી ફરિશ્તાઓ તેના માટે ઇસ્તેગ્ફાર કરશે.

સાતમું : શૈખે કુલૈની (અ.ર.) હઝરત ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ)થી રિવાયત કરે છે કે જયારે પણ પયગમ્બર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની નેકીની વાતો થતી હોય ત્યારે આપના ઉપર સલવાત પઢવી જોઈએ. આવી રીતે જે કોઈ આપની ઉપર સલવાત પઢે તો અલ્લાહ તઆલા ફરિશ્તાઓની હજાર સફોમાં તેની ઉપર હજાર સલવાત મોકલે છે. અલ્લાહ તઆલા અને

મલાએકાઓની સલવાતના કારણે બધા સર્જનો ઉપર સલવાત મોકલશે. પછી જે માણસ આ તરફ ઈચ્છા નથી કરતો તે જાહિલ અને ઘમંડી છે. ખુદા, રસુલ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને આપની અહલેબૈત (અલય્હેમુસ્સલામ) તે માણસથી નારાજ છે.

## સલવાતનો સવાબ

મઆનીયુલ અખ્બારમાં હઝરત ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ)એ

આયત "ઇન્નલ્લાહ વ મલાએકતહુ યોસલ્લુન અલન્નબી" ના અર્થમાં ફરમાવ્યું કે અલ્લાહ તઆલાની તરફથી સલવાતનો અર્થ રહેમત અને મલાએકા તરફથી બચાવ છે અને લોકોની તરફથી દોઆ છે. આ જ કિતાબમાં છે કે મોહમ્મદ વ આલે મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની ઉપર કેવી રીતે સલવાત મોકલીએ તો આપે ફરમાવ્યું કે તમે કહો.

"સલવાતુલ્લાહે વ સલાતો મલાએકતેહી વ અંબેયાએહી વ રોસોલેહી વ જમીએ ખલ્કેહી અલા મોહમ્મદીંવ વ આલે મોહમ્મદીન વસ્સલામો અલય્હે વ અલય્હિમ વ રહમતુલ્લાહે વ બરકાતોહુ."

રાવી કહે છે કે મેં પુછયું કે જે માણસ આ સલવાત હઝરત રસૂલે અકરમ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ઉપર મોકલે તેના માટે કેટલો સવાબ છે. આપે ફરમાવ્યું કે તે

ગુનાહોથી એવી રીતે પાક થઇ જાય છે જાણે કે તે હમણાં જ માં ના પેટમાંથી પૈદા થયો હોય.

આંઠમું : શૈખ અબુલ ફતુર રાઝી હઝરત રસૂલે અકરમ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)થી રિવાયત કરે છે કે મેઅરાજની રાતે જયારે હું આસમાન ઉપર પહોંચ્યો ત્યાં મેં એક ફરિશ્તાને જોયો જેના હજાર હાથ અને હજાર હાથની હજાર આંગળીઓ હતી અને તે પોતાની આંગળીઓ ઉપર

કોઈ ચીઝનો હિસાબ કરી રહયો હતો. મેં જિબ્રઈલને પુછયું કે આ ફરિશ્તો કોણ છે ? અને કઈ વસ્તુનો હિસાબ કરી રહયો છે ? જિબ્રઈલે કહયું કે આ ફરિશ્તો વરસાદના ટીપાં ગણવા માટે છે જેથી ખબર પડે કે આસમાનથી ઝમીન પર કેટલા ટીપાં વરસાદના પડયા છે. મેં તેને પુછયું શું તું જાણે છે કે જયારથી અલ્લાહ તઆલાએ ઝમીનને પૈદા કરી છે ત્યારથી અત્યાર સુધીમાં કેટલા ટીપાં આસમાનથી ઝમીન પર પડયા છે તો

તેણે કહયું અય રસૂલે અકરમ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ! મને તે ખુદાની કસમ જેણે આપણે હકની સાથે લોકોની તરફ નીમ્યા છે. આસમાનથી ઝમીન પર પડેલા વરસાદના દરેક ટીપાંઓની વિગત પણ જાણું છું કે કેટલા ટીપાં જંગલોમાં, કેટલા વસ્તીમાં, કેટલા બાગોમાં, કેટલા ટીપાં ખારી ઝમીન ઉપર અને કેટલા ટીપાં કબ્રસ્તાનમાં પડયા છે. આપે કહયું કે મને તેના હિસાબમાં સ્મરણ શક્તિ ઉપર

આશ્ચર્ય થયું. ત્યારે તે ફરિશ્તાએ કહયું યા રસુલુલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ! આ સ્મરણ શક્તિ, હજાર હાથ અને આ આંગળીઓ ઉપરાંત એક વસ્તુનો હિસાબ મારી શક્તિ અને તાકતથી બહાર છે. મેં પુછયું તે કયો હિસાબ છે ? તેણે કહયું કે આપની ઉમ્મતના લોકો જયારે એક જગ્યાએ ભેગા બેસીને આપનું નામ લે છે અને પછી આપની ઉપર સલવાત મોકલે છે ત્યારે તેઓની આ સલવાતનો સવાબ

ગણવો મારી શક્તિ મર્યાદાની બહાર હોય છે.

નવમું : શૈખે કુલૈની (અ.ર.) રિવાયત કરે છે કે જે માણસ આ સલવાત "અલ્લાહુમ્મ સલ્લે અલા મોહમ્મદ વ આલે મોહમ્મદેનીલ અવ્સેયાઈલ મરઝીય્યિન બે અફઝલે સલવાતેક વ બારીક અલય્હિમ બે અફઝલે બરકાતેક વસ્સલામો અલય્હે વ અલય્હિમ વ રહમતુલ્લાહે વ બરકાતોહ." ને દર જુમ્આઝના અસ્ર"ના સમયે સાત

વખત પઢે તો અલ્લાહ તઆલા દરેક બંદાની સંખ્યા પ્રમાણે નેકીઓ મોકલે છે અને તેના તે દિવસના અ'અમાલ કબુલ કરે છે અને આ પણ વારિદ થયેલ છે કે એટલો સવાબ હશે જેટલું લોકોની આંખોમાં નૂર હશે.

દસમું : જે માણસ નમાઝે સુબ્હ અને ઝોહર પછી "અલ્લાહુમ્મ સલ્લે અલા મોહમ્મદ વ આલે મોહમ્મદીંવ અજ્જીલ ફરજહુમ" પઢે તે ત્યાં સુધી નહીં મરે જયાં સુધી તે ઈમામે ઝમાના

(અજજલલ્લાહો તઆલા ફરજહુ શરીફ)ને જોઈ ન લે.

## સારા અખ્લાકની રિવાયતો

### પહેલી રિવાયત

અનસ બિન માલિક કહે છે કે એક વખત હું રસૂલે અકરમ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) પાસે બેઠો હતો. ત્યારે આપના શરીર ઉપર યમાની ચાદર હતી જેના કિનારે ગંદા છાંટા હતા અચાનક એક અરબે આવીને તે ચાદરને એવી રીતે ખેંચી કે તે ચાદરના

કિનારાએ આપની ચાદર ઉપર સખ્ત અસર કરી અને કહેવા લાગ્યો અય મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ! આ બંને ઊંટોને આ માલથી ભરી દો કારણ કે આ માલ માલે ખુદા છે નહીં કે તમારા બાપનો. આં હઝરત (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) તેના જવાબમાં ચુપ રહયા. પછી કહયું કે આ માલ ખુદાનો છે અને હું ખુદાનો બંદો છું. પછી આપે કહયું કે અય અરબ ! શું હું તારી પાસેથી બદલો

ન લઉં. તે અરબે ના પાડી. આં હઝરત (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ પુછયું શા માટે ? તે જાહિલે કહયું કે બુરાઈનો બદલો બુરાઈથી લેવો તે આપનો સિધ્ધાંત નથી. આપે સ્મિત કર્યું અને હુકમ આપ્યો કે તેના એક ઊંટ પર જવ અને બીજા ઉપર ખજુરો ભરી દો અને તેના ઉપર મહેરબાની કરી.

## બીજી રિવાયત

અસામ બિન મુત્લક શામી કહે છે કે જયારે હું મદીનએ મુનવ્વરામાં દાખલ

થયો ત્યારે મેં હઝરત ઈમામ હુસૈન બિન અલી (અલય્હિસ્સલામ)ને જોયા. હું તેમના ચાલ ચલણ અને સારા ચારિત્ર્યથી ખુબ જ અજબ થયો અને મને ઈર્ષ્યાં થઇ કે હું મારી તે દુશ્મનીને જાહેર કરૂં જે તેમના પિતા હઝરત અલી (અલય્હિસ્સલામ) સાથે હતી. તેથી હું તેમની નજદીક ગયો અને કહયું કે શું તું જ અબુ તુરાબનો દીકરો છે ? તારે જાણી લેવું જોઈએ કે શામવાળા અમીરૂલ મોઅમેનીન હઝરત અલી

(અલય્હિસ્સલામ)ને અબુ તુરાબના નામથી ઓળખે છે અને તે નામથી તેઓ જમાલ (હઝરત અલી અ.સ.)ની બુરાઈ કરતા હતા અને દરેક વખતે અબુ તુરાબ કહેતા હતા. ટુંકમાં અસામ કહે છે કે મેં ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ)ને કહયું કે તું જ અબુ તુરાબનો દીકરો છો ? આપે કહયું હાં, "ફ બાલગ્તો ફી શમ્તેહી વ શતુમ અબીહે" પછી મેં ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ) અને તેમના પિતાને ગાળો આપવામાં કોઈ કસર ન છોડી. "ફ

નઝર એલય્ય નઝરત આતેફીન રઉફીન.” પછી આપે તેની સામે રહેમ અને મહેરબાનીની નજરથી જોયું અને કહ્યું “અઉઝો બિલ્લાહે મિનશ્શયતાનીર રજીમ. બિસ્મિલ્લાહિર રહમા નીર રહીમ. ખોઝીલ અફવ વઅમુર બિલ ઉરફે વ અઅરીઝ અનીલ જાહેલીન. એલા કવ્લેહી તઆલા સુમ્મ લા યુકસેરૂન.” - (સૂરએ અઅરાફ / આયત નં. ૧૯૯ થી ૨૦૨)

“તું દરગુઝર કર અને નેકીનો હુકમ આપ અને જાહિલ લોકોથી દૂર રહે......”

આ આયતે કરીમામાં આં હઝરત (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ના સારા અખ્લાક ઉપર ઈશારો છે. અલ્લાહે પયગમ્બર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ને લોકોના ખરાબ અખ્લાક ઉપર સબર કરવાનો હુકમ આપ્યો છે અને બુરાઈનો બદલો બુરાઈથી લેવાની મનાઈ કરી છે અને બેવકુફ લોકોથી દૂર

રહેવાનો હુકમ આપ્યો છે. અને શયતાનના વસવસાથી અલ્લાહની પનાહ લેવાનો હુકમ કર્યો છે. પછી આપે ફરમાવ્યું.

“અખ્ફીઝ અલટક વસ્તગ્ફેરીલ્લાહ લી વ લક.”

“(અય અસામ !) ધીરો પડ અને તારા કામને સહેલું અને હલકું ન બનાવ અને અલ્લાહ પાસે મારા અને તારા માટે બક્ષીશ માગ.”

જો તું મદદ ચાહે તો હું તારી મદદ કરીશ, જો તું બક્ષિસ માગીશ તો હું તને આપીશ. જો નસીહતની ઈચ્છા હશે તો હું તને નસીહત કરીશ. હઝરત ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ)એ તેમની તીવ્ર સમજ શક્તિથી અને ઈલ્મે અમાનતથી તેની શરમિંદગીને જાણી લીધી અને ફરમાવ્યું.

“લા તસરીબ અલય્કોમુલ યવ્મ યગ્ફેરૂલ્લાહો લકુમ વહોવ અરહમુર

રાહેમીન.” - (સૂરએ યુસુફ / આયત નં. ૯૨)

“આજના દીવસે તારા ઉપર કોઈ ધિકકાર નથી. અલ્લાહ તને માફ કરે અને તે સૌથી વધુ રહેમ કરનાર છે.”

આ આયએ કરીમા હઝરત યુસુફ (અલય્હિસ્સલામ) વાત છે જે તેઓએ પોતાના ભાઈઓને તેઓને માફ કરતી વખતે કહી હતી.

પછી હઝરત ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું કે શું તું

શામનો રહેવાસી છો ? મેં કહયું હાં, તો આપે કહયું "સનસનતુન અઅરાફોહા મિન અખઝમીન." આપે એક ઉદાહરણ આપ્યું જેનો મતલબ એ છે કે શામવાળાઓની આદત અમને ગાળો આપવાની છે. જે મોઆવિયા તેઓની વચ્ચે સુન્નત તરીકે છોડી ગયો છે. પછી આપે ફરમાવ્યું "હય્યાનલ્લાહો વ ઇય્યાક" અલ્લાહ અમને અને તેને જીવંત રાખે" તારી જે હાજત છે તે ખુલ્લા દિલે અને ખુશી સાથે માગ તે પુરી થશે અને

તું મને ઇન્શાઅલ્લાહ આ બારામાં સારો જોઇશ. અસામે કહયું કે હું મારી નીર્લજતા, બેશરમી અને તે ગાળોની સામે ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ)નું આ નેક ચારિત્ર્ય જોઈને ખુબ જ શરમિંદો થયો અને જમીન મારા માટે તંગ બની ગઈ અને ઇચ્છતો હતો કે જો જમીન જગ્યા આપે તો દટાઈ જાઉં. પછી ધીરે ધીરે સરકવા લાગ્યો. જેથી બીજા લોકોની પાછળ સંતાઈ જાઉં અને મારી તરફ ધ્યાન ન આપે અને મને જોઈ ન

શકે. તે દિવસ પછી આપ અને આપના પિતાથી વધારે બીજું કોઈ મારો દોસ્ત ન હતો.”

## હઝરત ઈમામ મુસા કાઝિમ (અલય્હિસ્સલામ)નો બહેતરીન અખ્લાક

શૈખ સદુક (અ.ર.) અને બીજા લખે છે કે મદીનામાં બીજા ખલીફાની ઔલાદમાંથી એક માણસ મુસા કાઝિમ (અલય્હિસ્સલામ)ને સતત તકલીફ

આપ્યા કરતો હતો. આપને ખરાબ કહયા કરતો જયારે પણ આપને જોતો અમીરૂલ મોઅમેનીન હઝરત અલી (અલય્હિસ્સલામ)ને ગાળો આપતો. એક દિવસ એક માણસે કહયું જો આપ રજા આપો તો અમે તે જુઠ્ઠા અને નાલાયકને મારી નાંખીએ. હઝરતે તેને મનાઈ કરી અને ઘણા નારાજ થયા. આપે પુછયું કે તે કયાં છે ? લોકોએ કહયું કે તે મદીનાની નજદીક ખેતી કરે છે. હઝરત પોતાના ગધેડા ઉપર સવાર થઈને તે

માણસને મળવા માટે ગયા. આપ તે જગ્યાએ પહોંચ્યા જયાં તે આરામ કરી રહયો હતો આપ ગધેડા ઉપર સવાર ખેતરમાં દાખલ થયા. તે માણસે મોટેથી કહયું કે મારી ખેતીને ખરાબ ન કરો આપ એ જ સ્થિતિમાં ચાલતા રહયા. આપ તેની પાસે પહોંચીને બેસી ગયા અને ખુશ થઈને ખુશ મિજાઝથી વાતો કરવામાં મશગુલ થઇ ગયા. આપે તેને પુછ્યું કે આ ખેતી ઉપર કેટલો ખર્ચ થયો તેણે કહયું કે એક સો અશરફી. પછી

આપે પુછયું આ ખેતીથી તને શું વળતર મળવાની આશા છે. તેણે કહયું કે હું ગૈબની વાતો નથી જાણતો. પછી આપે કહયું કે હું તને જણાવું કે તારો કેટલો અંદાજ છે જે તને પહેલા મળી જાય છે. પછી તે શખ્સે કહયું હું બસ્સો અશરફી મેળવું છું. પછી હઝરતે રૂપિયાની થેલી કાઢી જેમાં ત્રણ હજાર અશરફી હતી પેલા માણસને આપી અને કહયું કે આ લઇ લે અને હજુ તારી ખેતી બાકી છે. જયાં સુધી તું જીવતો રહીશ ત્યાં સુધી

અલ્લાહ તઆલા તને રોજી આપતો રહેશે. તે માણસે આપના માથા ઉપર ચુંબન કર્યું અને આપને દરખાસ્ત કરી કે આપ મને માફ કરી દો. તેની ઉપર આપ હસ્યા અને ઘરે પાછા આવી ગયા. તે દિવસથી લોકો તે શખ્સને મસ્જીદમાં બેઠેલો જોતા અને જયારે આપને જોતો તો કહેતો "અલ્લાહો અઅલમો હય્સો યજઅલો રેસાલતહુ." (સૂરએ અન્આલમ / આયત નં. ૧૨૫) તેના સાથીદારોએ તેને પુછયું કે શું બાબત છે. ત્યારે તેણે

કહ્યું કે પહેલા હુ જે કાંઈ કહેતો હતો તમે સાંભળતા હતા અને હવે જે કાંઈ કહું છું તે સાંભળો. પછી તેણે ઈમામને દોઆઓ આપવાની શરૂ કરી તેથી તેના સાથીદારો તેની સાથે ઝઘડવા લાગ્યા અને તે પણ તેઓની સાથે ઝઘડવા લાગ્યો. પછી હઝરતે તે લોકોને કહ્યું કે તમે આ માણસ માટે જે માનતા હતા તે વધુ સારો હતો કે જે કાંઈ મેં ઈરાદો કર્યો છે તે સારો છે. મેં થોડી જ રકમમાં તેની

સુધારણા કરી નાંખી છે અને તેની બુરાઈઓનો નાશ કર્યો છે.

## માલિકે અશ્તરનો બહેતરીન અખ્લાક

એક દિવસ માલિકે અશ્તર કુફાના બઝારમાંથી પસાર થઇ રહયા હતા અને તેઓએ ખાદીના કપડાં અને અમામો પહેરેલા હતા. એક બજારૂ માણસે જે આપને ઓળખતો ન હતો તેણે તુચ્છ નજરે આપની સામે જોયું અને ઠઠ્ઠા

મશ્કરી કરીને આપની તરફ ગીલોલથી એક પત્થર ફેંકયો. જનાબે માલિક કાંઈ પણ બોલ્યા વગર શાંતિથી પસાર થઇ ગયા. લોકોએ તે માણસને કહયું શું તું નથી જાણતો કે તે કોની સાથે ઠઠ્ઠા મશ્કરી કરી છે ? તે માણસે કહયું કે હું નથી ઓળખતો. ત્યારે લોકોએ તે માણસને કહયું કે આ અમીરૂલ મોઅમેનીન હઝરત અલી (અલય્હિસ્સલામ)ના દોસ્ત માલિકે અશ્તર હતા. આ સાંભળતા જ તે માણસ

ધ્રુજવા લાગ્યો અને માલિકની પાછળ દોડયો જેથી તેમનાથી માફી માંગે. જનાબે માલિક તે સમયે મસ્જીદમાં નમાઝ પઢી રહી રહયા હતા. જેવી આપે નમાઝ પુરી કે તરત જ પેલો માણસ આપના પગમાં પડી ગયો અને પગ ચૂમવા લાગ્યો. જનાબે માલિકે તેને આમ કરવાનું કારણ પુછયું ત્યારે તે માણસે કહયું કે હું આ ગુસ્તાખી અને અપમાનની માફી માંગુ છું જે મારાથી થઇ ગઈ છે. જનાબે માલિકે કહયું કે કોઈ

વાંધો નહીં. ખુદાની કસમ ! મેં મસ્જીદમાં દાખલ થતાં પહેલા આપના માટે અલ્લાહ તઆલા પાસે ઇસ્તિગફાર કરેલ છે.

જનાબે માલિક બિન અશ્તરે અમીરૂલ મોઅમેનીન હઝરત અલી (અલય્હિસ્સલામ) પાસેથી આ રીતનો સુંદર ચારિત્ર્યનો સબક મેળવ્યો કે લશ્કરના સેનાપતિ અને સૌથી વધારે બહાદુર હોવા છતાં પણ તે માણસના ગેરવર્તન માટે માફીની દોઆ કરી.

# ખ્વાજા નસીરૂદ્દીન તુસી સાહેબના અખ્લાકનો કિસ્સો

શૈખ મરહુમ મુસ્તદરીકના ખાતેમામાં અલ હુકમા વલ મુત્તકીન વઝીરે અઅઝમ જનાબ ખ્વાજા નસીરૂદ્દીન તુસી કુદસ સરહુથી લખે છે કે એક દિવસ ખ્વાજા સાહેબના હાથમાં કાગળનો એક ટુકડો પહોંચ્યો જેમાં આપના વિષે ગાળ ગલોચમાં એક સૌથી ખરાબ વાકય આ પણ હતું "અય કલ્બ બિન કલ્બ" (અય કુતરાના દીકરા

કુતરા). ખ્વાજા નસીરૂદ્દીને આ કાગળ વાંચ્યો અને ધીરજ અને સહનશિલતાથી તેનો જવાબ લખ્યો. જેમાં આપે કોઈ પણ પ્રકારનું અરૂચીકર વાકય લખ્યું ન હતું. આપે લખ્યું કે અય શખ્સ ! તારૂં મને કુતરો કહેવું યોગ્ય નથી કારણ કે તેના ચાર પગ હોય છે જેનાથી તે ચાલે છે અને તેના પંજાના નખ લાંબા લાંબા હોય છે. પરંતુ તેનાથી વિરૂધ્ધ હું સીધા કદવાળો માણસ છું અને આ વાત તો બિલકુલ સ્પષ્ટ છે કે ન તો કુતરા જેવા

મારા પંજા છે પરંતુ મારા નખ તો છુપાએલા છે અને હું તો બોલતો અને હસતો માણસ છું અને મારી આ ખાસિયતો કુતરાની ખાસિયતથી વિરૂધ્ધ છે. આ જવાબ લખીને આપ્યો અને તેની ગેરહાજરીમાં તેને પોતાનો દોસ્ત જાહેર કર્યો.

## હઝરત અલી (અલય્હિસ્સલામ)ની જનાબે કમ્બરને નસીહત

ખ્વાજા તુસીએ આ બધા સુંદર સંસ્કાર ઈમામોના અમલ અને

ચારિત્ર્યમાંથી મેળવ્યા છે. શું આપે આ વાત નથી સાંભળી કે અમીરૂલ મોઅમેનીન હઝરત અલી (અલય્હિસ્સલામ)એ કોઈ માણસને કમ્બરને ગાળો આપતા સાંભળ્યો અને કમ્બરે પણ એવો જ જવાબ આપવા વિચાર્યું ત્યારે અમીરૂલ મોઅમેનીન હઝરત અલી (અલય્હિસ્સલામ)એ મોટા અવાજે જનાબે કમ્બરને કહયું. “મહલન યા કમ્બરો” “અય કમ્બર ! ચુપ થઇ જાવ.” ગાળો આપનાર આપણી

ચુપકીદીથી હલકો થઇ જશે અને તું તારી ચુપકીદીથી અલ્લાહને ખુશ રાખ અને શયતાનને અગ્રતા આપીને દુશ્મનની પકડમાં ન ફસાઈ જા. મને તે ખુદાની કસમ ! જેણે દાણાને ફાડીને અનાજ ઉગાડયું અને જેણે માણસને પૈદા કર્યો. મોઅમિન માટે પોતાની સહનશિલતાથી વધીને ખુદાને ખુશ કરનાર બીજી કોઈ ચીઝ નથી અને મોઅમિન પોતાની ચુપકીદી સિવાય બીજી કોઈ ચીઝથી શયતાનને ગુસ્સે

નથી કરી શકતો. મૂર્ખને પકડમાં લાવવા માટે જવાબમાં ચુપકીદીથી વધીને કોઈ હથિયાર નથી.

## હઝરત અલી (અલય્હિસ્સલામ)ની આખેરત વિષે નસીહત

તે એક લાંબી હદીસ છે જે હઝરત અલી (અલય્હિસ્સલામ)એ તેના અસ્હાબોની શાનમાં જંગે જમલ પછી અહનફ બિન કૈસને કરી હતી તે આ મુજબ છે.

“.........જો તમે તેઓને રાતના તે સમયે જુઓ જયારે આંખોમાં ઊંઘ ઘેરાવા લાગે છે, દરેક પ્રકારના અવાજો બંધ થઇ જાય છે, પક્ષીઓ પોતાના માળામાં આરામ કરી રહયા હોય છે ત્યારે આ લોકો કયામત અને વાયદાની જગ્યાના ભયથી જાગી રહયા હોય છે” જેમ કે અલ્લાહ તઆલાએ પોતાના કલામે પાકમાં ફરમાવ્યું છે. “શું હવે તે વસ્તીવાળાને સલામતિ છે ? નહીં. અમે તેઓના ઉપર તે સમયે અઝાબ ઉતારીશું

જયારે તેઓ સુઈ રહયા હશે" પછી આ લોકો કયામતના ભયથી રાત્રે જાગે છે કયારેક ઉઠીને ખુદના ખૌફથી રડી રડીને નમાઝ પઢે છે અને કયારેક રડી રડીને મહેરાબમાં ખુદાની તસ્બીહ અને તકદીસ કરી રહયા હોય છે અને તેઓ અંધારી રાતોમાં રોઈ કકડીને હમ્દો સના કરી રહયા હોય છે. અય અહનફ ! જો તું તેઓને રાત્રે ઉભા રહેતા જુએ તો તેઓની કમર જુકેલી અને કુરઆને મજીદના સુરાઓ નમાઝમાં પઢતા

દેખાશે. અને ખુબ રડવા અને ફરિયાદના કારણે તેઓ એવા દેખાશે જેમ કે આગે તેઓને ઘેરી લીધા હોય અને તેઓના ગળા સુધી પહોંચી ગઈ છે. અને જયારે તેઓ રડશે ત્યારે તું અનુમાન કરીશ કે તેઓની ગરદનો સાંકળમાં જકડાએલી છે. જો તું તેઓને દીવસના સમયે જોઇશ તો તે એક એવી કૌમ દેખાશે જેઓ જમીન ઉપર ધીમે ધીમે ચાલે છે અને લોકો સાથે સારી વાતચીત કરે છે અને જયારે જાહિલ લોકો તેઓની સામે હોય

તો તેઓને સલામ કહે છે અને જયારે તેઓની બેહુદી વાતો કરનારની નજીક પહોંચે છે ત્યારે તેઓની પાસેથી ઇઝઝતથી પસાર થઇ જાય છે અને પોતાના પગોને તોહમતથી બચાવે છે અને તેઓની જીભ મુંગી થઇ જાય છે કે તેઓ લોકોની ઈઝઝતની વિરૂધ્ધ કોઈ વાત કરે અને પોતાના કાનને નકામી વાતો સાંભળવાથી રોકી રાખે છે. અને પોતાની આંખોને ગુનાહોની તરફ નજર ન કરવાના સુરમાંથી સમજાવેલી હોય છે

અને તેઓ દારૂસ્સલામમાં દાખલ થવાનો ઈરાદો ધરાવે છે. તેમાં જે માણસ દાખલ થશે તે શંકા કુશંકા અને દુ:ખથી સલામત રહેશે.”

## હિસાબ

### હિસાબનો તબકકો :

મુસલમાનો માટે જેનો અકીદો જરૂરી છે તેનો ભયાનક તબકકો હિસાબ પણ છે પરવરદિગારે આલમ કુરઆને મજીદમાં ફરમાવે છે.

“ઈકતરબ લિન્નાસે હેસાબોહુમ વ હુમ ફી ગફલતીન મુઅરેઝુન.” - (સૂરએ અંબિયા / આયત નં. ૧)

“લોકોના અ’અમાલના હિસાબનો સમય નજદીક છે પરંતુ તેઓ ગફલતમાં મદહોશ (ભાન ભૂલી બેઠા છે) છે અને તેઓ (તેની ઉપર ચિંતન અને મનન કરીને તૈયારી કરવાથી) ભાગી રહયા છે.”

બીજી એક જગ્યાએ ખુદાવંદે આલમ ફરમાવે છે.

“વકઅય્યિમ મિન કરયતીન અતત અન અમ્રે રબ્બેહા વ રોસોલેહી ફહાસબ્નાહા હેસાબન શદીદંવ અઝઝબ્નાહા અઝાબન નુકરન. ફ ઝાકત વ બાલ અમ્રેહા વ કાન આકેબતો અમ્રેહા ખુસરન. અઅદ્દલ્લાહો લહુમ અઝાબન શદીદન, ફત્તકુલ્લાહ યા ઉલિલ અલ્બાબ.” - (સૂરએ તલાક / આયત નં. ૮ થી ૧૦)

“અને ઘણી વસ્તીઓવાળાઓએ પોતાના પરવરદિગાર અને રસુલના હુકમની નાફરમાની કરી તો અમે બહુજ જ

સખ્તાઈથી તેમનો હિસાબ લીધો અને તેઓને એક બહુ જ ખરાબ અઝાબની સજા આપી. તો તેઓએ પોતાના કર્યાની સજા ભોગવી લીધી અને તેઓના કામનો નુકસાન જ હતું. અલ્લાહ તઆલાએ તેમના માટે સખ્ત અઝાબ તૈયાર કર્યો. તો અય અકકલમંદો ! અલ્લાહ તઆલાથી ડરતા રહો.

## હિસાબ કોણ લેશે ?

જો કે કુરઆન અને હદીસથી એ જ જણાય છે કે દરેક માણસનો હિસાબ ખુદ ખુદાવંદે આલમ લેશે. “વ હોવ અસ્રેઉલ હાસેલીન” પરંતુ અમુક રિવાયતોમાં છે કે મલાએકા આ કામ કરશે. અમુક લખાણોમાંથી આ અર્થ નીકળે છે કે નબીઓનો હિસાબ ખુદ ખુદા લેશે અને નબીઓના વસીઓનો હિસાબ લેશે અને વસીઓ પોતાની ઉમ્મતનો હિસાબ લેશે. “યવ્મ નદઉ કુલ્લ ઓનાસીમ બે ઈમામેહીમ” “કયામતના

દીવસે બધા લોકોને તેઓના ઈમામે ઝમાનાની સાથે બોલાવીશું.” - (અહસનુલ ફવાએદ)

## કયામતમાં શિયાઓની બક્ષિસ

બેહારૂલ અન્વાર ભાગ – 3 અમાલી શૈખ મુફીદ (ર.અ.)માં હઝરત ઈમામ જાફર સાદિક(અલય્હિસ્સલામ)થી રિવાયત છે કે આપે ફરમાવ્યું.

“ઇઝ કાન યવ્મુલ કેયામતે વકકલનલ્લાહો બે હેસાબે શિઅતેના ફમા

કાન લિલ્લાહે સઅલ્નલ્લાહ અન યહહબહુ લના ફહોવ લહુમ વમા કાન લના ફહોવ લહુમ સુમ્મ કરઅ ઇન્ન એલયના એયાબહુમ. સુમ્મ ઇન્ન અલયના હેસાબહુમ.

“જયારે કયામતનો દીવસ હશે ત્યારે અલ્લાહ તઆલા અમને અમારા શિયાઓનો હિસાબ લેવા માટે નીમશે. પછી અમે અમારા શિયાઓને અલ્લાહના હકકો વિષે સવાલ કરીશું અને અલ્લાહ તેઓને માફ કરી દેશે અને શિયાઓની

જવાબદારીમાં જે અમારા હકકો હશે તે અમે ખુદ તેઓને માફ કરીશું. પછી આપે આ આયતની તિલાવત કરી. “ઇન્ન એલયના અયાબહુમ. સુમ્મ ઇન્ન અલયના હેસાબહુમ.” બેશક તેઓ અમારી તરફ પાછા ફેરવવામાં આવશે. પછી બેશક તેઓનો હિસાબ અમે જ લઈશું.

આ જ કિતાબમાં મઅસુમનું કથન છે કે અલ્લાહનો હક અને ઈમામનો હક માફ થયા પછી “.....ફીમા કાન બયનહુમ વ બયનન્નાનસે મેનલ મઝાલેમે અદાહો

મોહમ્મદુન સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ.” “.....એટલે કે જે ઝુલ્મો અને લોકોના હકકો શિયાઓની પાસે બાકી હશે તે હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) હકકો માગનારાઓને આપી દેશે.”

પરવરદિગારે આલમ ખાતેમુલ અંબિયા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની ઉમ્મતમાં અને અહલેબૈત (અલય્હેમુસ્સલામ)ના શિયાઓમાં

આપણી ગણના કરે અને આપણો હિસાબ તેઓની સાથે થાય. - (આમીન સુમ્મ આમીન)

શિયાઓ માટે આ ખુશખબર છે કે કયામતના દીવસે દરેક કૌમના હિસાબ માટે તેના ઈમામને નીમશે અને તે તેઓનો હિસાબ લેશે અને આપણો હિસાબ હઝરત હુજજત ઇબ્નીલ હસન ઈમામે ઝમાના (અજજલલ્લાહો તઆલા ફરજહુ શરીફ) લેશે. પરંતુ જયારે આપણે ગુનેહગાર શરમિંદા થઈને આપણા

માથાઓ નમાવીને ઈમામની સામે રજુ થઈશું અને પાલવ તેમની દોસ્તીથી ભરપુર હશે તો આશા છે કે તેઓ આપણી શફાઅત કરશે. ખુદાનો શુક્ર છે કે આપણો હિસાબ તે કરીમ ઇબ્ને કરીમના હવાલે હશે જે ખુદાની પાસે ઉચ્ચ દરજજો ધરાવે છે. (મઆદ)

## હિસાબ કેવા લોકોનો લેવામાં આવશે

કયામતના દીવસે હિસાબ માટે લોકો ચાર સમુહોમાં હશે. અમુક લોકો એવા હશે જે હિસાબ વગર જન્નતમાં દાખલ થશે. આ લોકો અહલેબૈત (અલય્હેમુસ્સલામ)ના મોહિબ્બો હશે. આ તેવા લોકો હશે જેનાથી કોઈ હરામ કામ થયું નહીં હોય અથવા તો તેઓ તૌબા કરીને દુનીયાથી સિધાવ્યા હશે.

બીજો સમૂહ તેમનાથી વિરૂધ્ધનો હશે. જેને હિસાબ વગર જહન્નમમાં દાખલ કરવામાં આવશે. અને આ

લોકોના વિષે જ આ આયત છે. “ફલા નોકીમો લહુમ યવ્મલ કેયામતે વઝનન.” જે માણસ દુનીયામાંથી ઈમાન વગરનો ઉઠશે તેનો હિસાબ લેવામાં નહીં આવે અને ન તો અ’અમાલનામું ખોલવામાં આવશે.” શૈખે કુલૈની (અ.ર.) હઝરત ઈમામ ઝયનુલ આબેદીન (અલય્હિસ્સલામ)થી રિવાયત કરે છે કે મુશ્રિમકોના અ’અમાલનો વજન નહીં કરવામાં આવે. તેનું કારણ એ છે કે હિસાબ, મિઝાન અને અ’અમાલ માત્ર

મુસલમાનો સાથે સંબંધ ધરાવે છે. કુરઆનમાં દર્શાવ્યા મુજબ કાફિરો અને મુશ્રિકો હંમેશા અઝાબમાં જ રહેશે.

ત્રીજો સમૂહ તે લોકોનો છે જેમને હિસાબના તબકકામાં રોકી લેવામાં આવશે. આ તે લોકો હશે જેઓના ગુનાહ નેકીઓ ઉપર છવાઈ ગયા હશે જયારે તેઓના ગુનાહોનો કફફારો થઇ જશે ત્યારે આ રોકાણમાંથી મુકત થઇ જશે.

# એક ગુનાહના બદલે સો વર્ષ રોકવામાં આવશે

હઝરત રસૂલે અકરમ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ઇબ્ને મસ્ઉદ (ર.અ.)ને કહ્યું કે અમુક લોકોને એક સો વર્ષ હિસાબના તબકકામાં રોકવામાં આવશે અને પછી તેઓ જન્નતમાં જશે. “ઇન્નલ મરઅ લયુહબસો અલા ઝમ્બીન વાહેદીન મેઅતીન આમીન.” “ઇન્સાન એક ગુનાહના બદલે સો વર્ષ રોકવામાં

આવશે. પણ તે નથી જણાવવામાં આવ્યું કે કયા ગુનાહના બદલે રોકવામાં આવશે તેથી મોઅમિનોએ દરેક ગુનાહોથી દૂર રહેવું જોઈએ જેથી હિસાબના રોકાણમાં અટકાયત ન થાય. (મઆદ)

## બે મોઅમિનો મેદાને હશ્રકમાં હશે એક ફકીર અને અમીર હશે

શૈખ સદુક (અ.ર.) હઝરત ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ)થી

રિવાયત કરે છે કયામતના દિવસે અહલેબૈત (અલય્હેમુસ્સલામ)ના બે મોહિબ્બોને હિસાબ માટે રોકવામાં આવશે તેમાનો એક દુનીયામાં કંગાળ અને ફકીર હશે અને બીજો પૈસાદાર હશે. તે ફકીર અરજ કરશે કે અય પરવરદિગાર ! મને કયા કારણે રોકવામાં આવ્યો છે. મને તારી ઈઝઝત અને જલાલતની કસમ તે મને કોઈ હુકુમત કે સલ્તનત નહોતી આપી જેમાં હું અન્યાય, ઝુલ્મ અને અત્યાચાર કરૂં

અને ન તો તે મને એવો કોઈ માલ આપેલ કે હું વાજીબ કરેલ હકને અદા કરતો અથવા હક ગસ્બ કરતો. તે મને એવી રીતે રોઝી આપી જે તે મારા માટે પુરતી સમજી અને મેં તેને વાજબી ગણી. પછી અલ્લાહ તઆલાનો હુકમ થશે કે અય મોઅમિન ! તું સાચું કહે છે અને તેને બેહીશ્તમાં દાખલ કરવામાં આવશે.

બીજી તરફ દૌલતમંદ માણસ એટલી વાર ઉભો રહેશે કે તેને ઉભા

રહેવાથી એટલો પસીનો થશે કે જેનાથી ચાલીસ ઊંટ ધરાઈ શકે. પછી તેને જન્નતમાં દાખલ કરવામાં આવશે. જન્નતમાં તે ફકીર તેને પુછશે કે તને કયા કારણે આટલી બધી વાર રોકી રાખવામાં આવ્યો. તે કહેશે કેટલીક બાબતોની સતત પુછતાછના લાંબા હિસાબે મને રોકી રાખ્યો ત્યાં સુધી કે અલ્લાહ તઆલાએ પોતાની રહેમતથી નવાજયો અને મને માફ કર્યો અને મારી તૌબા કબુલ કરી. પછી તે પેલા ફકીરને

પુછશે કે તું કોણ છે ? તે જવાબ આપશે કે હું એ જ ફકીર છું જે હિસાબના મૈદાનમાં તારી સાથે હતો. પછી તે દૌલતમંદ કહેશે કે તને જન્નતની નેઅમતોએ કેટલો બદલી નાખ્યો છે કે હું તને ઓળખી પણ ન શકયો. (મતાલીબ) ચોથો સમૂહ તે લોકોનો હશે જેના ગુનાહ તેઓની નેકીઓ કરતા વધારે હશે તેથી જો શફાઅત અને પરવરદિગારે આલમની રહેમત અને મહેરબાની મળી જશે તો તેઓ છુટકારો મેળવીને

જન્નતમાં ચાલ્યા જશે નહીં તો તેઓને તે જગ્યાએ અઝાબમાં નાખવામાં આવશે જે આવા લોકો માટે ખાસ હશે. ત્યાં સુધી તેઓ ગુનાહોથી પાક થઇ જાય અને તે અઝાબમાંથી મુક્તિ મળી જાય. પછી તેઓને જન્નતમાં મોકલી દેવામાં આવશે.

જે ઇન્સાનના દિલમાં જરા જેટલું પણ ઈમાન હશે તે જહન્નમમાં બાકી નહીં રહે છેવટે જન્નતમાં દાખલ થશે. જહન્નમમાં માત્ર કાફિરો અને વિરોધીઓ બાકી રહી જશે.

# અહબાત અને તકફીર

“વલ્લઝિન કફરૂ ફતઅસલ્લહુમ વ અઝલ્લ અઅમાલહુમ. ઝાલેક બે અન્નહુમ કરેહુ મા અન્ઝલલ્લાહો ફ અહબત અઅમાલહુમ.” - (સૂરએ મોહમ્મદ / આયત નં. ૮ – ૯)

“જેઓ કાફિર છે તેમના માટે ડગમગાહટ છે અને ખુદા તેઓના તે અ’અમાલ બરબાદ કરી નાંખશે. આ એટલા માટે કે ખુદાએ જે ચીઝ નાઝિલ કરી છે તેઓએ

તેને નાપસંદ કરી તો ખુદાએ તેઓના અ'અમાલ બરબાદ કરી નાંખ્યા."

બીજી એક જગ્યાએ ફરમાવે છે.

"વલ્લઝિન આમનુ વ અમેલુસ્સાલેહાતે વ આમનુ બેમા નુઝઝેલ અલા મોહમ્મદીન વહોવલ હકકો મિર રબ્બેહીમ કફફર અન્હુમ સય્યેઆતેહીમ વ અસ્લહ બાલહુમ." - (સૂરએ મોહમ્મદ / આયત નં. ૨)

"જે લોકોએ ઈમાન કબુલ કર્યું અને સારા કાર્યો કર્યા અને જે કાંઈ (કિતાબ)

મોહમ્મદ પર તેમના પરવરદિગાર તરફથી નાઝિલ થઇ છે તે બરહક છે તેના ઉપર ઈમાન લાવે તો અલ્લાહ તઆલા તેના પાછળના ગુનાહોને તેનાથી દૂર કરી દેશે અને તેની હાલત સારી કરી દેશે.”

અહબાત : જો કોઈ માણસ શરૂઆતની ઉંમરમાં ઇસ્લામના વર્તુળમાં નેક કામમાં રહી મશગુલ રહયો પરંતુ મરતી વખતે હકથી ફરી ગયો અને કુફ્રની હાલતમાં મરી ગયો તો તેને

ઇસ્લામની હાલતમાં કરેલા અ'અમાલ ફાયદો નહીં પહોંચાડે અને તે નેકીઓ નાશ પામશે.

અગર કોઈ એમ કહે કે કુરઆને મજીદમાં છે "ફમંય યઅમલ મિસ્કાલ ઝર્રતીન ખયરંય યરહ" "જે કોઈ જરા (કણ) બરાબર પણ નેકી કરશે તો તેનો બદલો તેને મળશે."

તેનો જવાબ એ છે કે કુફ્ર ઉપર મરનારે પોતાના હાથથી જ પોતાની નેકીઓને વેડફી નાંખી છે. કાફરના

બદલાને બાકી રાખવો ખુદા માટે અસંભવ છે કે તે તેને જન્નતમાં દાખલ કરે બલ્કે તેની નેકીઓનું વળતર દુનીયામાં જ આપી દેવામાં આવે છે. જેમ કે મૌતમાં આસાની, બીમાર ન થવું અને ભૌતિક સાધનો થકી. વધુમાં શકય છે કે આ નેકીઓના કારણે અઝાબમાં રાહત હોય. જેમ કે હાતિમતાઈ અને નવ શેરવાન જે સખાવતમાં અજોડ હતા. તેઓ જહન્નમમાં હશે પરંતુ આગ તેઓને બાળશે નહીં. જેમ કે કુરઆનમાં છે

“વલા અલલ્લઝિન યમુતુન વહુમ કુફ્ફારૂન.”

અને બીજી જગ્યાએ ફરમાવ્યું.

“વલ્લઝિન કઝઝબુ બે આયાતેના વ લેકાઈલ આખેરતે હબેતત અઅમાલોહુમ. હલ યુજઝવ્ન ઇલ્લા મા કાનુ યઅમલુન.” - (સૂરએ અઅરાફ / આયત નં. ૧૪૭)

“જે લોકોએ અમારી આયતો અને આખેરતની નીશાનીઓને જુઠલાવી તેમના બધા જ અ’અમાલ રદ થઇ ગયા

તેમને બસ તે જ અ'અમાલની સઝા અથવા જઝા મળશે જે તેઓ કરે છે.”

આવી જ રીતે આ આયતથી સાફ થાય છે કે કુફ્ર અને શિર્કથી અ'અમાલ બરબાદ થઇ જાય છે.

આવી જ રીતે બીજા ગુનાહો પણ નેક અ'અમાલને વેડફી નાંખે છે અને કબુલ થવાના દરજ્જા સુધી નથી પહોંચતા. જેમ કે માં બાપના નાફરમાન દીકરા માટે હુઝુરે અકરમ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ

ફરમાવ્યું. “યા આકો અઅમલ મા શેઅત.” “અય માં બાપના નાફરમાન તારી જે મરજીમાં આવે કર્યા કર. તારો કોઈ પણ અ’અમાલ કબુલ નથી” જો કોઈ માણસની પાછળ માં બાપના નીસાસા અને બદદુઆ હોય અને તે પહાડોની બરાબર પણ અમલ કરે તો પણ તેને આગમાં સળગાવવામાં આવશે. તેવી જ રીતે આરોપ અને ઈર્ષ્યા જેમ કે હદીસમાં છે. “અલ હસદો યા કોલુલ ઈમાન કમા તઅકોલુન્ના.રૂલ

હતબ” “હસદ ઈમાનને એ રીતે ખાય જાય છે જે રીતે આગ લાકડીને ખાય જાય છે (મઆદ).”

અલ્લામા કુલૈની (અ.ર.) મોઅનઅનન અબુ બશીરથી રિવાયત કરે છે કે હઝરત ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું “ઉસુલુલ કુફ્રે સલાસતુન અલ હીર્સો વલ ઇસ્તેકબારો વલ હસદો.” એટલે કે “કુફ્રના ત્રણ મુળ છે. લાલચ, ઘમંડ અને ઈર્ષ્યા.” આ મુળ જેટલા મજબુત થતા

જશે તેટલું ઈમાન જતું રહેશે અને નેક અ’અમાલનો નાશ થતો રહેશે અને ઇન્સાન જહન્નમનું બળતણ બની જશે. જેવી રીતે શયતાનના બધા અ’અમાલ ઘમંડના કારણે નાશ પામ્યા.

તકફીર: તકફીરનો મતલબ કફફારો થાય છે એટલે કે તે ગુનાહોનો નાશ કરવો જે તેનાથી થઇ ગયા છે. ઈમાન કુફ્રના અગાઉના ગુનાહોનો નાશ કરે છે. જો કોઈ માણસ શરૂઆતની ઉંમરમાં કાફિર રહયો હોય અને પછી

ઇસ્લામ લાવે તો તેના અગાઉના ગુનાહો નાશ પામશે અને તેનો હિસાબ નહીં થાય. તેવી જ રીતે મુસલમાનના ગુનાહ સાચી તૌબાથી માફ થઇ જાય છે. આ અંગે કુરઆનમાં છે. “ઉલાએક યોબદ્દેલુલ્લાહો સય્યેઆતેહીમ હસનાતીન” ખલ્લાકે આલમ તેઓના ગુનાહોને નેકીઓમાં ફેરવી નાખે છે.

## માં સાથે નેકી કરવાથી અઝીમ ગુનાહ પણ માફ થઇ જાય છે

બેહારૂલ અન્વાર ભાગ ૧૫માં છે કે એક માણસ હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) પાસે આવ્યો અને કહયું કે અય આકા ! મારો ગુનાહ ઘણો મોટો છે (તે ગુનાહ એ હતો કે તેણે પોતાની દીકરીને અજ્ઞાનતાના ઝમાનામાં જીવતી દાટી દીધી હતી) આપ મને એવો અમલ બતાવો કે ખુદા મારા આ ગુનાહને માફ કરે. આપે પુછયું કે શું તારી માં જીવે છે ? તેણે કહયું ના, (એવું લાગે છે જાણે માં

ની સાથે નેકી આ ગુનાહની માટે બહેતર ઈલાજ છે) આપે પુછયું શું માસી હયાત છે ? તેણે કહયું હાં, યા રસુલલ્લાહ ! આપે કહયું કે જા અને તેની સાથે નેકી કર. (માં સાથે સંબંધ હોવાના કારણે માસી સાથે નેકી કરવી તે માં સાથે નેકી કરવા બરાબર છે) પછી કહયું "લવ કાન ઉમ્મોહુ" જો તેની માં જીવંત હોત તો તેની સાથે નેકી કરવી આ ગુનાહના અસરને ખત્મ કરવા માટે યકીનન તેના કરતા વધારે બહેતર હોત. (મઆદ)

# કયામતમાં આલે મોહમ્મદ (સ.અ.વ.)ની નેકી વિષે પુછવામાં આવશે

ઈમામ (અલય્હિસ્સલામ)એ કોતાદાને પુછયું “સુમ્મ લતુસ્અલુન્ન યવ્મએઝિન અનીન્નઇમે.” નો શું અર્થ કરો છો ? તેણે કહયું રોટી અને પાણી વિગેરે વિષે પુછવામાં આવશે. ઈમામ (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું કે ખુદા વધારે મહેરબાન છે કે તે તેના વિષે સવાલ કરે (જો તમે કોઈને તમારા

દસ્તરખાન ઉપર બોલાવીને રોટી ખવરાવો તો શું તે પછી તમે તેના વિષે પુછયા કરશો ?) તેણે પુછયું તો પછી નઈમથી શું મતલબ છે ? હઝરતે કહયું તે નેઅમતથી મુરાદ અમે આલે મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની વિલાયત છે. પુછવામાં આવશે કે તમે આલે મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) સાથે કેવો વર્તાવ કર્યો કેટલી મોહબ્બત અને તાબેદારી કરી ? અમારા

દુશ્મનોને પુછવામાં આવશે કે તમે આ નેઅમતથી કુફ્રાને નેઅમત કેમ કરી ? “યઅરેફુન નેઅમતલ્લાહે સુમ્મ યુન્કેરૂનહા” અલ્લાહની નેઅમતોને ઓળખ્યા પછી તેનો ઇન્કાર કરે છે.”

## આ વિષે સવાલ કરવામાં આવશે

શૈખ સદુક (અ.ર.)થી રિવાયત છે કે કયામતના દીવસે માણસના પગ પોતાની જગ્યાએથી ત્યાં સુધી નહીં ચાલે જયાં સુધી તેને ચાર બાબતો માટે પુછવામાં ન આવે.

“અન ઉમ્રેહી ફીમા અફનાહો વ અન શબાબેહી ફીમા અબ્લાહો વ અન માલેહી મિમ્મક તસબહુ વ ફીમા અન્ફકહુ વ વેલાયતે આલે મોહમ્મદીન.”

(૧) તે તારી ઉંમરને કેવી રીતે વાપરી ?

(૨) તારી જવાની કયા કામોમાં બરબાદ કરી ?

(૩) માલ કેવી રીતે કમાયો અને કેવી રીતે ખર્ચ કર્યો ?

(૪) અને આલે મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની વિલાયત વિષે સવાલ થશે.

## ઈબાદતો

“અવ્વલો મા યોહાસબો બેહીલ અબ્દુસ્સલાતે.”

“બંદા પાસે સૌથી પહેલા જે વસ્તુનો હિસાબ લેવામાં આવશે તે નમાઝ હશે.”

શું વાજીબ નમાઝો તેના સમયમાં અદા કરતો રહયો છે ? શું દીનના હુકમો અને નબીઓની વસિય્યતોને સાચી રીતે

અદા કરતો રહયો છે કે ખોટા દેખાવા કરતો રહયો છે. તે પછી રોઝા, હજ, ઝકાત, ખુમ્સ, જેહાદ વિષે હિસાબ થશે. ખુમ્સ અને ઝકાતના હકદાર પાલવ પકડીને માંગણી કરશે.

## હુકુકન્નાસ (ઇન્સાનનાં હકકો)

અલ્લાહની પોતાના બંદાઓ સાથે બે પ્રકારની બાબતો હશે. (૧) અદલ (ન્યાય) (૨) ફઝલ અને કરમ (દયા અને મહેરબાની). જે માણસ પાસે

કોઈનો હક બાકી હશે તો તેની નેકીઓ લઈને હકદારને આપવામાં આવશે. જેમ કે ગીબત, આક્ષેપ. ગીબત કરનાર અને તોહમત લગાડનારની નેકીઓ જેની ગીબત કરી હતી તેને આપવામાં આવશે અને તેના ગુનાહ ગીબત કરનારને આપવામાં આવશે. આ અંગે સ્પષ્ટ રિવાયતો આવેલી છે.

રવઝા કાફીમાં હઝરત અલી બિન હુસૈન (અલય્હિસ્સલામ)ની એક લાંબી હદીસમાં કયામતનાં દીવસે લોકોના હિસાબની

બાબત લખવામાં આવી છે. આ હદીસના અંતમાં એક માણસે આપને પુછયું હતું કે અય ફરઝંદે રસુલ ! જો કોઈ મોઅમિનનો કોઈ કાફર પાસે હક બાકી હોય તો તે દોઝખમાં હશે તેનું વળતર કેવી રીતે મળશે ? તેની પાસે નેકીઓ તો નથી. આપે કહયું તે હકની માત્રાનાં પ્રમાણમાં તે કાફરનાં અઝાબમાં વધારો કરી દેવામાં આવશે. ઝાલિમની નેકીઓ ઝુલ્મ મુજબ મઝલુમને આપવામાં આવશે. તે માણસે પુછયું કે જો તે

ઝાલિમ મુસલમાન પાસે નેકીઓ ન હોય તો. આપે ફરમાવ્યું કે તે મઝલુમના ગુનાહોનો બોજ તે ઝાલિમ ઉપર નાંખી દેવામાં આવશે અને આ જ ન્યાયની માંગણી છે.

## કયામતમાં મુફલીસ કોણ ?

હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ અસ્હાબોને પુછયું કે શું તમે જાણો છો કે મુફલીસ કોણ છે ? અસ્હાબો જવાબ

આપ્યો યા રસુલલ્લાહ ! અમારામાંથી મુફલીસ એ છે કે જેની પાસે રૂપિયા, પૈસા અને માલ મત્તા ન હોય. આપે ફરમાવ્યું.

“અલ મુફલેસો મિન ઉમ્મતી મન અતા યવ્મલ કેયામતે બે સલાતિન વ સેયામીન વ ઝકાતીન વ હજ્જીન વ યઅતી કદ સતમ હાઝા વ અકલ માલ હાઝા વ સફકદમ હાઝા વ ઝરબ હાઝા ફ યુઅતા હાઝા મિન હસનાતેહી વ હાઝા મિન હસનાતેહી ફ ઇન ફનેયત

હસનાતોહુ કબ્લ અંય યકઝેય મા અલય્હે ઓખેઝ મિન ખતાયાહો ફ તોરેહત અલય્હે સુમ્મ યુતરહો ફીન્નાહરે.”

“મારી ઉમ્મતનો મુફલીસ એ માણસ છે જે કયામતના દીવસે નમાઝ, રોઝા, હજ, ઝકાતની સાથે આવે પરંતુ તેણે કોઈને ગાળો આપી હશે, કોઈનો માલ ખાધો હશે, કોઈને કત્લ કર્યો હશે, કોઈને માર્યો હશે તેથી મઝલુમોમાંથી દરેકને તેની નેકીઓ આપવામાં આવશે અને તે નેકીઓ તેની જ હશે. જો તે દરેક

મઝલુમને નેકીઓ આપતા પહેલા જ નેકીઓ પુરી થઇ જશે તો તેઓના ગુનાહ તે ઝાલિમ ઉપર લાદવામાં આવશે અને તેને આગમાં નાંખી દેવામાં આવશે.” (મઆદ)

અલ્લામા જઝાએરી તેમની કિતાબમાં એક હદીસ નકલ કરે છે. જો કોઈ એક દિરહમ પોતાના દુશ્મનને પાછો આપી દે તો તે હજાર વર્ષોની ઈબાદત, હજાર ગુલામ આઝાદ કરવા અને એક હજાર હજ તેમજ ઉમરાહ

કરવાથી બહેતર છે. એક બીજી જગ્યાએ મઅસુમીન (અલય્હેમુસ્સલામ)થી લખે છે કે "મન અઝ્લ ખોસમાઅ મિન નફસેહી વ જબલહુલ જન્નત બે ગયરીલ હેસાબે વ યકુનુ ફીલ જન્નતે રફીક ઈસ્માઈલબ્ન ઈબ્રાહીમ અલય્હિસ્સલામો."

"જે માણસ પોતાના લેણીયાતોને રાજી કરે તેના માટે હિસાબ વગર જન્નત વાજીબ થઇ જાય છે અને જન્નતમાં તેને હઝરત ઈસ્માઈલ (અલય્હિસ્સલામ)ની દોસ્તી મળશે."

એવા સમયે જયારે કે કોઈ માણસના માથે કોઈનો હક બાકી હોય અને તે કારણે તેને રોકી લેવામાં આવ્યો હોય ત્યારે અલ્લાહની મદદ મળે તો તેનો છુટકારો થશે. અમુક લોકો પોતાના પસીનામાં ડૂબકી મારી રહયા હશે. તે સમયે ખુદા પોતાની દયા અને મહેરબાનીથી બેહીશ્તની જગ્યાઓ જાહેર કરશે અને તે માણસ જે હક માંગનાર છે તેને કહેવામાં આવશે અય મારા બંદા

પાસે માંગણી કરનાર જો તું ઈચ્છે કે તું આ જગ્યામાં દાખલ થઇ જા અને મારા બંદાના હકને માફ કરીને છોડી દે. તે બંદો ખુશનસીબ છે જેની ઉપર ખુદાની દયા અને મહેરબાની થાય. જો ખુદા તેના પ્રશ્નને હાલ ન કરે તો બાબત ઘણી સખ્ત છે. ઈમામ ઝયનુલ આબેદીન (અલય્હિસ્સલામ) તેના ડરથી રડતા અને આ દોઆ કરતા હતા.

"યા ઇલાહી આમિલ્ના બે ફઝલેક વલા તોઆમિલ્ના બે અદલેક યા કરીમો."

“ઇલાહી અમારી સાથે તારી મહેરબાની (ફઝલ) થકી વર્તન કર નહીં કે અદલ સાથે.”

## એક ઘાંસના તણખલાનો હિસાબ એક વર્ષ

શૈખ શહીદ (અ.ર.)ની મકાતીબમાં આ વાકેઓ છે કે અહમદ બિન અલી અલ હવારીએ કહયું કે મારી ઈચ્છા હતી કે હું અબુ સલમાન દુર્રાની (અબ્દુર્રેહેમાન બિન અતાયા મશહુર

જાહીદ જેની વફાત હી.સ. ૨૩૫ માં દમિશ્કમાં થઇ અને ત્યાં જ તેમને દફન કરવામાં આવ્યા) અને અબ્દુર્રેહેમાન અબીલ હવારી (તેઓના અસ્હાબોમાંથી છે)ને સપનામાં જોઉં. એક વર્ષ પછી મેં તેઓને સપનામાં જોયા. મેં તેમને પુછયું. અય માનનીય ઉસ્તાદ ! અલાહે તમારી સાથે કેવું વર્તન કર્યું. અબુ સલમાને કહયું કે અય અહમદ ! એક વખત બાબે સગીરથી આવતા આવતા એક ઊંટ ઉપર ઘાંસ લદાએલી જોઈ મેં

તેમાંથી એક ડાળ પકડી મને યાદ નથી કે મેં તેનાથી દાંત ખોતર્યા કે દાંતોમાં નાંખ્યા વગર ફેંકી દીધી. અત્યારે એક વર્ષ થવા આવ્યું છે પણ હજુ સુધી હું એ જ ડાળના હિસાબમાં સપડાએલો છું.

આ કિસ્સો કાલ્પનીક નથી બલ્કે કુરઆનની આ આયત તેને ટેકો આપે છે "યા બુનય્ય ઈન્નહા ઇન તકુ મિસ્કાલ હબ્બતીન મિન ખરદલીન ફ તકુન ફી સખરતીન અવ ફીસ્સમાવાતે અવ ફીલ

અઝ્રે યઅતે બેહલ્લાહો.” - (સૂરએ લુકમાન / આયત નં. ૧૬)

“અય બેટા ! એ સાચું છે કે રાયના દાણા બરાબર પણ નેકી અથવા બદી જો આસમાન, ઝમીન કે કોઈ પણ પત્થરમાં પણ થઇ તો તે હિસાબના સમયે રજુ કરવામાં આવશે અને તેના વિષે સવાલ કરવામાં આવશે.”

હઝરત અલી (અલય્હિસ્સલામ) એક ખુત્બામાં ફરમાવે છે “અલયસતીન નોકુસો અન મિસ્કાલે હબ્બતીમ મિન

ખરદલીન મસ્ઉહલતુન” “શું કયામતના દીવસે નફસો પાસેથી રાયના દાણાની બરાબર નેકી કે બદીનો હિસાબ નહીં કરવામાં આવે ? અને હઝરત અલી (અલય્હિસ્સલામ)એ મોહમ્મદ બિન અબીબક્રને એક કાગળ ઉપર લખીને મોકલ્યું હતું. “વઅલમુ એબાદલ્લાહે અન્નલ્લાહ અઝઝ વ જલ્લ સઅલોકુમ અનીસ્સગીરે મિન અમલેકુમ વલ કબીરે.”

“અય અલ્લાહના બંદાઓ તમને ખબર હોવી જોઈએ કે કયામતના દીવસે અલ્લાહ તઆલા તમને નાના મોટા દરેક કામોના વિષે પુછશે. અને ઇબ્ને અબ્બાસને એક કિતાબમાં લખી આપ્યું.

“અમા તખાફો નકાશીલ હેસાબે.” “શું તું હિસાબની સખ્તીથી નથી ડરતો ?”

હકીકતમાં મનાકેસા એટલે શરીરમાં કાંટા ચુભવા. જેવી રીતે કાંટો કાઢવા માટે બારીક સોઈથી છીદ કરવું પડે છે તેવી જ રીતે કયામતના દીવસે

હિસાબમાં પણ બારિક તેવા જ દુઃખનો સામનો કરવો પડે છે. અમુક સંશોધન કરનારાએ કહયું છે કે કયામતના દીવસે હિસાબના માપદંડના ભયથી કોઈ બચી નહીં શકે. અલબત્ત તે માણસ કે જેણે દુનીયામાં પોતાના અ'અમાલ, બોલ ચાલ, ખતરાઓ અને રીતભાતનો હિસાબ શરીઅતની મર્યાદામાં રહીને માપદંડ મુજબ શરૂઆતથી કર્યા હશે તે બચી જશે. એક હદીસમાં છે કે આં હઝરત (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી

વસલ્લમ)એ ફરમાવ્યું. અય લોકો ! કયામતના દીવસે હિસાબ થાય તે પહેલા તમારો હિસાબ કરી લો અને કયામતના દીવસે તમારા અ'અમાલનો વજન થાય તે પહેલા તમારા અ'અમાલનો વજન કરી લો.

## હિસાબ વિષે અહમ સવાલ

તુબા બિન સમા માટે લખવામાં આવ્યું છે કે તે દીવસ અને રાત પોતાના નફસનો હિસાબ કર્યા કરતો હતો. એક

દીવસ તેણે પોતાની અગાઉની જિંદગીનો હિસાબ કર્યો તો તેને અંદાજ આવ્યો કે ત્યાં સુધીમાં તેની સાંઈઠ વર્ષની ઉંમર પુરી થઇ ચુકી છે. પછી તેણે વર્ષોના દીવસની ગણતરી કરી તો તે એકવીસ હજાર છસ્સો દીવસ થયા. પછી તેણે દુઃખી થઈને વિચાર્યું કે શું હું એકવીસ હજાર છસ્સો ગુનાહ સાથે મારા પરવરદિગારની પાસે હાજર થઈશ. આ વિચાર આવતા જ તે બેભાન થઇ ગયો

અને તે જ બેભાન અવસ્થામાં મૃત્યુ પામ્યો.

એક રિવાયતમાં છે કે એક વખત હઝરત રસૂલે અકરમ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) એક ઘાંસ વગરની જમીન ઉપર બેઠા હતા અને આપ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ અસ્હાબોને ત્યાં બળતણ ભેગું કરવાનો હુકમ આપ્યો. અસ્હાબોએ અરજ કરી કે આપણે એવી જમીન ઉપર ઉતર્યા છીએ કે જયાં બળતણ મળવું

મુશ્કેલ છે. આપે ફરમાવ્યું કે જે કોઈનાથી જેટલું શકય હોય તેટલું બળતણ લાવીને ભેગું કરે. પછી તેઓએ બળતણ લાવીને હુઝુરની સામે એક ઢગલો કરી દીધો. હુઝુરે બળતણ તરફ જોઈને ફરમાવ્યું કે આવી જ રીતે કયામતના દીવસે લોકોના ગુનાહ પણ ભેગા કરવામાં આવશે. તેથી જણાય છે કે આપે એટલા માટે હુકમ આપ્યો છે કે અસ્હાબોને જાણ થઇ જાય કે જેવી રીતે ઘાંસ વગરના મૈદાનમાં બળતણ દેખાતું

નથી પરંતુ શોધખોળ કરવાથી ઢગલો થઇ ગયો તેવી જ રીતે તમારા ગુનાહ તમને દેખાતા નથી પરંતુ જે દીવસે ગુનાહોની શોધખોળ કરવામાં આવશે અને હિસાબ થશે ત્યારે અસંખ્ય ગુનાહો ભેગા થઇ જશે. તેથી તુબા બિન સમાએ પોતાની આખી જિંદગીમાં દરરોજના ગુનાહનો અંદાજ કર્યો તેથી તેના એકવીસ હજાર છસ્સો ગુનાહ બની ગયા.

# હૌઝે કૌસર

આ બધા હુકમો જેની વિગત કુરઆને મજીદ અને જુદી જુદી રિવાયતોમાં છે તેમાં હૌઝે કૌસરનો સમાવેશ પણ થાય છે. આ એક એવી મોટી નેઅમત છે જે ખલ્લાકે આલમે હઝરત મોહમ્મદ મુસ્તુફા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ને અર્પણ કરી છે. અસંખ્ય કિતાબો જેવી કે બસાએરૂલ દરજાત, મઆલેમુલ ઝુલફા અને બેહારૂલ અન્વાર ભાગ 3માં

લખવામાં આવ્યું છે કે અબ્દુલાહ બિન સનાને હઝરત ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ)ને હૌઝે કૌસર વિષે પુછયું. હઝરતે જણાવ્યું કે તેની લંબાઈ બસરાથી યમન સુધીના અંદાજ જેટલી છે. અબ્દુલ્લાહને નવાઈ લાગી. હઝરતે પુછયું શું તું તેને જોવા માગે છે ? તેણે હાં પાડી. હઝરત તેને મદીનાથી બહાર લાવ્યા અને પોતાના પગને જમીન ઉપર માર્યો. અબ્દુલાહે કહયું ઈમામના હુકમથી મારી આંખો પ્રકાશિત થઇ ગઈ

અને પરદા હટી ગયા. મેં જોયું કે એક નહેર વહી રહી છે અને જયાં હું અને ઈમામ ઉભા છીએ તે એક ટાપું છે. આ નહેરમાં એક તરફ બરફથી વધારે સફેદ પાણી અને બીજી તરફ દુધ વહી રહયું છે અને વચમાં લાલ યાકુતની જેવો પાક શરાબ વહી રહયો છે. આથી વધુ ખુશ્નુ મા ચીઝ કયારેય જોઈ ન હતી. અને ન તો દુધ અને પાણીની વચ્ચે આ પ્રકારનો શરાબ જોયો હતો. મેં મારી જાન આપ પર કુરબાન થાય આ નહેર

ક્યાંથી નીકળી રહી છે આપે કહ્યું કે જેવી રીતે કુરઆનમાં દર્શાવ્યું છે કે જન્નતમાં દુધ, પાણી અને શરાબની નહેર છે. આ નહેર તેમાંથી વહી રહી છે. આ નહેરના બીજા કિનારાઓ ઉપર ઝાડો છે અને ઝાડોની વચ્ચે જન્નતની હુરો પોતાના વાળો લટકાવેલી છે કે તેનાથી વધારે ખુબસુરત વાળ ક્યાંય જોયા ન હતા. દરેકના હાથમાં એવું ખુબસુરત વાસણ છે કે તેવું વાસણ દુનીયામાં નથી જોયું હઝરત એકની પાસે ગયા અને

પાણી માંગ્યું તે હુરે વાસણને તે નહેરમાંથી ભરીને આપને આપ્યું અને સલામ કરી. ઈમામ (અલય્હિસ્સલામ)એ તે મને આપ્યું. મેં કયારેય પણ આટલો સ્વાદ અને આનંદ માણ્યો ન હતો અને આ પ્રકારની મશ્કની ખુશ્બુ કયારેય પણ સુંઘી ન હતી. મેં અરજ કરી કે મારી જાન આપ પર કુરબાન થાય મેં જે કાંઈ આજે જોયું છે જેનું મને ગુમાન સુધ્ધાં ન હતું. હઝરતે ફરમાવ્યું કે આ તેનાથી ઘણું ઓછું છે જે અમારા શિયાઓ માટે

તૈયાર રાખવામાં આવ્યું છે. જયારે તે મૃત્યુ પામે છે ત્યારે તેની રૂહ આ જ બગીચાઓમાં અને નહેરોમાં ફરે છે અને નહાય છે અને મેવાઓની મિઠાશ માણે છે. (મઆદ)

હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ હઝરત અલી (અલય્હિસ્સલામ)ને કહયું કે હૌઝે કૌસર ભવ્ય અર્શની નીચે વહી રહયો છે તેનું પાણી દુધથી વધારે સફેદ, મધથી વધારે મીઠું અને ઘી થી વધારે નરમ છે.

તેના કાંકરા હીરા, માણેક અને મોતી છે. તેનું ઘાંસ કેસર અને મોટી મોટી સુગંધી કસ્તુરી છે. પછી આપે પોતાનો હાથ હઝરત અલી (અલય્હિસ્સલામ)ના જાંઘ ઉપર રાખ્યો અને કહયું અય અલી ! આ નહેર મારા, તમારા અને તમારા ચાહવાવાળાઓ માટે છે. (અહસનુલ ફવાએદ)

હુસૈનીઓ માટે એક વિશેષતા આ પણ છે હઝરત ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ)નું કથન છે. “વ ઇન્નલ

કૌસર લઅશદ્દો ફરહન લેબાકીલ હુસૈને.”

“ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ)ના ગમમાં રડનાર હૌઝે કૌસર ઉપર ખુશ ખુશહાલ આવશે અને હૌઝે કૌસરને જોઈને ખુશ થશે. (મઆદ)

## હઝરત અલી (અલય્હિસ્સલામ)એ “લેવાઉલ હમ્દ” ઉપાડેલ હશે તેની તફસીર

પરવરદિગાર જે રીતે કયામતના દીવસે બીજી નેઅમતો જાહેર કરશે તેવી

જ રીતે આલે મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની શાનો શૌકત અને ભવ્યતાની પણ જાહેરાત કરશે.

લેવાઉલ હમ્દ : અબ્દુલાહ બિન સલામે હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ને પુછયું કે યા રસુલુલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ! લેવાઉલ હમ્દની વિગત શું છે ? તે આપ મને જણાવો. આપે જવાબ આપ્યો કે તેની લંબાઈ

હજાર વર્ષના માર્ગની બરાબર છે. તેનો સ્તંભ લાલ યાકૂત અને તેનું આવરણ સફેદ મોતીઓનું, તેનો ધ્વજ લીલા ઝમરૂદ (કિંમતી પત્થર)નો હશે. એક ધ્વજ પૂર્વની તરફ, બીજો પશ્ચિમ તરફ અને ત્રીજો વચ્ચે અને તેમાં ત્રણ લીટીઓ લખેલી હશે.

(૧) બિસ્મિલ્લાહ હિર રહમાનીર રહીમ

(૨) અલ્હમ્દો લિલ્લાહે રબ્બીલ આલમીન

(૩) લા એલાહ ઇલ્લલ્લાહો મોહમ્મદુર રસુલુલ્લાહે અલીયુંવ વલીયુલ્લાહ.

દરેક વાકય હજાર વર્ષના માર્ગની બરાબર લાંબી હશે. તેણે કહયું કે આ કોણ ઉપાડશે ? આપે કહયું કે તેને તે જ ઉપાડશે જે દુનીયામાં મારો અલમ ઉપાડતો રહયો હશે એટલે કે હઝરત અલી ઇબ્ને અબી તાલિબ (અલય્હિસ્સલામ) જેનું નામ અલ્લાહ તઆલાએ ઝમીન અને આસમાનના સર્જન પહેલા લખ્યું. તેણે કહયું આપે સાચું કહયું એ પણ કહો કે તેના છાંયાની નીચે કોણ લોકો હશે ? આપે કહ્યુ

મોઅમિનો, ખુદાના દોસ્તો, મારા શિયા અને ચાહકો અને અલીના શિયા અને ચાહકો તેના છાંયા હેઠળ હશે.

પછી તેની સ્થિતિ અને અંજામ સારો છે અને તે માણસના માટે અઝાબ છે કે જે અલીના વિષે મને અથવા મારા વિષે અલીને જુઠલાવે અથવા આ મરતબામાં ઝઘડો કરે જેમાં ખુદાએ તેને કાયમ કર્યા છે.

# હઝરત અલી (અલય્હિસ્સલામ) સાકીએ કૌસર હશે

“વ અન્ત સાહેબો હવ્ઝી” એક હદીસના ભાગમાં કહયું છે કે અય અલી (અલય્હિસ્સલામ) ! તમે જ સાકીએ કૌસર છો. ખીસાલ શૈખ સદુક (અ.ર.)માં હઝરત અલી (અલય્હિસ્સલામ)થી રિવાયત છે કે હું હૌઝે કૌસર ઉપર હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની સાથે હોઈશ અને અને મારા વારસો પણ ત્યાં મારી

સાથે હશે. જે માણસ અમારી મુલાકાતની ઈચ્છા ધરાવતો હોય તે અમારા કથન અને કાર્ય ઉપર અમલ કરે કારણ કે દરેક ઘરમાં થોડાં શરીફ અને થોડાં ભલા માણસો હોય છે. અમારા માટે અને અમારા મોહિબ્બો માટે શફાઅત સાબિત છે. તેથી હૌઝે કૌસર ઉપર અમારી સાથે મુલાકાત કરવાની કોશિશ કરો કારણ કે અમે ત્યાંથી અમારા દુશ્મનોને હટાવીશું અને અમે અમારા મોહિબ્બોને તૃપ્ત (સેરાબ) કરીશું. જે માણસ તેનો એક

ઘૂંટડો પી લેશે તે કયારેય પણ તરસ્યો નહીં થાય.બુખારી વિગેરેમાં છે કે જયારે અમુક અસ્હાબોને કૌસરથી દૂર હટાવવામાં આવશે ત્યારે હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ફરમાવશે “યા રબ્બે અસ્હાબી અસ્હાબી” “અય અલ્લાહ ! આ તો મારા અસ્હાબ છે” “ફ યોકાલો લા તદરી મા અહદસુ બઅદક” “તમને ખબર નથી કે તેઓએ તમારા પછી શું કર્યું ? દુર્ઘટનાઓ અને બિદઅતો

ફેલાવી” તેવી જ રીતે મુસ્લીમ મા શરહે નુવી ભાગ ૨ પેજ નં. ૨૪૯, બુખારી ભાગ ૨ પેજ નં. ૯૭૫ ઉપર મૌજુદ છે. (અહસનુલ ફવાએદ)

## હઝરત અલી (અલય્હિસ્સલામ) જન્નત અને જહન્નમની વહેંચણી કરનાર છે

પછી મારી પાસે જન્નતનો રિઝવાન જન્નતની ચાવીઓ લઇ આવશે અને મારા હવાલે કરી દેશે તે પછી

જહન્નમનો ખાઝીમ જહન્નમની ચાવીઓ મારા હવાલે કરી દેશે હું આ ચાવીઓ હઝરત અલી (અલય્હિસ્સલામ)ના હવાલે કરી દઈશ "યા અલીય્યો અન્ત કસીમુન્ના રે વલ જન્નત" "અય અલી ! તમે જન્નત અને જહન્નમની વહેંચણી કરનારા છો તે સમયે જન્નત અને જહન્નમ મારી અને અલીની એટલી તાબેદાર હશે. જેટલી કોઈ તાબેદાર પત્ની પોતાના પતિની તાબેદારી કરે છે અને આ આયત "અલ કેયાફી જહન્નમ

કુલ્લ કફ્ફારીન અનીદ.” નો એ જ અર્થ છે એટલે “અય મોહમ્મદ અને અલી ! તમે બંને કાફર અને વિદ્રોહીઓને જહન્નમમાં નાંખી દેશો.”

## શફાઅત

તફસીરે કુમ્મીમાં જનાબ સમાઆની રિવાયત છે કે કોઈએ હઝરત ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ)ને અરજ કરી કે કયામતના દીવસે પયગમ્બરે ઇસ્લામની શફાઅત કેવી

રીતે થશે ? આપે જવાબ આપ્યો કે જયારે લોકો ખુબ પસીનો થવાથી એટલા આકુળ વ્યાકુળ થઇ જશે અને નફસા નફસીની પરિસ્થિતિમાં લોકો કંટાળીને જનાબે આદમ(અલય્હિસ્સલામ) પાસે શફાઅત માટે જશે તેઓ તર્કે અવલાના કારણે ના પાડશે પછી તેમની સુચના મુજબ જનાબે નૂહ (અલય્હિસ્સલામ) પાસે જશે. તે પણ ના પાડશે તે પછી એક પછી એક બીજા નબીઓ પાસે મોકલશે ત્યાં સુધી કે

જનાબે ઇસા (અલય્હિસ્સલામ) પાસે પહોંચશે તે લોકોને આખરી નબી હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની પાસે હાજર થવા સલાહ આપશે તેથી લોકો આપની પાસે હાજર થઈને પોતાની મુશ્કેલીઓ દૂર કરવા માટે ભલામણ કરશે. આપ તેઓને રહમાનના દરવાજા સુધી લઇ જશે અને ત્યાં સજદો કરશે. તે સમયે અલ્લાહનો અવાજ આવશે. “ઈરફઅ રઅસક વશ્ફઅ તોશફફઅ વસ્અ લ તુઅતા” “અય

હબીબ ! માથું ઊંચું કરો અને શફાઅત કરો તમારી શફાઅત કબુલ થવાને પાત્ર છે અને જે કાંઈ માંગવું હોય તે માંગો તમને આપવામાં આવશે.”

ખીસાલ શૈખ સદુકમાં હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) કહે છે કે ત્રણ સમૂહ અલ્લાહની બારગાહમાં શફાઅત કરશે અને તેઓની કબુલ થશે. નબીઓ, આલિમો અને શહીદો. (અહસનુલ ફવાએદ) બેહારૂલ અન્વારમાં છે કે

હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ કહયું છે કે અલીના શિયાઓને હલકા ન સમજો તેઓમાંનો એક એક માણસ કુટુંબ કબીલાની સંખ્યા મુજબ ગુનેહગારોની શફાઅત કરશે.

## શફાઅત કેવા લોકોની થશે

બેહારૂલ અન્વારમાં છે કે હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)નું કથન છે

“ઇન્ન શફાઅતી લે અહલીલ કબાએરે મિન ઉમ્મતી ફ અમ્મલ મોહસેનુન ફમા અલય્હિમ મિન સબીલીન.”

“શફાઅત મારી ઉમ્મતના એ માણસ માટે છે જે ગુનાહાને કબીરાથી દૂર હશે અને નેકી કરનારા હશે.” હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું.

“અરબઅતુન અના લહુમ શફીઉન યવ્મલ કેયામતે અલ મુકરેમો લે ઝુર્રિયતી વલ કાઝી લહુમ હવાએજહુમ

વસ્સાઈ ફી ઓમુરેહીમ વલ મોહીતો લહુમ બે કલ્બેહી વ લેસાનેહી.”

“હું કયામતના દીવસે ચાર માણસોની શફાઅત જરૂર કરીશ. એક તે જે મારા વારસોનું માન સન્માન કરે બીજો એ માણસ જે મારા વારસદારોની જરૂરતોને પુરી કરે ત્રીજો એ કે જે તેઓની સાથે બરાબરી કરવામાં કોશિશ કરે અને ચોથો એ જે દિલ અને ઝબાનથી તેઓની સાથે મોહબ્બત કરે.” (સવાએકા)

# નમાઝને હલકી સમજનાર અને અલ્લાહની તાબેદારી ન કરનારની શફાઅત થશે નહીં

બીજી એક જગ્યાએ સાદિકે આલે મોહમ્મદ ઈમામ સાદિક (અલયહિસ્સલામ)નું કથન છે "લા તનાલો શફાઅતોના મનીસતખફ્ફ લે સલાતેહી." "જે માણસ નમાઝને હલકી સમજે તેને અમારી શફાઅત નસીબ નહીં થાય" હઝરત બાકીરૂલ ઉલુમ ઈમામ મોહમ્મદે બાકિર (અલયહિસ્સલામ)

ફરમાવે છે “ઇન્નમા શિઅતોના મન તાબઅના વ લમ યોખાલીફના” “અમારા શિયા તે છે જે અમારી તાબેદારી કરે અને અમારો વિરોધ ન કરે” જો તે વાજીબાતને અદા ન કરે અને હરામ કામોની પરવાહ ન કરે તો તે અલીના શિયાઓની યાદીમાંથી નીકળી જાય છે અને તે શફાઅતનો હકદાર પણ નહીં રહે. (અહસનુલ ફવાએદ)

ટૂંકમાં એ કે ઈમાનવાળાઓએ હંમેશા ભય અને આશા વચ્ચે રહેવું

જોઈએ. જે મોઅમિનનો ગુણ છે. અલ્લાહ તઆલા ફરમાવે છે. “વ યરજુન રહમતહુ વ યખાફૂન અઝાબહુ” “તેઓ ખુદાની રહેમતની આશા રાખે છે અને તેના અઝાબથી ડરે છે.” (મઆદ)

## અઅરાફ એટલે શું ?

(૧) અહલેબૈત (અલય્હેમુસ્સલામ) ના ખબરની બિના પર અઅરાફ સેરાત ઉપરનું એ ઉચ્ચ સ્થાન છે જેની ઉપર મોહમ્મદ અને આલે મોહમ્મદ

(સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) બેઠા હશે. દરેક શિયા અને મોહિબ્બે અહલેબૈત (અલય્હેમુસ્સલામ)ના કપાળમાંથી નૂર પ્રકાશિત થશે જે તે પુલે સેરાત ઉપરથી પસાર થવા માટે હઝરત અલી (અલય્હિસ્સલામ)ની વિલાયતની ટીકીટ છે સવાએકામાં છે “લા યજુઝ અહદુસ્સેરાત ઇલ્લા મન કતબ લહુ અલીય્યોનીલ જવાઝ” કોઈ માણસ તે સમયે પુલે સેરાત ઉપરથી પસાર નથી થઇ શકતો જયાં સુધી તેની

પાસે હઝરત અલી (અલય્હિસ્સલામ)ની ટીકીટ નહીં હોય

કુરઆને મજીદમાં છે. “વ અલલ અઅરાફે રેજાલુન” એટલે કે અઅરાફ ઉપર અમુક લોકો હશે. અહીં રેજાલથી મુરાદ હઝરત મોહમ્મદ મુસ્તુફા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને હઝરત અલી (અલય્હિસ્સલામ) છે. “યઅરેફુન કુલ્લા” પુલે સેરાત ઉપરથી પસાર થનાર

દરેકને ઓળખતા હશે. “બે સિમાહુમ” તેઓના ચહેરાઓની નીશાનીઓથી.

(૨) અઅરાફનું બીજું અર્થઘટન એ કરવામાં આવ્યું છે કે તે એક દીવસ છે જેમ કે કુરઆનમાં છે.

“યવ્મ તરલ મોઅમેનીન વલ મોઅમેનાતે યસ્આા નુરોહુમ બય્ન અય્દીહીમ વ બેઅય્માનેહીમ યુશ્રા કોમુલ યવ્મ જન્નાતુન તજરી મિન તહતેહલ અન્હારો ખાલેદીન ફીહા. ઝાલેક હોવલ ફવ્ઝુલ અઝીમ. યવ્મ યકુલુલ મુનાફેકુન

વલ મુનાફેકાતો લિલ્લઝીન આમનુન્ઝોરૂના નકતબીસ મિન નુરેકુમ. કીલરજેઉ વરાઅકુમ ફલતમેસુ નૂરન. ફ ઝોરેબ બય્નહુમ બે સુરીનલહુ બાબુન. બાતેનોહુ ફી હીર્રહમતો વ ઝાહેરોહુ મિન કેબલેહીલ અઝાબો.” - (સૂરએ હદીદ / આયત નં. ૧૨ – ૧૩)

“જે દીવસે તમે મોઅમિન મર્દો અને ઔરતોને જોશો કે તેઓના ઈમાનનું નૂર તેઓની આગળ આગળ અને જમણી તરફ ચાલી રહયું હશે તો તેઓને

કહેવામાં આવશે તમને ખુશખબરી થાય કે આજે તમારા માટે તે બાગ છે જેના નીચે નહેરો વહી રહી છે અને તમો તેમાં હંમેશા રહેશો આ જ તો મોટી સફળતા છે. તે દીવસે મુનાફિક મર્દ અને ઔરતો ઈમાનદારોને કહેશે કે એક નજર અમારી તરફ પણ કરો કે અમે પણ તમારા નૂરથી થોડી રોશની મેળવીએ. તેઓને કહેવામાં આવશે કે તમે દુનીયામાં પાછા જતા રહો અને ત્યાં જ બીજા કોઈ નૂરને શોધો. પછી તેઓની વચ્ચે એક દીવાર

કરી દેવામાં આવશે જેમાં એક દરવાજો હશે અને તેની અંદરની તરફ રહેમત અને બહારની તરફ અઝાબ હશે.”

આની તફસીરમાં કહેવામાં આવ્યું છે કે તે નૂર આલે મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની વિલાયત અને અકીદાનું નૂર છે. આ નૂર દરેકના અકીદા અને મઅરેફતના દરજજા મુજબનુ હશે અને તે જમણી તરફ હશે. અમુકનું નૂર એટલું પ્રકાશિત હશે કે તે મુશ્કેલીથી પોતાના પગની

જગ્યા જોઈ શકશે. અમુકનું નૂર તો દ્રષ્ટિ મર્યાદાથી પણ વધારે હશે. અમુકનુ નૂર એટલું કમજોર હશે કે કયારેક બુજાઈ જશે તો કયારેક પ્રકાશિત થશે. તે હૈરાન પરેશાન થઈને અવાજો આપશે "રબ્બના અત્મિમ લના નૂરના" પરવરદિગાર ! અમારૂં નૂર પરિપૂર્ણ કરી દે જેથી અમે મંઝિલ સુધી પહોંચી શકીએ. આ જગ્યાએ બીજા કોઈનું નૂર કામ નહીં લાગે. દંભીઓ અને ગુનેહગારો ઈચ્છા કરશે કે તેઓ આ નૂરનો લાભ ઉઠાવે

પરંતુ કોઈ લાભ નહીં થાય અને તેઓની વચ્ચે એક દીવાર કરી દેવામાં આવશે અને આ જ અઅરાફ છે.

“યોનાદુનહુમ અલમ નકુમ મઅકુમ. કાલુ બલા વલાકીન્નકુમ ફતન્તુમ અન્ફોસકુમ વ તરબ્બસતુમ વરતબ્તુમ વગર્રતકોમુલ અમાનીય્યો હત્તા જાઅ અમ્રુવલ્લાહે વગર્રકુમ બિલ્લાહીલ ગરૂરો.”

“મુનાફિકો મોઅમિનોને અવાજ દઈને કહેશે (કેમ ભાઈ) શું અમે કયારેય

તમારી સાથે ન હતા મોઅમિન કહેશે હતા તો જરૂર પણ તમે પોતાને પોતાની જાતે બલામાં નાંખ્યા અને અમારા હકમાં આફત મુસીબતની રાહ જોતા રહયા અને દીનના મામલામાં શક કર્યો અને તમને તમારી ઈચ્છાઓએ ધોકામાં રાખ્યા ત્યાં સુધી કે ખુદાનો હુકમ આવી પહોંચ્યો અને શૈતાને ખુદાના બારામાં તમને દગો આપ્યો. હવે કોઈ રસ્તો નથી તમારી જગ્યા આગ છે."

(3) અઅરાફ જન્નત અને જહન્નમની વચ્ચેની એ જગ્યા છે કે જયાં સીધા સાદા લોકો, ઓછી અકકલવાળી અને ભોળી સ્ત્રીઓ, ગાંડાઓ, નાબાલિગ બાળકો વધુમાં તે લોકો જે બે નબીઓની દરમ્યાનના ઝમાનામાં હોય. જેને કતરતનો ઝમાનો કહેવામાં આવ્યો છે. અથવા તે લોકો જેઓને હુજજત (અલયિહિસ્સલામ)ના ઝહુરની ખબર નથી. આ બધા તે જગ્યાએ હશે કે જયાં બેહીશ્તીઓની જેમ નેઅમતો અને ખુશી

નથી પરંતુ અઝાબમાં સપડાએલા પણ નથી. શૈખ સઅદીએ સુંદર નકશો ખેંચ્યો છે. “જન્નતની હુરોની નજીક દોઝખ છે પરંતુ જો દોઝખીઓને પૂછવામાં આવે તો તેઓ કહેશે કે અઅરાફ જન્નત છે.”

## પુલે સેરાત એટલે શું ? તે કયાં છે ? કેવો છે ? તેના ઉપરથી કોણ આસાનીથી પસાર થઇ શકશે ?

આખેરતના ભયજનક તબકકાઓમાંનો એક તબકકો પુલે

સેરાત પણ છે. જેની ઉપર સંપૂર્ણ અકીદો રાખવો દરેક મુસલમાન માટે ફરજ અને દીનની જરૂરતમાંથી છે.

સેરાતનો ડિક્ષનરી અર્થ રસ્તો થાય છે અને ખાસ અર્થમાં તેનું અર્થઘટન જે રસ્તો જહન્નમની ઉપરથી પસાર થાય તે છે.

મઅસુમીન (અલય્હેમુસ્સલામ)ની એક રિવાયત છે કે પુલે સેરાત વાળથી વધારે બારીક, તલવારથી વધારે તેજ અને આગથી વધારે ગરમ છે. નીખાલસ

મોઅમિન તેના ઉપરથી વિજળી વેગે ઝડપથી પસાર થઇ જશે. અમુક લોકો ઘણી મુશ્કેલીથી પસાર થશે છેવટે નજાત પામશે. અને અમુક લોકો લપસીને જહન્નમમાં પડી જશે. આ પુલે સેરાત દુનીયાના સેરાતલ મુસ્તકીમનો નમૂનો છે જે ઈમામ અલી (અલય્હિસ્સલામ) અને અન્ય ઈમામોનું અનુકરણ કરે છે. જે માણસ દુનીયામાં સેરાતલ મુસ્તકીમ (હઝરત રસુલ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી

વસલ્લમ)ની અહલેબૈત (અલય્હેમુસ્સલામ)થી વર્તન અને વ્યવહારમાં નાફરમાની કરીને બાતિલ તરફ ફરી ગયો હતો તે કયામતના દીવસે સજા પામીને પુલે સેરાતથી લપસીને જહન્નમમાં જશે. સૂરએ હમ્દમાં સેરાતલ મુસ્તકીમનો બંને તરફ ઈશારો છે. (અહલેબૈત (અલય્હેમુસ્સલામ)નો રસ્તો અને પુલે સેરાત). અલ્લામા મજલીસી (અ.ર.) પોતાની કિતાબ હકકુલ યકીનમાં શૈખ સદુક (અ.ર.)ના

હવાલાથી લખે છે કે તેમણે કહયું કે કયામતના દીવસનો અકીદો અને માન્યતા એ છે કે દરેક તબકકો પોતાનું અલગ નામ એક ફરજ અને વાજીબ રાખે છે. જે અલ્લાહના હુકમો બજાવી લાવવા અને ન બજાવી લાવવા માટે છે જો તે માણસથી આ વાજીબમાં ભુલ થઇ હશે તો તેને તે તબકકામાં એક હજાર વર્ષ રોકવામાં આવશેપછી તે વાજીબને ખુદાના હકથી માંગશે. જો તે માણસ પોતાના અગાઉના નેક કામોના કારણે

અથવા ખુદાની રહેમત અને બખ્શિશના સહારાથી નજાત અને છુટકારો મેળવી લેશે તે પછી તે બીજા તબકકામાં પહોંચશે.

આવી જ રીતે એક પછી એક તબકકાઓ પસાર કરતો રહેશે. દરેક તબકકામાં વાજીબ બાબતો અંગે સવાલ થશે પછી જો તે બધામાંથી સલામતી સાથે પાર ઉતરશે તો છેવટે તે “દારૂલ બકાઅ”માં પહોંચશે. આ જગ્યાએ તેને એક એવું જીવન નસીબ થશે જેમાં તે

કદી મૃત્યુ નહીં પામે. તેમાં તેને મહેનત અને તકલીફ વગર આરામ અને સાંત્વન મળશે. તે અલ્લાહની રહેમત હેઠળ નબીઓ, સાચાઓ, અલ્લાહના હાજીઓ અને અલ્લાહના નેક બંદાઓની સાથે રહેશે. પરંતુ જો કોઈ માણસ કોઈ તકલીફમાં તેને લગતા વાજીબાતમાં ચુક કરવાના કારણે પુરી દેવામાં આવ્યો અને તેની અગાઉની નેકીઓ તેના હકના કારણે છોડાવી ન શકે તો તે અલ્લાહની રહેમતથી પણ વંચિત રહેશે અને તેના

પગ લપસી પડશે અને તે જહન્નમમાં પડી જશે.

## કયામતમાં જહન્નમને લાવવામાં આવશે પુલે સેરાત તેના ઉપર હશે તેમાંથી પસાર થઇ જન્નતમાં જવાનું હશે

હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલય્હિસ્સલામ)થી રિવાયત છે કે જયારે આ આયત ઉતરી "વજીઅ યવ્મએઝિન બે જહન્નમ" એટલે કે "તે

દીવસે જહન્નમને લાવવામાં આવશે" આ આયતનો અર્થ હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ને પૂછવામાં આવ્યો ત્યારે આપે ફરમાવ્યું કે જનાબે જિબ્રઈલે મને કહયું કે જયારે અલ્લાહ તઆલા પહેલેથી લઈને છેલ્લે સુધીની દરેક વસ્તુને કયામતના દીવસે ભેગી કરશે ત્યારે એક લાખ ફરિશ્તાઓ ઘણી તકલીફ અને મુસીબતથી હજાર દોરડાઓ સાથે જહન્નમને લાવશે. જહન્નમની અંદરથી

એવો ભયાનક અવાજ આવશે કે જે અવાજને અલ્લાહે લોકોનો હિસાબ લેવા માટે રોકી રાખ્યો છે અને બધા મૃત્યુ પામશે. દરેક ઇન્સાન, ફરિશ્તા અને પયગમ્બર ફરિયાદ કરી રહયા હશે. “રબ્બે નફસી નફસી” એટલે “અય અલ્લાહ મને તારૂં રક્ષણ આપ.” દરેક પયગમ્બર પોતાની ઉમ્મત માટે દોઆ કરશે. રબ્બે ઉમ્મતી ઉમ્મતી” પછી તે પયગમ્બર પોતાની ઉમ્મતને લાવીને તે પુલ ઉપરથી પસાર કરાવશે જે તેની

ઉપર રાખવામાં આવશે. કોઈને પણ તે પુલ ઉપરથી પસાર થયા વગર કોઈ ઉપાય ન હશે. કુરઆને મજીદમાં છે.

“વ ઇંમ મિન્કુમ ઇલ્લા વારેદોહા. કાન અલા રબ્બેક હત્મમ મકઝિયા. સુમ્મ નુન્જીય્યલ્લઝીનત્તકવ વ નઝરૂઝઝાલેમીન ફીહા જીસીય્યા.” - (સૂરએ મરયમ / આયત નં. ૭૧ / ૭૨)

“તમારામાંથી કોઈ પણ એવો નથી જે જહન્નમ ઉપર થઈને ન પસાર

થાય (કારણ કે પુલે સેરાત તેની ઉપર છે) આ તમારા પરવરદિગાર ઉપર વાજીબ અને લાઝિમ (વાયદો) છે. પછી અમે પરહેઝગારોને બચાવીશું અને ગુનેહગારોને ગોઠણભેર છોડી દઈશું”

પછી ફરમાવ્યું આ રસ્તા ઉપર સાત તબકકાઓ છે. દરેક તબકકા ઉપર એક રોકાણ છે અને દરેક રોકાણ સિત્તેર હજાર ફરસખનું છે અને દરેક તબકકા ઉપર સિત્તેર હજાર ફરિશ્તાઓને

ગોઠવવામાં આવ્યા છે. બધા લોકો આ સાતેય તબકકાઓથી પસાર થશે.

## કયામતમાં માં બાપ સાથે નેકી અને સિલેરહમનો ફાયદો

જે માણસે દુનીયામાં માં બાપ સાથે સારો વ્યવહાર નહીં કર્યો હોય (કત્એ રહમી કરી હશે) તે દુનીયામાં ઓછી ઉંમરનો હશે તેના માલમાં બરકત નહીં હોય, આખેરતમાં તેને પુલે સેરાતના પહેલા તબકકામાં રોકી લેવામાં આવશે

અને કત્એ રહમી આડી આવશે. કુરઆનમાં આની સુચના આવેલી છે.

“વત્તકુલ્લાહલ્લઝી તસાઅલુન બેહી વલ અરહામે.” - (સૂરએ નીસાઅ / આયત નં. ૧)

“અને તે ખુદાથી ડરો જેના વસીલાથી આપસમાં એક બીજા સાથે સવાલ કરો છો અને કત્એ રહમીથી પણ (ડરો).”

જો તમારા કોઈ સગા બીમાર હોય તો તેની અયાદત માટે (ખબર

કાઢવા) જાઓ, જો મોહતાજ હોય તો તેની મદદ કરો, તેની હાજતો પુરી કરો. ખાસ દીવસોમાં જેમ કે ઈદ વિગેરેમાં તેની મુલાકાત કરો.

## બીજું રોકાણ અમાનતદારી

બીજી બાબત અમાનત છે. જો કે અમાનત માત્ર માલ પુરતી નથી બલ્કે અગર કોઈ એમ કહે કે આ વાત તારી પાસે અમાનત છે કોઈને કહેવી નહીં. અગર જો તેણે બીજા કોઈ માણસને તે

વાત કહી દીધી તો તે ખયાનત છે. જો કોઈની માનહાની કરી તો તેની સાથે ખયાનત કરી. અથવા કોઈએ તમારી પાસે માલ ગીરવી રાખ્યો અને વાયદા મુજબ તેને પાછો ન આપ્યો તો તે પણ ખયાનત છે.

સકતુલ ઇસ્લામ હુસૈન બિન સઈદ અહવાઝી હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલય્હિસ્સલામ)થી રિવાયત કરે છે કે એક માણસે જનાબે અબુઝર (રઝી.)ને ખુશખબર આપી કે તમારો

દીકરો ઘણા ઘેટાં લાવ્યો છે અને તમારા માલમાં હવે વધારો થઇ ગયો છે. અબુઝર (રઝી.)એ કહયું કે તેનો વધારો મારા માટે ખુશીનું કારણ નથી અને ન તો હું તેને સારૂં સમજું છું કારણ કે હું તો કિફાયત પુરતી ઓછી વસ્તુઓને પસંદ કરૂં છું જેથી વધારાની સલામતી મને રોકી ન રાખે અને ગાફિલ ન થઇ જાઉં. કારણ કે મેં હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) પાસેથી સાંભળ્યું છે કે

કયામતના દીવસે પુલે સેરાતની બંને તરફ રહેમ અને અમાનત હશે. જયારે સિલે રહમ કરનાર અને અમાનતોને અદા કરનાર માણસ પુલે સેરાત પરથી પસાર થશે તો તેને તેઓની તરફ પસાર કરવામાં આવશે જેથી તે આગમાં પડી ન જાય.

બીજી રિવાયતમાં છે કે જો ખયાનત કરનાર પસાર થશે તો તેની બંને ખસલતોની હાજરીમાં બીજો કોઈ નેક અમલ તેને લાભ નહીં પહોંચાડે

અને તે પુલે સેરાત ઉપરથી જહન્નમમાં પડી જશે.

## વિલાયતે હઝરત અલી (અલય્હિસ્સલામ)

વિલાયત : આ જ તબકકામાં ત્રીજું સ્થાન વિલાયત છે. તેના અનુસંધાનમાં સુન્નિ શિયાના પુસ્તકોમાં અસંખ્ય રિવાયતો છે કે વિલાયતનો અર્થ હઝરત અલી (અલય્હિસ્સલામ)ની વિલાયત છે. તફસીરે સઅલબી વગેરેમાં

છે કે "વકેફુહુમ ઈન્નહુમ મસ્ઉનલુન." તેઓને રોકો હજી તેઓને કંઈક પૂછવાનું છે. "મસ્ઉલુન અન વિલાયતે અલીય્યીબ્ને અબી તાલિબ (અલય્હિસ્સલામ)" કહે છે કે તેઓને તે સમય સુધી રોકવામાં આવશે જયાં સુધી કે તેઓને હઝરત અલી (અલય્હિસ્સલામ)ની વિલાયતના બારામાં ન પૂછવામાં આવે કે દુનીયામાં દિલ અને ઝબાનથી "અલીય્યુન

વલીયુલ્લાહ”નો સ્વિકાર અને અકીદો ધરાવતા હતા કે નહીં.

અલ્લામા હમવીની અને તબરી જે સુન્નિઓના ખાસ આલિમોમાંથી છે તેઓ હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)થી રિવાયત કરે છે કે અય અલી ! જે માણસ તમારી વિલાયતનો ઇન્કાર કરશે તેને સેરાત ઉપર રોકી લેવામાં આવશે. સવાએકએ મોહર્રેકામાં છે કે જેની પાસે હઝરત અલી

(અલય્હિસ્સલામ)ની વિલાયતનો પાસપોર્ટ હશે તે પસાર થઇ જશે.

## બીજો તબકકો - નમાઝ

આ તબકકામાં દરરોજની વાજીબ નમાઝ, નમાઝે આયત અને કઝા નમાઝ માટે રોકવામાં આવશે જેના વિષે હિસાબના પ્રકરણમાં ચર્ચા થઇ ચુકી છે.

હઝરત ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ)ની છેલ્લી વસિય્યત આ હતી. “લા તનાલો શફાઅતોના

મનીસ્તખફફસ્સલાત.” “જેણે નમાઝને હલકી સમજી તેને અમારી શફાઅત નસીબ નહીં થાય” કુરઆને મજીદમાં અલ્લાહ તઆલા ફરમાવે છે.

“ફ વય્લુલ લીલ મુસલ્લીનલ્લઝિન હુમ અન સલાતેહીમ સાહુન. અલ્લઝીન હુમ યોરાઉન.” - (સૂરએ માઉન / આયત નં. ૪ થી ૬)

“તે નમાઝીઓની તબાહી છે જે પોતાની નમાઝોથી ગાફિલ છે અને જે દેખાવ કરે છે.”

નમાઝને તર્ક કરનાર તરસ્યો મરે છે, કબ્રમાંથી તરસ્યો ઉભો થાય છે. દરેક લોકો માટે જરૂરી છે કે તે ખુદ અમલ કરે અને બીજાને તાકીદ કરે. પોતાના બાળકો બાલિગ થાય તે પહેલા તેને નમાઝની આદત પાડે. કારણ કે આ અમલનું ફળ બાળકોના માં બાપને પણ મળે છે કારણ કે માં બાપની કોશિશથી તે અમલ બજાવી લાવે છે, બાલિગ થયા પહેલા સુધી તેના અમલનો સવાબ તેના માં બાપને મળે છે, બાલિગ થયા પછી

તેના પોતાના નામએ અ’અમાલમાં લખવામાં આવે છે. એક પયગમ્બર પોતાના અસ્હાબની સાથે એક કબ્ર પાસેથી પસાર થયા તો આપે ફરમાવ્યું કે જલ્દીથી પસાર થઇ જાઓ કારણ કે આ કબ્રવાળા ઉપર અઝાબ થઇ રહયો છે. એક વર્ષ પાછી જયારે ફરીથી ત્યાંથી પસાર થયા તો અઝાબ ખત્મ થઇ ચૂકયો હતો. તેમણે અરજ કરી પરવરદિગાર ! શું થયું હવે આ મય્યત અઝાબને પાત્ર નથી. આવાજ આવ્યો આ માણસનું એક

નાબાલિગ બાળક હતું તેને મકતબમાં મોકલવામાં આવ્યો અને ઉસ્તાદે “બિસ્મિલ્લાહ હિર રહમા નીર રહીમ” પડાવ્યું. જયારે તેના દીકરાએ મને રહેમાન અને રહીમના ગુણોથી યાદ કર્યો ત્યારે મેં તેના માં બાપ ઉપરથી અઝાબ ખત્મ કરી દીધો. કારણ કે તે બાળકના સર્જન માટેનો સ્ત્રોત હતા મને શર્મ આવી કે તે મને રહમાન અને રહીમના ગુણોથી યાદ કરે અને હું તેના માં બાપ ઉપર અઝાબ કરૂં.

"યા અય્યોહલ્લઝિન આમનુ કુલ અન્ફોસકુમ વ અહલયકુમ નારંવ કુદુહન્નારસો વલ હેજારતો." - (સૂરએ તહરીમ / આયત નં. ૬)

"અય ઈમાનવાળાઓ ! તમારા નફસોને અને અહલો અયાલને આગથી બચાવો જેનું બળતણ ઇન્સાન અને પત્થર છે."

તે પછી પોતાના નજીકના સગાઓને અમ્રબિલ મઅરૂફ અને નહિ અનીલ મુન્કર થકી ડરાવો.

# ત્રીજો તબકકો - ઝકાત

જો કોઈ માણસે એક દિરહમ બરાબર પણ ખુમ્સ અથવા ઝકાત તેના હકદારને અદા નહીં કર્યું હોય તો તેને આ તબકકામાં રોકી લેવામાં આવશે. ઝકાત અદા કરવાના બારામાં હુઝુર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું કે તેની ગરદન ઉપર ઈકરાઅ અજગર વીંટેલો હશે. (ઈકરઅ એટલે તે અજગર જેના વાળ વધારે ઝહેરના કારણે ખરી પડયા હોય)

બીજી રિવાયતમાં છે કે જે માણસ નાણાંની ઝકાત નહીં આપતો હોય તેની ગરદનમાં આ ઝમીનના સાતેય પડોનો એક તોક (હાંસડી) હશે અને તેવી જ રીતે વલીયુલ અસ્રત (અજજલલ્લાહો તઆલા ફરજહુ શરીફ)નો જયારે ઝહુર થશે ત્યારે ઝકાત ન આપનારાઓને કત્લ કરી દેશે. જો સોના ચાંદી વિગેરેનો સંગ્રહ હશે તો કયામતના દીવસે તે દિરહમ અને દીનાર આગમાં તપાવીને તેના કપાળ ઉપર અને જાંઘ ઉપર ડામ

દેવામાં આવશે. જેમ કે કુરઆને મજીદમાં અલ્લાહ તઆલા ફરમાવે છે.

"યવ્મ યુહમા અલય્હા ફી નારે જહન્નમ ફતુકવા બેહાજેબાહોહુમ વ જોનુબોહુમ વ ઝોહુરોહુમ. હાઝા મા કનઝતુમ લે અન્ફોસેકુમ ફઝુકુ મા કુન્તુમ તકનેઝુન." - (સૂરએ તૌબા / આયત નં. ૩૫)

"જે દીવસે તે (સોના ચાંદી) જહન્નમની આગમાં ગરમ કરવામાં આવશે પછી તેનાથી તેઓના કપાળો

અને તેઓના પડખા અને તેઓની પીઠોને દજાડવામાં આવશે (અને તેઓને કહેવામાં આવશે) આ તે છે જેને તમોએ (દુનીયામાં) ભેગું કરી રાખ્યું હતું તો હવે તમારા સંગ્રહ કરેલાની મજા ચાખો.” માલની ઝકાત અને શરીરની ઝકાત (ફિત્રા)માં કોઈ ફર્ક નથી.

ખુમ્સના વિષયમાં એહકામ બહુ જ સખ્ત છે અને અસંખ્ય રિવાયતો આવેલી છે.માત્ર એક રિવાયત પુરતી છે જે કાફી વિગેરેમાં હઝરત ઈમામ જાફર

સાદિક (અલય્હિસ્સલામ)થી છે. આપે ફરમાવ્યું.

"તે દીવસે સૌથી વધુ સખ્ત સમય તે હશે જયારે ખુમ્સના હકદારો તે માણસનો પાલવ પકડીને પોતાના હકની માંગણી કરશે અને તે જગ્યાએ તેને રોકી લેશે જયાં સુધી તે માણસ તેઓની માંગણીને પુરી ન કરી દે. આવા માણસની લાચારી એટલી તકલીફ આપનારી હશે કે જયારે શફાઅત

કરનાર પણ તેની પાસે ખુમ્સની માંગણી કરશે અને તેની વિરૂધ્ધમાં હશે.

## ચોથો તબકકો - રોઝા

ચોથા તબકકામાં રોઝા આડા આવશે. જો આ ફરજને અદા કરતો રહયો તો સહેલાઈથી પસાર થઇ જશે. નહીં તો તેને રોકી લેવામાં આવશે. "અસ્સવ્મો જુન્નતુન" "રોઝા આગ માટે ઢાલ છે" હુઝુર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું રોઝાદાર

માટે બે ખુશીઓ છે એક તો ઇફતારના સમયે અને બીજી ખુદા સાથે મુલાકાતના સમયે અને તે સેરાત ઉપરથી સહેલાઈથી પસાર થઇ જશે અને અલ્લાહની બારગાહમાં પહોંચી જશે.

## પાંચમો તબકકો - હજ

જો કોઈ માણસની હયાતીમાં તેના ઉપર હજ વાજીબ થઇ જાય અને અદા ન કરે તો આ સ્થળે રોકી લેવામાં આવશે બલ્કે હદીસમાં છે કે મૌતના

સમયે તેને કહેવામાં આવે છે. "મુત યહુદીયન અવ નસરાનીયન" તું યહુદી મર અથવા નસરાની. ઇસ્લામ સાથે તારે કોઈ લેવા દેવા નથી. કુરઆને મજીદમાં હજ તર્ક કરનારને કાફર કહેવામાં આવ્યો છે.

"વલિલ્લાહે અલન્નાનસે હિજ્જુલ બય્તે મનીસ્તતાઅ એલય્હે સબીલન. વ મન કફર ફઈન્નલ્લાહ ગનીય્યુન અનીલ આલમીન." - (સૂરએ આલે ઇમરાન / આયત નં. ૯૭)

"અને લોકો ઉપર વાજીબ છે કે ફકત ખુદાની ખુશી માટે ખાનએ કા'બાની હજ કરે જેઓ ત્યાં સુધી પહોંચવાની શક્તિ ધરાવતો હોય (કુદરત હોય) અને જેણે કુદરત હોવા છતાં હજથી ઇન્કાર કર્યો તો યાદ રાખો ખુદા આખી દુનીયાથી બેપરવાહ છે."

## છઠ્ઠો તબકકો - તહારત

જનાબે ઇબ્ને અબ્બાસની રિવાયત મુજબ તહારત ત્રણ છે. વઝુ, ગુસ્લ અને

તયમ્મુમ છે અને અમુક આનાથી મુત્લક તહારત મુરાદ લે છે. જો કોઈ માણસ તહારતની કાળજી નથી લેતો ખાસ કરીને પુરૂષો અને ઔરતો જે જનાબતનું ગુસ્લ પુરે પુરી શરતોની પાબંદી સાથે સમયસર નથી પુરૂં કરતા તેને આ જગ્યાએ રાખવામાં આવશે. સ્ત્રીઓ માટે જરૂરી છે કે બાકીના ગુસ્લો પણ તેના સમયે જ કરવામાં આવે અને ગફલતમાં ન રહે. નજાસતથી પરહેઝ કરનારને કબ્રમાં પણ ફિશાર (ભીંસ) નથી હોતી.

# સાતમો તબક્કો

# અત્યાચારો – ઝુલ્મો

આ તબક્કાને કયારેક અદાલતના તબક્કામાં તો કયારેક હુકુકન્નાસ (ઇન્સાનોના હક)ની સાથે દર્શાવવામાં આવે છે. કુરઆને મજીદમાં આ તબક્કાના બારામાં કહેવામાં આવ્યું છે કે “ઈન્ન રબ્બક લબિલ મિરસાદે” “બેશક તારો પરવરદિગાર તારી તાકમાં છે” તેનું અર્થઘટન કરવામાં આવ્યું છે કે લોકો પુલે સેરાત ઉપરથી એવી રીતે

પસાર થશે કે અમુક લોકો હાથોથી પકડી રહયા હશે, અમુક લોકોનો એક પગ લપસી રહયો હશે અને બીજા પગનો સહારો લેતા હશે. અને તે લોકોની આજુબાજુ ફરિશ્તાઓ ઉભા હશે. પરવરદિગાર ! તું ઘણો દયાવાન અને લાગણીશીલ છો તારા ફઝલો કરમથી તેઓને માફ કરી દે અને સલામતી સાથે પસાર કરી દે તે સમયે લોકો ચામા ચિડીયાની જેમ જહન્નમમાં પડી રહયા હશે. જે માણસ અલ્લાહની રહેમત થકી

છુટી ગયો તે પુલે સેરાત પરથી પસાર થઇ જશે અને કહેશે કે અલ્હમ્દોલિલ્લાહ અલ્લાહ તઆલાએ તેની નેઅમતોને મારા નેક અ'અમાલ થકી પુરી કરી અને તે નેકીઓમાં વધારો કર્યો. હું શુક્ર અદા કરૂં છું કે તેણે પોતાના ફઝલો કરમથી મને નજાત આપી જયારે કે હું નીરાશ થઇ ચુક્યો હતો. તેમાં શંકા નથી કે પરવરદિગારે આલમ પોતાના બંદાઓના ગુનાહોને માફ કરે છે અને નેક અ'અમાલને પ્રોત્સાહન આપે છે.

# ઝાલિમને બદલો

અગર કોઈએ કોઈ માણસને કારણ વગર તકલીફ આપી તો તે પાંચસો વર્ષ સુધી આ જગ્યા ઉપર પુરાએલો રહેશે અને તેના હાડકાં ગળી જશે. જેણે કોઈનો માલ ખાધો હશે તે ચાલીસ વર્ષ સુધી આ જગ્યાએ કૈદ રહેશે પછી તેને જહન્નમમાં ફેંકી દેવામાં આવશે. અમુક રિવાયતોમાં છે કે એક દિરહમની સામે ઝાલિમની સાત હજાર

રકઅત કબુલ થએલી નમાઝો મઝલુમને આપવામાં આવશે.

## પુલે સેરાત, જહન્નમ વિષે દિલ કંપાવનારી હિકાયત

અલ્લામા બહાઉદ્દીન સૈયદ અલી બિન સૈયદ અબ્દુલ કરીમ નયલીનજફી તેની પ્રશંસા જેટલી કરીએ તેટલી ઓછી છે. જે ફખરૂલ મોહકકેકીન શૈખ શહીદના શાગિર્દ છે. તેમણે પોતાની કિતાબ “અનવારૂલ મોઝીય્યહ”માં અમીરૂલ

મોઅમેનીનના ફઝાએલમાં આ હિકાયત પોતાના પિતા પાસેથી લખી છે. તેમના વડવાઓના ગામ નયલામાં એક માણસ ત્યાંની મસ્જીદનો મોતવલ્લી હતો. એક દીવસ તે ઘરની બહાર ન નીકળ્યો જયારે તેને બહાર બોલાવવામાં આવ્યો તો તેણે કારણ આપ્યું જયારે તેના કારણની તપાસ કરવામાં આવી ત્યારે ખબર પડી કે તેનું શરીર આગથી બળી ગયું છે સિવાય કે જાંઘ કે જે ગોઠણ સુધી સલામત છે. તે દર્દ અને

દુઃખાવાના કારણે બેચૈન હતો તેને બળવાનું કારણ પુછવામાં આવ્યું તો તેણે કહયું કે મેં સપનામાં જોયું કે કયામત આવી ગઈ છે અને લોકો સખ્ત તકલીફમાં છે કારણ કે વધારે લોકો જહન્નમની તરફ અને બહુ થોડા જન્નતની તરફ જઈ રહયા છે. જયારે હું જન્નત તરફ જવા લાગ્યો ત્યારે હું એક લાંબા પુલ ઉપર પહોંચ્યો જેને લોકો પુલે સેરાત કહે છે. બસ હું તેની ઉપરથી પસાર થવા લાગ્યો જેટલો હું ચડતો

ગયો તેની જમીન ઓછી થવા લાગી અને લંબાઈ વધવા લાગી. ત્યાં સુધી કે હું એવી જગ્યાએ પહોંચી ગયો જયાંથી તે તલવારથી વધારે તેજ હતી અને તેની નીચે એક અજબ ખીણ હતી જેમાંથી કાળી આગની જવાળાઓ પહાડોની જેમ નીકળી રહી હતી. અને અમુક લોકો બચીને નીકળી જતા હતા અને અમુક લોકો આગમાં પડી જતા હતા. અને હું એકથી બીજી તરફ એવા માણસની જેમ ધ્યાન આપતો હતો કે

જેની ઈચ્છા ખુદને પુલે સેરાતના છેડા સુધી પહોંચાડે. છેવટે હું પુલના તે ભાગ ઉપર પહોંચ્યો કે જયાં હું મારૂં રક્ષણ ન કરી શકયો અને અચાનક આગમાં પડી ગયો અને આગની એક ઊંડાઈ સુધી પહોંચી ગયો. ત્યાં એક એવી ખીણ હતી કે મારો હાથ નીચે લઇ જઈ રહી હતી મેં મદદ ન માંગી મારી બુધ્ધિ બહેર મારી ગઈ હતી હું સિત્તેર વર્ષના રસ્તા બરાબર નીચે ચાલ્યો ગયો. પછી મને કુદરતી પ્રેરણા થઇ અને મેં “યા અલી ઇબ્ને

અબીતાલિબ અગિસ્ની યા મવ્લાય યા અમીરલ મોઅમેનીન" કહ્યું તો ઘાટીના કિનારે એક માણસને ઉભેલો જોયો મારા દિલમાં વિચાર આવ્યો કે આ જ અલી બીન અબીતાલિબ છે. મેં કહ્યું કે અય મારા આકા અમીરૂલ મોઅમેનીન ! આપે કહ્યું તારો હાથ અહીં લાવ પછી મેં મારો હાથ હઝરત અલી (અલય્હિસ્સલામ) તરફ કર્યો અને આપ મને ખેંચીને તે ઘાટીની બહાર લઇ આવ્યા પછી આપે આપના મુબારક

હાથોથી મારી બંને જાંઘોથી આગને અલગ કરી અને હું ડરીને જાગી ગયો અને મેં મારી જાતને આવી હાલતમાં જોઈ જેવી તમો જોઈ રહયા છો અને મારૂં શરીર આ જગ્યા સિવાય જયાં ઈમામે હાથ ફેરવ્યો હતો આગથી ભરેલું છે. પછી તેણે ત્રણ મહીના સુધી મલમ પટ્ટી કરી પછી બળેલી જગ્યા સારી થઇ. ત્યાર પછી જેને પણ આ કિસ્સાને કહું છુ તે તાવમાં સપડાય જાય છે અને ઘણા ઓછા સલામત રહે છે.

# પુલે સેરાત પરથી પસાર થવામાં આસાની કરનાર અ'અમાલ

(૧) સૈયદ ઇબ્ને તાઉસ કિતાબ "ઇકબાલ"માં લખે છે કે જે માણસ રજબ મહીનાની પહેલી રાત્રે મગરિબની નમાઝ પછી હમ્દ અને તૌહીદની સાથે વીસ રકઅત નમાઝ બે બે રકઅત કરી પઢે તો તે માણસ અને તેના ઘરના કુટુંબીજનો કબ્રના અઝાબથી સલામત રહેશે અને તે હિસાબ વગર વિજળીની જેમ પુલે સેરાત પરથી પસાર થઇ જશે.

(૨) જે માણસ માહે રજબમાં છ રોઝા રાખે તે કયામતના દીવસે સલામતિમાં હશે અને હિસાબ વગર પુલે સેરાત પરથી પસાર થઇ જશે.

(3) જે માણસ ૨૯ શાઅબાનની રાત્રે દસ રકઅત નમાઝ બે બે સલામથી પડશે જેમાં દરેક રકઅતમાં એક વખત સૂરએ હમ્દ, દસ વખત સૂરએ અલ્હાકોમુત્તકાસોરો, દસ વખત મોઅવ્વઝતીન અને દસ વખત સૂરએ તૌહીદ પઢે તો હક તઆલા તેને

મુજતહેદીનનો સવાબ આપશે, તેની નેકીઓ વજનદાર હશે અને હિસાબ તેના માટે સહેલો કરશે અને તે પુલે સેરાત પરથી વિજળીની ચમકની જેમ પસાર થઇ જશે.

(૪) જે માણસ હઝરત ઈમામ અલી રઝા (અલય્હિસ્સલામ)ની ઝિયારત દૂરથી કરશે તો ઈમામ (અલય્હિસ્સલામ) ત્રણ જગ્યાએ તેની પાસે આવશે. કયામતના દીવસની

ભયાનકતાઓથી મુક્તિ અપાવશે. જેમાંથી એક પુલે સેરાત પણ છે.

## દોઝખ

દોઝખ એ ખીણ છે જેના તળિયાનો પત્તો નથી. તેમાં અલ્લાહના ગઝબની આગ ભડકી રહી છે જેને આખેરતનું કૈદખાનું કહી શકાય. તેમાં નવા નવા પ્રકારની બલાઓ અને સખ્ત અઝાબ છે જે આપણી સમજથી દૂર છે અને તે જન્નતથી વિરૂધ્ધ છે. કારણ કે

જન્નતમાં નવા નવા પ્રકારની નેઅમતો, લઝઝતો, આરામ અને શાંતિ છે પરંતુ જહન્નમમાં મુંઝવણો અને સખ્તી છે. રાહત અને શાંતિનું નામ સુધ્ધાં નથી. અમે અહીં કુરઆનની રોશનીમાં અઝાબના સિધ્ધાંતોની ચર્ચા કરીએ છીએ.

## જહન્નમમાં ખોરાક અને શરાબ

સૂરએ વાકેઆમાં ખલ્લાકે આલમ ફરમાવે છે.

“સુમ્મ ઇન્નકુમ અય્યોહઝ ઝાલ્લુનલ મોકઝઝેબુન. લઆકેલુન મિન શજરીમ મિન ઝકકુમીન.” - (સૂરએ વાકેઆ આયત નં. / ૫૧ – ૫૨)

“પછી તમને અય ગુમરાહો કયામતને જુઠલાવાનારાઓ ! યકીનન તમારે જહન્નમમાં થોરના ઝાડનો ખોરાક ખાવો પડશે.”

આ તે ઝાડ છે જે જહન્નમમાં તળીએથી ઉગેલું છે અને તેના ફળ એટલા કડવાં અને ખરાબ દેખાવના હોય

છે જેમકે સાંપની ફેણ જેને હાથ અડાડવાથી દીલ ભય પામે છે. આ જહન્નમીઓનો ખોરાક છે.

“ફમાલેઉન મિન્હલ બોતુન. ફશારેબુન અલય્હે મેનલ હમીમે. - (સૂરએ વાકેઆ / આયત નં. ૫૩ –૫૪)

“પછી તેઓ આ ખાય ખાયને પેટ ભરશે. પછી તેની ઉપર ઉકળતું પાણી પીવું પડશે.”

એક રિવાયતમાં છે કે અલ્લાહ દોઝખીઓને બહુ જ તરસમાં સપડાવી

દેશે અને ઘણા સમય પછી તેઓને ગરમ પાણી આપવામાં આવશે અને તરસના કારણે બધું પી જશે. બીજી જગ્યાએ છે.

“વ સુકુ માઅન હમીમન ફકત્તઅ અમ્આ◌ેઅહુમ.” - (સૂરએ મોહમ્મદ / આયત નં. ૧૫)

“તે પાણી એટલું ગરમ હશે કે તેઓના આંતરડાંના ચૂરે ચુરા થઇ જશે અને ઓગળીને પડી જશે.”

જે આ પાણીમાંથી એક ટીપું પહાડ ઉપર નાંખવામાં આવે તો તેની માટી પણ ન દેખાય. “ફશારેબુન શુરબલહીમ” તેઓ આ ગરમ પાણીને એવી રીતે પીશે જેવી રીતે લાંબા સમયના ઊંટ મોટા મોટા ઘુંટ ભરે છે. તે ઊંટ જે તરસની બીમારીમાં સપડાએલું છે તેથી તે જેટલું પાણી પીએ છે તેની તરસ છીપાતી નથી ત્યાં સુધી કે તે મરી જાય છે. આ જ હાલત જહન્નમીઓનો છે.

"હાઝા નોઝુલોહુમ યવ્મદ્દીન" આ ગરમ ગરમ પીણા કયામતના દીવસે તેઓ માટે શરૂઆત હશે એટલે કે અઝાબની શરૂઆતની આ પ્રસ્તાવના હશે. જહન્નમમાં તેઓના માટે જે કાંઈ પણ તૈયાર કરવામાં આવ્યું છે તે વધુ સખ્ત છે કે જે રજુ કરવાને પાત્ર નથી.

"ઇન્ન શજરતઝ ઝકકુમ. તઆમુલ અસીમ. કલ મુહલે. યગ્લી ફિલ બોતુન. 2કગ્લીલ હમીમ." - (સૂરએ દોખાન / આયત નં. ૪3 –૪૬)

"થોરનું ઝાડ દરેક ગુનેહગારોને જરૂર ખાવું પડશે (એટલે કે કુફફાર અને મુશ્રે કીનને ખાવા માટે આપવામાં આવશે) તે પીગળેલા તાંબાની જેમ પેટોમાં ઉકળશે જેવી રીતે ઉકળતું પાણી ઉકળે છે."

અને તેનાથી આંતરડાઓ અને પેટ ઓગળી જશે જે પાણીને તેના માથા ઉપર રેડવામાં આવશે જેના કારણે તેનું આખું શરીર ઓગળી જશે. "યોસબ્બો મિન મિન ફવ્કીન રોઉસેહેમુલ હમીમ."

આવી હાલતમાં પણ તેઓ પરથી અઝાબને ઓછો કરવામાં નહીં આવે. જેમ કે કુરઆન મજીદ છે.

“લા યોખફફફો અન્હોમુલ અઝાબો વલા હુમ યુન્ઝરૂન.” (સૂરએ બકરહ) “ન તો તેઓનો અઝાબ ઓછો કરવામાં આવશે અને ન તો તેઓને મોહલત આપવામાં આવશે.”

અને સૂરએ નીસાઅમાં અલ્લાહ ફરમાવે છે.

"કુલ્લમા નઝેજત જોલુદોહુમ બદ્દલ્નાહુમ જોલુદન ગયરહા લે યઝુકુલ અઝાબ."

"જયારે તેઓની ચામડી ઓગળી જશે તો અમે તેઓના માટે નવી ચામડી બદલીને પૈદા કરી દઈશું જેથી તેઓ બહુ સારી રીતે અઝાબની મઝા ચાખે."

સૂરએ મુઝમ્મિલમાં અલ્લાહ તઆલા ફરમાવે છે.

"ઇન્ન લદય્ના અન્કાલંવ વ જહીમા. વ તઆમન ઝા ગુસ્સતીન વ અઝાબન અલીમા."

“બેશક અમારી પાસે બેડીઓ પણ છે અને સળગાવનાર આગ પણ અને ગળામાં ફસાઈ જનાર ખોરાક (જે નીચે નહીં ઉતરે) અને દુઃખદાયક અઝાબ પણ છે.” જહન્નમના ખોરાકમાંથી એક ગિસ્લીન છે. જેમ કે કુરઆનમાં છે.

“વલા તઆમુન ઇલ્લા મિન ગિસ્લીન. મજમઉલ બહરૈનમાં છે કે દોઝખીઓના પેટમાંથી જે ખોરાક બહાર નીકળશે તે જ ખોરાક તેને બીજી વખત આપવામાં આવશે.”

સૂરએ ગાસિયામાં અલ્લાહ તઆલા ફરમાવે છે.

“તુસ્કા મિન અયનીન આનેયાહ. લય્સ લહુમ તઆમુન ઇલ્લા મિન ઝરીઇન. લા યુસ્મેનો વલા યુગ્ની મિન જુઈન.” - (આયત નં. ૫ થી ૭)

“તેઓને એક ઉકળતી નહેરમાંથી પાણી આપવામાં આવશે. તેમનો ખોરાક “ઝરીઅ” (થોરના ઝાડ)ના સિવાય બીજો કાંઈ નહીં હોય. જે ન તો મોટો રૂષ્ટપુષ્ટ કરશે અને ન ભુખ મટાડશે.”

સૂરએ ઈબ્રાહીમમાં છે કે “વ યુસ્કા મિમ માઈન સદીદીન” “આ તે ખુન અને ગંદકી છે જે ઝિના કરનાર સ્ત્રીઓની શર્મની જગ્યાએથી બહાર નીકળશે. તે જહન્નમીઓને પીવા માટે આપવામાં આવશે.”

સૂરએ નબામાં છે કે “ઇલ્લા હમીમંવ વગસ્સાકા” “અમુક તફસીરકારો લખે છે કે “ગસ્સાક”એ નહેર છે જે દોઝખમાં છે અને જેમાં ઝહેરીલા

જાનવરોનું ઝહેર ભળી રહયું છે તેમાંથી પીવા માટે આપવામાં આવશે.

## જહન્નમીઓનો પહેરવેશ

સૂરએ હજમાં અલ્લાહ તઆલા ફરમાવે છે.

“.....કુત્તેઅત લહુમ સેયાબુન મિન નાર. યોસબ્બો મિન ફવ્કે રોઉસેહેમુલ હમીમ. યુસ્હરો બેહી મા ફી બોતુનેહીમ વલ જોલુદ.”

“તેઓના માટે આગના કપડાં કાપવામાં આવ્યા છે જે તેઓને પહેરાવવામાં આવશે અને તેઓના માથા ઉપર ઉકળતું દુર્ગંધવાળું પાણી નાંખવામાં આવશે. જેથી તેમના પેટમાં જે કાંઈ હશે તે તથા તેમની ચામડીઓ પીગળી જશે.” - (સૂરએ હજ / આયત નં. ૧૯ – ૨૦)

સૂરએ ઈબ્રાહીમમાં અલ્લાહ તઆલા ફરમાવે છે.

“સરાબીલોહુમ મિન કતીરાનીન વ તગ્શા વોજુહહોમુ ન્નાર.” - (સૂરએ ઈબ્રાહીમ / આયત નં. ૫૦)

“તેમના લાંબા પહેરણ ડામરના (બનેલા) હશે અને અગ્નિ તેમના ચહેરાને (ચોમેરથી) ઢાંકી દેતી હશે.”

આ તે ચીઝ છે જેની સરખામણી દુનીયાની કોઈ ચીઝ સાથે કરી શકાય નહીં. જો જહન્નમના પોશાકમાંથી એકને જમીન અને આસમાન વચ્ચે લટકાવી દેવામાં આવે તો બધા જમીન ઉપર

રહેનારા તેની દુર્ગંધ અને ગરમીથી ગુંગળાઈને મરી જાય.

## જહન્નમની હાથકડીઓ અને બેડીઓ

કુરઆને મજીદમાં છે કે

"યુઅરેફુલ મુજરેમુન બેસિમાહુમ ફ યુઅખઝુ બિન્નવાસી વલ અકદામ." - (સૂરએ રહેમાન / આયત નં. ૪૧)

"ગુનેહગાર લોકોને તેમના મુખમુદ્રાના ચિન્હો પરથી ઓળખી

કાઢવામાં આવશે, પછી તેમને ચોટલીઓ તથા એડીઓથી પકડી લેવામાં આવશે. આગ જહન્નમીઓને જોઈને ખુશ થઇ જશે અને તે તેઓને પકડવા માટે આગળ વધશે.

"ઈન્નહા તરમી બેશરરીન કલ કસ્રઅ. કઅન્નહુ જેમાલાતુન સોફ્રેરૂન." - (સૂરએ મુર્સલાત / આયાત નં. ૩૨ – ૩૩)

“મોટા મોટા અંગારા ઘર જેવડા અંગારા ફેંકતી હશે જાણે કે તે પીળા ઊંટ (ન) હોય.”

ખુદાવંદે તઆલાનું ફરમાન છે.

“ફી સિલસીલતીન ઝરઓહા સબઉન ઝેરાઅન ફસ્લોકુહો.” - (સૂરએ હાકકહ / આયત નં. ૩૨)

પછી એક સાંકળમાં કે જેની લંબાઈ સિત્તેર વારની હશે બાંધી લેવામાં આવશે.”

વધુમાં છે.

એક બીજી જગ્યાએ સૂરએ મોઅમિનમાં અલ્લાહ ફરમાવે છે.

“એઝલ અગ્લાલો ફી અઅનાકેહીમ વસ્સલાસીલ. યુસ્હબુન.” - (સૂરએ મોઅમિન / આયત નં. ૭૧)

“તેઓને ભારે ભારે બેડીઓ અને વજનદાર સાંકળોમાં જકડીને જહન્નમની ભડકતી આગમાં નાંખવામાં આવશે.”

“તરલ્લઝીન કઝઝબુ અલલ્લાહે વોજુહોહુમ મુસ્વદ્દતુન તલ્ફખ વોજુહહોમુન્નાભરો વ હુમ ફીહા કાલેહુન.”

“તે લોકો કે જેઓ ખુદાના બારામાં જુઠ બોલ્યા તેઓના ચહેરાઓ કાળા હશે. આગ તેઓના ચહેરાઓને બાળીને વિકૃત બનાવી દેશે. જેમકે ઘેટાંનો શેકેલો ખરાબ દાંત જાહેર થશે અને હોઠ લટકી રહયા હશે.”

## જહન્નમનું બિછાનું

કુરઆને મજીદમાં અલ્લાહ તઆલા ફરમાવે છે.

“લહુમ મિન જહન્નમ મેહાદુન વ મિન ફવ્કેહીમ ગવાશુન. વ કઝાલેક નજઝિઝ ઝાલેમીન.” - (સૂરએ અઅરાફ / આયત નં. ૪૧)

“જહન્નમમાં તેઓના માટે આગનું બિછાનું હશે અને તેમના ઉપર ઓઢવાનું પણ (અગ્નિનું) હશે; અને અમે ઝાલિમોને આવી જ સઝા આપીએ છીએ.”

તેઓના તખ્ત આગના હશે જેના ઉપર તેઓ બેસશે. અને આગને જ પીશે.

# જહન્નમના વકીલો

સૂરએ તહરીમમાં ખલ્લાકે આલમ ફરમાવે છે.

"…..અલય્હા મલાએકતુન ગેલાઝુન શેદાદુન લા યઅસુનલ્લાહ મા અમરહુમ….." - (સૂરએ તહરીમ / આયત નં. ૬)

"જહન્નમના કઠોર સ્વભાવના અને તુંડ મિજાજી ફરિશ્તાઓ નીમવામાં આવ્યા છે. જેઓ જહન્નમીઓ ઉપર જરા

પણ રહેમ નથી કરતા અને અલ્લાહના હુકમની નાફરમાની નથી કરતા.”

“વલહુમ મકામેઉમ મિન હદીદીન.” “જહન્નમના ખજાનેદારની પાસે લોખંડના મગદળ છે જે જહન્નમીઓના માથા ઉપર વરસાવે છે.”

જન્નતીઓ દોઝખીઓને મોટા અવાજે કહે છે કે પરવરદિગારે અમારી સાથે જે વાયદો કર્યો હતો તે પુરો કર્યો છે અને અમે અમારા અ’અમાલનો સવાબ મેળવી લીધો છે. શું તમે પણ તે

ચીઝો પુરેપુરી રીતે જોઈ લીધી છે જે તકલીફોનો વાયદો પરવરદિગારે આલમે ગુનેહગારો સાથે કર્યો હતો. ત્યારે દોઝખીઓ જવાબ આપશે હાં, અમે તે વાયદાને સાચો જોયો. પરવરદિગારે આલમની તરફથી એક બાંગ પોકારનાર બાંગ પોકારશે કે ઝાલિમો ઉપર ખુદાની લઅનત છે. સૂરએ મુતફફેફીનમાં છે. "ફલ યવ્મલ્લઝીન આમનુ મેનલ કુફફારે યઝહકુન." આજ મોઅમિન કાફિરોની હાંસી ઉડાવશે જેવી રીતે કે તેઓ

દુનીયામાં મોઅમિનોની મશ્કરી કરતા હતા.

દોઝખીઓને શૈતાનની સોહબત મળશે જેવી રીતે જન્નતીઓ એકબીજાની એકબીજા સાથે મુલાકાત કરે છે અને એકબીજાને મળી આનંદ માણે છે. દોઝખીઓ એકબીજાના દુશ્મન છે અને એકબીજા સાથે નફરત કરે છે. જેમ કે પરવરદિગારે આલમે કુરઆનમાં તેનો ઝિક્ર કર્યો છે.

“વમંય યઅસો અન ઝિક્ર રહમાને નોકય્યેઝો લહુ શયતાનન ફહોવ લહુ કરીનુન.વ ઈન્નહુમ લયસુદ્દુનહુમ અનીસ્સબીલે વ યહસબુન અન્નહુમ મોહતદુન. હત્તા એઝાજાઅના કાલ યાલયત બય્ની વ બય્નક બોઅદલ મશ્રેલકય્ને ફબેઅસલ કરીનો.”(સૂરએ ઝુખરૂફ / આયત નં. ૩૬ થી ૩૮)

“અને જે શખ્સ (દયાળુ) અલ્લાહની યાદથી મોઢું ફેરવી લે છે તો તેના માટે અમે એક શૈતાનની નીમણુંક

કરી દઈએ છીએ. એ જ તેનો સાથી રહે છે. અને ખચીતજ એ જ (શૈતાનો) તેમને સન્માર્ગથી અટકાવતા રહે છે અને તેઓ એવું ગુમાન કરતા રહે છે કે તેઓ હિદાયત પામેલા છે. અહી સુધી કે જયારે તે (કયામતમાં) અમારી પાસે આવશે તો (તે પોતાના સાથી શૈતાનને) કહેશે કે મારી તથા તારી વચ્ચે પૂર્વ પશ્ચિમનું છેટું હોત તો કેવું સારૂં થતે ! માટે (જુઓ કે) તે કેવો દુષ્ટ સાથી છે કે તારી કબ્રના કારણે મારો અઝાબ વધુ સખ્ત થઇ

ગયો અને મને વધારે તકલીફ થઇ રહી છે.” રિવાયતમાં છે કે બંનેને એક જ સાંકળમાં બાંધીને જહન્નમમાં નાંખવામાં આવશે.

સૂરએ બકરહમાં અલ્લાહ તઆલા ફરમાવે છે.

“વ ઇઝ તબર્રઅલ્લઝિનત્તુબેઉ મેનલ્લઝિનત્તબઉ વ રઅવુલ અઝાબ વ તકત્તઅત બેહેમુલ અસ્બાબો. વ કાલલ્લઝિનત્તબઉ લવ અન્ન લના કર્રતન ફનતબર્રઅમીનહુમ કમા

તબર્રઉ મિન્ના.” - (સૂરએ બકરહ / આયત નં. ૧૬૬ – ૧૬૭)

“જયારે (કયામતના દીવસે) તેઓ કે જેમની તાબેદારી કરવામાં આવી હતી તેઓ તેમની તાબેદારી કરનારાઓ પ્રત્યે ધૃણા (બેઝારી) વરસાવશે અને અઝાબ તેમની નજરે પડશે અને તેમના છુટકારાના સર્વે સાધનો તુટી જશે. અને (ત્યારે) તાબેદારી કરનારાઓ કહેશે કે કદાચને અમને (દુનીયામાં) પાછા જવાનું મળે તો અમે પણ તેમના પ્રત્યે

એવી જ બેઝારી ચાહીએ જેવી કે અત્યારે તેમણે અમારા પ્રત્યે ચાહી છે આ પ્રમાણે અલ્લાહ તેમના કર્મો તેમને ખેદ ઉપજાવનારા બનાવીને દેખાડશે અને તેઓ જહન્નમમાંથી નીકળવા પામશે નહીં."

દોઝખીઓની એકબીજા સાથે દુશ્મનીના બારામાં સૂરએ અનકબુતમાં અલ્લાહ તઆલા ફરમાવે છે.

"સુમ્મ યવ્મલ કેયામતે યકફોરો બઅઝોકુમ બે બઅઝીન વયલઅનો

બઅઝોકુમ બઅઝન. - (સૂરએ અનકબુત / આયત નં. ૨૫)

“પછી કયામતના દીવસે તમારામાંથી દરેક એકબીજાથી બેઝારી કરશે અને એકબીજા ઉપર લઅનત કરશે.”

સૂરએ ઝુખરૂફમાં છે.

“અલ અખિલ્લાઓ યવ્મએઝીન બઅઝોહુમ લેબઅઝીન અદુવ્વુન ઇલ્લલ મુત્તકીન.” - (સૂરએ ઝુખરૂફ / આયત નં. ૬૭)

"દોસ્ત તે દીવસે એકબીજાના દુશ્મન હશે સિવાય કે પરહેઝગારોના."

રિવાયતમાં છે કે દરેક તે દોસ્તી જે ખુદાની નજદીકી માટે નહીં હોય તે આખેરતમાં દુશ્મનીમાં ફેરવાય જશે. જયારે ગુનેહગારો અઝાબમાં તંગ આવી જશે અને નીરાશ થઇ જશે ત્યારે જહન્નમના ખજાનેદારને કહેશે જેમ કે સૂરએ ઝુખરૂફમાં છે.

"વ નાદંવ યામાલેકો લેયકઝી અલય્ના રબ્બોક. કાલ ઈન્નકુમ માકેસુન.

લકદ જેઅનાકુમ બિલ હકકે વલાકીન્ન અકસરકુમ લિલ હકકે કારેહુન.” - (સૂરએ ઝુખરૂફ / આયત નં. ૭૭ – ૭૮)

“તેઓ (જહન્નમના દારોગાને) પોકારીને કહેશે કે અય માલિક ! (તું કોઈ એવી યુક્તિ કર કે જેથી) તારો પરવરદિગાર અમારો અંત લાવી મુકે (જહન્નમનો રખેવાળ માલિક) કહેશે કે નિઃસંશય તમે એ જ સ્થિતિમાં રહેનારા છો. (અય નાસ્તિકો !) ખચીતજ અમે તમારી પાસે સત્ય લઇ આવ્યા પણ

તમારામાંથી ઘણાં ખરા સત્યનો તિરસ્કાર કરનારા રહયા.”

## જહન્નમના દરવાજા

“લહા સબઅતો અબ્વાબીન લેકુલ્લે બાબીન મિન્હુમ જુઝઉમ મકસુમુમ.”

વિશ્વસનીય કિતાબો અન્વારે નોઅમાનીયા અને બેહારૂલ અન્વાર વિગેરેમાં રિવાયત છે કે જે સમયે જિબ્રઈલે અમીન આ આયએ મુબારકને

લઈને નાઝિલ થયા તો જનાબે સરવરે કાએનાત (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું અય ભાઈ જિબ્રઈલ ! મારા માટે જહન્નમની વિગતો બયાન કર. જિબ્રઈલે કહયું યા રસુલલ્લાહ ! જહન્નમના સાત દરવાજા છે. એક દરવાજેથી બીજા દરવાજા સુધી સિત્તેર વર્ષની મુસાફરીનો ગાળો છે અને દરેક દરવાજાની ગરમીથી સિત્તેર ગણી વધારે તેના અંદર ગરમી છે.

(૧) હાવિયાહ : મુનાફિકો, કાફિરો, ઝાલિમો અને નાફરમાનો માટે છે.

(૨ / ૩) જહન્નમ વ જહીમ : આ મુશ્રિકોની જગ્યા છે.

(૪) સકર : આ સિતારાની પૂજા કરનારાઓનું ઠેકાણું છે.

(૫) લઝઝી : આ ઇબ્લીસ અને તેના અનુયાયીઓ અને આગની પૂજા કરનારાઓ જગ્યા છે.

(૬) હોતમહ : આ યહુદીઓની જગ્યા છે.

(૭) સઈર : આ નસરાનીઓની જગ્યા છે.

જયારે જિબ્રઈલ સાતમાં દરવાજે પહોંચ્યા ત્યારે ચુપ થઇ ગયા. હઝરત રસૂલે અકરમ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું કે બયાન કરો કે સાતમો દરવાજો કોના માટે છે. જિબ્રઈલે અરજ કરી કે તે આપની ઉમ્મતના ઘમંડીઓ માટે છે જે તૌબા કર્યા વગર મરી જશે.

હઝરત રસૂલે અકરમ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ માથું ઊંચું કર્યું અને બેહોશ થઇ ગયા. આપ જયારે હોશમાં આવ્યા ત્યારે ફરમાવ્યું. અય જિબ્રઈલ ! મારી મુસીબતને બે ગણી કરી દીધી. શું મારી ઉમ્મત પણ જહન્નમમાં દાખલ થશે ? અને રડવા લાગ્યા. જિબ્રઈલ પણ આપની સાથે રડવા લાગ્યા. હુઝુર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ થોડાં દીવસ કોઈની સાથે

વાતચીત ન કરી અને જયારે નમાઝ શરૂં કરતા ત્યારે રડવા લાગતા. આપ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ના અસ્હાબો પણ રડવા લાગતા અને આપને રડવાનું કારણ પુછતા પરંતુ કોઈ પણ રડવાનું કારણ જાણી ન શકયું. જનાબે અમીરૂલ મોઅમેનીન (અલય્હિસ્સલામ) તે દીવસોમાં હાજર ન હતા. વફાદાર અસ્હાબો જનાબે ફાતેમા ઝહેરા (સલામુલ્લાહે અલય્હા)ના દરવાજા પાસે

ભેગા થયા. મઅસુમા (સલામુલ્લાહે અલચ્હા) ચકકી પીસી રહયા હતા અને આ આયતની તિલાવત કરી રહયા હતા "વલ આખેરતો ખયરૂંવ વ અબ્કા." (અને આખેરતની જિંદગી સૌથી શ્રેષ્ઠ અને બાકી રહેનારી છે) બસ તેઓએ જનાબે સૈયદા (સલામુલ્લાહે અલચ્હા)ના પિતા હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલચ્હે વ આલેહી વસલ્લમ)ના રડવાની હાલત આપને કહી સંભળાવી. જયારે જનાબે સૈયદા (સલામુલ્લાહે અલચ્હા)એ વાત

સાંભળી ત્યારે આપે ચાદરે તત્હીર ઓઢી જેમાં બાર જગ્યાએ ખજુરના પાંદડાંવાળા ટાંકા લગાડેલા હતા. આપે રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને અસ્હાબોની હાલત જોઈને રડવાનું શરૂં કર્યું. જનાબે સલમાન જે તે અસ્હાબોમાં હાજર હતા જનાબે સૈયદા (સલામુલ્લાહે અલય્હા)ની તે જુની અને ફાટેલી ચાદર જોઈને નવાઈ પામ્યા અને કહયું.

“વા અજબા ! બનતો કિસરા વ કૈસર તજલેસો અલલ કરાસીલ મુઝહહબે વ બિન્તો રસુલીલ્લાહે લય્સ લહા એઝારૂન વલા સેયાબુન.”

“હાએ અફસોસ ! કયસરો કિસ્રની દીકરીઓ તો સોનાની ખુરશીઓ ઉપર બેથી છે પરંતુ હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની દીકરીની પાસે કપડાં નથી.”

જયારે જનાબે સૈયદા (સલામુલ્લાહે અલય્હા) પોતાના બાબાની પાસે ગયા ત્યારે સલામ કરીને કહ્યું. બાબા સલમાન મારી ચાદર જોઈને અજબ થઇ ગયા. મને તે ખુદાની કસમ જેણે આપની હકની સાથે નીમણુંક કરી છે પાંચ વર્ષથી અમારા ઘરમાં માત્ર એક જ પાથરણું છે દીવસમાં તેના ઉપર ઊંટનો ચારો નાંખીએ છીએ અને રાત્રે અમે તેને અમારૂં બિછાનું બનાવીએ છીએ. અમારા બાળકો માટે ખજુરોના

પત્તાથી ભરેલ મોટી ડાળ છે. પછી હઝરતે સલમાનની તરફ જોઈને કહયું. ઇન્નહા લફીલ ખયલીલ તવાબેકે.” જનાબે સૈયદા (સલામુલ્લાહે અલય્હા)એ હુઝુર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ને જોયા કે ખુબ જ રડવાથી આપનો રંગ પીળો પડી ગયો હતો અને આપના ગાલોનું ગોશ્ત ગળી ચુકયું હતું. કાશફીની રિવાયત મુજબ સજદામાં રડવાથી જમીન આંસુઓથી ભીંજાઇ ગઈ હતી. જનાબે સૈયદા (સલામુલ્લાહે

અલય્હા)એ પુછયું કે મારી જાન આપ ઉપર કુરબાન થાય આ રડવાનું કારણ શું છે ? આપે જવાબ આપ્યો  અય ફાતેમા (સલામુલ્લાહે અલય્હા) કેમ ન રડું. જિબ્રઈલ જહન્નમ વિષે આયત લઈને આવ્યા અને તેમણે કહયું કે જહન્નમનો એક દરવાજો જેમાં સિત્તેર હજાર આગની જવાળાઓ છે અને દરેક જવાળાઓમાં સિત્તેર હજાર આગના તાબૂત છે અને દરેક તાબૂતમાં સિત્તેર હજાર પ્રકારના અઝાબ છે. જયારે

જનાબે સૈયદા (સલામુલ્લાહે અલય્હા)એ આ હાલત હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) પાસેથી સાંભળ્યા બેહોશ થઈને પડી ગયા અને આ કહયું જે તે આગમાં દાખલ થયો હલાક થયો. જયારે હોશમાં આવ્યા ત્યારે અરજ કરી અય શ્રેષ્ઠ સર્જન ! આ અઝાબ કોના માટે છે ? આપે જવાબ આપ્યો જે નફસની ઈચ્છાઓનું અનુકરણ કરીને નમાઝ

છોડી દે છે અને ફરમાવ્યું. આ જહન્નમનો સૌથી હલકો અઝાબ છે.

હુઝુર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ના અસ્હાબો ત્યાંથી નીકળ્યા અને દરેક નૌહા અને ફરિયાદ કરી રહયા હતા. હાએ સફર દૂર છે અને રસ્તાનો સામાન ઘણો ઓછો. અમુક લોકો રડી રહયા હતા કે અફસોસ મારી માં મને જન્મ ન આપતી અને હું જહન્નમની વાતો ન સાંભળતો અને અમ્મારે યાસિર કહી રહયા હતા કે

અફસોસ હું પક્ષી હોત અને મારા ઉપર હિસાબ કિતાબ ન હોત. બિલાલ સલમાનની પાસે ગયા અને પુછયું કે શું ખબર છે સલમાને કહયું કે તમારા ઉપર અને મારા ઉપર રહેમ થાય કે મારા અને તમારા આ કતાનના કપડાં પછી આગના કપડાં હશે અને આપણને પરૂનું ખાવાનું આપવામાં આવશે. (ખઝીનતુલ જવાહેર)

# જહન્નમના અઝાબની સખ્તી વિષે થોડી રિવાયતો

(૧) વિશ્વસનીય સનદથી અબુ બસીર લખે છે કે મેં હઝરત ઈમામ જાફર સાદિક (અલય્હીસ્સલામ)ને અરજ કરી કે આપ મને ખુદાના અઝાબથી ડરાવો. કારણ કે મારૂં દિલ સખ્ત થઇ ગયું છે. આપે કહયું અય અબુ મોહમ્મદ ! તૈયાર થઇ જા લાંબી જિંદગીના માટે જેને આખેરતની જિંદગી કહે છે જેનો કોઈ અંત નથી. તું એ જિંદગીની ફીકર

કર અને તૈયારી કર કારણ કે એક દીવસ જિબ્રઈલ હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની પાસે ગમગીન અને દુઃખદ સ્થિતિમાં હાજર થયા જો કે અગાઉ તે ખુશખુશહાલ આવતા હતા. આં હઝરત (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ તેમને જોઈને પુછયું અય જિબ્રઈલ ! તમને શું થઇ ગયું છે આજે તમે ગમગીન અને નારાઝ દેખાવ છો. જિબ્રઈલે જવાબ આપ્યો તે ઘમણ જે

જહન્નમની આગ ભડકાવવા માટે નાંખવામાં આવે છે આજે તેને હટાવીને રાખી દેવામાં આવ્યું છે. આપે પુછયું કે આ ધમણ શું છે ? જિબ્રઈલે જવાબ આપ્યો. ખુદાના હુકમથી હજાર વર્ષથી આ ધમણથી જહન્નમની આગને હવા નાંખવામાં આવી એટલે સુધી કે તે સફેદ થઇ ગઈ પછી તે કાળી થઇ ગઈ. જો એક ટીપું ઝરીઅ (જે જહન્નમીઓના પસીના અને ઝિનાકારોની નજાસતનું પરૂં અને લોહી છે. જે જહન્નમની આગથી

મોટી દેગોમાં રાખીને જોશ ખવરાવવામાં આવ્યો અને જહન્નમીઓને તે પાણીના બદલામાં આપવામાં આવે છે)ને આ દુનીયાના દરિયામાં નાંખવામાં આવે તો આ આખી દુનીયા તેના આ એક ટીપાની ગંદકીથી ખત્મ થઇ જાય. જો સિત્તેર વાર લાંબી સાંકળ જે જહન્નમીઓના ગળામાં નાંખવામાં આવે છે તેનો એક મણકો આ દુનીયા ઉપર રાખવામાં આવે તો તે મણકાની ગરમીથી આખી દુનીયા ઓગળી જાય. જો જહન્નમીઓના એક

ખમીસને જમીન અને આસમાનની વચ્ચે લટકાવવામાં આવે તો આખી દુનીયા આ ખમીસમાંથી નીકળતી દુર્ગંધથી હલાક થઇ જાય. જયારે જિબ્રઈલે આ કહયું તો જિબ્રઈલ અને હઝરત રસૂલે અકરમ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) બંને રડવા લાગ્યા. પછી ખુદાએ આ જોઈને એક ફરિશ્તાને આપની પાસે મોકલ્યો તેણે કહયું કે અલ્લાહ તઆલા દુરૂદ અને સલામ પછી

ફરમાવે છે કે આપને આ અઝાબથી સલામત રાખ્યા છે.

હઝરત ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ) ફરમાવે છે કે તે દીવસે જહન્નમવાસીઓ જહન્નમની આગ અને અઝાબી સખ્તીને જાણી લેશે. અને જન્નતવાસીઓ જન્નતની નેઅમતોને જાણી લેશે જયારે જહન્નમવાસીઓને જહન્નમમાં દાખલ કરવામાં આવશે તો સિત્તેર વર્ષની કોશિશ પછી ફરીને જહન્નમના કિનારે પહોંચશે ત્યારે ફરિશ્તા

લોખંડના હથોડા તેઓના માથા ઉપર મારશે ત્યાં સુધી કે તેઓ જહન્નમના તળિયે પહોંચી જશે ત્યારે તેઓના શરીરની ચામડી ફરી નવી થઇ જશે જેથી અઝાબ તેના ઉપર વધારે અસરકારક થાય. પછી આપે અબુ બસીરને પુછયું કે શું આટલું તારા માટે પુરતું છે તો તેણે કહયું કે બસ હવે મને પુરતું છે.

(૨) ઈમામ (અલય્હિસ્સલામ)નું કથન છે કે હઝરત રસૂલેખુદા

(સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું કે જયારે હું મેઅરાજની રાતે પહેલા આસમાન ઉપર પહોંચ્યો ત્યારે મેં જે ફરિશ્તાને જોયા તેઓ ખુશખુશહાલ દેખાતા હતા પરંતુ એક ફરિશ્તો એવો જોયો હતો કે તેના જેવો વધુ ઉચ્ચ ફરિશ્તો કોઈ ન હતો તેના મોઢાં ઉપર ડર અને ગુસ્સાની નીશાનીઓ દેખાતી હતી. તેણે બીજા ફરિશ્તાઓની જેમ મારૂં સન્માન કર્યું પરંતુ તે ફરિશ્તો બીજા ફરિશ્તાઓની

જેમ મને જોઈને હસ્યો નહીં. મેં જીબ્રઇલને પુછયું કે આ ફરિશ્તો કોણ છે કે જેને જોઈને હું બહુ જ ડર અનુભવું છું. જિબ્રઈલે કહયું કે ખરેખર આપે તેનાથી ડરવું જોઈએ કારણ કે અમે પણ તેણે જોઈને ડરીએ છીએ. આ ફરિશ્તો જહન્નમનો ખજાનેદાર છે. જે દીવસથી અલ્લાહ તઆલાએ તેને જહન્નમનો ખજાનેદાર બનાવ્યો છે ત્યારથી અત્યાર સુધી તે સતત અલ્લાહના દુશ્મનો વિરૂધ્ધ વધારે ગુસ્સાવાળો અને આક્રમક

થઇ રહયો છે જયારે અલ્લાહ તઆલા તે ફરિશ્તાને પોતાના દુશ્મનોથી બદલો લેવાનો હુકમ કરશે ત્યારે તે ખુબ જ સખ્તાઈથી તેઓની પાસેથી બદલો લેશે. જો તેણે કોઈની સાથે હસીને મુલાકાત કરી હોત તો આજે તે જરૂર આપની સાથે પણ હસીને મુલાકાત કરતો અને ખુશ અને આનંદ દર્શાવતો. પછી મેં તે ફરિશ્તાને સલામ કરી અને તેણે મારા સલામનો જવાબ આપ્યો અને પછી તેણે મને જન્નતની ખુશખબરી આપી. પછી મેં

જીબ્રઇલને કહયું કે તેની શાનો, શૌકત, રૂઆબ અને દબદબાના કારણે જે આસમાનોમાં છે તે બધા આસમાનવાળા તેની ઇતાઅત કરે છે. અય જિબ્રઈલ ! આ જહન્નમના ખજાનેદારને કહો કે તે મને જહન્નમની આગ દેખાડે. જીબ્રીલે કહયું અય ખજાનેદાર અલ્લાહ તઆલાના હબીબ હઝરત મોહમ્મદ મુસ્તુફા (સલ્લલ્લાહો અલચ્હે વ આલેહી વસલ્લમ)ને જહન્નમની આગ બતાવ. પછી જિબ્રઈલના કહેવાથી જહન્નમના

ખજાનેદારે પરદો હટાવ્યો અને જહન્નમના એક દરવાજાને ખોલ્યો તો આગના ભડકા આસમાનની તરફ ઊંચા થયા અને આખા આસમાન ઉપર છવાઈ ગયા ભડકવા લાગ્યા અને ભય ફેલાઈ ગયો. પછી મેં જિબ્રઈલને કહ્યું કે ખજાનેદારને કહો કે ફરી પરદો પાડી દે બસ ખજાનેદારે તે આગના ભડકાઓને જે આસમાન તરફ બલંદ થયા હતા પોતાની જગ્યાએ ફરી જવા કહ્યું તો તે

ભડકાઓ પોતાની જગ્યાએ  પાછા ફરી ગયા.

(3) હઝરત ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ)થી નકલ થએલ છે કે અલ્લાહ તઆલાએ કોઈ માણસ એવો પૈદા નથી કર્યો કે જેનું એક ઠેકાણું જન્નત અને બીજું ઠેકાણું જહન્નમ ન હોય. જયારે જન્નતવાળાઓ જન્નતમાં અને જહન્નમવાળાઓ જહન્નમમાં પહોંચી જશે તો ત્યારે અવાજ આપનાર જન્નતવાળાઓને અવાજ આપીને કહેશે કે

જહન્નમની તરફ જુઓ બસ તેઓ તેને જોશે. તેઓને જહન્નમમાં પોતાની તે જગ્યા નજર આવશે કે અગર તેઓ ગુનેહગાર હોત તો આ તેઓનું ઠેકાણું હોત. પછી તેઓ તેને જોઈને એટલા ખુશ થશે કે અગર જન્નતમાં મૌત હોત તો તેઓ ખુશીના કારણે ત્યાં મરી જાત અને આ ખુશી એટલા માટે હશે કે "અલ્હમ્દો લિલ્લાહે વ શુકરન લિલ્લાહે" તેણે (અલ્લાહે) અમને જહન્નમથી છુટકારો આપ્યો. આવી જ રીતે

જહન્નમવાસીઓને કહેવામાં આવશે કે ઉપર નજર ઉપાડીને જુઓ આ તમારી જન્નતમાં જગ્યા છે. અગર તમે અલ્લાહ તઆલાની ઇતાઅત અને ફરમાંબરદારી કરત તો તમે તે જગ્યાએ હોત. બસ તેઓ ગમના કારણે નીર્જીવ થઇ જતે અને અગર જહન્નમમાં મૌત હોત તો તેઓથી દુઃખથી મરી જતાં. તેથી દોઝખીઓની જન્નતની જગ્યાઓ જન્નતવાળાઓને આપી દેવામાં આવશે અને જન્નતવાળાઓની દોઝખની જગ્યા

દોઝખવાળાઓને આપી દેવામાં આવશે. આ જ આયતની તફસીર છે જેમાં જન્નતવાસીઓ માટે કહેવામાં આવ્યું છે કે આ જ તેઓના વારિસ છે કે જેઓ જન્નતને વારસાના રૂપમાં મેળવશે અને તેઓ તેમાં હંમેશા રહેશે. “ઉલાએક હોમુલ વારેસુન. અલ્લઝિન યુરેસુનલ ફિરદૌસ. હુમ ફીહા ખાલેદુન. (સૂરએ મોઅમેનુન / આયત નં. ૧૦ – ૧૧)

(૪) આં હઝરત (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)નું કથન છે

કે જયારે જન્નતવાસીઓ જન્નતમાં અને જહન્નમવાસીઓ જહન્નમમાં દાખલ થશે ત્યારે અલ્લાહની તરફથી એક બાંગી પોકાર કરશે અય જન્નતવાસીઓ અને જહન્નમવાસીઓ ! જો મૌત કોઇપણ સ્વરૂપે તમારી સામે આવે તો શું તમે તેને ઓળખી લેશો ? તેઓ કહેશે કે અમે નહીં ઓળખી શકીએ. બસ મૌતને જન્નત અને જહન્નમની વચ્ચે ઘેટાંના સ્વરૂપે લાવવામાં આવશે અને તે બધા લોકોને કહેવામાં આવશે કે જુઓ આ મૌત છે.

પછી તેને ઝબ્હ કરવામાં આવશે અને જન્નતવાસીઓને કહેવામાં આવશે કે હવે તમે હંમેશ માટે જન્નતમાં રહેશો અને તમે મૃત્યુ નહીં પામો. પછી જહન્નમવાસીઓને કહેશે કે તમે હંમેશા જહન્નમમાં રહેશો અને તમે પણ મૃત્યુ નહીં પામો. અલ્લાહ તઆલાનો તે ફરમાન કે જે તેણે પોતાના બંદાઓને કહયો છે તે આ છે. “વ અન્ઝિરહુમ યવ્મલ હસરતે ઇઝ કોઝેયલ અમરો. (સૂરએ મરયમ આયત નં. ૩૯). “અય

રસુલ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) આપ તે લોકોને તે હસરતવાળા દીવસથી ડરાવો જયારે કે દરેક માણસના કામનો કાયમ ફૅંસલો થઇ જશે અને આ લોકો તે દીવસથી ગાફિલ અને સુસ્ત છે.” અલ્લાહ તઆલા જન્નતવાસીઓ અને જહન્નમવાસીઓને હુકમ આપશે કે તમે લોકો હંમેશા હંમેશા માટે પોતપોતાની જગ્યાએ રહો અને તેઓના માટે કયારેય મૌત નહીં હોય અને તે દીવસે જહન્નમવાસીઓ હસરત

અને અફસોસ કરશે અને તેઓની દરેક ઈચ્છાઓ ઉપર પાણી ફરી વળશે.

(૫) હઝરત અમીરૂલ મોઅમેનીન (અલય્હિસ્સલામ)નું કથન છે કે ગુનેહગારો માટે આગની વચ્ચે કાંણું પાડવામાં આવ્યું છે. તેઓના પગમાં સાંકળ હશે અને હાથ ગરદનની સાથે બાંધેલા હશે. તેઓના પહેરણ તાંબાના હશે અને ઝભ્ભા આગના પહેરાવવામાં આવશે અને તેઓ સખ્ત અઝાબમાં સપડાએલા હશે જેમાં સખ્ત ગરમી હશે

અને તેઓના માટે જહન્નમના દરવાજા બંધ કરી દેવામાં આવશે અને તે દરવાજા કયારેય પણ ખોલવામાં નહીં આવે અને તેમાં કયારેય સવારનો ઠંડો પવન દાખલ નહીં થાય અને ન તો તેઓના દુઃખ દર્દો દૂર કરવામાં આવશે. તેઓનો અઝાબ વધુને વધુ સખ્ત અને તાજો થતો રહેશે. ન તો તેઓનું ઘર ખત્મ થશે અને ન ઉંમર ખત્મ થશે અને તેઓ અલ્લાહ તઆલા પાસે પોતાની મૌતની તમન્નાઅ કરશે અને અલ્લાહ

તઆલા તેના જવાબમાં કહેશે કે તમો હંમેશા માટે આ અઝાબમાં રહો.

(૬) હઝરત ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ)નું કથન છે કે જહન્નમની અંદર એક ખુણો છે જેનો જહન્નમવાસીઓ લાભ લેશે અને તે જગ્યા દરેક ઘમંડીઓ માટે મખ્સુસ હશે. અને દરેક શૈતાનના માટે અને તે ઘમંડીના માટે કે જે કયામત ઉપર ઈમાન ધરાવતો હતો અને અહલેબૈત (અલય્હેમુસ્સલામ)ના દરેક દુશ્મનો માટે

હશે અને આપે કહયું જે માણસનો અઝાબ સૌથી ઓછો હશે તે આગના દરિયામાં હશે અને તેના પગરખાં આગના હશે અને તેની ગરમીની સખ્તીના કારણે તેનું મગજ દેગની જેમ ઉકળવા લાગશે. તે વિચારશે કે બધા જહન્નમવાસીઓ કરતા તેનો અઝાબ સૌથી વધારે છે જો કે તેનો અઝાબ તમામ જહન્નમવાસીઓ કરતાં ઓછો હશે.

# જન્નત

જન્નતનો ડિક્ષનરી અર્થ ઝાડ પાનથી હર્યો ભર્યો બગીચો છે ચાહે તે જમીન ઉપર હોય કે આસમાન ઉપર હોય (મનજીદ). શરીઅતના અર્થઘટન મુજબ તે જગ્યા જે પરવરદિગારે આલમે આખેરતમાં મોઅમિનો અને નેક લોકો માટે બનાવી છે જેમાં તેઓ હંમેશા રહેશે. સીફાતુશ્શિયા હઝરત ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ) ફરમાવે છે.

“લય્સ મિન શિઅતેના મન અનકર અરબઅત અશ્યાઅલ મેઅરાજો વલ મસ્અ લતો ફિલ કબ્રે વ ખલ્કુલ જન્નતે વન્નાઅરે વશ્શફાઅતો.

“જે માણસ ચાર વસ્તુઓનો ઇન્કાર કરે તે અમારા શિયામાંથી નથી.

(૧) મેઅરાજે જીસ્માની

(૨) કબ્રમાં સવાલ જવાબનું હોવું

(3) જન્નત અને જહન્નમનું ખલ્ક હોવું

(૪) શફાઅત.

કુરઆને મજીદની આયત સ્પષ્ટપણે જન્નત અને જહન્નમનું ખલ્ક થએલ હોવા પર દલીલ છે. જેમ કે “ઓઈદ્દત લીલ મુત્તકીન” “જન્નત મુત્તકીઓ (પરહેઝગારો) માટે શણગારવામાં આવી છે.” “ઉઝલેફતીલ જન્નતો લીલ મુત્તકીન.” “જન્નત મુત્તકી લોકો માટે તૈયાર કરવામાં આવી છે.” તેની હકીકત અને જન્નતને પુરેપુરી સમજવી આ દુનીયાના લોકો માટે અસંભવ છે. બસ નેક અકીદો રાખવો

જોઈએ અને વિગતમાં ઉતરવાની જરૂર નથી કે તે કયાં છે ? કેવી છે ? તેનું ઉદાહરણ એવું છે કે માં ના ઉદરમાં બાળક માટે આ દુનીયાની ખબર. કુરઆને મજીદમાં છે.

“ફલા તઅલમો નફસુમ મા ઉખ્ફેય લહુમ મિન કુર્રતે અઅયોન. જઝાઅમ બેમા કાનુ યઅમલુન.” - (સૂરએ સજદહ / આયત નં. ૧૭)

“જેથી કોઈ વ્યક્તિ આ વાત નથી જાણતી કે તેમની આંખોની ઠંડક માટેની

કઈ કઈ વસ્તુઓ તેમના માટે સંતાડી રાખવામાં આવી છે. (અને આ) તેમના નેક કાર્યોનો બદલો હશે જે તેઓ કર્યા કરતા હતા.”

કુરઆને પાકમાં જન્નતની નેઅમતોના વિષે ફરમાવવામાં આવ્યું છે.

“લહુમ મા યશાઉન ફીહા વ લદય્ના મઝીદુન.” - (સૂરએ કાફ / આયત નં. ૨૫)

જન્નતવાસીઓ માટે દરેક તે વસ્તુ ત્યાં હાજર હશે જેની તેઓ ઈચ્છા કરશે અને અમારી પાસે તેનાથી પણ વધારે છે.”

બીજી એક જગ્યાએ ફરમાવ્યું છે.

“વ હુમ ફિમશતહત અન્ફોસહુમ ખાલેદુન.”

“જન્નતવાસીઓને જે વસ્તુની ઈચ્છા હશે તે હંમેશા તેઓની પાસે હશે.”

ટુંકમાં કે જન્નત તે જગ્યા છે જે જયાં નાકામી અને તકલીફ નથી,

નબળાઈ, બીમારી અને બુઢાપો નથી, સુસ્તી અને બેઆરામીનું નામો નીશાન પણ નથી. ત્યાં દરેક રીતે સલામતિ અને શાંતિ છે. આ જ કારણે તેનું બીજું નામ “દારૂસ્સલામ” છે.

## જન્નતવાસીઓની હુકુમત

જન્નત તેઓની હકીકતી સલ્તનત છે જેના ઉપર તેઓને પુરી કુદરત અને ઇખ્તેયાર હશે અને જે કાંઈ તેઓ ચાહશે તે જ થશે તેઓની નાફરમાની નહીં

થાય. “ઇન્ન અહલલ જન્નતે મોલુકુન” બેશક જન્નવાસીઓ હકીકતમાં બાદશાહ છે. સૂરએ દહરમાં અલ્લાહ તઆલા ફરમાવે છે.

“વ એઝા રઅય્ત સુમ્મ રઅય્ત નઈમંવ વ મુલ્કન કબીરા.” - (સૂરએ દહર / આયત નં. ૨૦)

“અને જયારે તમે ત્યાં નજર ઉપાડીને જોશો તો દરેક બાજુની નેઅમતો અને અઝિમ નીશાનીઓ અને સલ્તનત પામશો.”

અમુક રિવાયતોમાં છે કે એકલો જન્નતી જયારે પોતાની જન્નતની મિલ્કીયતને જોશે તો તેને તે એક હજાર વર્ષના રસ્તા બરાબર પામશે જેમાં ફરિશ્તાઓ પણ તે મોઅમિનની રજા લીધા વિના દાખલ નહીં થઇ શકે.

## જન્નતની ઝમીનની લંબાઈ

“અર્ઝોહા કઅર્ઝિસ્સમાએ વલ અર્ઝે” “જન્નતની પહોળાઈ ઝમીન અને આસમાનના અંદાજાની બરાબર છે.

રિવાયતમાં છે કે એક દીવસ જિબ્રઈલે વિચાર્યું કે જન્નતની લંબાઈ માપું. તેથી તેઓ ત્રીસ હજાર વર્ષ સુધી ઉડતા રહયા છેવટે થાકી ગયા અને અલ્લાહ તઆલા પાસે મદદ માંગી અને ત્રીસ હજાર વખત તાકત માંગી અને દરેક વખતે ત્રીસ હજાર વખત ઉડયો છેવટે થાકી ગયા. બસ મુનાજાત કરવા લાગ્યા કે ખુદાવંદા આ જે મેં અંતર કાપ્યું તે વધારે કાપ્યું છે કે હજુ વધારે બાકી છે. એક હુર પોતાના ખૈમામાંથી

બહાર નીકળી અને અવાજ આપીને કહયું અય રૂહુલ્લાહ ! શા માટે આટલી તકલીફ ઉપાડો છો ? હજુ તો ફકત એટલું જ ઉડયા છો કે મારા રૂમમાંથી પણ બહાર નથી નીકળ્યા. જિબ્રઈલે પુછયું કે તું કોણ છો ? તેણે જવાબ આપ્યો કે હું એક હુર છુ જે એક મોઅમિનના માટે પૈદા કરવામાં આવી હોય. (સૂરએ હદીદ, તફસીરે અમદતુલ બયાન)

# જન્નતોના ખાણા

જન્નતી લોકો માટે દરેક તે ખાણું મૌજુદ હશે જેની તેઓ ઈચ્છા કરશે. કુરઆને મજીદમાં અલ્લાહ તઆલા ફરમાવે છે.

“વ ફાકેહતીન કસીરતીન. લા મકતુઅતીન વલા મમ્નુઅતીન.” - (સૂરએ વાકેઆ / આયત નં. ૩૨ – ૩૩)

“અને દરેક પ્રકારના મેવા જન્નતમાં મૌજુદ હશે અને દરેક સિઝનમાં હશે કોઈ રોકવાવાળું નહીં હોય જે

સિઝનમાં જે મેવો ખાવો હોય તે ખાઈ શકશે.”

એક બીજી જગ્યાએ અલ્લાહ તઆલા ફરમાવે છે.

“વ ફાકેહતિમ મિમ્મા યતખય્યરુન. વ લહમે તયરીમ મિમ્મા યસ્તહુન.” - (સૂરએ વાકેઆ / આયત નં. ૨૦ – ૨૧)

“અને તેમને એવા મેવા મળશે કે જે તેઓ પસંદ કરશે અને જે જે

પક્ષીઓનું ગોશ્ત તેઓ ચાહશે તે પણ (તેમને મળશે)”

અબુ સઈદ ખુદરીએ હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)થી રિવાયત કરી છે. “જન્નતમાં પક્ષીઓ ઉડે છે, ફરે છે અને દરેક પક્ષીની સિત્તેર હજાર પાંખો છે. જયારે મોઅમિન ખાવાનો ઈરાદો કરશે ત્યારે તેમાનું એક પક્ષી તેમના દસ્તરખવાન (બિછૌના) ઉપર આવીને બેસશે અને તેની પાંખોમાંથી ખાવાનું

નીકળશે જે બરફથી વધારે સફેદ, મધથી વધારે સ્વાદિષ્ટ, કેસરથી વધારે ખુશ્બુદાર હશે અને જે બીજા ખોરાકો જેવું નહીં હોય તે પછી પક્ષી ઉડી જશે.

“ફીહા ફાકેહતુંવ વ નખ્લુંવ વ રૂમ્માનુન.” - (સૂરએ રહમાન / આયત નં. ૨૮)

“જન્નતમાં ફળો, ખજુરો અને દાડમો હશે.”

બીજી એક જગ્યાએ ફરમાવ્યું છે.

“ફી સીદરીમ મખ્ઝુદીન. વ તલ્હીમ મન્ઝુદીન. વ ઝિલ્લીમ મમ્દુદીન.” - (સૂરએ વાકેઆ / આયત નં. ૨૮ થી ૩૦)

“તેઓ કાંટા વિનાની બોરડીમાં હશે. અને એકમેક ઉપર લદાએલા કેળાનાં ઝાડોમાં. અને ફેલાએલી (શીતળ) છાંયામાં.”

“હદાએક અઅનાબીંવ” “દ્રાક્ષોના બગીચાઓ હશે.”

# જન્નતના ઉપહારો

અલ્લાહ તઆલા ફરમાવે છે.

“ફીહા અન્હારૂમ મિમ માઈન ગય્રે આસીન. વ અન્હારૂમ મિન લબનીન લમ યતગય્યર તઅમોહુ. વ અન્હારૂમ મિન ખમરીલ લઝઝતીંલ લીશ્શારેબીન. વ અન્હારૂમ મિન અસલીમ મુસફ્ફા.” - (સૂરએ મોહમ્મદ / આયત – ૧૫)

“તેમાં પાણીની નહેરો છે જેમાં જરા પણ ગંધ નથી અને દુધની નહેરો છે જેનો સ્વાદ બદલાયો નથી અને

શરાબની નહેરો છે જે પિનારાઓને આનંદ આપે છે અને સાફ સ્વચ્છ મધની નહેરો વહે છે.”

બીજી એક જગ્યાએ અલ્લાહ તઆલા ફરમાવે છે.

“યુસ્કવ્ન મિંર રહીકીમ મખ્તુમીન. ખેતામોહુ મિસ્કુન. વફી ઝાલેક ફલ યતનાફેસુલ મુતનાફેસુન. વ મેઝાજોહુ મિન તસ્નીમીન. અય્નય યશરબો બેહલ મુકર્રબુન.” - (સૂરએ તતફીફ / આયત નં. ૨૫ થી ૨૮)

"તેમને સીલબંધ ખાલીસ નીર્મળ પીણું પીવરાવવામાં આવશે. જેની મોહોર કસ્તુરીની હશે, અને શોખ ધરાવનારાઓએ તેવા (પીણા)ની ઈચ્છા રાખવી જોઈએ. અને તેમાં તસ્નીમનું પાણી મિશ્રીત હશે. આ એક ઝરણું છે જેમાંથી (અલ્લાહના) નીકટ બંદાઓ પાન કરશે."

સૂરએ દહરમાં અલ્લાહ તઆલા ફરમાવે છે.

“વ યુસ્કવ્ન ફીહા કઅસન કાન મેઝાજોહા ઝન જબીલન. અય્નન ફીહા તોસમ્મા સલસબીલન.” - (સૂરએ દહર / આયત નં. ૧૭ – ૧૮)

“અને તે (જન્નત)માં તે (જન્નતવાસી)ઓને એવા પ્યાલા પીવરાવવામાં આવશે કે જેમાં સુંઠનું મિશ્રણ હશે. તે (જન્નત)ના તે ઝરણામાંથી છે કે જેનું નામ સલસબીલ રાખવામાં આવ્યું છે.”

બીજી એક જગ્યાએ અલ્લાહ તઆલા ફરમાવે છે.

"…..યશરબુન મિન કઅસીન કાન મેઝાજોહા કાફૂરા." - (સૂરએ દહર / આયત નં. ૫)

"નિઃસંશય સદાચારી લોકો તે પ્યાલામાં પીએ છે કે જેમાં કપૂરનું મિશ્રણ છે."

જન્નતની અંદર આ અલગ અલગ પ્રકારની નહેરો વહી રહી છે જેનો સ્વાદ અને ખાસિયત એકબીજાથી અલગ છે.

અને તે મુજબ તેનું નામ રાખવામાં આવ્યું છે. અને તે દરેક નહેરોમાં સૌથી વધુ મહત્વની નહેરો છે જે અર્શની નીચેથી વહી રહી છે. તેની જમીન ઘી થી વધારે તર અને હીરા, ઝવેરાત, યાકુત અને મરજાન છે. તેનું ઘાંસ કેસર અને મોટી કસ્તુરીથી વધારે ખુશ્બુદાર છે અને જન્નતમાં નહેરોના રૂપમાં વહી રહી છે. અને મહેશરના અરસામાં હોજના નામથી મશહુર છે.”

# જન્નતીઓના કપડાં અને જવાહેરાત

સૂરએ કહફમાં અલ્લાહ તઆલા ફરમાવે છે.

"યોહીલ્લવ્ન ફીહા મિન અસાવેર મિન ઝહબીન વ યલ્બસુન સેયાબન ખુઝરમ મિન સુન્દોસીન વ ઇસ્તબરકીન." - (સૂરએ કહફ / આયત નં. ૩૧)

"જન્નતમાં ચમકતા સોનાની બંગડીઓથી શણગારવામાં આવશે અને તેને બારિક રેશમ અને જાડાં રેશમ (ના

તાર) અને રેશમી પોશાકો પહેરાવવામાં આવશે.”

બીજી એક જગ્યા સૂરએ હજમાં અલ્લાહ તઆલા ફરમાવે છે.

“અસાવેર મિન ઝહબીન વ લુઅ લુઅન. વ લેબાસોહુમ ફીહા હરીરૂન.” - (સૂરએ હજ / આયત નં. ૨૩)

“ત્યાં (જન્નતમાં) સોનાની બંગડીઓ અને મોતીઓના હાર અને રેશમના કપડાં હશે.”

હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)નું કથન છે કે જયારે મોઅમિન જન્નતમાં પોતાના મહેલમાં દાખલ થશે અને તેના માથા ઉપર કમાલોનો તાજ હશે સિત્તેર જન્નતી હિલા જે અલગ અલગ પ્રકારના જવાહેરાત અને મોતીઓથી ભરેલા હશે પહેરાવવામાં આવશે અને અગર તેમાંથી એક કપડાંને દુનીયા માટે ફેલાવવામાં આવે તો જોઈ નહીં શકે.

હઝરત ઈમામ જાફર સાદિક (અલય્હીસ્સલામ) ફરમાવે છે કે અલ્લાહ તઆલા દરેક જુમ્આના મોઅમિનો માટે જન્નતમાં એક ફરીશ્તાને જન્નતી પોશાકો સાથે તેના સન્માન માટે મોકલે છે. પછી મોઅમિન તેમાંનો એક કમરની સાથે બાંધે છે અને બીજાને ખભા ઉપર રાખીને જે તરફથી પસાર થાય છે તે જન્નતી કપડાંના નુરથી ચારે બાજુઓ પ્રકાશિત થઇ જાય છે.

# જન્નતના સ્થળો

કુરઆને મજીદમાં અલ્લાહ તઆલા ફરમાવે છે.

"વ યુદખીલકુમ જન્નાલતીન તજરી મિન તહતેહલ અન્હારો વ મસાકીન તય્યેબતીન ફી જન્નાતીન અદન. ઝાલેકલ ફવ્ઝુલ અઝીમ." - (સૂરએ સાફ્ફહ / આયત નં. ૧૨)

"અને પરવરદિગારે આલમ તમને એવા બાગોમાં દાખલ કરશે કે જેમાં નહેરો જારી છે અને મહેલો પાક વ

પાકીઝા છે જેમાં તમે હંમેશા રહેશો અને તે બહુ જ મોટી સફળતા છે.”

“મસાકેન તય્યેબતન”કી તફસીરમેં હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)થી નકલ કરેલ છે કે આપ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું. જન્નતમાં મોતીઓથી બનેલો એક મહેલ છે જેમાં સિત્તેર ઘર લાલ યાકુતના છે અને દરેક ઘરમાં સિત્તેર રૂમ લીલા જમરૂદના અને

રૂમમાં સિત્તેર તખ્ત છે. દરેક તખ્ત ઉપર રંગબેરંગી સિત્તેર બિછાનાઓ અને દરેક બિછાન ઉપર એક સુંદર આંખોવાળી હુર બેથી હશે. અને દરેક રૂમમાં સિત્તેર દસ્તરખ્વાન ઉપર સિત્તેર પ્રકારના ભોજન છે અને દરેક રૂમમાં એક ગુલામ અને એક કનીઝ છે. ખુદા મોઅમિનને એટલી શક્તિ આપશે કે તે બધી સ્ત્રીઓ સાથે સહશયન કરે અને બધું ખાવાનું ખાવાની શક્તિ આપશે. આ આખેરતમાં મોટી નેઅમત છે.

સૂરએ ઝોમરમાં અલ્લાહ તઆલા ફરમાવે છે.

“.....લહુમ ગોરફુન મિન ફવ્કેહા ગોરફુમ મબ્નીય્યતુન, તજરી મિન તહતેહલ અન્હારો......” - (સૂરએ ઝોમર / આયત નં. ૨૦)

“.....તેઓના માટે ઊંચા ઊંચા મકાન હશે અને તેમની ઉપર બીજા મકાન પણ બનેલા હશેજેમની હેઠળ નદીઓ વહેતી હશે”

“મિન ફવ્કેહા ગોરફુન”ની તફસીરમાં હઝરત ઈમામ મોહમદ બાકિર (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું કે હઝરત અલી (અલય્હિસ્સલામ)એ હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ને આની તફસીર પુછી કે આ અટારીઓ કઈ વસ્તુથી બનેલી છે. આપે જવાબ આપ્યો કે અય અલી (અલય્હિસ્સલામ) ! અલ્લાહે આ અટારીની દીવાલો મોતી, યાકુત અને ઝબરજુદથી તૈયાર કરી છે અને તેની

છત સોનાની છે. જે ચાંદીના તારોથી મઢેલી છે દરેક અટારીના હજાર હજાર દરવાજાઓ છે. દરવાજાઓ ઉપર હજાર ફરિશ્તા છે અને તેમાં મોટા મોટા ઉંચા અને રેશમી રંગબેરંગના બિછાના બિછાવેલા છે જેમાં કસ્તુરી, અંબર અને કપૂર ભરેલા છે.

## જન્નતના રૂમોના શણગારનો સામાન

કુરઆને મજીદમાં અલ્લાહ તઆલા ફરમાવે છે.

“મુત્તકેઇન ફીહા અલલ અરાએકે નેઅમસ્સવાબ.”

“તેઓ જન્નતી તખ્તો ઉપર બેઠેલા અને તકીયા લગાવેલા હશે આ તેઓની નેકીનો બદલો અને સવાબ છે.”

સૂરએ ગાશિયાહમાં છે.

“ફીહા સોરોરૂમ મરફુઅતુન, વ અકવાબુન મવ્જુઅતુન, વ નમારેકો મસ્ફુફતુન, વ ઝરાબિય્યો મબ્સુસતુન.” - (સૂરએ ગાશિયાહ / આયત નં. ૧૩ થી ૧૬)

“તેમાં ઉંચા ઉંચા તખ્ત હશે. અને વ્યવસ્થાપૂર્વક ગોઠવેલા પાણીના પીવાના કુજા. અને હારબંધ મુકેલા તકીયા. અને ચોમેર પાથરેલા ગાલીચા.”

સૂરએ વાકેઆમાં અલ્લાહ તઆલા ફરમાવે છે. “અલા સોરોરીમ મવ્ઝુનતીન.” તેઓ તખ્તો ઉપર બેઠેલા હશે.” અને તે તખ્ત ત્રણસો હાથ ઉંચો છે જયારે તેના ઉપર બેસવાનો ઈરાદો કરશે ત્યારે તે નીચા થઇ જશે તેઓ તેના ઉપર તકીયો મુકીને બેઠા હશે.

સૂરએ રહેમાનમાં અલ્લાહ તઆલા ફરમાવે છે.

“મુત્તકેઈન અલા ફોરોશીમ બતાએનોહા મિન ઇસ્તબરકીન.....”

“તેઓ એવા બિછાનાઓ ઉપર તકીયા લગાવીને બેઠા હશે કે જેના અસ્તર કીનખાબના હશે.”

જેની હકીકત ખુદા જાણે છે. ઇસ્તબરક, ઝેફઝેફ, નુમારક અને ઝેરાબીની હકીકત જોવાથી તેની સમજવાની વિશાળ શક્તિ કયાં છે.”

# જન્નતના વાસણો

“વ યોતાફો અલય્હિમ બે આનેયતીમ મિન ફીઝઝતીન વ અકવાબીન કાનત કવારીરા. કવારીરા મિન ફીઝઝતીન કદ્દરૂહા તકદીરા.” - (સૂરએ દહર / આયત નં. ૧૫ – ૧૬)

“અને તેઓની સામે ચાંદીની સુરાહીઓમાં દૌર ચાલશે અને એવા જામોમાં પણ કે જે બિલ્લોરના હશે. પારદર્શક જામો કે જે ચાંદીના બનેલા હશે જેનો (સ્વર્ગવાસીઓની જરૂરિયાત

પ્રમાણેનો પીવરાવાનારાઓએ) યોગ્ય અંદાજો કરી લીધો હશે.”

“યતુફો અલય્હિમ વિલ્દાનુંમ મોખલ્લદુન, બે અકવાબીન વ અબારીક. વકઅસીમ મિમ મઈનીન.” - (સૂરએ વાકેઆ / આયત નં. ૧૭ – ૧૮)

“હંમેશા એક જ સ્થિતિમાં રહેનારા છોકરાઓ તેમની આસપાસ આંટા ફેરા ખાતા હશે. જામો તથા સુરાહીઓ લઈને અને સ્વચ્છ પીણાઓના પ્યાલાઓ લઈને.”

# જન્નતની હુરો અને સ્ત્રીઓ

જન્નતની સૌથી મોટી નેઅમત શરીર ધરાવતી હુરો છે તેથી જ કુરઆને મજીદમાં તેનો ઝિક્ર પણ વધારે કરવામાં આવ્યો છે. તેઓને આ નામથી યાદ કરવાની ઓળખ અને કારણ એ છે કે હુરનો અર્થ છે ગોરા રંગવાળી અને અયનનો અર્થ છે પહોળી અને કાળી આંખો. કારણ કે તેઓની આંખની કાળાશ

ખુબ જ કાળી અને સફેદી ખુબ જ સફેદ છે.

સૂરએ વાકેઆમાં અલ્લાહ તઆલા ફરમાવે છે.

“વ હુરૂન ઇનુન, કઅમ્સાલીલ લુઅલુઈલ મકનુન.” - (સૂરએ વાકેઆ / આયત નં. ૨૨ – ૨૩)

“અને મોટી મોટી કાળી આંખોવાળી હુરો પણ. એવી કે જાણે (સીપમાં) છુપેલા મોતી.”

સૂરએ રહેમાનમાં અલ્લાહ તઆલા ફરમાવે છે.

“ફીહીન્ન કાસેરાતુત તરફે લમ યત્મીસ્હુન્ન ઇન્સુન કબ્લહુમ વલા જાન્નુન.” - (સૂરએ રહેમાન / આયત નં. ૫૬)

“તે જન્નતોમાં (પારકાઓથી બચાવીને માત્ર પોતાના જ પતિઓ પર) નીગાહ રાખનારી સ્ત્રીઓ હશે જેમને તેમની પહેલાં ન કોઈ ઇન્સાન અડકયો હશે ન કોઈ જીન્નાનત”

"કઅન્નહુન્નલ યાકુતો વલ મરજાનો." - (સૂરએ રહેમાન / આયત નં. ૫૮)

"જાણે કે તે યાકુત અને મરજાન છે."

એટલે કે યાકુત જેવી સફેદી અને રોશની મરજાન જેવી.

"કઅન્નહુન્ન બય્ઝુમ મકનુનુન"

"તેઓની ગોરી ગોરી રંગોમાં હલ્કી હલ્કી સુરાબી એવી જણાતી હશે જાણે કે તે છુપાએલા ઈંડા છે."

કથન છે કે હુર સિત્તેર જન્નતી પોશાક પહેર્યા હ શે તેમ છતાં તેઓની પિંડલીઓનો સ્તર અંદરથી દેખાતો હશે. જેવી રીતે યાકુતમાં સફેદી. તેવા પ્રકારનું નાજુક અને નરમ શરીર હશે.

અબ્દુલ્લાહ બિન મસ્ઉમદનું કથન છે કે હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) પાસેથી સાંભળ્યું છે. આપે ફરમાવ્યું કે જન્નતમાં નૂર પૈદા થશે ત્યારે જન્નતીઓ કહેશે કે આ નૂર કેવું છે ત્યારે

તેઓને કહેવામાં આવશે કે આ નૂર હુરના દાંતોનું છે જે પોતાના પતિની રૂબરૂ હસે છે.

બીજી એક જગ્યાએ કુરઆને મજીદમાં અલ્લાહ તઆલા ફરમાવે છે.

"ઇન્ના અન્શઅનાહુન્ન ઇન્શાઅન. ફ જઅલ્નાહુન્ન અબ્કારન. ઓરૂબન અતરાબન." - (સૂરએ વાકેઆ / આયત નં. ૩૫ થી ૩૭)

"અમે હુરોને માં બાપ વગર પૈદા કરી અને તેને કુંવારી, ચંચળ અને

પતિઓની આશિક બનાવી જે સમાન ઉંમરના છે.”

દરેક હુરો સોળ વર્ષની હશે અને જન્નતી પુરૂષો તેંત્રીસ વર્ષના હશે. વાળ વાંકડીયા શરીર રૂપાળું, ચહેરો વાળથી સાફ હશે.

સૂરએ બકરહમાં અલ્લાહ તઆલા ફરમાવે છે.

“વલ હુમ ફીહા અઝવાજુમ મોતહહરતુન વ હુમ ફીહા ખાલેદુન.” - (સૂરએ બકરહ / આયત નં. ૨૫)

"અને જન્નતમાં મોઅમિનો માટે પાક અને પાકીઝા ઔરતો હશે જે દરેક નજાસત હૈઝ વિગેરેથી પાક હશે અને તે (મોઅમિનો) આ (જન્નત)માં હંમેશા રહેશે." આ હુરો મગરૂર અને ઘમંડી નહીં હોય અને એકબીજાની ગૈરત નહીં કરે.

કથન છે કે હુરોના જમણા બાવડા ઉપર નુરાની અક્ષરોમાં "અલ્હમ્દો લિલ્લાહીલ્લઝી સદકના વઅદહુ" અને ડાબા બાવડા ઉપર "અલ્હમ્દો લિલ્લાહે અઝહબ અન્નલ હુઝન" લખેલું હશે.

હઝરત રસૂલે અકરમ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની એક વિગતવાર હદીસના અનુસંધાનમાં છે કે જયારે ખુદાએ હુરોને બનાવી ત્યારે તેના જમણા બાવડા ઉપર મોહમ્મદુર રસુલુલ્લાહ” અને ડાબા બાવડા ઉપર “અલીયુંવ વલીયુલ્લાહ” કપાળ ઉપર “અલ હસન” અને દાઢી ઉપર “અલ હુસૈન” અને બંને હોઠો ઉપર “બિસ્મીલ્લા હિર રહમા નીર રહીમ” નુરાની અક્ષરોમાં લખેલું હતું. ઇબ્ને

મસ્ઉઅદે પુછયું આકા ! આ કરામત કોના માટે છે ? આપે જવાબ આપ્યો જે માણસ વિનય અને વિવેકની કાળજી રાખીને "બિસ્મિલ્લા હિર રહમા નીર રહીમ" કહે.

જે સ્ત્રીઓ દુનીયામાંથી ઈમાન સાથે મૃત્યુ પામશે જન્નતમાં તેમનું રૂપ હુરો કરતા વધારે હશે.

કુરઆને મજીદમાં છે.

"ફીહીન્ન ખયરાતુન હેસાનુન." - (સૂરએ રહેમાન / આયત નં. ૭૦)

“તે જન્નતમાં સદાચારી અને સૌંદર્યવાન સ્ત્રીઓ હશે.”

દુનીયાની ઔરતોમાંથી જે જન્નતમાં જશે તે મુરાદ છે. અલ્લામા મજલીસી (અ.ર.) હઝરત ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ)થી રિવાયત કરે છે કે “ખયરાતુન હેસાનુન” થી તે સ્ત્રીઓ મુરાદ છે જે મોઅમિન, આરીફ અને શિયા છે તે જન્નતમાં દાખલ થશે અને તેઓના નીકાહ મોઅમિનની સાથે થશે.

જે સ્ત્રીએ દુનીયામાં લગ્ન નહીં કર્યા હોય તેઓના પતિ જન્નતમાં નહીં હોય. તેથી તે જન્નતમાં જે જન્નતી તરફ ઈશારો કરશે તેની સાથે તેના નીકાહ થશે. અને જો તેઓના પતિ જન્નતમાં હશે તો તેના નીકાહ તેની ઈચ્છા મુજબ તેઓની સાથે કરી દેવામાં આવશે. જો દુનીયામાં વધુ પતિઓ હશે તો જેનું સર્જન ઉમદા અને નેકીઓ વધારે હશે તેઓના નીકાહ તેની સાથે કરી દેવામાં આવશે.

સૂરએ રહેમાનમાં છે કે હિસાબના સમયે ખુદાની સામે હાજર થવામાં ડરવા અને ગુનાહોથી બચનારાઓ માટે છે.

“વલેમન ખાફ મકામ રબ્બેહી જન્નતાન.” - (સૂરએ રહેમાન / આયાત નં. ૪૬)

“અને તેના માટે જે પરવરદિગારે આલમની સામે ઉભા રહેવાથી ડર્યો તેના માટે બે બાગ છે.”

અલ્લામા મજલીસી (અ.ર.)એ હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)થી નોંધ કરી છે કે જો જન્નતની હુરોમાંની એક હુર કાળી રાતમાં પહેલાં આસમાનમાંથી જમીન તરફ જુએ તો તેની ખુશ્બુથી તમામ જમીન ખુશ્બુદાર થઇ જશે.

હઝરત ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ)નું કથન છે કે જન્નતના અત્તરની ખુશ્બુ હજાર વર્ષના રસ્તાથી

પહોંચી જશે. જન્નતની માટી કસ્તુરીથી બનેલી છે.

અસંખ્ય રિવાયતોથી જણાય છે કે જન્નતના દરવાજા, દીવાલો અને જમીન જેની ઉપર કેસર જેવું ઘાંસ ઉગ્યું છે બધું સુગંધિત છે અને આ જન્નતની ખુશ્બુની અસર એ છે કે હજુ જન્નતમાં પહોંચવા માટે કેટલાય હજાર વર્ષનો રસ્તો બાકી હશે અને વૃધ્ધ જન્નતી જવાન થઇ જશે.

# જન્નતના ચિરાગ

સૂરએ દહરમાં અલ્લાહ ફરમાવે છે. “લા યરવ્ન ફીહા શમ્સન વલા મહરીરન.” જન્નતીઓને જન્નતમાં સુરજની ગરમી અને શરદ ઋતુની શરદી થશે નહીં. ત્યાં મોસમ સપ્રમાણ હશે. તેઓને સુરજ અને ચાંદના પ્રકાશની જરૂર નહીં રહે બલ્કે જન્નતમાં દરેકને માટે તેના નેક અ’અમાલ અને ઇમાનનું નૂર પુરતું હશે.

અગાઉ આપણે જોઈ ગયા કે સુર્યના પ્રકાશ ઉપર જન્નતતી હુરોનું નૂર છવાઈ જશે ત્યાં હરતા ફરતા ચિરાગ હશે. જન્નતના મકાનો ઉપર હીરા, મોતી, યાકુત, મરજાન અને ઝમરૂદ જડેલા હશે તેઓએ રંગબેરંગી પ્રકાશથી અજબ દ્રશ્ય ઉભું કરેલું હશે. જમીન, વાસણો અને કપડાં અલગ અલગ રંગોમાં ચમક દમક ઠાલવી રહયા હશે અને નુરાની ઝુમરો જન્નતના બાકીના ભાગને પ્રકાશિત કરી રહયા હશે.

અબ્દુલ્લાહ બિન અબ્બાસની રિવાયત છે કે જન્નતીઓ એક દીવસ સામાન્ય કરતા વધારે પ્રકાશ મેળવશે. તેઓ પુછાશે કે અય પરવરદિગાર ! તારો વાયદો હતો કે જન્નતમાં સુર્યનો પ્રકાશ અને સખ્ત શરદી નહીં લાગે આજે શું થઇ ગયું. શું સુરજ તો નથી નીકળ્યો ને ? અવાજ આવશે આ સુરજ નથી બલ્કે હઝરત અલીએ મુરતુઝા (અલય્હિસ્સલામ) અને જનાબે ફાતેમા ઝહરા (સલામુલ્લાહે અલય્હા) આપસમાં

આનંદની વાતો કરતા કરતા હસી રહયા છે આ પ્રકાશ તેઓના દાંતની અસર છે જે જન્નતના પ્રકાશ ઉપર છવાઈ ગયો છે.

## જન્નતના નગ્માઓ (ગીતો)

આ દુનીયાની અલગ અલગ પ્રકારની નેઅમતો અને લઝઝતો જન્નતની લઝઝતોથી દસમાં ભાગની પણ નથી. ત્યાં હકીકત અને અસલ મૌજુદ હશે. પરિપૂર્ણ સુરો અને ખુશ

કરનારાઓ ગીતો જન્નતમાં હશે. જો જન્નતી નગ્માઓનો અવાજ દુનીયાના કાન સુધી પહોંચી જાય તો તેના સાંભળવા પહેલા હલાક થઇ જાય.

હઝરત દાઉદ (અલય્હિસ્સલામ)ના અવાજમાં પરવરદિગારે એ અસર આપી હતી કે જયારે હઝરત દાઉદ (અલય્હિસ્સલામ) તે અવાજમાં ઝબુરની તિલાવત કરતા ત્યારે જાનવરો આપની આજુબાજુમાં મદહોશ થઇ જતા હતા. અને જયારે આ અવાજ ઇન્સાનોના

કાનોમાં પડતી ત્યારે તેઓ પડી જતાં અને અમુક હલાક થઇ જતા.

હઝરત અલી (અલય્હિસ્સલામ) નહજુલ બલાગાહમાં નબીઓની હાલત અંગે એક ખુત્બામાં ફરમાવે છે કે હઝરત દાઉદ (અલય્હિસ્સલામ) જન્નતમાં લોકોને પોતાના અવાજથી આનંદ કરાવશે અને જન્નતીઓના કારી હશે.

તફસીરે મજમઉલ બયાનમાં હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)નું કથન છે કે

જન્નતની નેઅમતોમાં સૌથી સારૂં એ ગીત હશે જે જન્નતની હુરો પોતાના શૌહરો માટે ગાશે. અને તે અવાજ એવો હશે જે જીન્નાત અને ઈન્સાને નહીં સાંભળ્યો હોય પરંતુ ગીત સંગીત સાથે આ ગીતો ગાવામાં નહીં આવે. એક રિવાયતમાં છે કે જન્નતી પક્ષીઓ અલગ અલગ ગીતો ગાતા હશે.

હઝરત ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ)ને પુછવામાં આવ્યું. શું જન્નતમાં ગીત સંગીત હશે ? આપે

જવાબ આપ્યો જન્નતમાં એક ઝાડ છે ખુદાના હુકમથી તેને હલાવશે અને તેમાંથી એવી સુરીલી અવાજ પૈદા થશે કે કોઈ માણસે આટલા ઉમદા સાજ (નગ્માઓ) અને ગીત નહીં સાંભળ્યા હોય. આ તે માણસને નસીબ થશે જેણે દુનીયામાં અલ્લાહના ડરના કારણે ગીત સંગીત નહીં સાંભળ્યા હોય.

## જન્નતની નેઅમતો અને લઝઝતો

જન્નતમાં અનેક પ્રકારનો આનંદ હશે. સૂરએ નહલમાં છે.

"ઇન્ન તઉદ્દો નેઅમતલ્લાહે લા તુહસુહા." - (સૂરએ નહલ / આયત નં. ૧૮)

"તમે જો ખુદાની નેઅમતોની ગણતરી કરવા ચાહશો તો તમે તેનો હિસાબ અને મર્યાદા બાંધી નહીં શકો."

જેના સુધી આપણી બુધ્ધિ પહોંચવી શકય નથી અલ્લાહના હકકો અને મઅરેફતની ઈચ્છા પુરી થશે.

તફસીરે સાફીમાં "વ અકબલ બઅઝોહુમ અલા ઝીન યતસાઅલુન" ના

અનુસંધાનમાં લખે છે કે અલ્લાહની મઅરેફત માટે એકબીજા સાથે જેટલી પણ ચર્ચા કરશે તે બધામાંથી જન્નતી લોકો જેના માં બાપ, ઔલાદ અને દોસ્તો દુનીયામાંથી સાથે વિદાય લીધી હશે અને જન્નતમાં દાખલ થવાને પાત્ર હશે તેઓની શફાઅત કરશે તેઓને પોતાની પાસે લાવશે અને આ મોઅમિનનું સન્માન અને સ્વાગત થશે. સૂરએ રઅદમાં છે.

"જન્નાતો અદનીન યદખોલુનહા વ મન સલહ મિન આબાએહીમ વ અઝવાજેહીમ વ ઝુર્રીયાતેહીમ. - (સૂરએ રઅદ / આયત નં. ૨૩)

"હંમેશા રહેવાના બાગ જેમાં તે આપ જશે અને તેઓના બાપ, દાદા અને તેઓની પત્નિઓ અને તેઓની ઔલાદોમાંથી જે નેકી કરનારા છે."

જયારે જન્નતીઓ જન્નતમાં ચાલ્યા જશે ત્યારે એક હજાર ફરિશ્તાઓ ખુદાની તરફથી મોઅમિનોની ઝિયારત કરવા

અને મુબારકબાદ આપવા માટે આવશે. મોઅમિનો માટેના મહેલ જેમાં હજાર દરવાજા છે દરેક દરવાજામાંથી એક એક ફરિશ્તો દાખલ થઈને સલામ કરશે અને મુબારકબાદી આપશે. કુરઆનમાં આ તરફ ઈશારો છે.

“વલ મલાએકતો યદખોલુન અલયકુમ મિન કુલ્લે બાબીન સલામુન અલયકુમ”

"અને ફરિશ્તાઓ તમારી પાસે હજાર દરવાજાઓમાંથી આવશે (અને કહેશે) તમારા પર સલામતિ થાય."

આથી વધીને પરવરદિગારનો મુકાબલો મોઅમિનો સાથે છે જેના બારામાં થોડી રિવાયતો મળે છે પરંતુ અહીં ફકત સૂરએ યાસીનની આ આયત "સલામુન કવ્લમ મિર રબ્બીર રહીમ." "મહેરબાન પરવરદિગાર તરફથી સલામતિનો સંદેશો છે."ને પુરતી સમજુ છું.

તફસીરે મીનહાજમાં જાબીર બિન અબ્દુલ્લાહએ હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)થી રિવાયત કરી છે. જયારે જન્નતી જન્નતની નેઅમતોમાં ડુબી જશે ત્યારે તેઓના ઉપર એક નૂર પ્રકાશિત થશે અને તેમાંથી અવાજ આવશે. "અસ્સલામો અલય્કુમ યા અહલલ જન્નત" આ જગ્યાએ એમ કહી શકાય કે જે કાંઈ અગાઉના પયગમ્બરોને મળેલું હતું કે તેઓ ખુદાની સાથે વાતચીત

કરતા હતા મેઅરાજ વિગેરે. આખેરતમાં તે જન્નતીઓને નસીબ થશે.

આ ઉપરાંત હઝરત મોહમ્મદ અને આલે મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની નજદીકી કોઈ ઓછી નેઅમત નથી. હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું છે કે અય અલી ! તમારા શિયા જન્નતમાં નુરાની મિમ્બર ઉપર બેઠા હશે. તેઓના ચહેરા (ચૌદમીના ચાંદની જેમ) સફેદ

હશે અને તેઓ જન્નતમાં આપણી સાથે હશે.

જન્નતમાં હંમેશા રહેવું અને નેઅમતો મેળવવી જેની ચર્ચા થઇ ચુકી છે તે સૌથી મોટી નેઅમત છે. જન્નતમાં મોઅમિનો એકબીજાની સાથે ભાઈઓની જેમ જન્નતી તખ્તો ઉપર બેઠા હશે (“અલા સોરોરીમ મોતકાબેલીન” “સામસામે તખ્તો ઉપર બેઠા હશે) અને એકબીજાની દાઅવતો માણી રહયા હશે. જેમ કે રિવાયતોમાં છે.

દરરોજ જન્નતમાં ઓલુલઅમ્ર નબીઓમાંથી એક નબી મોઅમિનોની મુલાકાત અને ઝિયારત માટે આવશે. તે દીવસે બધા જન્નતીઓ આ મહાન હસ્તીના મહેમાન બનશે. પહેલી જુમેરાતે હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ના મહેમાન બનશે જુમ્આનના દીવસે નજીકના સ્થળે હઝરત અહદીયત જલ્લા વ ઓલા મહેમાન નવાઝી કરવામાં આવશે. (મઆદ)

# ઝઇફ લોકો માટે હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની હદીસ

“કાલ રસુલુલ્લાહે અબ્નાઉલ અરબઈન ઝરઉન કદ અતા હેસાદહુ વ અબ્નાઉલ હમ્સીન મા ઝા કદ્દમ્તુમ વ મા ઝા અખ્ખરતુમ વ અબ્નાઉસ્સીત્તીન હલુમ્મુ એલલ હેસાબે વ અબ્નાઉસ્સબઈન અદ્દુ અન્ફોસકુમ ફિલ મવ્તા.”

"હઝરત રસૂલે અકરમ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ફરમાવે છે કે જે લોકોની ઉમ્ર ચાલીસ વર્ષની થઇ જાય તે તેવી ખેતીની જેમ છે જેના કપાઈની મૌસમ નજદીક હોય અને પચાસ વર્ષના લોકોને અવાજ આવે છે કે તમે તમારી આગળ કયા અ'અમાલ મોકલ્યા અને પાછળ શું રાખ્યું છે અને સાંઈઠ વર્ષિય લોકોને હુકમ આપવામાં આવે છે કે કયામતના હિસાબ માટે આગળ વધો અને સિત્તેર

વર્ષિય લોકોને અવાજ આવે છે કે તમે તમારી જાતને મુર્દાઓમાં ગણતરી કરો.

## જે અ'અમાલ આગળ મોકલ્યા હશે તે જ કામ આવશે

એક વખત તેઓએ એક અજાણ્યા માણસને પોતાનો બાદશાહ નીયુકત કર્યો. તે માણસ પોતાની વિચાર શક્તિથી સમજી ગયો કે આ લોકોમાં હું અજાણ છું તેથી તે લોકો સાથે મોહબ્બત ન કરૂં તેણે એક એવા માણસને

બોલાવ્યો કે જે તેના શહેરનો રહેવાસી હતો અને તે લોકોની હાલતથી જાણકાર હતો. તેણે તેની પાસેથી પોતાના વિષે શહેરવાસીઓનો રવય્યાને જાણ્યો તે માણસે કહયું કે એક વર્ષ પછી આ લોકો તને ફલાણી જગ્યાએ ખાલી હાથ મોકલી દેશે. તેથી હું તને સાફ અને ચોખ્ખી શિખામણ કરૂં છું કે આ સમય દરમ્યાન તારાથી જેવી રીતે શકય હોય દૌલત ભેગી કરી લે જેથી એક વર્ષ પછી જયારે તને ત્યાં મોકલવામાં આવે તો તે માલ

અને દૌલત થકી આરામની ઝિંદગી વિતાવી શકે. બાદશાહે તેની સલાહ મુજબ અમલ કર્યો. જયારે એક વર્ષ વિતી ગયું અને તેને શહેરમાંથી બહાર કાઢવામાં આવ્યો તો તે બાદશાહ તે જગ્યાએ પહોંચીને પોતે પહેલેથી મોકલેલ માલ અને દૌલત થકી ઐશ અને આરામથી રહેવા લાગ્યો.

હક તઆલા કુરઆનમાં ફરમાવે છે.

"વ મન અમેલ સાલેહન ફલે અન્ફોસેહીમ યમ્હદુન."

"જે નેક અમલ બજાવી લાવે છે તે માણસ પોતાના નફસના આરામ માટે કરે છે."

હઝરત ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ) ફરમાવે છે કે માણસના નેક અ'અમાલ તે અમલ કરનારની પહેલા જન્નતમાં પહોંચી જાય છે અને તેના માટે મકાન તૈયાર કરે છે. હઝરત અમીરૂલ મોઅમેનીન (અલય્હિસ્સલામ) પોતાના ટુંકા ખુત્બામાં કહે છે.

“યબ્ન આદમ કુન વસિય્ય નફસેક વઅમલ ફી માલેક મા તુઅસરો અંય યઅમલ ફીહે મિન બઅદેક.”

“અય આદમના પુત્ર ! તું પોતાના નફસનો ખુદ વસી બની જા અને પોતાના માલથી એવા કામ કર કે તે તારા જવા પછી પણ તને ફાયદો આપતા રહે જયારે કે માલ તારા હાથમાં નહીં હોય.”

કોઈ શાયરે બહુ જ સરસ કહયું છે.

“કબ્રમાં જવા પહેલા ઝિંદગીના પત્તા (નેક અ’અમાલ) ત્યાં મોકલ કારણ કે તારા જવા (મૌત) પછી કોઈ તને કશું નહીં મોકલે.”

“તને તારા માટે કપડાં અને ખાવા પીવાનો સામાન અને રોઝી પોતે જ મેળવવી જોઈએ તેનાથી વિરૂધ્ધ નહીં કે તું લોકોના અ’અમાલ ઉપર નજર જમાવી રહે. (કે તેઓ મોકલશે)”

“તું પોતાનો માલ અને દૌલત તેનાથી પહેલા રાહે ખુદામાં મોકલ તે

પહેલા કે તારો માલ તારા હાથમાંથી ચાલ્યો જાય (તને મૌત આવી જાય)”

“તું તારો ખર્ચો પોતે પોતાના હાથે લઇ જા કારણ કે પછી કોઈ પુત્ર અથવા પત્નિ ખર્ચ નહીં આપે.”

“તને તારી આખેરતની ચિંતા ઝિંદગીના દીવસોમાં કરાવી જોઈએ કારણ કે મુર્દા આદમી કશું નથી કરી શકતો.”

“તારા પછી આખેરતમાં આ દુનીયાનો કોઈ માણસ જરા પણ તારી મદદ નહીં કરે.”

“કાલ રસુલુલ્લાહે વઅલમુ અન્ન કુલ્લુમરીઈન અલા મા કદમ કાદેમુન અલા મા તખલ્લફ નાદેમુન.”

“હઝરત રસૂલે પાક (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું કે તમે સારી રીતે જાણી લો કે દરેક માણસ પોતાના મોકલેલ અ’અમાલની તરફ આગળ વધનાર છે

અને દુનીયામાં છોડેલા ઉપર શરમિંદો થનાર છે.”

આમાલી મુફીદ નેશાપુરી અને તારીખે બગદાદીથી નકલ કરેલ છે કે એક વખત હઝરત અમીરૂલ મોઅમેનીન (અલય્હિસ્સલામ)એ જનાબે ખિઝર (અલય્હિસ્સલામ)ને સપનામાં જોયાં અને તેઓને નસિહત કરવા કહયું જનાબે ખિઝર (અલય્હિસ્સલામ)એ પોતાના હાથની હથેળી હઝરત અલી

(અલય્હિસ્સલામ)ને બતાવી તો આપે તેમાં રોશન લખાણમાં આ લખેલું જોયું.

"કદ કુન્ત મય્તન ફસિર્ત હય્યન વ અન કલીલીન તઉદો મય્તન ફબ્નદ્દારલ બકાએ બય્તન વદઅ લે દારીલ ફનાએ બય્તન"

તરજુમો : "તું મુર્દા હતો અલ્લાહ તઆલાએ તને જીવન અતા કર્યું અને નજીકમાં જ તું પાછો મુર્દા થઇ જઈશ. દારૂલ બકાઅ (આખેરત)ના માટે ઘર

તૈયાર કર અને દારૂલ ફના (દુનીયા)ના ઘરને સજાવવાનું છોડી દે.”

## દુનીયાની મઝમ્મત વિષે હઝરત અલી (અલય્હિસ્સલામ)નો ખુત્બો

હું તબર્રૂકના રૂપમાં અને મોઅમિનોની બસીરતમાં વધારો થવા માટે અહીં હઝરત અલી (અલય્હિસ્સલામ)ના ખુત્બાના અમુક વાકયોનો ઝિક્ર કરવો વિષયમાંથી સમજું છું.

“હાઝેહીદ્દુનીયા અલ ખદાઅતુલ ગદારતુલ્લતી કદ તઝય્યનત બે હિલ્યેહા વ ફતનત બે ગોરૂરેહા વ અઝઝત બે આમાલેહા વ તશવ્વકત લે ખેતાબેહા ફ અસ્બહત કલ અરૂસીલ મજલુતે વલ ઓયુનો એલય્હા નાઝેરતન વન્નોવકુસો બેહા મશ્ગુફતુન વલ કોલુબો એલય્હા તાએફતુન વહેય લે અઝવાજેહીમ કુલ્લેહીમ કાતેલતન ફલલ બાકી બિલ માઝી મોઅતબરૂન

વલલ આખેરો બે સુએ અસ્રેકહા અલલ અવ્વલે મુઝદરૂન.”

અય લોકો ! આ દગાબાઝ દુનીયાથી બચો કેમ કે તેણે પોતાની જાતને ફકત પોતાની શોભા થકી દીલોને ધોકો આપીને બાતિલની તરફ ફેરવી દીધી છે અને ખોટાં વાયદાઓ થકી તમારી ઉમ્મીદોને છીનવી લીધી છે. આ દુનીયા એક એવો શણગાર કરેલ ઔરત જેવી છે જેણે ફકત પોતાના લગ્ન કરવા માટે ઝાહેરી ઝિનત થકી દગો દીધેલો છે

જે કે પોતાના હુસ્નનો જલવો દેખાડીને દરેક લોકોને પોતાના આશિક બનાવવા અને પછી પોતાના જ હાથે પોતાના પતિઓને નીસ્તો નાબુદ કરી નાખે છે. બસ ન તો પહેલા થઇ ગએલા લોકોથી નસિહત મેળવે છે અને ન તો છેલ્લા લોકો તેની અસરથી પોતાને બચાવે છે.

હઝરત ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ)થી નકલ છે આપે ફરમાવ્યું કે દુનીયા હઝરત ઇસા (અલય્હિસ્સલામ) પાસે ભુરી આંખોવાળી

સ્ત્રીના રૂપમાં આવી. હઝરત ઇસા (અલય્હિસ્સલામ)એ પુછયું કે તે કેટલા પતિ કર્યા ? તેણે જવાબ આપ્યો કે બેશુમાર કર્યા છે. આપે પુછયું કે શું બધાની સાથે તલાક લઇ લીધી ? તેણે કહયું કે દરેકને મારી નાંખ્યા. હઝરત ઇસા (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું અફસોસ છે તે લોકો ઉપર જે હવે તેની સાથે લગ્ન કરશે કે તેઓ અગાઉના પતિઓથી નસિહત મેળવે.

હઝરતે દુનીયાની પસ્તી અને કમીનાપણાને બયાન કરતા ફરમાવ્યું કે અલ્લાહ તઆલાએ આ જ કારણે પોતાના અવલિયા અને દોસ્તોથી તેને પોતાના દુશ્મનો માટે છોડી દીધી તેથી જ હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ને ભુખ અને તરસની શિદ્દતના કારણે પેટ ઉપર પત્થર બાંધેલો જોવો પસંદ કર્યું. હઝરત મુસા કલીમુલ્લાહ (અલય્હિસ્સલામ)એ ભુખના કારણે ઘાંસ ખાઈને દીવસો

વિતાવ્યા. ત્યાં સુધી કે ઘાંસ તેઓના પેટમાં નજર આવતી. કારણ કે આપના શરીરની ચામડી પાતળી થઇ ગઈ હતી. આપે નબીઓ અને વલીઓનો ઝિક્ર કરતા ફરમાવ્યું કે અંબિયાઓ તો આ દુનીયાને મંઝિલે મુરાદ સમજતા હતા જેનું ખાવું હલાલ નથી કે પેટ ભરીને ખાય પણ જરૂરતના સમયે જ ખાતા કે જેથી શ્વાસ લઇ શકે અને રૂહ પરવાઝ ન કરે (મૌત ન આવી જાય). આ અંબિયાઓની નજરમાં એવું મુર્દાર છે

જેની પાસેથી પસાર થનાર તેની વાંસથી બચવા માટે પોતાના મોઢા અને નાકને ઢાંકી લે છે જેથી દુર્ગંધથી સુરક્ષિત રહે. તેથી તેઓ દુનીયા એવી રીતે હાંસિલ કરતા કે તેઓ પોતાની અસલ મંઝિલ સુધી પહોંચી જાય અને પોતે ધરાઈને ન ખાતા. અને અંબિયા તે લોકો ઉપર નવાઈ કરતા કે જેઓ દુનીયાને ભેગા કરીને પોતાના પેટોને ભરે છે અને પોતાના આ કામ ઉપર રાજી છે કે તેઓ દુનીયાની નેઅમતથી બહેરો છે.

અય મારા ભાઈઓ ! ખુદાની કસમ આ દુનીયા કોઈની ભલાઈ કરવાવાળી નથી પરંતુ આ તો મુર્દારથી પણ વધારે ગંદી અને મકરૂહ છે. પરંતુ જેઓ ચામડું રંગવાનું કામ કરે છે તેઓને ચામડાની વાંસ તકલીફ નથી આપતી કારણ કે તે તેનાથી પરિચિત હોય છે પરંતુ ત્યાંથી પસાર થનારને સખ્ત તકલીફ થાય છે. આં હઝરત (સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું.

“વ ઇય્યાક અન તોગય્યેર બેમા તરા મિન અખ્લાદે અહલેહા વ તકાલોબેહીમ અલય્હિમ ફ ઇન્નહુમ કેલાબુન આવેયતુન વ સેબાઉન સારેયતુન યહીર્રો બઅઝોહા અલા બઅઝિન યઅકોલો અઝીઝોહા ઝલીલોહા વ કબીરોહા કલીલોહા.”

“અય ઇન્સાન ! તું દુનીયાવાળાઓને દુનીયા તરફ લપકતા જોઈને આ દુનીયા તરફ લગાવ ન લગાડ કારણ કે તેઓ આ દુનીયા માટે

એકબીજા સાથે ઝઘડતા રહે છે. તેઓ તો ભોંકતા કુતરાઓ છે અને પોતાના શિકાર તરફ અવાજ આપીને ભાગનાર જાનવરો છે જેઓ એકબીજાને ખાઈ રહયા છે. ગાલિબ પોતાના મગ્લુબને અને બુઢ્ઢાઓ પોતાના નાનાને કોળિયો બનાવી રહયા છે.”

હકીમ સનાઈએ બહુ જ સરસ આ મતલબની કવિતા બનાવી છે.

“આ દુનીયા એક મુર્દાર સમાન છે કે જેની આજુબાજુ હજારો ગિધો ખાવા માટે આવી બેઠા છે.”

“તેમાંથી એકબીજીને પંજો મારી રહી છે બીજી તેને ચાંચ મારી રહી છે.”

“છેવટે દરેક ગિધો મુર્દારને છોડીને જતી રહે છે અને તે મુર્દાર ત્યાં જ પડયું રહે છે.”

“અય સનાઈ ! તે જહાંન (આખેરત)ને શણગારવા માટે આ જમીનના કુતરાઓથી અલગ થઇ જા.”

“ખબરદાર ! આ મુર્દાર ખાવાવાળા તને આ દુનીયાની લાલચમાં ખત્મ કરી નાંખશે કારણ કે શૈતાને તેઓની આંખોમાં ધૂળ ભરી દીધી છે.”

“કાલ અમીરૂલ મોઅમેનીન (અલય્હિસ્સલામ) વલ્લાહે લદુન્યાકુમ હાઝેહી અહવનો ફી અય્ની મિન એરાકે ખીન્ઝીરે ફી યદે મજઝુમીન.”

“અમીરૂલ મોઅમેનીન હઝરત અલી (અલય્હિસ્સલામ) ફરમાવે છે ખુદાની કસમ ! મારી આંખોમાં આ

દુનીયા ખિન્ઝીર (ડુકકર)ના વગર ગોશ્તના હાડકાઓ જે કે મજઝુમના હાથમાં હોય વધારે ઝલીલ છે.”

## હઝરત ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ) અને ગુલામ

હઝરત ઈમામ જાફર સાદિક (અલયહિસ્સલામ)નો એક ગુલામ હતો. આપ જયારે મસ્જીદની તરફ ખચ્ચર ઉપર સવાર થઈને જતાં ત્યારે તે આપની સાથે રહેતો અને જયારે આપ

ખચ્ચરથી ઉતરીને પગે ચાલીને મસ્જીદ તરફ જતાં ત્યારે તે ખચ્ચરનું ધ્યાન રાખતો. એક દીવસ તે ગુલામ મસ્જીદના દરવાજે ખચ્ચરને પકડીને બેઠો હતો અચાનક ખુરાસાનથી થોડાં મુસાફરો આવ્યા. તેમાંથી એક માણસે તે ગુલામને કહયું અય ગુલામ ! શું તું તારા માલિકને તારી જગ્યાએ મને ગુલામ રખાવવાની વિનંતી કરીશ તેના બદલામાં હું તને મારો બધો માલ મિલ્કત તને આપી દઈશ. ગુલામે કહયું હાં હું જરૂર મારા

આકા પાસે આ માટે રજા માંગીશ પછી ગુલામ ઈમામ (અલય્હિસ્સલામ) પાસે ગયો અને વિનંતી કરવા લાગ્યો અય આકા ! હું આપ પર કુરબાન થઇ જાઉં આપ મારી લાંબા સમયની ખિદમતને જાણો છો શું જયારે પણ અલ્લાહ મને માલ અપાવે તો આપ મને તેની મનાઈ કરશો ? હઝરતે કહ્યું કે હું તે માલ તને મારી પાસેથી આપીશ પરંતુ બીજા કોઈ પાસેથી લેવા માટે રોકીશ. પછી ગુલામે તે ખુરાસાનીની વાત કરી તો હઝરતે

કહયું જો તું મારી ખિદમત કરવાનું પસંદ નથી કરતો અને તે મારી ખિદમત કરવાનું પસંદ કરે છે તો મેં તે માણસને કબુલ કર્યો અને તને રજા છે.

જયારે તે ગુલામ પીઠ ફેરવીને જવા લાગ્યો ત્યારે આપે તેને ફરી બોલાવ્યો અને કહયું આ ખિદમતના બદલામાં તને હું એક નસીહત કરૂં છું જેનાથી તને લાભ થશે તે એ છે કે જયારે કયામતનો દીવસ આવશે ત્યારે હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે

વ આલેહી વસલ્લમ) અલ્લાહના નુરથી જોડાએલા હશે અને હઝરત અલી (અલય્હિસ્સલામ) હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) સાથે જોડાએલા હશે અને બાકીના ઈમામો હઝરત અલી (અલય્હિસ્સલામ) સાથે જોડાએલા હશે અમારા શિયા અમારાથી નજીક હશે. જે જગ્યાએ અમે હોઈશું અમારા શિયા અમારી સાથે હશે. ગુલામે જયારે આ શબ્દો સાંભળ્યા ત્યારે તેણે કહયું અય

હઝરત ! હું આપની ખિદમત છોડીને કયારેય પણ નહીં જાઉં અને આખેરતને આ દુનીયા પર અગ્રતા આપું છું.

જયારે તે ગુલામ પેલા ખુરાસાની પાસે પહોંચ્યો ત્યારે તે ખુરાસાનીએ કહયું અય ગુલામ ! શું કારણ છે કે જે ખુશી સાથે તું હઝરત પાસે ગયો હતો તે ખુશી સાથે પાછો ન આવ્યો. ગુલામે ઈમામ (અલય્હિસ્સલામ)ની બધી વાત ખુરાસાનીને જણાવી પછી તે માણસને ઈમામ (અલય્હિસ્સલામ) પાસે લઇ

ગયો. હઝરતે તે ખુરાસાનીની મોહબ્બત અને દોસ્તીને કબુલ કરી અને તેને આ ગુલામને એક હજાર અશરફી આપવાનો હુકમ કર્યો.

આ ફકીર (સંપાદક) પણ પોતાના આકા ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ)ને અર્ઝ કરે છે અય આકા ! જયારથી મેં મારા નફસને ઓળખ્યો છે ત્યારથી હું આપના દરવાજા ઉપર ઉભો છું અને મારૂં આ ગોશ્ત અને શરીર પણ આપની જ નેઅમતોથી

ભરપુર છે. મને આશા છે કે આપ જ મારી અંતિમ ઉંમરમાં મારી દેખરેખ રાખશો અને મને આપના દરથી દૂર નહીં કરો. હું મારી હલ્કી અને મોહતાજ જીભથી આ જ અર્ઝ કરતો રહીશ.

“અન હેમાકુમ કટ્ફ અનશરેફો વ હવાકુમ લી બેહી શરફો”

“હું આપના રક્ષણમાંથી કેવી રીતે ચુકી જાઉં જયારે કે આ બધી મોટાઈ મને આપની મોહબ્બતના બદલામાં મળી છે.”

“સય્યદી લા એશોતો યવ્મન અરા ફી સેવા અબ્વાબેકુમ અકીફો”

“અય મારા આકા ! મને તે દીવસ જોવો નસીબ ન થાય જયારે હું આપનો દરવાજો છોડીને બીજા કોઈના દરવાજે ઉભો હોઉં. (અલ્લાહ કરે તે પહેલા મને મૌત આવી જાય).